# શ્રી જિનપ્રણીત
# કર્મવિધાન

લેખક અને પ્રકાશક:
કીર્તિ માણેકલાલ શાહ

# શ્રી જિનપ્રણીત કર્મવિજ્ઞાન

પ્રકાશક :
કીર્તિ માણેકલાલ શાહ

લેખક :
કીર્તિ માણેકલાલ

પ્રત : ૫૦૦

વીર સંવત ૨૫૦૯
વિક્રમ સંવત ~~૨૦૪૦~~ 2039
ઇ.સ. ૧૯૮૩

•

પ્રાપ્તિસ્થાન :

(i) સુઘોષા કાર્યાલય, પાલિતાણા.

(ii) સરસ્વતિ પુસ્તક ભંડાર,
રતનપોળ હાથીખાના, અમદાવાદ-૧

(iii) શ્રી પાર્શ્વ પ્રકાશન, બીજે માળે
જૂની પ્રગતિ બેન્ક નીશા પોળ,
ઝવેરીવાડ રીલીફરોડ, અમદાવાદ-૧

(iv) પ્રીસાઇઝ એન્જીનીયરીંગ ઈકિવીપમેન્ટસ,
૮૪, એપોલો સ્ટ્રીટ, મુંબઈ-૧

મૂલ્ય : રૂા. ૧૬-૦૦

•

મુદ્રક :
સુમતિ પ્રિન્ટિંગ પ્રેસ
પાલીતાણા રોડ, સોનગઢ-364250

શ્રી જિનપ્રણીત કર્મસિદ્ધાંત

# ઉપકારીઓને વંદના

અનાદિ કાળથી જીવને આ મહાદુઃખ સ્વરૂપ સંસારમાં રગદોળનાર કર્મથી છૂટવાનો માર્ગ દર્શાવનાર ચરમ તીર્થપતિ ભગવંત મહાવીરને તેમજ તેમના ઉપદેશને સૂત્રબદ્ધ કર્યો છે તે ગણધર ભગવંતોને ત્રણે યોગથી (માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિ એ ત્રણ યોગ છે) નમસ્કાર કરું છું. પ્રભુ મહાવીરે ઉપદેશેલો અને ગણધર ભગવંતોએ સૂત્રિત કરેલો કર્મસિદ્ધાંત જેઓના ઉપકાર થકી આજે પણ પ્રાપ્ત થાય છે તે ગુણધરાચાર્ય, શિવશર્મસૂરિ અને અન્ય મુનિભગવંતોને પણ મારા નમસ્કાર. ચંદ્રમહત્તરાચાર્ય, આચાર્ય મલયગિરિ, આચાર્ય વીરસેન, આચાર્ય દેવેન્દ્રસૂરિ, શ્રીમાન્ નેમિચંદ્રાચાર્ય, પં. જીવવિજયજી આદિ મહાત્માઓ કે જેમનુ રચેલુ કર્મસાહિત્ય મને કર્મવિષયક કંઈક બોધ પ્રાપ્ત કરાવવામાં ઉપકારી થયું છે, તે સર્વેને પણ મારા વંદન હોજો.

કર્મસિદ્ધાંતનિપૂણ સ્વ. આચાર્ય વિજય પ્રેમસૂરીશ્વરજી કે જેમના ચરણસ્પર્શ કરવાનો મહાલાભ હું પામ્યો છું અને જેઓએ અનેક મુનિઓને કર્મસિદ્ધાંતનું જ્ઞાન કરાવી આ વિજ્ઞાન જીવંત રાખ્યું છે તેમને મારા નમસ્કાર હોજો. આ આચાર્યશ્રીના શિષ્ય આચાર્ય ભુવનભાનુસૂરીના શિષ્યરત્નો પંન્યાસપ્રવર જયઘોષવિજયજી અને ગણીવર્ય શ્રી ધર્મજીતવિજયજીનો મારા ઉપર ઘણો જ ઉપકાર છે. આજે કર્મવિષયક મારું જે કંઈ જ્ઞાન છે તે તેમના જ આભારિ છે. તેઓએ મારી શંકાઓનું સમ્યગ્ નિરાકરણ કરી કર્મ સંબંધી ઘણીએ ગેરસમજ દૂર કરી મારા જ્ઞાનની શુદ્ધિ તેમજ તેમાં વૃદ્ધિ કરી છે. આ મુનિયુગલને હું ભાવપૂર્વક નમસ્કાર કરું છું.

મારા આત્માને જાગૃત કરવામાં નિમિત્ત છે તે સ્વ. પંન્યાસજી ભદ્રંકરવિજયજીને મારા કોટિ કોટિ વંદના હોજો.

દ્રવ્યાનુયોગના ચિંતક અને અભ્યાસક મારા મિત્ર શ્રી પન્નાલાલ ગાંધીને અત્રે યાદ ન કરું તો કેમ ચાલે? દ્રવ્યાનુયોગ અને કર્મવિષયક તેમનાં પ્રવચનો અને તેમની સાથેના વાર્તાલાપે મારા દ્રવ્યાનુયોગ વિષયક જ્ઞાનમાં ઊંડાણ પ્રાપ્ત થયું છે.

સંવત ૨૦૩૫ ના ચતુર્માસ દરમ્યાન આચાર્ય પ્રેમસૂરીના શિષ્ય વિદ્વાન મુનિ શ્રી અરૂણવિજયજીએ જિજ્ઞાસુઓને કર્મસિદ્ધાંત ભણાવવાનો મને અનુરોધ કર્યો, તેથી તેમની આજ્ઞાના પાલનાર્થે મારામાં ભણાવવાની લાયકાત ન હોવા છતાં પણ મેં મારા જ લાભ માટે તેનો સ્વીકાર કર્યો. ભણાવતી વખતે હું પોતે પણ ભણું છું તેવો અનુભવ અન્ય ક્ષેત્રે થયો છે. વળી ભણાવવા માટે મારે જે તૈયારી કરવી પડે છે તે પણ પ્રમાદ ખંખેરવામાં કારણભૂત હોઈને આ પ્રવૃત્તિ મને પણ ઉપકારી જ છે.

દરેક પ્રકરણ જ્ઞાની મુનિઓ પાસે તપાસરાવી શુદ્ધ કરી આપવા ધાર્યું છે.* જૈન

---

* ત્રીજું પ્રકરણ તપાસરાવી શકયો નથી.

દાર્શનિક સિદ્ધાંતનું જ્ઞાન મેળવવું ઘણું કઠણ છે. કોઈ એક વિષયની જાણકારી પ્રાપ્ત કરવા સંબંધીત અન્ય વિષયોની જાણકારી મેળવવી પડે છે. કર્મસિદ્ધાંતનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે કર્મથી જે બંધાય છે તે જીવસ્વરૂપનું જ્ઞાન, જીવને બાંધનાર કર્મ પૌદ્ગલિક ( Material ) હોવાથી તેના સ્વરૂપનું જ્ઞાન તેમજ સર્વ વિજ્ઞાનના બીજ સમાન ગણિત, પદાર્થ વિજ્ઞાન ( Physics and Metaphysics ) તર્ક ( Logic ) નવતત્ત્વ, અનેકાંત સિદ્ધાંત આદિ અનેક વિષયો પ્રતિ દૃષ્ટિ કરવી પડે છે. આ બધું એકસાથે ભણવું કે ભણાવવું અશકય તો નહિ પરંતુ મુશ્કેલ તો છે જ. વળી આધુનિક શિક્ષણથી રંગાયેલા વિદ્યાર્થીઓ માટે આ બધા જ વિષયોની શિક્ષા માટેની વ્યવસ્થામાં આધુનિક ગણિત, પદાર્થવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, પ્રાણિશાસ્ત્ર, લોજીક ઇત્યાદિ વિજ્ઞાનોના પદાર્થોનો (Concepts) પણ સમાવેશ કરી તે તે પદાર્થોમાં કયા કયા પદાર્થો આગમાનુકૂળ છે અને કયા નથી અને નથી તો શા માટે નથી તેની પણ છણાવટ કરી હોય તો શિક્ષા રસદાયક થાય. પરંતુ આધુનિક વિજ્ઞાનથી અપરિચિત વર્ગને આમાં રસ ન પડે તેથી મૂળ પ્રકરણમાં કર્મવિષયક રાખી દરેક પ્રકરણના અંતે પરિશિષ્ટમાં જિનાગમ સંબંધીત પદાર્થો પર ટૂંકું વિવેચન કર્યું છે જેથી ઊંડી રુચિવાળા વિદ્યાર્થિઓ તે વાંચી, મનન કરી શકે. જ્યાં સુધી હું આધુનિક વિજ્ઞાન સમજું છું અને તેનું મારું જ્ઞાન અત્યંત પ્રાથમિક કક્ષાનું છે, તેટલા પરતું થોડુંક પ્રસંગોપાત્ત આગમિક પદાર્થોનું આધુનિક વિજ્ઞાનની દૃષ્ટિથી વિવેચન કર્યું છે. પ્રત્યેક પ્રકરણની વસ્તુ ઉપર દર્શાવેલા જ્ઞાની મહાત્માઓના પુસ્તકોના ભાષાંતરો પરથી ( કારણ કે હું સંસ્કૃત બીલકુલ જાણતો નથી ) તેમજ અન્ય ગ્રંથો પરથી લીધી છે. સિદ્ધાંત વિરૂદ્ધ કંઈ પણ કહેવાઈ ન જાય તે માટે સતત જાગૃતિ રાખવા છતાં પણ માનવ–સહજ પ્રમાદદોષથી શાસ્ત્રવિરુદ્ધ લખાઈ જાય તો મને ક્ષમા કરજો અને મારી ભૂલ દર્શાવવાનો ઉપકાર કરશો જેથી તે સુધારી ઉત્સૂત્રપ્રરૂપણાના મહાદોષનું પ્રતિક્રમણ કરી હળવો થઈ શકું.

છેલ્લે અભ્યાસકોનું ધ્યાન દોરું છું કે જ્ઞાનપ્રાપ્તિ સાધ્ય નથી પરંતુ ઇષ્ટપ્રાપ્તિનું સાધન છે. સાધ્ય તો મોક્ષ છે. વાંચન, મનન, ચિંતન, સતત અભ્યાસાદિ જ્ઞાનપ્રાપ્તિના બાહ્ય સાધનો જરૂર છે પરંતુ અંતરંગ કારણ તો જ્ઞાનાવરણીય કર્મોનો *ક્ષયોપશમ વા ક્ષય છે. આ કર્મોનો ક્ષયોપશમ તો જ્ઞાન, જ્ઞાનનાં સાધનો અને જ્ઞાનીની તેમજ દેવ–ગુરુની ભક્તિ, તેમનો વિનય, તેમની સેવા થકી અને સર્વ જીવ પ્રતિ મૈત્રીભાવ કેળવવાથી થઈ શકે છે. આથી જ્ઞાનીઓની સેવા તથા આજ્ઞામાં રહેવું તે જ્ઞાન અને તેના ફળરૂપે મોક્ષપ્રાપ્તિ માટે પ્રબળ આલંબન છે. વળી અહંકાર જ્ઞાનપ્રાપ્તિમાં મહાન વિઘ્ન જાણી તેને ત્યજવો જરૂરી છે. વિરતિ* રહિત જ્ઞાન પણ નિષ્ફળ છે તેથી વિરતિ--ધર્મ પ્રતિ રુચિ કેળવવી અત્યંત આવશ્યક છે.

---

* આ નિશાનીવાળા પદાર્થોનું વિશેષ સ્વરૂપ પ્રકરણના અંતે પરિશિષ્ટમાં આપેલું છે.

આ ભવસાગર પાર કરવા માટે સમ્યગ્જ્ઞાન જીવને અત્યંત ઉપકારી છે અને તે જ્ઞાનના દાતા શ્રી જિનેશ્વરદેવ તથા ગણધર ભગવંતોનો ઉપકાર અવર્ણનીય છે. આવા પરમ ઉપકારી દેવ–ગુરુની ભક્તિ અને તેમના પ્રતિ આદરરહિતને જ્ઞાનપ્રાપ્તિ માટે અપાત્ર જાણવો.

કીર્તિ

—o—

# અનુક્રમણિકા

પુસ્તકમાં ઘણાં પેરાનો ક્રમાંક ખોટો છપાયો છે તે અત્રે દર્શાવ્યા મુજબ સુધારો કરવો.


| પૃષ્ઠ | પેરા | |
|---|---|---|
| ૧-૧૯ | | **ભારતીય દર્શનમાં કર્મવિષયક માન્યતા-૧** |
| ૧ | ૧ | ભારતીય દર્શનમાં કર્મની માન્યતા |
| ૧ | ૨ | કર્મવિષયક જૈન માન્યતાની મૌલિકતા |
| ૩ | ૩ | જૈનદર્શનમાં કર્મવિચારની વિશાળતા |
| ૩ | ૪ | કર્મવિષયક જૈન સાહિત્ય |
| ૪ | ૫ | જૈનદર્શન એકાંતે કર્મવાદમાં માનતું નથી |
| ૫ | ૬ | પરિશિષ્ટ : જ્ઞાનાવરણીયનો ક્ષય વા ક્ષયોપશમ |
| ૫ | ૭ | ,, વિરતિ |
| ૬ | ૮ | ,, આસ્તિકદર્શન |
| ૭ | ૯ | ,, રાગ (i) દૃષ્ટિરાગ |
| ૮ | | (ii) કામરાગ (iii) સ્નેહરાગ. |
| ૮ | ૧૦ | ,, આગમશ્રુત |
| ૯ | ૧૧ | ,, પાંચ કારણો અને જૈનોનો અનેકાંતવાદ |
| ૧૧ | .... | .... કાળવાદી, સ્વભાવવાદી, નિયતિવાદી યા ભવિતવ્યાતાવાદી |
| ૧૨ | .... | ... દૈવ, ભાગ્ય યા કર્મવાદી |
| ૧૩ | ... | .... પુરુષાર્થવાદિ, જૈનોનો અનેકાંતવાદ |
| ૧૬ | ૧૨ | ,, શ્વેતાંમ્બરીય કર્મતત્ત્વવિષયક શાસ્ત્રોની સૂચિ |
| ૧૮ | ૧૨ | ,, દિગંબરીય ,, ,, ,, |
| ૧૯ | ૧૨ | ,, કર્મસાહિત્ય, તેના કર્ત્તા ગ્રંથનું પ્રમાણ, રચનાકાળ |
| ૨૦-૩૬ | | **કર્મનું સ્વરૂપ-૨** |
| ૨૦ | ૧૩ | કર્મની વ્યાખ્યા અને કર્મબંધ હેતુ |
| ૨૩ | ૧૪ | કર્મબંધના હેતુઓનું વિશેષ સ્વરૂપ (i) મિથ્યાત્વનું લક્ષણ અને તેના ભેદો |
| ૨૬ | | (ii) અવિરતિનું સ્વરૂપ |
| ૨૭ | | (iii) કષાય |
| ૨૮ | | (iv) યોગ |
| ૨૮ | ૧૫ | કાર્મણવર્ગણાનું સ્વરૂપ |
| ૩૦ | ૧૬ | કર્મસંબંધી શંકાઓ અને તેનું સમાધાન |
| ૩૨ | ૧૭ | કર્મબંધની ચાર વિમિતિ (ડાયમેનશન્સ) |
| | | (i) પ્રકૃતિબંધ |

| | | |
|---|---|---|
| ૩૩ | | (ii) સ્થિતિબંધ |
| ૩૪ | | (iii) રસબંધ (iv) પ્રદેશબંધ |
| ૩૫ | ૧૮ | પરિશિષ્ટ : કારણ. (i) ઉપાદાનકારણ (ii) નિમિત્તકારણ |
| ૩૫ | | (iii) નિર્વર્તક કારણ |
| ૧૯ | | ,, નિષેક રચના |
| **૩૭–૧૧૯** | | **રૂપી અને અરૂપી દ્રવ્યોનું સ્વરૂપ અને કર્મકૃતિના મૂળ આઠ ભેદ—૩** |
| ૩૭ | ૨૦ | સમગ્ર દ્રવ્યરાશિનું રૂપી અને અરૂપીમાં વિભાજન. |
| ૩૭ | ૨૧ | રૂપી–અરૂપીનો લક્ષ્યાર્થ |
| ૩૮ | ૨૨ | પરિણામી–અપરિણામી |
| ૪૦ | | (i) ક્ષેત્રસ્થાનાન્તર પરિણમન (ii) અવગાહનાસ્થાનાન્તર પરિણમન. |
| ૪૦ | | (iii) દ્રવ્યસ્થાનાન્તર પરિણમન (iv) ભાવસ્થાનાન્તર અને ભાવાન્તર પરિણમન. |
| ૪૦ | ૨૩ | સ્વભાવપરિણામ–વિભાવપરિણામ. |
| ૪૫ | ૨૪ | રૂપી–અરૂપીનું અનેક પ્રકારે વિરોધી સ્વરૂપ. |
| ૪૫ | | (i) વ્યાબાધ–અવ્યાબાધ સ્વભાવ. |
| ૪૭ | | (ii) સક્રિય–અક્રિય (અક્ષયસ્થિત); સાકાર–નિરાકાર. |
| ૪૮ | | (iii) સમ–વિષમ; સકળ–વિકળ; પૂર્ણ–અપૂર્ણ; સમસમુચ્ચય–ક્રમ-સમુચ્ચય. |
| ૫૨ | | (iv) ગુરુલઘુ–અગુરુલઘુ; સવર્ણ–અવર્ણ; સગંધ–અગંધ; સરસ–અરસ; સસ્પર્શ–અસ્પર્શ. |
| ૫૩ | ૨૫ | કાળતત્ત્વ |
| ૫૫ | | (i) ક્ષેત્રસ્થાનાયુ (ii) અવગાહનાસ્થાનાયુ (iii) દ્રવ્યસ્થાનાયુ (iv) ભાવસ્થાનાયુ |
| ૫૬ | ૨૬ | કાળ અને આકાશના સ્વરૂપમાં સદશતા |
| ૫૭ | ૨૭ | વ્યવહારકાળ |
| ૫૮ | ૨૮ | મૂર્ત્ત–અમૂર્ત્ત |
| ૫૯ | ૨૯ | પુદ્ગલ અને શુદ્ધ જીવના વિલક્ષણ સ્વરૂપનો ટૂંકસાર |
| ૬૦ | ૩૦ | જીવ અને પુદ્ગલના બદ્ધસંબંધથી પ્રાપ્ત થતું જીવનું વૈભાવિક સ્વરૂપ |
| ૬૧ | ૩૧ | ઘાતી અને અઘાતી કર્મપ્રકૃતિનું સ્વરૂપ અને તેના આઠ ભેદ |

| | | |
|---|---|---|
| ૬૪ | ૩૨ | જીવના અનુજીવી ગુણોની પ્રરૂપિત ભિન્ન ભિન્ન સંખ્યા છતાં અવિસંવાદ |
| ૬૬ | ૩૩ | જ્ઞાન અને દર્શનમાં ભેદ |
| ૬૮ | ૩૪ | જીવના અશુદ્ધ અર્થાત્ વિભાવના બે ભેદ |
| ૭૫ | ૩૫ | જ્ઞાન-દર્શનલબ્ધિનું શુદ્ધ-અશુદ્ધ સ્વરૂપ |
| ૭૮ | ૩૬ | ચારિત્રલબ્ધિ અને તપલબ્ધિનું શુદ્ધાશુદ્ધ સ્વરૂપ |
| ૮૧ | ૩૭ | વીર્યાદિલબ્ધિનું શુદ્ધાશુદ્ધ સ્વરૂપ |
| ૮૩ | | ક્ષાયિક વીર્યલબ્ધિ : ક્ષાયિક લાભલબ્ધિ : ક્ષાયિક ભોગલબ્ધિ : |
| ૮૩ | | ક્ષાયિક ઉપભોગલબ્ધિ |
| ૮૪ | | ક્ષાયિક દાનલબ્ધિ |
| ૮૪ | ૩૮ | નિશ્ચયનયના મતે આત્માની ક્ષાયિક લબ્ધિઓનું સ્વરૂપ |
| ૮૫ | | ક્ષાયિકજ્ઞાન-દર્શનલબ્ધિ |
| ૮૬ | | ક્ષાયિક ચારિત્રલબ્ધિઃ ક્ષાયિક તપલબ્ધિ : ક્ષાયિક દાનાદિલબ્ધિ |
| ૮૭ | ૩૯ | રૂપી પદાર્થોના ક્રમસમુચ્ચય સ્વરૂપનું પરાવર્તન પરિણામીપણું |
| ૮૯ | ૪૦ | અરૂપી દ્રવ્યોના અનુજીવી ગુણોનું તેમજ લબ્ધિઓનું એકત્વ |
| ૯૨ | ૪૧ | સિદ્ધ ભગવંતોના જ્ઞાનાનંદની અપેક્ષાએ આપણા જ્ઞાનાનંદનું પ્રમાણ |
| ૯૩ | | (vi) દ્રવ્યમાન (ii) ક્ષેત્રમાન (iii) કાળમાન |
| ૯૪ | | (iv) ભાવમાન |
| ૯૬ | ૪૨ | છદ્મસ્થ સંસારી જીવની ક્ષાયોપશમિક અને સદેહ અને વિદેહી કેવળીભગવંતોની ક્ષાયિક ચેતનલબ્ધિના કલ્પનાતીત અંતરનું અસત્ કલ્પનાએ દર્શન |
| ૯૮ | ૪૩ | સંસારી મનુષ્ય, દેવ અને સિદ્ધભગવંતના આનંદનું ગણિતાનુયોગથી વિશ્લેષણ. |
| ૧૦૫ | ૪૪ | સર્વ ઘાતીકર્મોના ઉપાર્જનમાં દર્શનમોહની કારણતા |
| ૧૦૫ | | (i) દર્શનમોહ ચારિત્રમોહનો જનક છે. |
| ૧૦૮ | | (ii) ચારિત્રમોહનીયકર્મોદયે આત્માની જ્ઞાન-દર્શનલબ્ધિ ઉપર આવરણ કેવી રીતે ઊભું કર્યું છે તેનો વિચાર : |
| ૧૧૩ | | (iii) અંતરાયકર્મના ઉપાર્જનમાં ચારિત્રમોહનીયકર્મની નિમિત્તતા |
| ૧૧૭ | ૪૫ | પરિશિષ્ટ : સંજ્ઞા |
| ૧૧૭ | | (i) ઓઘસંજ્ઞા (ii) હેતુવાદોપદેશિકી સંજ્ઞા (iii) દીર્ઘકાલિકી સંજ્ઞા |
| ૧૧૮ | | (iv) દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા. |

—o—

# લેખકની વાચકવર્ગને વિજ્ઞપ્તિ

શ્રી જિનપ્રણીત કર્મવિજ્ઞાન દ્રવ્યાનુયોગની જ એક શાખા કહી શકાય કારણ કે તેમાં સચિત દ્રવ્ય જીવ અને અચિત દ્રવ્ય પુદ્ગલના એક વિલક્ષણ પ્રકારના બદ્ધસંબંધથી પ્રાપ્ત થતા એકેન્દ્રિયથી લઈ પંચેદ્રિય સુધીના સંસારી જીવોના સ્વરૂપનું તર્કબદ્ધ વિવેચન છે. આમ છતાં પણ આ વિષયમાં ગણિતાનુયોગનું મહત્વ પણ ઓછું નથી કારણ કે સંસારી જીવોના પરિણમનની સંતત ધારાનું નિશ્ચિતસ્વરૂપ ગણિતાનુયોગ અંતર્ગત સંખ્યાતીત રાશિગણિતના આલંબન વિના સમજવું મુશ્કેલ છે. જૈન દાર્શનિક સાહિત્યમાં કર્મવિજ્ઞાનનું મહત્ત્વ જેટલું આંકીએ તેટલું ઓછું છે. આ વિજ્ઞાનના અભ્યાસ વિના જૈન દર્શનનો અભ્યાસ અધૂરો જ કહી શકાય. આમ છતાં પણ ખેદની વાત તો એ છે કે આના અભ્યાસકો આંગળીના વેઢે ગણી શકાય તેટલા પણ મળવા મુશ્કેલ છે. આના કારણો અનેક છે. વિષય અત્યંત ગહન અને ગંભીર છે. તેનો અભ્યાસ સારો એવો માનસિક શ્રમ, ચિત્તની સ્થિરતા તેમજ સારો એવો સમય માંગે છે. બીજું કારણ એ છે કે આધુનિક શિક્ષણે આપણી બુદ્ધિમાં વૈજ્ઞાનિક પદાર્થોનું તેમજ વિશ્વનું એક એવું ચિત્ર અંકિત કર્યું છે કે જેથી જૈન વિજ્ઞાનના પદાર્થો સહેલાઈથી બુદ્ધિમાં ઉતરી નથી શકતા અથવા બુદ્ધિ તેને અપનાવી નથી શકતિ.

આઈન્સ્ટાઈને જ્યારે તેનો "રીલેટીવીટી" સિદ્ધાંત રજુ કર્યો ત્યારે પણ આમ જ બન્યું હતું. તે કાળે ન્યુટોનીયન મીકેનીકસની દેશ, કાળ, માસ અને ફોર્સ (Space, Time, Mass and Force)ની વિકલ્પનાઓ અત્યંત દૃઢ થઈ ગઈ હતી જેના કારણે આઈન્સ્ટાઈનનો દેશ–કાળ વિષયક સાપેક્ષતાનો સિદ્ધાંત તેણે રજુ કર્યા બાદ પંદર વર્ષે વૈજ્ઞાનિકોની માન્યતા પામ્યો હતો. કોપરનીકસે (Copernicus) જ્યારે પૃથ્વી સ્થિર નથી પરંતુ સૂર્યની આસપાસ ફરે છે તેવો સિદ્ધાંત રજુ કર્યો ત્યારે પણ આમ જ બન્યું હતું. આજે જ્યારે પૃથ્વીનો દડાકાર અને તેના પરિભ્રમણ સંબંધી સિદ્ધાંત આપણી બુદ્ધિમાં ઘર કરી ગયો છે ત્યારે પૃથ્વીનો ગોળ થાળી જેવો આકાર અને વિશ્વની મધ્યમાં તેની સ્થિતિ અને તેની સંપૂર્ણ સ્થિરતાનો જૈન સિદ્ધાંત પણ તત્કાળ ગળે ઉતરતો નથી. આ જ કારણથી જૈનદર્શનના અભ્યાસકોએ પ્રથમ તો આધુનિક શિક્ષણ દ્વારા જે વૈજ્ઞાનિક વિકલ્પો બુદ્ધિમાં દૃઢ થઈ ગયા છે તે ભૂંસવા પડે છે. આમ છતાં પણ એક બાબત ખાસ લક્ષમાં રાખવાની છે કે આધુનિક વિજ્ઞાન પ્રતિ દુર્લક્ષ કરવા જેવું પણ નથી. તેના ઘણાં પદાર્થો જૈનદર્શન સમજવામાં ઘણા જ ઉપયોગી છે અને તેમાં પણ ખાસ કરીને ગણિતશાસ્ત્ર અને તેમાં પણ સંખ્યાતીત રાશિગણિતનો જે હાલમાં વિકાસ થયો છે તે જૈનગણિત અંતર્ગત અસંખ્યાત અને અનંતરાશિઓનું ગણિત સમજવા માટે અત્યંત ઉપયોગી છે. જૈનદર્શન અંતર્ગત "દ્રવ્યપ્રમાણ" તેમજ ચૌદપ્રકારની ધારા સંબંધી પ્રકરણોનો

અભ્યાસ કરતા ચોક્કસ પ્રતીતિ થાય છે કે જૈનદર્શનમાં સંખ્યાતીત રાશિગણિતનો સંપૂર્ણ વિકાસ અવશ્ય થયો હોવો જ જોઈએ. આપણને આ વિજ્ઞાન સાંગોપાંગ મળ્યું નથી. હાલમાં જે આગમિક સાહિત્ય ઉપલબ્ધ છે તે મૂળ સાહિત્યની સરખામણીમાં સાગરમાં તો ગાગર જેટલું જ કહી શકાય તેટલું છે. આપણને જે કંઈ અપૂર્ણ ગણિત વિજ્ઞાન મળ્યું છે તેની ઘણીએ ખૂટતી કડીઓ આધુનિક ગણિતમાંથી પ્રાપ્ત થઇ શકે છે. મારી દઢ માન્યતા છે કે જૈન આગમિક સિદ્ધાંતોને સંપૂર્ણપણે વફાદાર રહીને આધુનિક વિજ્ઞાન અને ગણિતનો અભ્યાસ જૈદર્શનની ગહેરાઈ અને તેની મૌલિકતા તેમજ તર્કબદ્ધતા સમજવામાં ઘણો જ ઉપયોગી છે. આજ કારણથી આધુનિક શિક્ષિત વર્ગને શ્રી જિનપ્રણીત કર્મવિજ્ઞાન બુદ્ધિગમ્ય થાય તે હેતુથી આ પુસ્તકના છેલ્લા ત્રીજા પ્રકરણમાં રૂપી અને અરૂપી દ્રવ્યોનું વિલક્ષણ સ્વરૂપ અને તે બેઉના બદ્ધસંબંધથી નિર્માણ થતું સંસારી જીવનું સ્વરૂપ આધુનિક દૃષ્ટિથી સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આ પ્રકરણ સંબંધમાં જૈનદર્શનના જ્ઞાતાવર્ગને અને તેમાં પણ ખાસ કરીને આધુનિક પદાર્થવિજ્ઞાન અને ગણિતથી અપરિચિત વર્ગને ઘણી બાબતોનો આગમમાં ઉલ્લેખ ન હોવાથી અમાન્ય લાગશે. પરંતુ આ વર્ગને મારી નમ્ર વિનંતિ છે કે તેઓ આ પ્રકરણ તે દૃષ્ટિથી ન જોતા તેમાં આગમવિરુદ્ધ કોઇ બાબત છે કે નહિ તે દૃષ્ટિથી જુએ. હાલમાં આપણી પાસે ઉપલબ્ધ આગમ સાહિત્ય મૂળ સાહિત્યનો અત્યંત નાનો ભાગ હોવાથી અને પ્રરૂપિત અનેક બાબતોનો લબ્ધ આગમમાં ઉલ્લેખ ન હોય તે સ્વાભાવિક છે. હું જે કંઈ જૈનદર્શન વિષે જાણું છું તેની વિરુદ્ધ કોઈ પ્રરૂપણા ન થઇ જાય તેની મેં કાળજી લીધી હોવા છતાં પણ તેમાં મારી ભૂલ ન જ હોય તેમ કહી શકાય નહિ. આથી જ આગમના જાણકાર મુનિ ભગવંતોને તેમજ વિદ્વાન ગ્રહસ્થોને વિનંતિ કરૂં છું કે આ લખાણમાં જે કંઇ દોષિત જણાય તે પ્રતિ મારું ધ્યાન અવશ્ય દોરે જેથી ભૂલ સુધારી શકું.

જેમના ચરણસ્પર્શનો મહાલાભ મને પ્રાપ્ત થયો છે અને જેમના મૂક આશીર્વાદથી મને કર્મવિજ્ઞાનના ગહન વિષયના અભ્યાસની અભિરુચિ થઇ છે તે સિદ્ધાંતમહોદધિ સ્વ. આચાર્ય **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી** "બાપજી"ના ઉગ્ર તપસ્વી શિષ્યરત્ન આચાર્ય **ભુવનભાનુસૂરીશ્વરજી**ના પ્રખર વિદ્વાન શિષ્યો પન્યાસપ્રવર **જયઘોષવિજયજી** અને ગણિવર્ય **શ્રી ધર્મજીતવિજયજીનું** તેમજ પન્યાસજીના જ્ઞાનરસમાં તરબોળ રહેતા શિષ્ય **જયસુંદરવિજયજીનું** જૈનદાર્શનિક સિદ્ધાંતો અને ખાસ કરીને કર્મવિષયક બાબતમાં હંમેશા માર્ગદર્શન મને પ્રાપ્ત થયું હોવાથી જ કર્મસંબંધી આ પ્રકરણો આપની સમક્ષ રજુ કરવાને સમર્થ બન્યો છું. આ ઉપરાંત છેલ્લે છેલ્લે પૂજ્યવાદ શાસનરત્ન આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજીએ પણ પ્રથમ પ્રકરણમાં સૂક્ષ્મ તાત્ત્વિક દોષો પ્રતિ મારૂં લક્ષ દોરી મારા પર અનહદ ઉપકાર કર્યો છે. પરંતુ આ દોષોની

શુદ્ધિ આમાં આમેજ કરી શકયો નથી કારણ કે આ સુધારાઓ મળ્યા તે પૂર્વે આ પ્રકરણ છપાઈ ગયું હતું. આથી શુદ્ધિ પત્રકમાં આવશ્યક સુધારાઓ કર્યા છે.

પ્રથમ પ્રકરણમાં ભારતના સર્વ આસ્તિક દર્શનકારો કર્મ અને કર્મફળમાં માને છે છતાં પણ જૈનદર્શનની માન્યતામાં શું ભેદ છે તે દર્શાવી હાલમાં ઉપલબ્ધ કર્મ-સાહિત્યનો ઉલ્લેખ કર્યો છે અને પરિશિષ્ટમાં શ્વેતાંબર તેમજ દિગંબર ગ્રંથોની યાદી આપી છે. વિશેષમાં આ ગ્રંથ કર્મવિષયક હોવાથી કોઈ અભ્યાસક પોતાની પ્રતિકૂળ પરિસ્થિતિ માટે એકાંતે કર્મકારણતા માની પુરુષાર્થને નિરર્થક ગણી ધર્મ પુરુષાર્થ ફોરવવામાં પ્રમાદિ ન બની જાય તે હેતુથી પરિશિષ્ટમાં સંસારી જીવોના પરિણામો માત્ર કર્માધીન નથી પરંતુ પુરુષાર્થ, કાળ, નિયતિ અને સ્વભાવ પણ તેમાં કારણરૂપ છે તે દર્શાવ્યું છે.

બીજા પ્રકરણમાં કર્મની વ્યાખ્યા, કર્મબંધમાં હેતુ તેમજ કાર્મણવર્ગણાનું સ્વરૂપ આપ્યું છે અને કર્મસંબંધી સર્વસાધારણ શંકાઓનું સમાધાન પણ કર્યું છે. પરિશિષ્ટમાં ઉપાદાનકારણ અને નિમિત્તકારણમાં ભેદ સમજાવી કયો નય કયા કારણને પ્રધાનતા આપે છે તે સમજાવ્યું છે જેથી નિશ્ચય અને વ્યવહારનયના વિધાનોમાં પરસ્પર વિરોધ જણાતા વાચક મૂંઝાય નહિ અને અનેકાંતદર્શનનો પરિચય પણ મેળવી શકે.

ત્રીજું પ્રકરણ મૌલિક કહી શકાય તેવું છે. આધુનિક વૈજ્ઞાનિક દૃષ્ટિથી છતાં પણ આગમ સિદ્ધાંતોને સંપૂર્ણપણે વફાદાર રહીને રૂપી અને અરૂપી દ્રવ્યોના વિલક્ષણ સ્વરૂપનું વિસ્તારથી નિરૂપણ કરી આપણા જેવા સંસારી જીવોના અને સિદ્ધાત્માના જ્ઞાન અને સુખના પ્રમાણ વચ્ચે જે વિરાટ અંતર છે તે અસત્ કલ્પનાથી તેમજ ગણિતાનુયોગથી દર્શાવવાનો પ્રયાસ કર્યો છે.

આ પ્રકરણમાં રૂપી અને અરૂપીનો લક્ષ્યાર્થ, સ્વભાવ અને વિભાવ પરિણામનું સ્વરૂપ, મૂર્ત અને અમૂર્તના રૂઢીગત અર્થથી ભિન્ન અર્થ, કાલાણુની સાર્થક છતાં અસત્ કલ્પના, આકાશ અને કાળના સ્વરૂપમાં સદશતા, રૂપી દ્રવ્યોનું ક્રમસમુચ્ચય અને અરૂપીદ્રવ્યોનું સમસમુચ્ચય પરિણમન ઇત્યાદિ વિષયોનું નિરૂપણ જૈનદર્શનનો જેને થોડો ઘણો અભ્યાસ છે તેઓને બીલકુલ અપરિચિત જણાશે છતાં પણ આધુનિક ગણિત અને પદાર્થ વિજ્ઞાનના જાણકાર આ નિરૂપણનું મૂલ્યાંકન કરી શકશે તેમ મારૂં માનવું છે.

આ પુસ્તિકામાં કર્મવિષય ઉપર માત્ર ત્રણ જ પ્રકરણ આપ્યા છે. હાલ મેં ૨૮ પ્રકરણો તૈયાર કર્યા છે અને તે વાચકો સમક્ષ મૂકવાની ભાવના છે, પરંતુ વાચકવર્ગનો આ લઘુ પુસ્તિકા અંગે કેવો પ્રતિભાવ મળે છે તે પર આનો આધાર છે. આથી વાચકોને વિનંતિ કરવાની કે આ પુસ્તિકા વિષે તેમનો અભિપ્રાય અવશ્ય મોકલે.

આ પુસ્તિકાનું સફાઈદાર છાપકામ સોનગઢમાં **સુમતિ પ્રિન્ટિંગ પ્રેસનાં**

સંચાલકોએ અત્યંત મહેનત લઈ કરી આપ્યું છે તે બદલ તેમનો આભાર માનું છું. પાલીતાણા **જૈન શ્રેયસ્કર મંડળ** પાઠશાળાના અધ્યાપક **શ્રી કપૂરચંદભાઈ વારૈયાએ** સર્વ પ્રુફ તપાસી આપ્યા છે તેમનો પણ હું આભારી છું. અત્રે જે અત્યંત લાંબુ શુદ્ધિપત્રક આપવું પડયું છે તેમાં મારો જ દોષ છે. આ પ્રકારના કામનો બિન-અનુભવ અને ઉતાવળે પ્રેસ કોપી બનાવીને મોકલાવી અને બીજા અનેક કારણોને લીધે ભૂલો રહી ગઈ હોવાથી આમ બન્યું છે તો વાચક મને ક્ષમા કરે તેવી વિનંતિ કરૂ છું.

—લિ. કીર્તિ માણેકલાલ શાહ
૧૫ હીલ વ્યુ, રીજ રોડ, વાલકેશ્વર, મુંબઈ–૪૦૦૦૦૬

—૦—

# શુદ્ધિ પત્રક

ફકરાઓના ક્રમાંક ઘણે ઠેકાણે ખોટા લખાયા છે પરંતુ અત્રે તે શુદ્ધ કર્યા નથી. અનુક્રમણિકામાંથી આ ફકરાઓના ક્રમાંક સુધારવાની વિનંતિ—

| પૃષ્ઠ પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૧ – ૧૦ | આસ્તિક દર્શનો આત્માને | આસ્તિક દર્શનો આત્માને ભિન્ન ભિન્ન સ્વરૂપે માને છે. જૈનદર્શન આત્માને |
| ૨ – ૫ | કર્મવર્ગણાના | કાર્મણ વર્ગણાના |
| ૨ – ૭ | છે અર્થાત્ | છે ત્યારે તે કર્મરૂપે પરિણત થાય છે અર્થાત્ |
| ૨ – ૨૦ | જીવની શુભાશુભ પ્રવૃતિને | જીવના શુભાશુભ પરિણામને |
| ૩ – ૨ | દયાથી | કૃપાથી |
| ૩ – ૧૬ | સ્વભાવ | સ્વભાવ, |
| ૩ – ૧૮ | કર્મ | કાર્મણ |
| ૩ – ૨૭ | તાર્કિકતા | તર્કબદ્ધતા |
| ૫ – ૨૫ | વિરક્તિ | વિરામ |
| ૬ – ૯ થી ૧૧ | ઇષ્ટાનિષ્ટ બુદ્ધિ....અને તજ્જન્ય | પ્રવૃતિ અને તજ્જન્ય |
| ૬ – ૧૨ | વિષયોમાં ઇષ્ટાનિષ્ટ બુદ્ધિની | વિષયોમાંથી |
| ૬ – ૧૮ | શાશ્વત, મૌલિક ( અસંયોગી ) | સ્વતંત્ર |
| ૬ – ૨૫ | આ | × |
| ૭ – ૭ | અસંયોગે | અસંયોગી |
| ૭ – ૯, ૧૦ | મિથ્યાત્વભાવે કરીને અર્થાત્....રમતો આત્મા | મિથ્યાત્વાદિ ભાવે કરીને આત્મા |
| ૮ – ૫ | વિજાતીય | સજાતીય, વિજાતીય અને ઉભય |
| ૮ – ૧૮ | તીર્થંકર | તીર્થંકરાદિ |
| ૮ – ૨૭ | તત્ત્વસ્થાનોનું | દસ સ્થાનોનું |
| ૯ – ૮ | અંતકૃદ્ દશાંગ | અંતકૃતદસાંગ |
| ૧૫ – ૧૪ | જીવ | જીવની |
| ૧૫ – ૧૮ | વિનવિજય | વિનયવિજયજી |
| ૧૬ – ૨ | પ્રમાણે | પ્રમાણ |
| ૨૦ – ૨૪ | ભાવકર્મ | ભાવકર્મથી |
| ૨૨ – ૧૧ | કરે છે. જેમાં | કરે છે જેમાં |
| ૨૨ – ૩૦ | “ ઇષ્ટ ” | ઈષ્ટ |
| ૨૩ – ૪ | કહેવાય છે. “ માત્ર... | કહેવાય છે. ” માત્ર... |
| ૨૩ – ૧૬, ૧૯ | પૂર્વ | પૂર્વે |
| ૨૪ – ૨૭ | તે | ને |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૫ | ૪ | હેતભૂત | હેતુભુત |
| ૨૫ | ૨૭, ૨૯ | અભિગ્રહિક | આભિગ્રહિક |
| ૨૬ | ૨૯,૩૦,૩૧ | વિષયો તેમજ પ્રશંસા... પરિણામ એ | વિષયોમાં પ્રવૃતિ તેમજ પ્રશંસા, માન, અપમાન આદિ મનના વિષયોમાં રતિ, અરતિ આદિ પરિણામો |
| ૨૭ | ૬, ૭ | કહેવાય છે. " દશવૈકાલિક | કહેવાય છે." દસવૈકાલિક |
| ૨૭ | ૯ | છે " સંસારની | છે." સંસારની |
| ૨૮ | ૮ | પૂર્વ | પૂર્વે |
| ૨૮ | ૧૩ | યોગ આત્મપ્રદેશો દ્વારા કર્મ સ્કંધોનું ગ્રહણ કરે છે. | યોગ અને આત્મપ્રદેશો દ્વારા કાર્મણ સ્કંધોનું ગ્રહણ અને કર્મરૂપ પરિણમન કરે છે |
| ૨૮ | ૧૮ | અભાવમાં | અભાવમાં આશ્રવિત કર્મો |
| ૩૦ | ૧૧ | સ્કંધો એકબીજાને | સ્કંધોને વાયુ, જળ, અગ્નિાદિ |
| ૩૬ | ૮ | છે નહિ | સ્થુલ પદાર્થો છે, નહિ |
| ૩૬ | ૮ | ભાવો | ભાવોનો |
| ૩૬ | ૧૦, ૧૧ | રાગાદિ ભાવો કર્મ પરિણામમાં | રાગાદિ ભાવો કાર્મણ સ્કંધોના કર્મસ્વરૂપે પરિણતિમાં |
| ૩૭ | મથાળુ | કર્મ કૃતિના | કર્મપ્રકૃતિના |
| ૩૭ | ૧૧ | ભાગે | ભાંગે |
| ૩૯ | ૨૯ | અને તેથી સર્વ | તેના સર્વ |
| ૪૦ | ૮ | ક્ષેત્ર સ્થાનમાં | ક્ષેત્રસ્થાન |
| ૪૦ | ૧૧ | અવગાહનના સ્થાનની | અવગાહનાસ્થાનની |
| ૪૦ | ૨૦ | પરાવર્તન | પરિવર્તન |
| ૪૦ | ૩૧ | પરિશિષ્ટ-૬ માં | પરિશિષ્ટ-૧૧ પૃ. ૧૪ માં |
| ૪૧ | ૭ | એક જ | એ જ |
| ૪૧ | ૨૬ | પ્રમાણની | ભાવપ્રમાણની |
| ૪૨ | ૫ | અનંતગુણની | અનંતગુણ |
| ૪૨ | ૧૭ | જાત્યંતર | જાત્યાંતર |
| ૪૭ | ૭ | Transletion | Translation |
| ૪૭ | ૯, ૨૩ | અવગાહન સ્થાનાન્તર | અવગાહનાસ્થાનાન્તર |
| ૪૭ | ૧૭ | ભાવમાં | યાને તેના ભાવસ્થાનમાં |
| ૪૮ | ૧૪ | અવગાહન સ્થાનાન્તર | અવગાહના સ્થાનાન્તર |
| ૪૯ | ૮ | સફળતાપૂર્વક | સકળતાપૂર્વક |
| ૪૯ | ૯ | ભડાર | ભંડાર |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪૯ | – ૯, ૧૦, ૧૧ | ગુણનું પરિણમન...અભેદ છે | × |
| ૫૦ | – ૯ | તે તે ક્ષેત્રમાં, અવસ્થિત | તે તે ક્ષેત્રમાં અવસ્થિત |
| ૫૦ | – ૧૩ | સ્પર્શીને | અવગાહીને |
| ૫૧ | – ૨૬ | તેઓએ | તમોએ |
| ૫૨ | – ૨૨ | ગુણ–લઘુ | ગુરુ–લઘુ |
| ૫૨ | – ૩૩ | પ્રાપ્ત | પ્રાપ્ત |
| ૫૨ | – ૩૩ | રૂપીના ભાવોમાં | અરૂપીના ભાવપ્રમાણમાં |
| ૫૩ | – ૧૯ | કરી શકયા | કરી નથી શકયા |
| ૫૪ | – ૧ | માપના | × |
| ૫૫ | – ૨૨ | તેવું | તેનું |
| ૫૬ | – ૨૩, ૨૭, ૨૭ | અપ્રતિષિદ્ધ | સંતત |
| ૫૬ | – ૨૩ થી ૨૭ | Continuumના અર્થમાં.... સંતત દ્રવ્યો છે. | × × |
| ૬૭ | – ૨૮ | વ્યક્તિ વિશેષતાનું | વ્યક્તિ વિશેષનું |
| ૬૭ | – ૨૯ | પૂર્વ | પૂર્વે |
| ૬૮ | – ૧૫ | તેમના | તેના |
| ૬૮ | – ૨૧ | કરે છે તે | કરે છે તે વિચારીએ તે |
| ૬૮ | – ૨૯ | વહેરાશાદિ | બહેરાશાદિ |
| ૭૦ | – ૨૩ | દક્ષિણમાં ” | દક્ષિણમાં છે ” |
| ૭૦ | – ૨૫ | “ અજ્ઞાનમાં ભેદ છે ” | અજ્ઞાનમાં ભેદ છે. |
| ૭૦ | – ૨૬ | આવી | આથી |
| ૭૦ | – ૩૧ | “ પૂર્વંગ | પૂર્વંગ |
| ૭૭ | – ૨૦ | જ્ઞાતૃત્વ અને દૃષ્ટત્વ | જ્ઞાન અને દર્શન |
| ૭૮ | – ૩ | દેશથી | કાળ અને દેશથી |
| ૭૯ | – ૨૦ | અપ્રત્યાખ્યાનાવરણીય | અપ્રત્યાખ્યાનાવરણીય કષાય, |
| ૭૯ | – ૨૫ | જીવના | જીવની |
| ૮૩ | – ૧૬ | સંયોગી | સયોગી |
| ૮૪ | – ૭ | કહે. | કહે છે. |
| ૯૦ | – ૫ | દ્રવ્ય તો | દ્રવ્યનો |
| ૯૧ | – ૧૨ | પૂર્વ | પૂર્વે |
| ૯૧ | – ૧૨ | જ્ઞાન લબ્ધિને | લબ્ધિને |
| ૯૨ | – ૪ | કહી | કહ્યું |
| ૯૨ | – ૭ | ( Space-lime ) | ( Space-time ) |
| ૯૪ | – ૧૫ | અર્થાત્ ભાવના | ભાવના અર્થાત્ |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૯૫ | ૧૯ | આધારનું | આ ધારાનું |
| ૯૫ | ૨૨, ૨૫ | k | K |
| ૯૬ | ૫ | ભાવાવિભાવ | ભાવાવિભાગ |
| ૯૭ | ૬ | એક આપણી | એક કણુ આપણી |
| ૯૮ | ૧૮, ૧૯ | અસંખ્યાત | સંખ્યાત |
| ૯૯ | ૧૬ | કહેવા | કરવા |
| ૯૯ | ૨૫ | ભાવના | ભવના |
| ૧૦૦ | ૧૨ | ઇન્દ્રણીઓ | ઇન્દ્રાણીઓ |
| ૧૦૦ | ૧૨ | આખું | આનું |
| ૧૦૦ | ૨૦ | સંખ્યા પ્રમાણે | સંખ્યાપ્રમાણ |
| ૧૦૦ | ૨૭ | માહેન્દ્ર અને બ્રહ્મલોક | બ્રહ્મલોક અને લાન્તક |
| ૧૦૧ | ૨૭ | ત્રિડું | ત્રિહું |
| ૧૦૨ | ૬ | (conapts) | (concepts) |
| ૧૦૨ | ૨૪ | દેવ તેના | દેવ થકી તેના |
| ૧૦૩ | ૮ | ($Log_2\ Log_2^k$) | ($Log_2\ Log_2K$) |
| ૧૦૩ | ૧૦ | ($Log_2^k$) | ($Log_2K$) |
| ૧૦૩ | ૧૩ | પ્રતિ સમય ભોગવાતા | પ્રતિ સમય ભોગવે છે તેના અનંતમા ભાગ પ્રમાણ જ છે. અત્રે K સિદ્ધ જીવ થકી પ્રતિ સમય |
| ૧૦૪ | ૬ | દેવલોકના | દેવલોકના દેવોની |
| ૧૦૬ | ૨૦ | તે રીતે | તે કઈ રીતે |
| ૧૦૭ | ૧૯ | ચારિત્રમોહજન્ય | × |
| ૧૦૯ | ૯,૧૦,૧૭ | (infinite) | (transfinite) |
| ૧૦૯ | ૧૨ | (g. Contor | (G. Cantor |
| ૧૦૯ | ૨૦ | અનુમાનજ્ઞાન જ | અનુમાનજ્ઞાન જે |
| ૧૦૯ | ૨૬ | પ્રતિ સમય | પ્રતિ સેકંડ |
| ૧૧૨ | ૧૦ | પરમાં | પર |
| ૧૧૪ | ૧૨ | ૩૮ માં | ૩૯ મા |
| ૧૧૬ | ૨૯ | ભયભિરૂતા | ભવભિરૂતા |
| ૧૧૮ | ૨૦ | પ્રત્યભિમાન | પ્રત્યભિજ્ઞાન |
| ૧૧૯ | ૨૬ | નિમૂળ | નિર્મૂળ |

તા. ક: સંબંધિની જોડણી ઘણા સ્થાને ખોટી છે તે સુધારી સંબંધી કરવી

continum સુધારી continuum કરવું

dimention " * dimension "

# ભારતીય દર્શનમાં કર્મવિષયક માન્યતા—૧

## ૧ ભારતીય દર્શનમાં કર્મની માન્યતા :

ભારતવર્ષના સર્વ આસ્તિક* યાને પરલોકવાદી દર્શન "કર્મ" અને કર્મફળમાં માને છે. સાધારણતયા જીવ દ્વારા જે કંઈ કરાય તે કર્મ કહેવાય. આસ્તિક દર્શનકારોનો મત છે કે જીવનું પ્રત્યેક સારું યા નરસું કાર્ય તેના સંસ્કાર જીવાત્મામાં મૂકી જાય છે. આ સંસ્કારને નૈયાયિક તથા વૈશેષિક દર્શન ધર્મ યા અધર્મ નામથી પુકારે છે. સાંખ્ય તથા યોગદર્શન તેને કર્માશય કહે છે. બૌદ્ધો તેને વાસના યા અનુશય કહે છે. ન્યાયમંજરીકાર કહે છે કે "કોઈને પ્રયત્ન વિના ફળપ્રાપ્તિ થતી દેખાય છે, તો કોઈને પ્રયત્ન છતાં ફળ પ્રાપ્ત થતું નથી. આનું કોઈ દૃષ્ટ કારણ દેખાતું નથી તેથી તેનું કોઈ અદૃષ્ટ કારણ માનવું રહ્યું," આથી તેઓ કર્મને અદૃષ્ટ કહે છે. બાકી દૈવ, ભાગ્ય, પુણ્ય, પાપ, આદિ શબ્દપ્રયોગ લગભગ કર્મના અર્થમાં પ્રાયઃ સર્વ દર્શનકારો કરે છે. આસ્તિક દર્શનો આત્માને એક મૌલિક (elementary substance), સ્વતઃસિદ્ધ, શાશ્વત, અનુત્પન્ન અને અવિનાશી પદાર્થ માને છે. આત્માનું અવિનાશીપણું પુનર્જન્મની પરંપરા માન્યા વિના ઘટે નહિ, અને પુનર્જન્મની સિદ્ધિ માટે 'કર્મ' માનવું જ પડે છે.

"વાવે તેવું લણે", "ખાડો ખોદે તે પડે", "કરેગા સો ભરેગા", "કર ભલા સો હો ભલા" ઇત્યાદિ લોકપ્રચલિત કહેવતો પણ કર્મ અને કર્મફળની માન્યતા ભારતીય લોકજીવનમાં કેવી ઊંડી વણાઈ ગઈ છે તે દર્શાવે છે.

## ૨. કર્મવિષયક જૈન માન્યતાની મૌલિકતા :

આમ ભારતના સર્વ આસ્તિક દર્શનકારો કર્મમાં માને છે તો ખરા, પરંતુ કર્મવિષયક જૈન માન્યતામાં મૌલિક ભેદ છે. જૈન માન્યતા મુજબ 'કર્મ' એ જીવગત માત્ર સંસ્કાર નથી પરંતુ એક વસ્તુભૂત જીવથી ભિન્ન સૂક્ષ્મ પદાર્થ છે કે જે રાગી* જીવની માનસિક, વાચિક અને કાયિક ક્રિયા થકી આકૃષ્ટ થઈ જીવ સાથે–આત્મપ્રદેશો સાથે દૂધપાણીની જેમ ઓતપ્રોત થઈ જાય છે, અર્થાત્ બંધાઈ જાય છે. આ વસ્તુભૂત પદાર્થ બીજો કોઈ નહિ પરંતુ પુદ્ગલ જ (matter) છે, ઇન્દ્રિયોથી અગ્રાહ્ય એવો પુદ્ગલનો સૂક્ષ્મ પરિણામ અર્થાત્ પર્યાય છે. બીજો ભેદ એ છે કે જૈન સિદ્ધાંત કર્મના બંધમાં કે તેના ફળની પ્રાપ્તિમાં કોઈ દૈવી કે ઐશ્વરી શક્તિનો હસ્તક્ષેપ

* આવા ચિહ્નો માટે પરિશિષ્ટ જોવું.

સ્વીકારતો નથી. સુખ કે દુઃખ, આરોગ્ય કે અનારોગ્ય, શ્રીમંતાઈ કે ગરીબાઈ, સુરૂપ યા કુરૂપ, જે કંઈ વ્યક્તિ પામે છે યા ભોગવે છે તે માટે તેના પૂર્વના કર્મો અર્થાત્ કાર્યો જવાબદાર છે. તે તેના આચાર, વિચાર અને ઉચ્ચારના પરિણામોમાંથી છટકી શકતો નથી. જીવ તેની મન, વચન અને કાયાની પ્રવૃત્તિ કરતા છતાં આ લોકમાં ડબીમાં મેસની જેમ ઠાંસી ઠાંસીને ભર્યા છે તે કર્મવર્ગણાના સૂક્ષ્મ સ્કંધોને ( Molecules ) પોતાના આત્મપ્રદેશો વડે ગ્રહણ કરી ક્ષીરનીર યા લોહાગ્નિવત્ તેમાં ઓતપ્રોત કરી નાખે છે અર્થાત્ બાંધે છે. બંધાયેલા આ જ કર્મસ્કંધોના ફળસ્વરૂપ ઉદયકાળે આત્માને તેનાં ફળ ભોગવવાં જ પડે છે. આમાં કોઈ દૈવી શક્તિ કે ઈશ્વર તેને ઉગારી શકે નહિ.

વૈદિક દર્શનકારોનો મત છે કે આત્માને સ્વર્ગમાં કે નરકમાં મોકલનાર, આત્માને સુખ કે દુઃખ આપનાર સર્વશક્તિમાન ઈશ્વર જ છે. આત્મામાં સ્વયં કોઈ પણ કાર્ય કરવાની ક્ષમતા જ નથી. તેની સર્વ પ્રવૃત્તિ ઈશ્વરપ્રેરિત જ છે. મહાભારત વન પર્વ અ. ૩૦ શ્લોક ૨૮ માં આ જ વસ્તુ કહેતા જણાવે છે :

**अज्ञो जन्तुरनीशोऽयमात्मनः सुख–दुःखयोः ।**
**इश्वरप्रेरितो गच्छेत्, स्वर्गं वा श्वभ्रमेव वा ।।**

ન્યાયદર્શન પણ ઈશ્વરને કર્મફળના નિયન્તા માને છે. આ ઈશ્વરકર્તૃત્વવાદ જૈનદર્શનને અમાન્ય છે. ઈશ્વર તો વીતરાગ છે. અન્યને સુખ કે દુઃખ આપવું તે વીતરાગનું કાર્ય હોઈ જ ના શકે. સુખ યા દુઃખ જે કંઈ જીવ ભોગવી રહ્યો છે તેનો નિર્માતા જીવ સ્વયં છે. પૂર્વકૃત દુષ્કૃત્યનું દુઃખરૂપ અને સુકૃતનું સુખરૂપ ફળનું પ્રાપ્ત થવું તેમાં ઈશ્વરને નિયન્તા માનવા તે યથાર્થ નથી. જીવની શુભાશુભ પ્રવૃત્તિને અનુરૂપ કર્મોનું સિંચન અને યોગ્ય ક્ષેત્રે અને કાળે યથાયોગ્ય ફળનું પ્રાપ્ત થવું તે સર્વ કાર્મિક ક્રિયા–પ્રક્રિયાનું નિયમન સ્વાભાવિક છે. અપથ્ય ખોરાકની આરોગ્ય પર પ્રતિકૂળ અને પથ્ય અને પૌષ્ટિક ખોરાકની અનુકૂળ અસર થાય છે, તેમાં ખોરાક અને ખાનારની પ્રકૃતિ કારણ છે. નહિ કે અન્ય કોઈ. આવી જ રીતે શુભાશુભ કર્મોનું તદનુરૂપ શુભાશુભ ફળ, જીવ અને કર્મના સંબંધથી નિપજતું કાર્ય સ્વાભાવિક છે.

આમ છતાં પણ આપણે ઈશ્વરને આપણા તારક કહીએ છીએ તેમાં દૃષ્ટિ જુદી જ છે. જે જિનેશ્વરદેવે આપણને આ સંસારથી મુક્ત થવા માટે સરળમાં સરળ રાજમાર્ગ દર્શાવ્યો છે અને જેણે આપણને તે માર્ગ પર સ્થિત કરવા પ્રેરક ઉપદેશ આપી જાગૃત કર્યા છે, તેમનો ઉપકાર અદ્વિતીય છે. આવા પરમ ઉપકારી જિનેશ્વરની આપણા તારક, મહાઉપકારી, આપણને મુક્તિ અપાવનાર, સંસારના દુઃખોથી ઉગારનાર, બોધિલાભ પ્રદાન કરનાર ઈત્યાદિ સ્વરૂપે ભક્તિ ન કરીએ તો આપણને કૃતઘ્નતાનો

મહાદોષ લાગે. વળી આપણી સુખ–સમૃદ્ધિમાં આપણાં કર્તાપણાનું અભિમાન ટાળવા આપણે તે સર્વ ઇશ્વરની દયાથી પ્રાપ્ત થયું છે તેમ કહીએ તે વ્યવહાર યોગ્ય જ છે; તે આપણો દાક્ષિણ્ય ગુણ છે; નમ્રતા છે; આત્માને ઉન્નત કરનાર મહાન ગુણ છે. કહ્યું છે કે વિનય અને નમ્રતા સર્વ સદ્ગુણોનું અને અભિમાન સર્વ દૂષણોનું બીજ છે. જૈનદર્શનનો કર્મસિદ્ધાંત વ્યક્તિને આત્મનિર્ભર બનાવી પ્રશસ્ત પ્રવૃત્તિ પ્રતિ પ્રેરિત કરી, પુરુષાર્થને જાગૃત કરે છે.

## ૩. જૈનદર્શનમાં કર્મવિચારની વિશાળતા :

જૈનદર્શનમાં કર્મવિષયક જેટલો સૂક્ષ્મ અને વિશાળ વિચાર છે તેવો અન્ય કોઈ દર્શનમાં નથી પ્રાપ્ત થતો. કર્મના આઠ મૂળ અને એકસો અડતાળીશ ઉત્તરભેદો કરી તે દ્વારા અનંતાનંત સંસારી જીવોની ભિન્ન ભિન્ન અનુભવસિદ્ધ અવસ્થાઓનો જે બુદ્ધિગમ્ય ખુલાસો જૈનદર્શન કરે છે તેવો ખુલાસો અન્ય કોઈ પણ દર્શનમાં જોવા મળતો નથી. આત્માનો કર્મ સાથે બંધ કેવી રીતે અને કયા હેતુઓથી થાય છે, કેવા કારણોથી કર્મમાં કેવી ફળપ્રદાન શક્તિ ઉત્પન્ન થાય છે, કેટલા કાળ પર્યંત કર્મ આત્મા સાથે સુષુપ્ત અવસ્થામાં પડી રહે છે અને કેટલા કાળ પછી તે ફળ આપવા માંડે છે, ફળપ્રાપ્તિના નિયત સમયમાં આત્મશક્તિ ફેરફાર કરી શકે કે નહિ, એક કર્મપ્રકૃતિ ( કર્મનો સ્વભાવ તથાપ્રકારની ફળ આપવાની શક્તિ ) અન્ય પ્રકૃતિરૂપે પરિણમાવી શકાય કે નહિ, કેવા સાધનોથી કર્મને નિષ્ફળ બનાવી શકાય, કયા પ્રકારનાં કર્મો આત્માને ફળ આપ્યા વિના રહેતાં નથી, આત્મા કર્મ તથા અન્ય પુદ્ગલ સ્કંધો ગ્રહણ કરી તેમાંથી શરીર, ઇન્દ્રિયો, મન આદિનું નિર્માણ કેવી રીતે કરે છે, કયા કર્મો નિરંતર બંધાય છે, કયા કર્મો સાંતર બંધાય છે, પ્રત્યેક કર્મ સતત કેટલા કાળ પર્યંત બંધાઈ શકે છે, કોઈ કર્મપ્રકૃતિના બંધમાં આંતરૂં પડે તો કેટલું પડે, આત્મા તેની નિકૃષ્ટ અવસ્થામાંથી નીકળી મોક્ષ પ્રતિ પ્રયાણના ક્રમિક પગથીયાનું શું સ્વરૂપ છે, આવા અને અન્ય પ્રકારના કર્મ સંબંધી પ્રશ્નોની વિચારણા અને ખુલાસો જૈન કર્મસિદ્ધાંત કરે છે. આવો વિસ્તૃત સર્વાંગી કર્મવિચાર કોઈ પણ દર્શને કર્યો નથી. આથી જ કર્મસિદ્ધાંત જૈનદર્શનની વિશેષતા છે. કર્મસિદ્ધાંત જૈનદર્શનનો પ્રાણ છે. કર્મ-સાહિત્ય જૈન–સાહિત્યનો મોટો ભાગ રોકે છે. કર્મસિદ્ધાંત ઘણો જ ગહન છે પરંતુ તર્કબદ્ધ છે. તેની તાર્કિકતા ઊંડા અભ્યાસ વિના પામી શકાય તેમ નથી. આવા ગહન તર્કગ્રાહી પદાર્થો શરૂઆતમાં નિરસ અને કંટાળાજનક લાગે છે. પરંતુ એક વખત તેનું ઊંડાણ પામ્યા પછી જે રસ લાગે છે તે છૂટતો નથી અને આ સંસારચક્રનું નિયતસ્વરૂપ હથેલીમાં પડેલા બોર જેમ સ્પષ્ટ ભાસતું થઈ જાય છે.

## ૪. કર્મવિષયક જૈન સાહિત્ય :

ભગવાન મહાવીરના દિવ્ય ઉપદેશના સંગ્રહરૂપમાં શ્રી ગણધર ભગવંતો દ્વારા જે

બાર અંગ સાહિત્ય નિર્માણ થયું હતું તેમાં બારમું અંગ 'દૃષ્ટિવાદ' હતું. તેમાં ચૌદ પૂર્વો હતા. તેમાં 'કર્મપ્રવાદ' નામના આઠમા તેમજ 'અગ્રાયણીય' નામના બીજા પૂર્વના કર્મપ્રાભૃત નામના પ્રાભૃતમાં કર્મવિષયક વિવેચન હતું. પરંતુ હાલમાં શ્વેતાંબર કે દિગંબર વાઙ્મયમાં આ સાહિત્ય ઉપલબ્ધ નથી; પરંતુ આ બેઉ પૂર્વોના આધારે રચાયેલું કર્મસાહિત્ય આજે પણ ઉપલબ્ધ છે. આ સાહિત્ય પૂર્વસાહિત્યની સરખામણીમાં ઘણું જ ન્યૂન હોવા છતાં પણ એટલું તો વિશાળ છે કે તત્ત્વના રસિયાઓની જિજ્ઞાસા તે તૃપ્ત કરી શકે છે. હાલ આપણું કર્મવિષયક જ્ઞાન મુખ્યતયા નિમ્ન ગ્રંથોના આધાર પર અવલંબિત છે.

(i) **કષાયપ્રાભૃત** : આ અતિપ્રાચીન ગ્રંથનો ઉદ્ધાર પાંચમા જ્ઞાનપ્રવાદ પૂર્વની દસમી વસ્તુના ત્રીજા પ્રાભૃતમાંથી થયો હોય તેવું માનવાને કારણો મળે છે. આ ગ્રંથના કર્તા ગુણધરાચાર્ય છે અને તે પર ચૂર્ણિસૂત્રની રચના યતિવૃષભાચાર્યે કરી છે અને તે પર ટીકાના રચયિતા આચાર્ય વીરસેન અને આચાર્ય જિનસેન છે. આ ગ્રંથ તેમજ તેની ચૂર્ણિ અને ટીકા મૂડબિદ્રિના દિગંબર જ્ઞાનભંડારમાંથી ઉપલબ્ધ થયા છે. સર્વ જૈન આમ્નાયમાં આ ગ્રંથ અત્યંત આદરણીય સ્થાન ધરાવે છે.

(ii) **કર્મપ્રકૃતિ** : તેમજ

(iii) **બંધશતક** : આ બેઉ પ્રાચીન ગ્રંથનો અગ્રાયણીય પૂર્વની પાંચમી ક્ષીણલબ્ધિ નામની વસ્તુ અંતર્ગત ચોથા કર્મપ્રકૃતિ નામના પ્રાભૃતમાંથી આચાર્ય શિવશર્મસૂરિ મહારાજાએ ઉદ્ધાર કર્યો છે.

(iv) **સપ્તતિકા** : આ ગ્રંથનો આધાર પણ કર્મપ્રકૃતિ પ્રાભૃત જ છે. આના કર્તા કોણ છે તે ચોક્કસ કહી શકાતું નથી છતાં પણ ઘણાએ વિદ્વાનો આ ગ્રંથના કર્તા પણ આચાર્ય શિવશર્મસૂરિ હોવાની કલ્પના કરે છે.

(v) **મહાકર્મપ્રકૃતિ પ્રાભૃત** : આ ગ્રંથ પણ પૂર્વોદ્ધૃત છે અને બન્ને આમ્નાયને માન્ય છે. આ પરની વૃત્તિઓ માત્ર દિગંબર ભંડારોમાંથી જ પ્રાપ્ત થાય છે.

### ૫. જૈનદર્શન એકાંતે કર્મવાદમાં માનતું નથી :

કર્મવિષયક વિપુલ સમ્પત્તિ જૈનદર્શનમાં છે, અને તેમાં કર્મનું મહત્ત્વ પણ ઘણું જ છે. આમ છતાં પણ અનેકાંતવાદી જૈનદર્શન* એકાંતે કર્મવાદને જ માને છે તેવું નથી. આ દર્શનમાં કર્મની* જેમ જ કાળ*, સ્વભાવ*, નિયતિ* અને પુરુષાર્થ*નું મહત્ત્વ પણ ન્યૂન નથી. ભિન્ન ભિન્ન કાર્યોમાં કોઈ એક કારણને પ્રધાન સ્થાને મૂકી અન્યને ગૌણ સ્થાને સ્થાપી આગમમાં ઘણી વિચારણા કરી છે. જીવ જો એકાંતે માત્ર કર્મને જ આધીન હોય અને પુરુષાર્થનું કંઈ જ સ્થાન ન હોય તો જીવ મુક્તિલાભ

---

* આવા ચિહ્નો માટે પરિશિષ્ટ જોવું.

પ્રાપ્ત કરી જ ના શકે. કાળ, સ્વભાવ અને નિયતિની વિવક્ષા ગૌણ કરીને આગમમાં કર્મ અને પુરુષાર્થના બલાબલ વિષે ઘણી વિચારણા કરી છે. કર્મ બળવાન છે કે પુરુષાર્થ એ પ્રશ્ન અડીખમ સદાને માટે ઉભો જ રહે છે. કારણ કે વિશ્વમાં બન્ને રીતે બનતું જોવામાં આવે છે. કયારેક કર્મ આત્મા પર જોર કરી જાય છે તો કોઈ વખત આત્મા કર્મ પર જોર કરી જાય છે. શ્રી ભગવતી સૂત્રમાં આ જ હકીકત સ્પષ્ટ કરતા કહ્યું છે: "कत्थवि कम्माइं बलियाइं, कत्थवि अप्पा बलिओ."

કાળ, સ્વભાવ અને નિયતિ ઉપર આપણો બિલકુલ કાબુ નથી. ભાગ્યની અર્થાત્ બંધાયેલા કર્મની જાણ નથી. પરંતુ આત્માને સ્વાધીન પુરુષાર્થ છે તેથી ભવ્ય પુરુષાર્થ ફેરવી કર્મબંધમાંથી સર્વથા મુક્ત થવું એ જ આપણું પરમ ધ્યેય બની રહે છે. અનંત, શાશ્વત, સ્વાધીન, અવ્યાબાધિત અને પરમસુખની પ્રાપ્તિ પણ કર્મમુક્તિથી જ સાધ્ય છે. જીવ માત્ર આ જ ચાહે છે. તે સમજે યા ન સમજે પરંતુ આ જ તેનું પરમ ધ્યેય છે. આ જ તેને પરમ ઇષ્ટ છે.

## પરિશિષ્ટો*

### ૬. જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય વા ક્ષયોપશમ :

જ્ઞાન એ જીવની પોતાની શક્તિ છે. આ શક્તિને દબાવનાર યા આવરનાર (ઢાંકનાર) કર્મને જ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે. આ કર્મનો ક્ષય થાય એટલે કે તે કર્મ આત્મપ્રદેશથી સર્વથા છૂટું પડી ખરી જાય તો જીવની જ્ઞાનશક્તિ સંપૂર્ણપણે પ્રગટ થાય અર્થાત્ જીવનું કેવળજ્ઞાન પ્રગટ થાય. પરંતુ ન્યૂનાધિક પ્રમાણમાં આંશિક (અપૂર્ણ) જ્ઞાન પ્રગટ થતું રહે છે તેમાં કારણભૂત કાર્મિક પ્રક્રિયાને જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કહેવાય છે. બુદ્ધિની તીવ્રમંદતા, સ્મરણશક્તિની હીનાધિકતા, દાર્શનિક વિષયમાં રુચિ-અરુચિ ઇત્યાદિ ભિન્ન ભિન્ન જ્ઞાનસંબંધી શક્તિઓની તરતમતામાં જ્ઞાનાવરણીય કર્મનો તથાવિધ ક્ષયોપશમ કારણ છે. આપણે ૨૭ મા પ્રકરણમાં ક્ષયોપશમ વિષે વિસ્તૃત વિચારણા કરશું.

### ૭. વિરતિ :

વિરતિનો સામાન્ય અર્થ છે નિવૃત્તિ યા વિરક્તિ. જૈનપરિભાષામાં આનો અર્થ વિશાળ છે. અનાદિ કાળથી જીવ એક એવો ભ્રમ સેવી રહ્યો છે કે ઇન્દ્રિયજન્ય વિષયસુખ જ ખરેખર સુખ છે. બીલકુલ દુઃખથી રહિત, સંપૂર્ણ, શાશ્વત અને સ્વાધીન સુખનો પોતે ઇચ્છુક હોવા છતાં અને વળી વિષયસુખ આવું સુખ નથી પરંતુ તેથી વિપરીત તે દુઃખગર્ભિત, અપૂર્ણ, અશાશ્વત અર્થાત્ ક્ષણિક અને પરાધીન છે તેવો અનુભવ ભવોભવથી કરતો આવ્યો હોવા છતાં પણ વિષયોમાં ઇષ્ટાનિષ્ટ-બુદ્ધિના સંસ્કારોએ તેને એવો તો જડસુ બનાવી નાખ્યો છે કે પહેરેલા

ચશ્માએ ચશ્મા શોધતા પંડિતની જેમ અનંતસુખનો ધણી જેમાં સુખનો એક કણ પણ નથી એવા જડ પૌદ્ગલિક વિષયોમાંથી સુખની પ્રાપ્તિ માટે અનેક પ્રકારના આરંભ–સમારંભ કરે છે. આરંભ એટલે હિંસાજનક કાર્યો અને સમારંભ એટલે આરંભના સાધનો સજ્જ કરવાની પ્રવૃત્તિ. સાંસારિક પ્રવૃત્તિમાં રત જીવને જ્ઞાનીઓએ ગબડતા અગનગોળાની ઉપમા આપી છે. અગ્નિથી લાલચોળ થયેલો લોખંડનો ગબડતો ગોળો જેવી રીતે તેના માર્ગમાં આવતા અસંખ્ય જીવજંતુઓનો નાશ કરે છે તેવી જ રીતે વ્યાપાર, ઉદ્યોગ, રસોઈ, મનોરંજનની પ્રવૃત્તિ ઇત્યાદિ હર પ્રકારની સાંસારિક પ્રવૃત્તિમાં છએ કાયની હિંસા અવશ્યંભાવિ છે. તેથી તે સર્વને આરંભ–સમારંભ કહેવાય છે. આથી પાંચ ઇન્દ્રિયો અને મનના વિષયોમાં ઇષ્ટાનિષ્ટબુદ્ધિ અર્થાત્ ઇષ્ટ વિષયોમાં અભિમુખતા અને અનિષ્ટ વિષયમાં વિમુખતા સ્વરૂપ પરિણામ અને તજ્જન્ય છએ કાયની હિંસામાં કારણભૂત આરંભ–સમારંભને અવિરતિ કહેવાય છે અને તેથી વિપરીત અર્થાત્ વિષયોમાં ઇષ્ટાનિષ્ટ બુદ્ધિની નિવૃત્તિપૂર્વક ષટ્કાયની હિંસાજન્ય પ્રવૃત્તિનો ત્યાગ વિરતિ છે. પૃથ્વી, અપ્ (જળ), વાયુ, તેજ (અગ્નિ), વનસ્પતિ જેનું શરીર છે તે પાંચ પ્રકરના સ્થાવર (હલન ચલન કરવાને અશક્તિમાન) જીવો અને હલન ચલન કરવાની શક્તિવાળા ત્રસ જીવો, એ છએ પ્રકારના જીવો ટૂંકમાં ષટ્કાય યા છ કાય કહેવાય છે.

## ૮. આસ્તિક દર્શન :

સામાન્યથી આત્માને જે શાશ્વત, મૌલિક (અસંયોગી) પદાર્થ માને તે આસ્તિક કહેવાય. આત્માની સ્વતંત્ર સત્તા ન સ્વીકારતા તેને પુદ્ગલ યા પંચમહાભૂતનું (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ) બનેલું માને છે તે ચાર્વાક નાસ્તિક દર્શન છે. આત્માનું ત્રિકાળ અસ્તિત્વ અને તેથી તેનું અવિનાશીપણું માનવાથી પુનર્જન્મ માનવો પડે છે, કારણ કે અવિનાશી આત્માની શાશ્વતતા જન્મોની પરંપરામાં જ સ્વીકાર્ય બની શકે છે. વેદાંત દર્શન જૈનને નાસ્તિક દર્શન કહે છે કારણ કે તેઓ ઇશ્વરને જે અર્થમાં માને છે તે અર્થમાં જૈનો માનતા નથી. તેમના મતે ઇશ્વર એક એવી સત્તા છે કે જેની ઇચ્છા વિના આ જગતમાં એક પાંદડું પણ હાલતું નથી. પાપીને સજા કરવી, પુણ્યશાળીને સુખ આપવું, સૂર્ય–ચંદ્રાદિનું નિયમન કરવું ઇત્યાદિ બધું જ ઇશ્વર કરે છે. આવા જગતનિયામક સર્વસત્તાધારી ઇશ્વરને ન માનતા જૈનનો ઇશ્વર તો સર્વદોષોથી મુક્ત એવો આત્મા છે. અને આ ઐશ્વર્ય હરકોઈ આત્મામાં સત્તારૂપે રહેલું જ છે અને આ કાળક્રમે તેનો આવિર્ભાવ થયે જીવ સ્વયં ઇશ્વર બની જાય છે. પરંતુ જૈન આગમમાં આસ્તિક્ય ગુણનો અર્થ ગંભીર છે. સમ્યગ્દૃષ્ટિ આત્માને ઓળખવાની તે નિશાની છે. પરોક્ષ છતાં યુક્તિ, આગમ નય આદિ દ્વારા સિદ્ધ એવા જીવાજીવાદિ નવ તત્ત્વ, પાંચ અસ્તિકાય, છ દ્રવ્યો, આત્મા આદિ પદાર્થોનું શ્રી

વીતરાગે જેવું સ્વરૂપ કહ્યું છે તે તેવું જ છે તેવી અદમ્ય શ્રદ્ધા અથવા તે તત્ત્વોમાં રુચિનું હોવું તે આસ્તિકચ ગુણ છે.

આ આસ્તિકચ ગુણના અથવા તેથી લક્ષિત સમ્યક્‌ત્વનાં છ સ્થાનકો છે અર્થાત્ સમ્યક્‌ત્વધારી આત્માની છ દઢ માન્યતાઓ છે. યથા :

**પહેલું સ્થાન : "આત્મા છે."** આત્મા અત્યંત પ્રગટ છે કારણ કે તે સ્વસંવેદન થકી પ્રગટ અનુભવાય છે.

**બીજું સ્થાન : "આત્મા નિત્ય છે."** અનુત્પન્ન અને અસંયોગે હોવાથી આત્માની નથી આદિ કે નથી તેનો અંત. અર્થાત્ આત્મા સ્વતઃસિદ્ધ શાશ્વત પદાર્થ છે.

**ત્રીજું સ્થાન : "આત્મા કર્મનો કર્તા છે."** મિથ્યાત્વભાવે કરીને અર્થાત્ ભ્રાંતપણે પરભાવમાં રમતો આત્મા સ્વયં કર્મનું ઉપાર્જન કરે છે.

**ચોથું સ્થાન : "આત્મા કર્મફળનો ભોક્તા છે."** સ્વયં ઉપાર્જન કરેલા કર્મોનું ફળ આત્મા સ્વયં ભોગવે છે.

**પાંચમું સ્થાન : "આત્માનો કર્મથી છૂટકારો છે"** અર્થાત્ આત્માનો મોક્ષ છે. ભ્રાંત દશામાં પરભાવમાં રમણ કરતો આત્મા સ્વરૂપનું ભાન થયે સ્વભાવમાં આવતો જાય છે. સર્વથા સ્વભાવ પરિણામને પામવું તે જ મોક્ષ છે.

**છઠ્ઠું સ્થાન : "મોક્ષનો ઉપાય છે."** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર મોક્ષપ્રાપ્તિનો ઉપાય છે. મોક્ષ નિરુપાય નથી[1].

કર્મવિજ્ઞાનના મૂળમાં આ છએ પ્રમેયોની સ્વીકૃતિ છે.

**૯. રાગ :**

ઇષ્ટ (ઇચ્છનીય, મનોજ્ઞ) પદાર્થ પ્રતિ આસક્તિ યા રતિભાવને રાગ કહેવાય છે અને તે દ્વેષનો જનક છે. રાગ વિના દ્વેષ સંભવતો નથી. વિષય ભેદે તે રાગના ત્રણ ભેદ છે.

(i) **દૃષ્ટિરાગ** : મનુષ્યને પોતાના અભિપ્રાય ઉપર અત્યંત પક્ષપાત હોય છે. પોતાના અભિપ્રાય ઉપરનો આ અયોગ્ય એકાંત આગ્રહ મનુષ્યને સત્યની ઓળખ કરાવવામાં મોટા અંતરાયરૂપ છે, કારણ કે સત્ય એ કોઈ એક અભિપ્રાયને આધીન નથી, પરંતુ વસ્તુસ્વરૂપને આધીન છે; અને વસ્તુસ્વરૂપ એક ધર્મવાળું નથી, પરંતુ દૃષ્ટિભેદે તેમાં નિત્ય-અનિત્ય, એક-અનેક આદિ પરસ્પરવિરોધી અનંત ધર્મો રહેલા છે.

---

૧ સરખાવો :

'આત્મા છે' 'તે નિત્ય છે,' 'છે કર્તા નિજ કર્મ';
'છે ભોક્તા' વળી 'મોક્ષ છે' 'મોક્ષ ઉપાય સુધર્મ.'

(શ્રીમદ્ રાજચંદ્ર. આત્મસિદ્ધિશાસ્ત્ર. પદ ૪૩)

આથી પોતાના મતનો એકાંત આગ્રહ તેની દૃષ્ટિને એકાંગી બનાવે છે અને તે સમ્યગ્દર્શનની બાધક બની જાય છે. કોઈ પણ મતનો એકાંત આગ્રહ દૃષ્ટિરાગ છે.*

(ii) **કામરાગ :**

સામાન્યથી ઇન્દ્રિયોના પાંચે વિષયો પ્રતિ આસક્તિ અને ખાસ કરીને સ્ત્રી-પુરુષના પરસ્પર સંયોગની અભિલાષા એ કામ છે. આવી અભિલાષાપૂર્વક વિજાતીય વ્યક્તિ પ્રતિ આસક્તિને કામરાગ કહેવાય છે. કામથી વ્યાપ્ત જીવ યથાર્થ તત્ત્વ જોઈ શકતો નથી. કામી આત્મા બ્રહ્મમાં ( પોતાના આત્મામાં ) ચર્યા કરી શકતો નથી. આથી કામી સંયમધર્મ યાને સાધુધર્મ પ્રાપ્ત કરી શકતો નથી. કામ અબ્રહ્મ ચર્યા છે.

(iii) **સ્નેહરાગ :** માતા, પિતા, પુત્ર, મિત્રાદિ પ્રતિ આસક્ત ભાવ સ્નેહરાગ છે. આ રાગ ઘણી વખત પ્રશસ્ત પણ હોય છે છતાં પણ તે અંતિમ ફળની ( સિદ્ધત્વ ) પ્રાપ્તિમાં બાધક છે.

ગંભીરતાપૂર્વક વિચાર કરતા જણાય છે કે રાગ જ સર્વ દોષોનું અને તેથી સંસારનું મૂળ છે કારણ કે રાગી જીવ માધ્યસ્થભાવે વિચારી કે વર્તી શકતો નથી. માધ્યસ્થતા વિના ધર્મના પાયારૂપ ન્યાયપૂર્ણતા, નૈતિકતા કે પ્રામાણિકતા સંભવતી નથી. માધ્યસ્થતાથી જ સમતાની પ્રાપ્તિ થાય છે. સમતાથી વીતરાગતાની પ્રાપ્તિ થાય છે. વીતરાગતા પ્રાપ્ત થયે જ મોક્ષ થાય છે. આથી રાગ જ સંસારનું બીજ છે.

૫. **આગમશ્રુત :**

શ્રુત એટલે સાંભળેલું. તીર્થંકર પાસેથી સાંભળીને મેળવેલું જ્ઞાન શ્રુતજ્ઞાન છે. શ્રુત, સૂત્ર, ગ્રંથ, સિદ્ધાંત, શાસન, આજ્ઞા, વચન, ઉપદેશ, પ્રજ્ઞાપના અને આગમ એક જ અર્થના વાચક પર્યાય શબ્દો છે. જે શ્રુત વિભાગના સર્વ સૂત્રો ગણધર રચિત છે અને જેનાં સર્વ અંગોનો ક્રમ સદાકાળ એક સરખો હોય છે તે નિયત અથવા અંગપ્રવિષ્ટ યા અંગશ્રુત કહેવાય છે. આના બાર વિભાગ યા અંગ છે. યથાઃ ( કાંઉસમાં તે તે અંગની પદસંખ્યા આપી છે. )

૧. **આચારાંગ** કે જેમાં મુનિઓના આચારનું વર્ણન છે. ( ૧૮૦૦૦ )

૨. **સૂત્રકૃતાંગ** કે જેમાં લોકાલોક, જીવાજીવ, તથા જૈન-અજૈન મત સૂત્રિત છે ( ૩૬૦૦૦ )

૩. **સ્થાનાંગમાં** એક, બે આદિ એકોત્તર વૃદ્ધિક્રમથી તત્ત્વસ્થાનોનું વર્ણન છે. ( ૭૨૦૦૦ )

---

* કોઈ પણ અભિપ્રાય યા મત કોઈ દૃષ્ટિબિંદુથી સત્ય છે; પરંતુ તેને નિરપેક્ષપણે સત્ય માનવામાં આવે તો તે દૃષ્ટિ મિથ્યા છે, સમ્યગ્ નથી.

૪. **સમવાયાંગ**માં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો સમવાય કરવા પૂર્વક તત્ત્વોનો નિર્ણય કર્યો છે. ( ૧૪૪૦૦૦ )

૫. **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ** યાને કે **ભગવતી**સૂત્રમાં ૩૬ હજાર પ્રશ્નોના ઉત્તર આપવા પૂર્વક જીવાજીવાદિ તત્ત્વોની વ્યાખ્યા કરી છે. ( ૨૮૮૦૦૦ )

૬. **જ્ઞાતાધર્મકથાંગ**માં ૧૯ દૃષ્ટાંત અને ૨૦૬ ધર્મકથાઓ છે. ( ૫૭૬૦૦૦ )

૭. **ઉપાસકદશાંગ**માં ભગવાન મહાવીરના આનંદ, કામદેવ આદિ અગ્રણી શ્રમણો-પાસક દસ શ્રાવકોના ચરિત્રનું વર્ણન છે (૧૧૫૨૦૦૦)

૮. **અંતકૃદ્દશાંગ** : આ અંગમાં કર્મોનો જેણે અંત કર્યો છે એવા નેવું નિર્ગ્રંથ મુનિઓના ચરિત્રનું વર્ણન છે. ( ૨૩૦૪૦૦૦ )

૯. **અનુત્તરૌપપાતિકદશાંગમાં** અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયેલા તેત્રીસ સાધુઓના ચરિત્રનું વર્ણન છે ( ૪૬૦૮૦૦૦ )

૧૦. **પ્રશ્નવ્યાકરણમાં** પાંચ આસ્રવ અને પાંચ સંવરનું વર્ણન છે. ( ૯૨૧૬૦૦૦ )

૧૧. **વિપાકસૂત્રમાં** પાપફળ દર્શાવતા દશ અને પુણ્યફળ દર્શાવતા દશ ચરિત્રનું વર્ણન છે. ( ૧૮૪૩૨૦૦૦ )

૧૨. **દૃષ્ટિવાદમાં** ૩૬૩ પરમતોના નિરૂપણપૂર્વક તેનું ખંડન કર્યું છે. આ દૃષ્ટિવાદના પાંચ અંગ છે:—૧. પરિકર્મ ૨. સૂત્ર ૩. પૂર્વગત ૪. અનુયોગ અને ૫. ચૂલિકા. તેમાં પૂર્વગતના ચૌદ ભેદ છે અને તેને ૧૪ પૂર્વો કહેવાય છે. પ્રત્યેક પૂર્વમાં કેટલી વસ્તુ ( મૂળ પ્રકરણ ), પ્રાભૃત ( પેટાપ્રકરણ ) અને પદ સંખ્યા હતી અને તેમાં શો વિષય હતો તેની તાલિકા અત્રે આપી છે. અંગશ્રુત તેમજ અંગબાહ્ય શ્રુતનું વિસ્તારપૂર્વક વર્ણન નન્દિસૂત્રમાં કર્યું છે.

અંગશ્રુત પર આધારિત જ્ઞાની આચાર્યો દ્વારા રચાયેલ સાહિત્ય અંગબાહ્ય-શ્રુત કહેવાય છે.

## ૧૧. પાંચ કારણો અને જૈનોનો અનેકાંતવાદ:

સંસારી જીવના ભિન્ન ભિન્ન પરિણામો—અવસ્થાઓ શું સ્વાભાવિક છે કે પછી તેની પાછળ અન્ય પરિબળો કાર્ય કરી રહ્યા છે ? આ સંબંધમાં દર્શનકારોએ ભિન્ન ભિન્ન મતો રજુ કર્યા છે. કોઈ તેમાં કાળને, તો કોઈ માત્ર સ્વભાવને, વળી કોઈ ભવિતવ્યત્વ અર્થાત્ નિયતિને તો કોઈ કર્મ યા કોઈ પુરુષાર્થને જ તે તે પરિણતિમાં કારણ માને છે. અત્રે સંક્ષેપમાં આ પાંચ એકાંત મતો દર્શાવી જૈનોનો અનેકાંત મત સ્થાપ્યો છે.

| પૂર્વ ક્રમાંક | પૂર્વનું નામ | વિષય | વસ્તુગત | પ્રાભૃત | પદ |
|---|---|---|---|---|---|
| ૧ | ઉત્પાદ | જીવ–પુદ્ગલાદિનો જ્યાં જેમ ઉત્પાદ થાય છે તેનું વર્ણન | ૧૦ | ૨૦૦ | ૧ કરોડ |
| ૨ | અગ્રાયણીય | ક્રિયાવાદાદિની પ્રક્રિયા અને સ્વસમય વિષય વિવેચન | ૧૪ | ૨૮૦ | ૯૬ લાખ |
| ૩ | વીર્યપ્રવાદ | છદ્મસ્થ અને કેવળીની શક્તિ, સુરેન્દ્ર અસુરેન્દ્રાદિની રિદ્ધિ આદિ | ૮ | ૧૦૦ | ૭૦ લાખ |
| ૪ | અસ્તિ-નાસ્તિપ્રવાદ | પંચાસ્તિકાય, નયોનું અસ્તિ નાસ્તિ આદિ અનેક પર્યાયો દ્વારા વિવેચન | ૧૮ | ૩૦૦ | ૬૦ લાખ |
| ૫ | જ્ઞાનપ્રવાદ | પાંચ જ્ઞાન, ઇન્દ્રિયોના વિભાગ આદિનું નિરૂપણ | ૧૨ | ૨૪૦ | ૧ ન્યૂન કરોડ |
| ૬ | સત્યપ્રવાદ | વચનગુપ્તિ, વચન સંસ્કારનું કારણ, ભાષાના સત્યાદિ દસ પ્રકારાદિ વિષય | ૧૨ | ૪૦ | ૧ કરોડ ને ૬ |
| ૭ | આત્મપ્રવાદ | આત્મદ્રવ્ય અને છ નિકાયનું અસ્તિ નાસ્તિ ભંગ થકી નિરૂપણ | ૧૬ | ૩૨૦ | ૨૬ કરોડ |
| ૮ | કર્મપ્રવાદ અથવા સમયપ્રવાદ | કર્મના બંધ, ઉદય, ઉપશમ, સ્થિતિ આદિનું વર્ણન | ૨૦ | ૪૦૦ | ૧ કરોડ ૮૦ લાખ |
| ૯ | પ્રત્યાખ્યાનપ્રવાદ | વ્રત, નિયમ, પ્રતિક્રમણ, તપ, આરાધના ત્યાગાદિનું વર્ણન | ૩ | ૬૦૦ | ૮૪ લાખ |
| ૧૦ | વિદ્યાપ્રવાદ | અનેક પ્રકારની વિદ્યાઓ, આઠ મહાનિમિત્ત, ક્ષેત્ર, શ્રેણી, લોકપ્રતિષ્ઠા, સમુદ્ઘાત આદિનું વર્ણન. | ૧૫ | ૩૦૦ | ૧ કરોડ ૧૦ લાખ |
| ૧૧ | કલ્યાણપ્રવાદ | સૂર્ય, ચંદ્ર, તારા, ગ્રહ, નક્ષત્રાદિનું ચારક્ષેત્ર, ગતિફળ, પાંચકલ્યાણક, શલાકાપુરુષના જન્માદિ | ૧૦ | ૨૦૦ | ૨૬ કરોડ |
| ૧૨ | પ્રાણવાદ | શરીર ચિકિત્સા, આયુર્વેદ, ભૂતિકર્મ, વિષવિદ્યા પ્રાણાયામના ભેદ-પ્રભેદાદિ | ૧૦ | ૨૦૦ | ૧ કરોડ ૫૬ લાખ |
| ૧૩ | ક્રિયાવિશાલ | ૭૨ કળાઓ, ૬૪ સ્ત્રીકળાઓ, શિલ્પ, કાવ્ય છન્દાદિનું વિવેચન | ૧૦ | ૨૦૦ | ૯ કરોડ |
| ૧૪ | લોકબિન્દુસાર | આઠ વ્યવહાર, ચારબીજ, રાશિ, પરિકર્માદિ ગણિત, તથા સર્વ શ્રુત સમ્પત્તિનું વર્ણન | ૧૦ | ૨૦૦ | ૧૨ કરોડ ૫૦ લાખ |

### કાળવાદી :

આત્મા આદિ સર્વ પદાર્થો કાળને આધીન થઈ પ્રવૃત્તિ કરે છે. કાળ પ્રાપ્તિ વિના વનસ્પતિ પર ફૂલ ફળનું ઉગવું, નક્ષત્રોનો સંચાર, ઋતુ આદિનો વિભાગ, બાળપણ, યૌવન, બુઢાપો આદિ વ્યવસ્થાઓ સંભવતી નથી. કાળના અભાવમાં આ બધી જ વ્યવસ્થા ભાંગી પડે. મગની દાળનો પરિપાક અગ્નિ આદિ સામગ્રી મળવા છતાં પણ કાળને આધીન જ થાય છે. આ રીતે હરેક કાર્ય પ્રતિ કાળ જ એક સમર્થ કારણ છે. ભિન્ન ભિન્ન અવસ્થાઓની ક્રમિકતા કાળને આધીન છે. કાળને જો ન માનીએ તો બધી જ અવસ્થાઓ યુગપત્ (Simultaneous) પ્રાપ્ત થવી જોઈએ. પરંતુ તેવું બનતું નથી. આથી સર્વ કાર્ય પ્રતિ કાળ જ એક પ્રધાન કારણ છે.

### સ્વભાવવાદી :

વસ્તુનો સ્વતઃ પરિણત થવાનો સ્વભાવ છે. સર્વ પદાર્થો પોતાના પરિણામી સ્વભાવને કારણે જ ઉત્પન્ન થાય છે. (પોત-પોતાનું નૂતન સ્વરૂપ ધારણ કરે છે). માટીથી ઘડો જ બને, કપડું નહિ. આમ્રફળ આંબા ઉપર જ ઉગે, લિંબડા પર નહિ. આ પ્રતિનિયત કાર્ય-કારણ ભાવ નિજ સ્વભાવાધીન જ બની શકે. આ બધો જ સંસાર સ્વભાવથી જ પોતાની પ્રવૃત્તિ કરી રહ્યો છે. સાધન, સામગ્રી તથા કાળને પ્રાપ્ત થવાં છતાં પણ કોરડુ મગનો દાણો ચઢતો નથી કારણ કે તેનો તેવો સ્વભાવ નથી. જે મગ પરિપક્વ થાય છે તેમાં તેનો સ્વભાવ જ (ચઢવાનો) કારણ છે, નહિ કે કાળ. માટે સ્વભાવ જ સર્વ કાર્ય પ્રતિ મૂળભૂત કારણ જાણવું.

### નિયતિવાદી યા ભવિતવ્યતાવાદી :

નિયતિ એક સ્વતંત્ર તત્ત્વ છે. આ તત્ત્વ થકી સર્વ પદાર્થ નિયતરૂપે ઉત્પન્ન થાય છે. બાહ્ય દષ્ટિએ અસંભવિત એવી પણ ઘટનાઓનું નિર્માણ કરવામાં નિયતિ તત્ત્વ કુશળ છે. જે જે પદાર્થને, જે જે કાળમાં, જે જે ક્ષેત્રમાં, જે જે સ્વરૂપે, જેટલા પ્રમાણમાં પરિણમવાનું નિયત થયેલું હોય છે તે તે પદાર્થને, તે તે કાળમાં, તે તે ક્ષેત્રમાં, તે તે સ્વરૂપે, તેટલા જ પ્રમાણમાં નિયતપણે પરિણમાવનાર તત્ત્વને નિયતિ કહેવામાં આવે છે. દાખલા તરીકે ગુણસાગરને પૂર્વ ભવોમાં કેવળજ્ઞાન પ્રાપ્તિ માટે અત્યંત અનુકૂળ એવા સાધુવેશમાં સાધુપણું પાલન કરતી વેળાએ કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન તે ન જ થઈ. પરંતુ ગુણસાગરના ભવમાં સંસારાનુકૂળ લગ્નની ચોરીમાં હસ્તમેળાપ કરતી વેળાએ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. અત્રે નિયતિ સિવાય કયું તત્ત્વ કાર્ય કરી શકે? નિયતિ તત્ત્વની આધીનતાએ કાર્યની સિદ્ધિ થાય છે. માટી વિના ઘટરૂપ કાર્યની ઉત્પત્તિ ન જ થતી હોવાથી માટીના સ્વભાવને જ ઘટોત્પત્તિમાં કારણ કેમ ન માનવું એવા સ્વભાવવાદીના પ્રશ્નના ઉત્તરમાં નિયતિવાદી કહે છે કે જેમ પ્રત્યેક કાર્યની ઉત્પત્તિમાં

આકાશની સન્નિધિ (ઉપસ્થિતિ) અનિવાર્ય હોવા છતાં પણ આકાશને કોઈ પણ કાર્ય પ્રતિ કારણ માનવામાં આવતું નથી તેવી જ રીતે ઘટોત્પત્તિ કાળે માટીની ઉપસ્થિતિ ભલે અવશ્ય હોય પરંતુ તે અનિવાર્ય હોઈ કારણ મનાય નહિ. વળી બધી માટી ઘટરૂપે પરિણમતી નથી. જે માટીનું ઘટ રૂપે ઉત્પન્ન થવાનું નિયત થયું હોય છે તે જ માટી ઘટરૂપે પરિણમે છે. આમ સર્વ કાર્ય પ્રતિ સ્વભાવ નહિ પણ એક નિયતિ જ પ્રધાન કારણ છે.

આ સંસારચક્ર તેના ગૂઢ નિયમોને આધીન નિયત રૂપે ફર્યા કરે છે, પરિણમન થયા કરે છે. આ ગૂઢ નિયમોનો તાગ મેળવવો એ જ સર્વ વિજ્ઞાનનું ધ્યેય છે. નિયતિતત્ત્વને વિજ્ઞાન અસંદિગ્ધપણે સ્વીકારે છે. Einstein—આઈનસ્ટાઈન એક સ્થળે જણાવે છે "Events do not happen, they already exist and are seen on the time machine" અર્થાત્ બનાવો અકસ્માત્ બનતા નથી પરંતુ બનાવોનું અસ્તિત્વ કાળચક્રમાં અંકાયેલું પડ્યું જ છે. એક બીજા જાણીતા વિચારક E. MACH–ઈ. માષે જણાવ્યું છે "I am convinced that in nature only so much happens as can happen, and that this can only happen in one way" અર્થાત્ "હું ખાત્રી પૂર્વક કહું છું કે લોકમાં એટલું જ બને છે જેટલું બની શકે છે અને તે માત્ર એક જ રીતે બની શકે છે."

જો વસ્તુ પરિણામો નિયત અર્થાત્ નિયમબદ્ધ ન હોય તો જ્યોતિષ, નિમિત્તાદિ શાસ્ત્રો સંભવે નહિ. વૈજ્ઞાનિકો અનેક પ્રકારના પરિણામોને સૂત્રાંકિત (સૂત્ર=Formula) કરી શકયા છે કારણ કે વિશ્વ પરિણમન નિયમાધીન છે—નિયત છે. કેવળી ભગવંત ભૂત અને ભવિષ્યને વર્તમાનમાં સ્પષ્ટ જોઈ શકે છે, કારણ કે ત્રણે કાળનું નિયત ચિત્ર તેમના જ્ઞાનમાં પ્રતિબિંબિત થયેલું જ હોય છે. જો નિયતિ તત્ત્વ જ ન હોત તો કેવળી ભગવંતોને પણ "કદાચ આમ બને યા કદાચ તેમ બને" એવા વિકલ્પિત વિધાનો કરવા પડત. પરંતુ કેવળજ્ઞાનમાં "કદાચ" "જો–તો," "બનતા સુધી" ઇત્યાદિ અનિશ્ચિતતા હોતી નથી કારણ જગત નિયત છે. શાશ્વત અને અચળ નિયમોને આધીન કાળચક્ર ફર્યા કરે છે.

## દૈવ, ભાગ્ય યા કર્મવાદી :

ભાગ્ય થકી જ સર્વ પ્રયોજન સિદ્ધ થાય છે. દૈવ જ પરમાર્થ છે. જન્મ, મરણ, સુખ, દુઃખ બધું જ કર્માધીન છે. ભાગ્યમાં ન હોય તો ગમે તેટલા પ્રયત્ન છતાં પણ ઇષ્ટની પ્રાપ્તિ થતી નથી. તેથી વિપરીત ભાગ્યમાં હોય તો ઇષ્ટની પ્રાપ્તિ પ્રયત્ન વિના અને અન્ય થકી વિઘ્નો પ્રાપ્ત થવાં છતાં પણ થાય જ છે. ભાગ્યવશ ક્ષણમાત્રમાં રાજાને રંક અને રંકને રાજા બનતો જોવામાં આવે છે. પુરુષાર્થ પણ

દૈવને જ આધીન છે. આથી જ બુદ્ધિને કર્માનુસારી કહી છે. આથી ભાગ્ય જ જીવના તે તે પરિણામોમાં મુખ્ય કારણ છે.

### પુરુષાર્થવાદી :

ભાગ્યના ભરોસે બેસી રહેનાર કંઈ જ પ્રાપ્ત કરતો નથી. પુરુષ પ્રયત્ન જ પ્રધાન છે. ભાગ્યમાં હોવા છતાં પણ વ્યાપારાદિ કર્યા વિના લક્ષ્મી પ્રાપ્ત થતી નથી. કોળીઓ મોંમા મૂકવાનો પુરુષાર્થ કર્યા વિના ભાગ્ય થકી પેટ ભરાતું નથી. શરીર તંદુરસ્ત રાખવા સાત્વિક આહાર, વ્યાયામાદિ આવશ્યક છે, નહિ કે ભાગ્ય. પ્રતિકૂળ આહાર, અતિ-નિદ્રા, બેઠાડું જીવન રોગને નોતરશે જ, ત્યાં ભાગ્ય આડે નહિ આવે. માટે કોઈપણ કાર્ય પ્રતિ પુરુષાર્થ સમાન કોઈ બળવાન કારણ નથી.

### જૈનોનો અનેકાંતમત :

જૈનદર્શન ઉપરોક્ત પાંચે કારણોનો સ્વીકાર કરે છે પરંતુ એકાંતે નહિ. કોઈ પણ જીવગત કાર્ય ઉપરોક્ત પાંચે કારણોનો સમવાય ( ભેગા ) થાય ત્યારે જ થાય છે. આપણી દૃષ્ટિની સ્થૂલતાને લીધે હરેક કાર્યમાં ઉપરોક્ત પાંચમાંનું કોઈ એક કારણ પ્રધાનપણે જણાય છે પરંતુ વાસ્તવમાં તો તે તે કાર્ય પ્રતિ પાંચે કારણો અંતર્ભૂત થયા જ હોય છે. ગુણસાગરના ઉદાહરણથી આ વાત સ્પષ્ટ સમજી શકાય તેમ છે. ગુણસાગરને લગ્નમંડપમાં કેવળજ્ઞાન થયું હતું. અત્રે નીચે મુજબ પાંચે કારણો અંતર્ભૂત થતા જોવાય છે.

(i) **સ્વભાવ** : ગુણસાગરનો ભવ્ય સ્વભાવ તેના કેવળજ્ઞાનમાં કારણ છે. અભવ્ય સ્વભાવવાળાને કેવળજ્ઞાન પ્રાપ્ત જ ન થાય.

(ii) **કાળ** : પૂર્વે ૨૧ મનુષ્ય ભવોમાં ઘણી ઉગ્ર સાધના કરવા છતાં યોગ્ય કાળરૂપ કારણ પ્રાપ્ત ન થવાથી કેવળજ્ઞાન થઈ ના શક્યું. પરંતુ તે ગુણસાગરના ભવરૂપ યોગ્ય કાળમાં જ થઈ શક્યું.

(iii) **નિયતિ** : ગુણસાગરના ભવરૂપ કાળમાં જ, લગ્નમંડપ રૂપ ક્ષેત્રમાંજ, વરરાજાના સ્વરૂપે હસ્તમેળાપ કરતા જ કૈવલ્યની પ્રાપ્તિ થઈ કારણ કે ભવિતવ્યતા જ તે મુજબ હતી –ભાવિભાવ તેમજ નિયત હતો.

(iv) **પુરુષાર્થ** : તીવ્ર શુક્લધ્યાનરૂપ અધ્યવસાય દ્વારા ક્ષપકશ્રેણીના ક્રમે મોહનાશ કરવાના પ્રચંડ પુરુષાર્થ વિના આ બને જ કેમ ?

(v) **કર્મ** : મનુષ્યાયુ, મનુષ્યગતિ, ઉત્તમ સંઘયણ આદિ શુભ કર્મો વિના પણ આ સંભવતુ નહોતું.

આ રીતે પાંચે કારણોના સમવાયથી ગુણસાગરનું કેવળજ્ઞાનપ્રાપ્તિરૂપ કાર્ય થયું. સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારતા સંસારી જીવજગતના સમગ્ર પરિણામો પ્રતિ આ પંચતંત્ર ગોઠવાયેલું જોઈ શકાય છે.

અનાદિ કાળથી મોહ અને અજ્ઞાનવશ વિભાવદશાને પામેલા તેના **સ્વભાવ** અને ઉન્માર્ગે પ્રવર્તતા **પુરુષાર્થ**ને આધીન થઈ **કાળ, કર્મ** અને **ભવિતવ્યતાની** પરાધીનતાએ સંસારી જીવ આ પંચતંત્રના જડબેસલાક ચોખટામાં સપડાએલો છે. પરંતુ જ્યારે તેના જ્ઞાનચક્ષુ ખુલી જાય છે ત્યારે તેનું સર્વ વીર્ય (પ્રયત્ન) મોક્ષમાર્ગમાં પ્રવર્તાવી પોતાનું સ્વાભાવિક શુદ્ધ સ્વરૂપ–પૂર્ણાનંદ સ્વરૂપ પ્રાપ્ત કરી લે છે. પોતે કૃતકૃત્ય અને સંતૃપ્ત થઈ જાય છે. વિભાવદશાનો નાશ થાય છે અને સ્વભાવદશા પ્રગટ થાય છે. જે કંઈ જોઈતું હતું તે સ્વાધીન, શાશ્વત અને સંપૂર્ણ સુખનો અર્થાત્ પૂર્ણાનંદ સ્વરૂપનો લાભ થઈ ગયો હોવાથી પુરુષાર્થ અને ભવિતવ્યત્વ (નિર્યાત) ચરિતાર્થ થઈ ભૂતકાળમાં વિલીન થઈ જાય છે. કાળ અને કર્મની આધીનતાનો પણ નાશ થઈ જાય છે કારણ કે હવે પોતાના સ્વભાવમાંથી વિભાવમાં લઈ જવા કોઈ જ કારણ સમર્થ નથી. કાળ અને કર્મની અસરથી મુક્ત થયેલો જીવ આ પંચતંત્રના સકંજામાંથી મુક્ત થઈ પોતાના સ્વાભાવિક પરિણામોમાં જ રમતો થઈ જાય છે.

કાળાદિ પાંચે કારણની આધીનતા માત્ર સંસારી જીવને જ છે. સિદ્ધ જીવ તો માત્ર પોતાના સ્વભાવને આધીન જ વર્તે છે. સ્વભાવની આધીનતા જ તો સ્વાધીનતા છે. સિદ્ધ અવસ્થા સંપૂર્ણ સ્વાધીનતા છે. * સંસાર સર્વથા પરાધીનતા છે. અજ્ઞાન અને મોહાધીન કર્માધીન થઈ સંસાર–અટવીમાં અનંત દુઃખોને પ્રાપ્ત કરે છે. જ્ઞાનાધીન અને ધર્માધીન કર્મને આધીન કરી સ્વાધીન પરમાનંદ પ્રાપ્ત કરે છે.

---

* અત્રે કાળ, નિયતિ, કર્મ અને પુરુષાર્થની પરાધીનતાથી મુક્ત સ્વાધીનતાને સિદ્ધ અવસ્થા કહી છે તે જ ભાવ આચાર્ય કુંદકુંદ પ્રવચનસારમાં સિદ્ધને "સ્વયંભૂ"ની સંજ્ઞા આપી દર્શાવે છે.

સ્વયં છ કારક થઈ સ્વની સિદ્ધિ કરે છે તેથી તે સ્વયંભૂ છે.

કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ આ છ કારક છે. આ ષટ્કારકનું સ્વરૂપ વ્યવહાર અને નિશ્ચયથી કેવું છે તે સમજવું જોઈએ.

જ્યાં પર નિમિત્તે કાર્યની સિદ્ધિ કરાય ત્યાં વ્યવહાર ષટ્કારક ઘટે છે અને જ્યાં સ્વયં ઉપાદાન કારણરૂપે પરિણમીને કાર્યની સિદ્ધિ થાય ત્યાં નિશ્ચય ષટ્કારક ઘટે છે.

જે સ્વાધીન થઈ કરે તે **કર્તા**; જે કાર્ય કરાય છે તે **કર્મ**, યા કાર્ય; જેનાથી કાર્ય કરાય તે **કરણ**, યા **કારણ**;

કર્મ થકી જે દેવાય છે તે **સંપ્રદાન** (અર્થાત્ નવા પર્યાયની પ્રાપ્તિ) એક અવસ્થાનો ત્યાગ કરી નવી અવસ્થાની પ્રાપ્તિ **અપાદાન** અને જેના આધારે કર્મ થાય તે **અધિકરણ**.

અચેતન હોવાથી પુદ્ગલના પરિણમનમાં કર્મ અને પુરુષાર્થની કારણતા ન હોય. પુદ્ગલ પરમાણુમાં રૂક્ષ યા સ્નિગ્ધ સ્પર્શ હોય છે. આ બે સ્પર્શના નિમિત્તે પરમાણુઓ પરસ્પર બંધાઈને સ્કંધ પરિણામ પ્રાપ્ત કરે છે. આ સ્કંધ પરિણામ પામવાની યોગ્યતાને પુદ્ગલનો ગ્રહણ ગુણ કહેવાય છે. પુદ્ગલના ભિન્ન ભિન્ન પરિણામો કાળ, નિયતિ અને આ ગ્રહણ ગુણ સ્વરૂપ તેના સ્વભાવને આધીન થાય છે. આથી પુદ્ગલ સર્વથા પરાધીન તત્ત્વ છે. આથી વિપરીત આકાશ, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ ત્રણે દ્રવ્યો કદાપિ અન્ય કોઈ પણ દ્રવ્ય સાથે બદ્ધ સંબંધને પ્રાપ્ત થતા નથી તેથી તેમનું પરિણમન સર્વથા સ્વાધીન છે, માત્ર પોતાના સ્વભાવને જ આધીન છે. ત્યાં કાળ, નિયતિ આદિ કોઈ પણ કારણ કાર્યકારી નથી.

દ્રવ્યાર્થિકનયથી જોતા–એટલે કે અભેદ દૃષ્ટિથી જોતા જણાશે કે દેખાતા પાંચે કારણો એક બીજાથી અત્યંત ભિન્ન નથી. આ સર્વ કારણોને કાળ અથવા નિયતિ તત્ત્વમાં અંતર્ભૂત થયેલા જોઈ શકાય છે. કાળ કે નિયતિ પણ કંઈ એકબીજાથી બીલકુલ સ્વતંત્ર તત્ત્વો નથી. વસ્તુ પરિણમનના નિયતક્રમની વ્યવસ્થામાં કાળ અને સ્વભાવ તો અંતર્ભૂત થાય છે અને સંસારી જીવ પરિણામધારામાં કર્મ અને પુરુષાર્થસ્વરૂપ કારણો પણ વણાઈ જાય છે. પાંચે કારણો અન્યોન્ય આધીન થઈ સમવાય સ્વરૂપે એકીભૂત થઈ ગયા છે. અન્ય કારણોને દૂર કરી એકાંતે કોઈ એક જ કારણ માનવાથી વિશ્વ વ્યવસ્થા ઘટી શકે નહિ.

"લોકપ્રકાશ" મહાગ્રંથના કર્તા મહામહોપાધ્યાય શ્રી વિનવિજયયજી ગણીશ્વર વિરચિત છ ઢાળમાં ઢાળેલું "પંચ કારણનું સ્તવન" જિજ્ઞાસુઓને જોઈ જવા ભલામણ કરવામાં આવે છે.

---

**વ્યવહારકારક :** કુંભાર **કર્તા** છે, ઘડા બનાવવાનું **કાર્ય** કરે છે તેથી; ઘડો **કર્મ** છે. દંડ ચકાદિ **કરણ** છે, જલાદિ ભરવાને માટે ઘટ દેવાય છે તેથી તે **સંપ્રદાન** છે. માટી પિંડ અવસ્થાનો ત્યાગ કરી ઘટ અવસ્થાને પ્રાપ્ત કરે છે તે **અપાદાન** અને ભૂમિના આધારે કર્મ કરાય છે તેથી તે **અધિકરણ** છે.

**નિશ્ચયકારક :** આ આત્મા અનંતશીલ યુક્ત જ્ઞાયકસ્વભાવને કારણે સ્વતંત્ર હોવાથી જેને **કર્તૃત્વ**ના અધિકારને ગ્રહણ કરેલ છે, તથા (તે જ શકિત યુકત જ્ઞાનરૂપે) પરિણમિત થવાના સ્વભાવને કારણે પોતે જ પ્રાપ્ય હોવાથી **કર્મત્વ**નો અનુભવ કરે છે. પરિણમન થવાના સ્વભાવથી પોતે જ સાધકતમ હોવાથી **કરણતાને** ધારણ કરે છે. પોતે જ પોતાના (પરિણમન સ્વભાવરૂપ) કર્મ દ્વારા સમાશ્રિત હોવાથી **સંપ્રદાનતાને** ધારણ કરે છે. વિપરિણમન થવાના પૂર્વ સમયમાં વર્તમાન વિકલ જ્ઞાનસ્વભાવનો નાશ થવાથી પણ સહજ જ્ઞાનસ્વભાવથી સ્વયં પોતે જ ધ્રુવતાનું અવલમ્બન કરવાથી **અપાદાનતાને** ધારણ કરતા છતાં, અને સ્વયં પરિણમિત થવાના સ્વભાવનો આધાર હોવાથી **અધિકરણતાને** આત્મસાત્ કરતો થકો–આ પ્રકારે–સ્વયમેવ છ કારકરૂપ હોવાથી અથવા અપેક્ષાથી સ્વયમેવ આવિર્ભૂત થવાથી સ્વયંભૂ કહેવાય છે.

# શ્વેતામ્બરીય કર્મતત્ત્વવિષયક શાસ્ત્રોની સૂચી[1]

| ક્રમાંક | ગ્રંથનું નામ | કર્તા | પ્રમાણ | રચનાકાળ વિક્રમ સદી |
|---|---|---|---|---|
| ૧ | કર્મપ્રકૃતિ ° | શિવશર્મસૂરિ | ગા. ૪૭૫ | ૫ ( સંભવતઃ ) |
| | (i) ,, ચૂર્ણી | અજ્ઞાત | શ્લો. ૭૦૦૦ | ૧૨ મી સદી પૂર્વે સંભવે છે. |
| | (ii) ,, ચૂર્ણી ટીપ્પણ× | મુનિચંદ્રસૂરિ | શ્લો. ૧૯૨૦ | ૧૨ |
| | (iii) ,, વૃત્તિ ° | મલયગિરિ | શ્લો. ૮૦૦૦ | ૧૨–૧૩ |
| | (iv) ,, વૃત્તિ ° | યશોવિજયોપાધ્યાય | શ્લો. ૧૩૦૦૦ | ૧૮ |
| ૨ | પંચસંગ્રહ ° | ચંદ્રર્ષિમહત્તર | ગા. ૯૬૩ | ? |
| | (i) ,, સ્વોપજ્ઞવૃત્તિ ° | ,, | શ્લો. ૯૦૦૦ | ? |
| | (ii) ,, બૃહદ્‌વૃત્તિ ° | મલયગિરિ | શ્લો. ૧૮૮૫૦ | ૧૨–૧૩ |
| | (iii) ,, દીપક × | વામદેવ | શ્લો. ૨૫૦૦ | ૧૨ ( સંભવતઃ ) |
| ૩ | પ્રાચીન છ કર્મગ્રંથ | | ગા. ૫૫૧ (૫૪૭,૫૬૭) | ? |
| | (i) કર્મવિપાક ° | ગર્ગર્ષિ | ગા. ૧૬૮ | ૧૦ (સં.) |
| | ,, વૃત્તિ ° | પરમાનન્દસૂરિ | શ્લો. ૯૨૨ | ૧૨–૧૩ |
| | ,, વ્યાખ્યા ° | અજ્ઞાત | શ્લો. ૧૦૦૦ | ૧૨–૧૩ (સં.) |
| | ,, ટિપ્પણ × | ઉદયપ્રભસૂરિ | શ્લો. ૪૨૦ | ૧૩ (સં.) |
| | (ii) કર્મસ્તવ ° | અજ્ઞાત | ગા. ૫૭ | ? |
| | ,, ભાષ્ય ° | ,, | ગા. ૨૪ | ? |
| | ,, ભાષ્ય ° | ,, | ગા. ૩૨ | ? |
| | ,, વૃત્તિ ° | ગોવિન્દાચાર્ય | શ્લો. ૧૦૯૦ | વિ. સં. ૧૨૮૮ પૂર્વેનો હોવો જોઈએ. |
| | ,, ટિપ્પણ × | ઉદયપ્રભસૂરિ | શ્લો. ૨૯૨ | ૧૩ (સં.) |
| | (iii) બંધસ્વામિત્વ ° | અજ્ઞાત | ગા. ૫૪ | ? |
| | ,, વૃત્તિ ° | હરિભદ્રસૂરિ | શ્લો. ૫૬૦ | વિ. સં. ૧૧૭૨ |
| | (iv) ષડશીતિ ° | જિનવલ્લભ ગણી | ગા. ૮૬ | ૧૨ |
| | ,, ભાષ્ય | અજ્ઞાત | ગા. ૨૩ | ? |
| | ,, ભાષ્ય ° | ,, | ગા. ૩૮ | ? |
| | ,, વૃત્તિ ° | હરિભદ્રસૂરિ | શ્લો. ૮૫૦ | ૧૨ |

૧ શ્રી આત્માનન્દસભા તરફથી પ્રકાશિત શ્રીમદ્ દેવેન્દ્રસૂરિ વિરચિત " **चत्वारः कर्मग्रन्थाः** "ના છઠ્ઠા પરિશિષ્ટ મુજબ આ સૂચી લીધી છે.

° આ ગ્રન્થો મુદ્રિત થઈ ગયા છે. ×આ ગ્રંથો હજુ સુધી અમારા (આત્મા૦ સભા) જોવામાં આવ્યા નથી. પરંતુ બૃહટ્ટિપ્પનિકા અને ગ્રન્થાવલિના આધારે અહીં નોંધ લીધી છે. વિ. સં. = વિક્રમ સંવત. (સં) = સંભવતઃ.

| ક્રમાંક | ગ્રંથનું નામ | કર્ત્તા | પ્રમાણ | રચના કાળ વિક્રમ સદી |
|---|---|---|---|---|
| | ષડશીતિવૃત્તિ ° | મલયગિરિ | શ્લો. ૨૧૪૦ | ૧૨–૧૩ |
| | ,, વૃત્તિ | યશોભદ્રસૂરિ | શ્લો. ૧૬૩૦ | ૧૨ |
| | ,, પ્રા.વૃત્તિ × | રામદેવ | શ્લો. ૭૫૦ | ૧૨ |
| | ,, વિવરણ × | મેરુવાચક | પત્ર. ૩૨ | ? |
| | ,, ઉદ્ધાર × | – | શ્લો. ૧૬૦૦ | ? |
| | ,, અવચૂરિ | – | શ્લો. ૭૦૦ | ? |
| | (v) શતક ° | શિવશર્મસૂરિ | ગા. ૧૧૧ | ૫ (સં.) |
| | ,, ભાષ્ય ° | અજ્ઞાત | ગા. ૨૪ | ? |
| | ,, ભાષ્ય | ,, | ગા. ૨૪ | ? |
| | ,, બૃહદ્‌ભાષ્ય ° | ચક્રેશ્વરસૂરિ | શ્લો. ૧૪૧૩ | વિ. સં. ૧૧૭૯ |
| | ,, ચૂર્ણી ° | અજ્ઞાત | શ્લો. ૨૩૨૨ | ? |
| | ,, વૃત્તિ ° | મલધારી હેમચંદ્રસૂરિ | શ્લો. ૩૭૪૦ | ૧૨ |
| | ,, ટિપ્પણ × | ઉદયપ્રભસૂરિ | શ્લો. ૯૭૪ | ૧૩ (સં.) |
| | ,, અવચૂરિ | ગુણરત્નસૂરિ | પત્ર. ૨૫ | ૧૫ |
| | (vi) સપ્તતિકા ° | ચન્દ્રર્ષિમહત્તર | ગા. ૭૫ | ? |
| | ,, ભાષ્ય ° | અભયદેવસૂરિ | ગા. ૧૯૧ | ૧૧–૧૨ |
| | ,, ચૂર્ણી | અજ્ઞાત | પત્ર. ૧૩૨ | ? |
| | ,, પ્રા. વૃત્તિ | ચન્દ્રર્ષિમહત્તર | શ્લો. ૨૩૦૦ | ? |
| | ,, વૃત્તિ ° | મલયગિરિ | શ્લો. ૩૭૮૦ | ૧૨–૧૩ |
| | ,, ભાષ્યવૃત્તિ ° | મેરુતુંગસૂરિ | શ્લો. ૪૧૫૦ | વિ.સં. ૧૪૪૯ |
| | ,, ટિપ્પન × | રામદેવ | શ્લો. ૫૭૪ | ૧૨ |
| | ,, અવચૂરિ | ગુણરત્નસૂરિ | શ્લોક પ્રમાણ નવીન કર્મગ્રંથની અવચૂરિ સાથે ગણાયેલું છે. | ૧૫ |
| ૪ | **સાર્દ્ધશતક °** | જિનવલ્લભગણી | ગા. ૧૫૫ | ૧૨ |
| | (i) ,, ભાષ્ય | અજ્ઞાત | ગા. ૧૧૦ | ? |
| | (ii) ,, ચૂર્ણી | મુનિચન્દ્રસૂરિ | શ્લો. ૨૨૦૦ | વિ. સં. ૧૧૭૦ |
| | (iii) ,, વૃત્તિ ° | ધનેશ્વરસૂરિ | શ્લો. ૩૭૦૦ | વિ. સં. ૧૧૭૧ |
| | (iv) ,, પ્રા. વૃત્તિ × | ચક્રેશ્વરસૂરિ | તાડ. પ. ૧૫૧ | ? |
| | (v) ,, વૃત્તિટિપ્પણ ° | – | શ્લો. ૧૪૦૦ | ? |
| ૫ | **નવ્યપાંચ કર્મગ્રંથ °** | દેવેન્દ્રસૂરિ | ગા. ૩૦૪ | ૧૩–૧૪ |
| | (i) ,, સ્વોપજ્ઞ ટીકા ° (બંધ સ્વામિત્વ વિના) | ,, | શ્લો. ૧૦૧૩૧ | ,, |

| ક્રમાંક | ગ્રંથનું નામ | કર્ત્તા | પ્રમાણ | રચના કાળ વિક્રમ સદી |
|---|---|---|---|---|
| | (ii) નવ્ય. અવચૂરિ | ગુણરત્નસૂરિ | શ્લો. ૫૪૦૭ | ૧૫ |
| | (iii) „ અવચૂરિ × | મુનિશેખરસૂરિ | શ્લો. ૨૯૫૮ | ? |
| | (iv) „ બન્ધસ્વામિત્વ અવચૂરિ ° | | શ્લો. ૪૨૬ અ. ૨૮ | ? |
| | (v) „ કર્મસ્તવવિવરણ × | કમલસંયમોપાધ્યાય | શ્લો. ૧૫૦ | વિ. સં. ૧૫૫૯ |
| | (vi) „ ૭ કર્મગ્રંથ બાલાવબોધ ° | જયસોમ | શ્લો. ૧૭૦૦૦ | ૧૭ |
| | (vii) „ „ × | મતિચન્દ્ર | શ્લો. ૧૨૦૦૦ | ? |
| | (viii) „ „ ° | જીવવિજય | શ્લો. ૧૦૦૦૦ | વિ. સં. ૧૮૦૩ |
| ૬ | **મનઃસ્થિરીકરણ પ્રકરણ** | મહેન્દ્રસૂરિ | ગા. ૧૬૭ | વિ. સં. ૧૨૮૪ |
| | (i) „ વૃત્તિ | „ | શ્લો. ૨૩૦૦ | „ |
| ૭ | **સંસ્કૃત ચાર કર્મગ્રંથ** | જયતિલકસૂરિ | શ્લો. ૫૬૯ | ૧૫મી સદીનો પ્રારંભ |
| ૮ | **કર્મપ્રકૃતિદ્વાત્રિંશિકા** | અજ્ઞાત | ગા. ૩૨ | ? |
| ૯ | **ભાવપ્રકરણ °** | વિમલવિજયજી ગણી | ગા. ૩૦ | વિ. સં. ૧૬૨૩ |
| | (i) સ્વોપજ્ઞવૃત્તિ ° | „ | શ્લો. ૩૨૫ | „ |
| ૧૦ | **બન્ધહેતૂદયત્રિભંગી °** | હર્ષકુલગણી | ગા. ૬૫ | ૧૬ |
| | (i) „ વૃત્તિ ° | વાનર્ષિગણી | શ્લો. ૧૧૫૦ | વિ. સં. ૧૬૦૨ |
| ૧૧ | **બંધોદયસત્તા પ્રકરણ** | વિજયવિમલ ગણી | ગા. ૨૪ | ૧૭મી સદીનો પ્રારમ્ભ |
| | (i) „ સ્વોપજ્ઞાવચૂરિ | „ | શ્લો. ૩૦૦ | „ |
| ૧૨ | **કર્મસંવેધભંગ પ્રકરણ °** | દેવચન્દ્ર | શ્લો. ૪૦૦ | ? |
| ૧૩ | **ભૂયસ્કારાદિવિચાર પ્રકરણ** | લક્ષ્મીવિજય | ગા. ૬૦ | ૧૭ |

## દિગંબરીય કર્મતત્ત્વવિષયક શાસ્ત્રોની સૂચી[1]

| ક્રમાંક | ગ્રંથનું નામ | કર્ત્તા | પ્રમાણ | રચના કાળ વિક્રમ સદી |
|---|---|---|---|---|
| ૧ | **મહાકર્મપ્રકૃતિ પ્રાભૃત (ષટ્ખંડાગમ)** | પુષ્પદંત તથા ભૂતબલી | શ્લો. ૩૬૦૦૦ | ૪–૫ (અનુમાને) |
| | (i) „ પ્રા. ટીકા | કુન્દકુન્દાચાર્ય | શ્લો. ૧૨૦૦૦ | ? અજ્ઞાત છે. |
| | (ii) „ ટીકા | શામકુણ્ડાચાર્ય | શ્લો. ૬૦૦૦ | „ |
| | (iii) „ કર્ણા. ટીકા | તુમ્બુલૂરાચાર્ય | શ્લો. ૫૪૦૦ | „ |
| | (iv) „ સં. ટીકા | સમન્તભદ્રાચાર્ય | શ્લો. ૪૮૦૦૦ | „ |

---

૧ આ પરિશિષ્ટ પં. સુખલાલજી કૃત કર્મવિપાકના હિન્દી અનુવાદમાંથી લીધું છે.

| ક્રમાંક ગ્રંથનું નામ | કર્ત્તા | પ્રમાણ | રચના કાળ વિક્રમ સદી |
|---|---|---|---|
| (v) ,, વ્યા. ટીકા | બપ્પદેવગુ | શ્લો. ૧૪૦૦૦ | ? અજ્ઞાત છે. |
| (vi) ધવલા ટીકા | વીરસેન | શ્લો. ૭૨૦૦૦ | વિ. સં. ૯૦૫ આશરે |
| ૨ કષાયપ્રાભૃત | ગુણધર | ગા. ૨૩૬ | ૫ મી સદી ( અનુમાને ) |
| (i) ,, ચૂ. વૃત્તિ | યતિવૃષભાચાર્ય | શ્લો. ૬૦૦ | ૬ ઠ્ઠી સદી ( અનુમાને ) |
| (ii) ,, ઉચ્ચા. વૃત્તિ | ઉચ્ચારણાચાર્ય | શ્લો. ૧૨૦૦૦ | અજ્ઞાત |
| (iii) ,, ટીકા | શામકુણ્ડાચાર્ય | શ્લો. ૬૦૦૦ | ,, |
| (iv) ,, ચૂ. વ્યાખ્યા | તુમ્બુલૂરાચાર્ય | શ્લો. ૮૪૦૦૦[1] | ,, |
| (v) ,, પ્રા. ટીકા | બપ્પદેવ ગુરુ | શ્લો. ૬૦૦૦૦ | ,, |
| (iv) ,, જયધવલા ટીકા | વીરસેન તથા જયસેન | શ્લો. ૬૦૦૦૦ | ૯–૧૦ |
| ૩ ગોમ્મટસાર | નેમિચન્દ્ર સિદ્ધાંતચક્રવર્તિ | ગાથા ૧૭૦૬ | ૧૧ |
| (i) ,, કર્ણા. ટીકા | ચામુણ્ડરાય | | ૧૧ |
| (ii) ,, સં. ટીકા | શ્રીમદ્દભયચંદ્ર | | |
| (iii) ,, હિં. ટીકા | ટોડરમલ્લજી | | |
| ૪ લબ્ધિસાર | નેમીચંદ્રસિદ્ધાંત ચક્રવર્તિ | ગા. ૬૫૦ | ૧૧ |
| (i) ,, સં. ટીકા | કેશવવર્ણી | | |
| (ii) ,, હિં. ટીકા | ટોડરમલ્લજી | | |
| ૫ સં. ક્ષપણાસાર | માધવચંદ્ર | | ૧૦–૧૧ |
| ૬ સં. પંચસંગ્રહ | અમિતગતિ | | વિ. સ. ૧૦૭૩ |

**કર્મ સાહિત્ય, તેના કર્ત્તા, ગ્રંથનું પ્રમાણ, રચના કાળ** : અત્રે નીચેની તાલિકામાં શ્વેતાંબર તેમજ દિગંબર કર્મ સાહિત્યના ગ્રંથોના નામ, તેના કર્ત્તા, ગ્રંથનું પ્રમાણ તેમજ રચના કાળ, વિક્રમ સદીમાં આપ્યા છે. આ ગ્રંથકારોના કાળ સંબંધિ ચોક્કસ નિર્ણય પર આવી શકાય તેવી ચોક્કસ ઐતિહાસિક માહિતીના અભાવમાં કોઈ કોઈ ગ્રંથ રચનાનાં કાળ સંબંધિ-ભૂલ હોવાનો સંભવ છે. ઘણાં ગ્રંથકર્ત્તાઓએ તો તેમના ગ્રંથમાં પોતાનું નામ યા ગ્રંથરચનાકાળ આપ્યા જ નથી. તેથી પણ આ માહિતી આપી શકાતી નથી.

---

૧ આ સંખ્યા કર્મપ્રાભૃતની સંખ્યા સાથે મેળવીને લખેલી છે.

# કર્મનું સ્વરૂપ–૨

## ૧૩. કર્મની વ્યાખ્યા અને કર્મબંધ હેતુ :

જીવ દ્વારા જે કંઈ કરાય છે તે તેનું કાર્ય અથવા કર્મ કહેવાય. જીવ હરસમયે મનથી કંઈક વિચારે છે, અથવા વચનથી કંઈક ઉચ્ચારે છે, અથવા કાયથી કંઈક આચરે છે. જીવની વિચાર, ઉચ્ચાર અને આચારસ્વરૂપ ત્રિવિધ ક્રિયાને અનુક્રમે મનોયોગ, વચનયોગ અને કાયયોગ કહેવાય છે. યોગનો સામાન્ય અર્થ ક્રિયા છે. આ ત્રણે યોગ આત્મપ્રદેશોના પરિસ્પંદન (Vibrations) સહિત જ હોય છે. આ ત્રણે યોગમાં મનોયોગની પ્રધાનતા છે, કારણ કે વચન અને અભિસંધીજ કાયયોગનો નિયામક મન જ છે. મનની જેવી વૃત્તિ તદનુસાર જીવની પ્રવૃત્તિ હોય છે.

શુભ ભાવમાં વર્તતું મન શુભ ક્રિયા કરાવે અને અશુભ ભાવમાં વર્તતું મન અશુભ ક્રિયા કરાવે. આ ત્રિવિધ આત્મપ્રદેશોના પરિસ્પંદન સ્વરૂપ યોગપ્રવૃત્તિ દ્વારા જીવ પુદ્‌ગલદ્રવ્યના સૂક્ષ્મ કાર્મણસ્કંધો ગ્રહણ કરી પોતાના આત્મપ્રદેશો સાથે ઓતપ્રોત કરી નાખે છે અર્થાત્ બાંધે છે. આત્મપ્રદેશો સાથે સબંધિત થયા પછી તે કાર્મણસ્કંધો કર્મની સાર્થક સંજ્ઞા પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે શુભાશુભ મનોભાવો થકી જીવ કર્મબંધ કરે છે. આ બેઉ ક્રિયા–શુભાશુભ ભાવો તેમજ કાર્મણસ્કંધોનું કર્મમાં રૂપાંતર–જીવનું કર્મ કહેવાય છે કારણ કે તે આ બેઉ કાર્યો કરે છે. અત્રે શુભાશુભ મનના ભાવો (કર્મબંધનું) કારણ છે અને કર્મબંધ (શુભાશુભ ભાવોનું) કાર્ય છે. આવી રીતે બાંધેલા કર્મો જ્યારે પરિપક્વ થઈ તેનું ફળ આપવા પૂર્વક નિર્જરે છે અર્થાત્ ફળ આપીને જીવપ્રદેશોથી છૂટા પડી વિખરાઈ જાય છે, તેને કર્મોનો ઉદય કહેવાય છે અને આ કર્મોદય જ જીવને શુભાશુભ ભાવો કરાવવામાં હેતુ બને છે. આમ શુભાશુભ ભાવોથી કર્મબંધ અને તે બાંધેલાં કર્મોના ઉદયથી શુભાશુભ ભાવો અને તે જ શુભાશુભ ભાવોથી નવીન કર્મબંધ એવી અન્યોન્ય કાર્યકારણ ભાવની અનાદિ પરંપરામાં જીવ વર્તી રહ્યો છે. જીવના શુભાશુભ ભાવોને (અધ્યવસાયોને) ભાવકર્મ અને તે ભાવકર્મ થકી જીવપ્રદેશો સાથે બદ્ધ-સંબદ્ધને પ્રાપ્ત પૌદ્‌ગલિક કર્મોને દ્રવ્યકર્મ કહેવાય છે. આમ ભાવકર્મ દ્રવ્યકર્મ અને દ્રવ્યકર્મથી (તેના ઉદયથી) ભાવકર્મની ઉત્પત્તિ થાય છે. આવી રીતે દ્રવ્યકર્મ અને ભાવકર્મની પરસ્પર એક બીજાના કાર્ય–કારણ ભાવે બીજ વૃક્ષવત્ અનાદિકાલીન શૃંખલા (કડીબદ્ધ ધારા) વર્તે છે. પહેલા બીજ હતું ને પછી વૃક્ષ થયું કે પહેલા વૃક્ષ હતું ને પછી બીજ થયું તે પ્રશ્ન જ અપ્રસ્તુત છે. કારણ કે જે પદાર્થ–યુગલ એકબીજાના કારણ તેમજ કાર્ય રૂપે પ્રવર્તે તેમાં આદિ કોણ તે પ્રશ્ન જ હોઈ ના શકે. આવી પરસ્પર કાર્યકારણની શૃંખલા અનાદિકાલીન જ હોય છે. (અનંત હોય

ચા ન પણ હોય). જગતમાં આવી ઘણીએ અનાદિ કાર્ય-કારણની ધારાઓ આપણે જોઈ રહ્યા છીએ. પિતા–પુત્ર, મરઘી–ઇંડુ, વૃક્ષ–બીજ ઇત્યાદિ ભાવકર્મ અને દ્રવ્યકર્મ જેવી જ અનાદિ ધારાવાહી પરંપરાઓ સ્પષ્ટ દૃષ્ટિગોચર થાય છે. જીવ કર્મબંધ કરે છે તેમાં હેતુ ( પ્રત્યય ) કયા છે તેનો વિચાર કરીએ.

જીવ આવી યોગ અને તે દ્વારા કર્મોપાર્જનની પ્રવૃત્તિ શા માટે કરે છે એ પ્રશ્ન છે. એ તો નિર્વિવાદ છે કે પ્રાણિમાત્રને દુ:ખ પ્રતિકૂળ અને અપ્રિય છે અને સુખ અનુકૂળ અને પ્રિય છે. તેથી જીવની હરેક પ્રવૃત્તિનું અંતિમ લક્ષ તો સુખની પ્રાપ્તિ જ છે અને તે માટે જ તેનો સતત પ્રયત્ન છે. ક્વચિત્ કંઈક સુખનો અંશ કોઈ પ્રાણીને પ્રાપ્ત થતો દેખાય છે તોપણ તે ઓછા કે વધતા અંશે દુ:ખમિશ્રિત જ હોય છે. પ્રાણીમાત્રને દુ:ખ અનિષ્ટ છે અને સુખ જ ઇષ્ટ છે અને તે અનિષ્ટ નિવારણાર્થે અને ઇષ્ટની પ્રાપ્તિ અર્થે જીવનો અનાદિકાલીન સતત પ્રયત્ન છતાં તે દુ:ખમુક્ત થઈ સંપૂર્ણ સુખી અને સંતૃપ્ત કેમ થતો નથી? તેની આ ઇષ્ટપ્રાપ્તિ માટેની પ્રવૃત્તિનો અંત કેમ નથી આવતો? આથી શંકા થાય છે કે બધાનો પ્રયત્ન જેમાં નિષ્ફળ થાય તે દુ:ખનિવૃત્તિ અને સુખપ્રાપ્તિનો કાંઈ ઈલાજ જ નથી અર્થાત્ તે નિરુપાય જ હોવું જોઈએ. પરંતુ વાત તેમ નથી. જીવ અનાદિકાળથી એક મહાભયંકર ભૂલ કરી રહ્યો છે. વિષયોની પ્રાપ્તિમાં જ તેણે સુખની ભ્રાંતિ કરી છે. વિષયસુખને ભ્રાંત સુખ કહેવાના નિમ્ન કારણો છે.

( i ) ઇષ્ટ વિષયોનો સંયોગ અને અનિષ્ટના વિયોગજન્ય સુખ સ્વાત્માથી અત્યંત પર એવા વિષયોના સંયોગ–વિયોગને આધીન હોઈ પરાધીન છે.

( ii ) વળી વિજાતીય બે પદાર્થોનો સંયોગ શાશ્વત સંભવતો નથી તેથી સંયોગજન્ય વિષયસુખ અનિત્ય–ક્ષણભંગુર છે, તે સામાન્યબુદ્ધિ પણ સમજી શકે છે.

( iii ) વળી વિષયો અનંત છે અને તે સર્વેની પ્રાપ્તિ અશક્ય છે. તેથી ગમે તેટલા વિષયોની પ્રાપ્તિ પછી પણ જીવને કદાપિ તૃપ્તિ થતી જણાતી નથી. કારણ કે પ્રાપ્ત વિષયો કરતા અપ્રાપ્ત વિષયો અનંતગુણા છે. આથી વિષયસુખ અપૂર્ણ છે અને

(iv) દુ:ખગર્ભિત છે કારણ કે જીવને વિષયોની પ્રાપ્તિના સુખ દરમ્યાન પણ અપ્રાપ્ત વિષયોની તૃષ્ણા સ્વરૂપ દુ:ખ રહ્યા જ કરે છે.

આવા નિતાંત અપૂર્ણ, ક્ષણિક, પરાધીન, દુ:ખગર્ભિત અને દુ:ખથી અંતરિત ભૌતિકવિષયજન્ય સુખ તો જીવ ચાહતો જ નથી છતાં પણ તેની પ્રવૃત્તિ તેવા અનિષ્ટ વિષયસુખ પાછળ શા માટે છે? બસ આ ઊંધી દિશાની પ્રવૃત્તિનું મૂળ કારણ સુખ કે દુ:ખના યથાર્થસ્વરૂપ અને પોતાને ઇષ્ટ છે તેવા સંપૂર્ણ, સ્વાધીન અને દુ:ખના લેશથી રહિત શાશ્વત સુખની પ્રાપ્તિના માર્ગવિષયક સમજનો અભાવ અથવા વિપરીત સમજ સ્વરૂપ ભ્રાંતિ છે. આ ભ્રાંતિનું કારણ તેની વિપરીત શ્રદ્ધા યા રુચિ છે. આ વિપરીત રુચિ

એટલે જ મિથ્યાત્વ અથવા મિથ્યાદર્શન. મિથ્યાત્વથી ગ્રસ્ત જીવ ઇન્દ્રિયજન્ય વિષયોમાં સુખનો આરોપ કરે છે. વિષયોમાં સુખ છે તેવું વિપરીત જ્ઞાન મિથ્યાજ્ઞાન છે, અજ્ઞાન છે અને તે અજ્ઞાનાધીન આત્માની ઇષ્ટ વિષયો પ્રાપ્ત કરવાની અને અનિષ્ટ વિષયોથી નિવૃત્ત થવાની પ્રવૃત્તિ મિથ્યાચારિત્ર અથવા કુચારિત્ર છે. આ રીતે જોતાં જીવની યોગ-પ્રવૃત્તિના મૂળમાં મિથ્યાત્વ જ છે. મિથ્યાત્વ કર્મબંધની જડ છે. "મિથ્યાત્વથી ગ્રસ્ત જીવ વિષયોમાં સુખની ભ્રાંતિ કરે છે અને તે ઇષ્ટ વિષયોના લાભ માટેની સતત ઇચ્છારૂપ "લોભ"નો ભોગ બને છે અર્થાત્ તે લોભી થાય છે. વિષયો પ્રાપ્ત કરવાની યોજના કરતા "માયા" અર્થાત્ કપટનો આશરો લે છે. વિષયપ્રાપ્તિની તેની યોજના સફળ થતાં તે "માન"–અભિમાન કરે છે અને વિઘ્ન આવતા તેના નિમિત્તો પ્રતિ "ક્રોધ" કરે છે. જીવની ઇન્દ્રિયોના વિષયોમાં ઇષ્ટાનિષ્ટ બુદ્ધિ અને તે થકી ઇષ્ટવિષયોની પ્રાપ્તિ અને અનિષ્ટની નિવૃત્તિ માટે તે અનેક પ્રકારના આરંભ-સમારંભ કરે છે. જેમાં છયે કાયની હિંસા અવશ્યંભાવિ છે. ઇષ્ટવિષયો પ્રતિ રાગ અને અનિષ્ટ પ્રતિ દ્વેષ અને તદર્થે હિંસાજન્ય પ્રવૃત્તિને "અવિરતિ" અથવા અસંયમ કહેવાય છે અને વિષયો પ્રતિ પ્રવૃત્તિથી થતાં ક્રોધ, માન, માયા અને લોભને કષાય કહેવાય છે. આમ જીવની યોગ-પ્રવૃત્તિના મૂળમાં મિથ્યાત્વ છે અને તેથી અવિરતિ અને કષાય ઉત્પન્ન થાય છે. આથી જ **મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ** ને કર્મબંધમાં હેતુ કહ્યા છે. આ હેતુઓ જે ક્રમથી કહ્યા છે તે ક્રમ પણ સાર્થક છે. જ્યાં મિથ્યાત્વ છે ત્યાં અવિરતિ, કષાય અને યોગ અવશ્ય છે. અવિરતિ હોય ત્યાં મિથ્યાત્વ હોય યા ન હોય પરંતુ કષાય અને યોગ અવશ્ય હોય છે. કષાય છે ત્યાં અવિરતિ અને મિથ્યાત્વ હોય કે ન હોય પરંતુ યોગ તો હોય જ છે, અને યોગ હોય ત્યાં પૂર્વના ત્રણે હેતુઓની ભજના છે. આમ મિથ્યાત્વ છતાં કર્મબંધના ચારે હેતુ, અવિરતિ છતાં ચાર યા ત્રણ, કષાય છતાં ચાર, ત્રણ વા બે અને યોગ છતાં ચાર, ત્રણ, બે અથવા એક યોગ માત્ર જ હોય. કર્મબંધના પાશમાંથી છૂટવા જીવ પ્રથમ મિથ્યાત્વમળ દૂર કરે છે. પછી વિષય પ્રતિ પ્રવૃત્તિરૂપ અવિરતિથી નિવૃત્ત થઈ વિરતિધર્મ ધારણ કરે છે. આટલું સિદ્ધ થાય પછી જ કષાયથી નિવૃત્ત થઈ વીતરાગ થવાય છે. વીતરાગતા પ્રાપ્ત થયા પછી તેને કંઈ કરવાપણું રહેતું નથી કારણ કે આયુના અંતે યોગનિવૃત્તિ સહજ જ થાય છે અને જીવ પોતાનું અંતિમ લક્ષ્ય સ્વાધીન, શાશ્વત, સંપૂર્ણ અને નિર્બાધ સુખ પ્રાપ્ત કરી લે છે. આ સંપૂર્ણ સુખ પ્રાપ્ત થતાં જ જીવ નિરિહ–ઇચ્છા રહિત, સંતૃપ્ત અને પૂર્ણાનંદ થઈ અનંત કાળ પોતાના સચ્ચિદાનંદ સ્વરૂપમાં મગ્ન રહે છે. જીવ આ જ ચાહે છે. આ જ તેને "ઇષ્ટ" છે. અને આ ઇષ્ટની પ્રાપ્તિ મિથ્યાત્વાદિ કર્મબંધના હેતુઓની નિવૃત્તિથી અર્થાત્ કર્મબંધથી સર્વથા મુક્તિથી એટલે કે મોક્ષ થકી જ સિદ્ધ થાય છે.

આ રીતે "કર્મ"ની વ્યાખ્યા અથવા લક્ષણ નીચે મુજબ પ્રાપ્ત થાય છે.

"મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ—એ ચાર હેતુઓ થકી અથવા મિથ્યાત્વ સિવાય ત્રણ હેતુઓ થકી અથવા મિથ્યાત્વ અને અવિરતિ રહિત કષાય અને યોગ થકી, જીવ જે કાર્મણવર્ગણાના પુદ્ગલ સ્કંધો પોતાના આત્મપ્રદેશો સાથે બાંધે છે તે આત્મસંબંધ પુદ્ગલદ્રવ્યને **કર્મ** કહેવાય છે. " માત્ર યોગથી પણ કર્મબંધ થાય છે પરંતુ તે કર્મબંધ કહેવા પૂરતો જ છે કારણ કે મિથ્યાત્વ, અવિરતિ અને કષાય રહિત વીતરાગ મહાત્માઓ યોગનિમિત્તે જે કર્મ ગ્રહણ છે, તે તો તેમના આત્મપ્રદેશોનો સ્પર્શ કરી સમયમાત્રમાં જ નિર્જરી જાય છે અને તે પણ કંઈ જ ફળ આપ્યા વિના. આવા વીતરાગના યોગનિમિત્ત નિષ્ફળ કર્મબંધને "ઇર્યાપથિક" કર્મ કહેવાય છે. અને કષાયથી રંજિત અર્થાત્ રાગી જીવનો કર્મબંધ "સાંપરાયિક" બંધ છે. સંપરાય એટલે જ કષાય. ઉપરોક્ત લક્ષણ સાંપરાયિક કર્મનું છે.

અત્રે એક પ્રશ્નને અવકાશ છે. મિથ્યાત્વાદિથી નિવૃત્ત થઈ જીવ વીતરાગ થાય છે. પછી તેને યોગપ્રવૃત્તિ કરવાનું કારણ રહેતું નથી છતાં તે તુરત જ અયોગી કેમ નથી થતો? આ શંકાનું સમાધાન આગળ ઉપર પ્રકરણ ૧૧–૧૨ માં ગુણસ્થાનવિચારણા વખતે આપોઆપ થઈ જશે, પરંતુ ટૂંકમાં એક ઉદાહરણ દ્વારા સમાધાન કરવા પ્રયત્ન કરીએ. એન્જીનમાંથી શક્તિ મેળવી ચાલતી ગાડી એન્જીન બંધ કર્યા બાદ પણ થોડા કાળ માટે ચાલુ રહે છે. એન્જીન બંધ થયું તે પૂર્વે ચાલવાની જે શક્તિ ગાડીએ મેળવી હતી તે શક્તિનો જ્યાં સુધી સંપૂર્ણ વ્યય થાય નહિ ત્યાંસુધી એન્જીન બંધ હોવા છતાં પણ ગાડી પરિમિતકાળ માટે ચાલુ રહે છે. આવી જ રીતે મિથ્યાત્વ, અવિરતિ અને કષાયથી નિવૃત્ત થઈ વીતરાગતા પ્રાપ્ત થઈ તે પૂર્વે કાષાયિક પરિણામો દ્વારા મેળવેલી યોગમાં કારણભૂત શક્તિ કાષાયિક પરિણામોના નાશ પછી પણ પરિમિતકાળ માટે અઘાતી કર્મોના ઉદય સ્વરૂપે કાયમ રહે છે. અંતે અઘાતી કર્મો પરિપક્વ થઈ ક્ષય પામે છે, ત્યારે જીવ અયોગી બને છે અર્થાત્ યોગની નિવૃત્તિ થાય છે.

જીવના શુભાશુભ ભાવો રાગ અને દ્વેષ સ્વરૂપ છે. તેમાં ક્રોધ અને માન દ્વેષ સ્વરૂપ છે. માયા અને લોભ રાગ સ્વરૂપ છે. વીતરાગના ભાવો શુભ કે અશુભ નહિ પરંતુ શુદ્ધ છે. આથી મિથ્યાત્વ, અવિરતિ યા અસંયમ, ક્રોધ, માન, માય, લોભ, રાગ, દ્વેષ આદિ શુભાશુભ અધ્યવસાયો (કાષાયિક ભાવો) ભાવ કર્મ છે અને તે થકી જીવ જે પૌદ્ગલિક કાર્મણવર્ગણાને ગ્રહણ કરી આત્મબદ્ધ કરી કર્મરૂપે પરિણમાવે છે તે દ્રવ્યકર્મ છે.

## ૧૪. કર્મબંધના હેતુઓનું વિશેષ સ્વરૂપ :

### (i) મિથ્યાત્વનું લક્ષણ અને તેના ભેદો :

સંસારી જીવના બોધરૂપ વ્યાપારના (ઉપયોગના) ત્રણ સ્તર છે. પ્રથમ તે વસ્તુનું દર્શન કરે છે. વસ્તુના અવિશેષિત બોધને–સામાન્ય અવલોકનને દર્શન કહેવાય છે.

વિશેષતા રહિત હોવાથી આ બોધને નિરાકાર ઉપયોગ કહેવાય છે. દર્શન પછી વસ્તુનો તેની વિશેષતાઓ સહિત જે બોધ થાય છે તેને જ્ઞાન યા સાકાર ઉપયોગ કહેવાય છે; અને અંતિમ સ્તરે જીવ પોતાની રુચિ અર્થાત્ શ્રદ્ધાન અનુસાર પોતાના પ્રયોજન તેમજ હિતાહિતની દૃષ્ટિએ તેનું (જ્ઞેય વસ્તુનું) મૂલ્યાંકન કરે છે, તેમાં સારાસાર, ઇષ્ટાનિષ્ટ, હેય-ઉપાદેય આદિ સ્વરૂપે નિર્ણય કરે છે. આ નિર્ણય તેના જીવનમાં બહુ જ અગત્યનો ભાગ ભજવે છે, કારણ કે આ નિર્ણય તેના આચાર–વિચારને દિશા આપે છે. તેની માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિનો નિયામક આ વસ્તુસ્વરૂપનો તેને કરેલો નિર્ણય છે. એક જ પદાર્થ વિષેનો આ નિર્ણય બધાનો એક સરખો હોતો નથી. એક જ પદાર્થમાં કોઈને હેયબુદ્ધિ તો કોઈને ઉપાદેયબુદ્ધિ થાય છે, તો કોઈને તે પદાર્થનો પોતાના પ્રયોજન સાથે સંબંધ ન જણાતા ઉપેક્ષાબુદ્ધિ થાય છે. એક જ વ્યક્તિ કોઈને ઉપાસ્ય તો અન્યને અનુપાસ્ય જણાય છે. કોઈ એક જ આચાર કોઈને નીતિમય તો કોઈને અનીતિમય જણાય છે. આવી રીતે એક જ પદાર્થના સંબંધમાં ભિન્ન ભિન્ન વ્યક્તિઓનો નિર્ણય બીલકુલ વિપરીત જણાય છે. તો તેમાં કોનો નિર્ણય યથાર્થ છે અને કોનો અયથાર્થ છે તેનો નિર્ણય કરવાનો માપદંડ શું? અધ્યાત્મવિજ્ઞાને આનો ચોક્કસ માપદંડ નક્કી કર્યો છે. અધ્યાત્મવિજ્ઞાનનો નિર્ણય છે કે જીવને જે અનિષ્ટ છે તે દુઃખનું મૂળ કારણ જન્મમરણની પરંપરા સ્વરૂપ આ સંસાર જ છે અને સર્વ જીવને જે ઇષ્ટ છે તે પરમ આનંદની પ્રાપ્તિ આ સંસારની નિવૃત્તિમાં અર્થાત્ મોક્ષની પ્રાપ્તિમાં જ સમાયેલી છે. આથી આ લોકોત્તર વિજ્ઞાનમાં અર્થાત્ અધ્યાત્મવિજ્ઞાનમાં વસ્તુસ્વરૂપનો તે નિર્ણય **તત્ત્વનિર્ણય** છે યા સમ્યગ્નિર્ણય છે જે જીવને સંસાર અને તેનાં કારણોથી વિમુખ થવાની અને મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થવાની પ્રેરણા આપે. આથી વિપરીત જે નિર્ણય જીવને તેના સંસારની વૃદ્ધિ થાય તેવી પ્રવૃત્તિ પ્રતિ દોરે તે નિર્ણય અતાત્ત્વિક છે, મિથ્યા છે. સમ્યગ્નિર્ણય સમ્યગ્જ્ઞાન છે અને અતાત્ત્વિક નિર્ણય મિથ્યાજ્ઞાન છે. આ તત્ત્વાતત્ત્વ નિર્ણય જીવની રુચિ યા શ્રદ્ધાને અનુસરે છે. જે જીવની રુચિ યા શ્રદ્ધા સમ્યગ્ છે તેને તત્ત્વનિર્ણયમાં અર્થાત્ તત્ત્વાર્થમાં શ્રદ્ધા થાય છે પરંતુ જે જીવની રુચિ વિપરીત છે તેનો નિર્ણય અતાત્ત્વિક યાને કે મિથ્યા પ્રાપ્ત થાય છે. દર્શન શબ્દનો સામાન્ય અર્થ અવલોકન થાય છે પરંતુ જૈન પરિભાષામાં દર્શનનો બીજો અર્થ શ્રદ્ધાન યા રુચિ થાય છે. આથી "તત્ત્વાર્થમાં શ્રદ્ધાન" તે સમ્યગ્દર્શન કહ્યું છે. જીવ તત્ત્વાતત્ત્વનો નિર્ણય બુદ્ધિપૂર્વક કરે છે પરંતુ બુદ્ધિ મન થકી દોરવાતી હોય છે અને મન ન્યૂનાધિક પ્રમાણમાં રાગ–દ્વેષના સંસ્કારોથી લિપ્ત હોય છે. આ રાગ–દ્વેષના સંસ્કારો અત્યંત તીવ્ર હોય છે ત્યારે બુદ્ધિ માધ્યસ્થભાવે વિચાર-વિમર્શ કરી શકતી નથી અને તેથી વસ્તુસ્વરૂપનો તેનો નિર્ણય અતાત્ત્વિક હોય છે. મિથ્યા હોય છે. આવા તીવ્ર રાગદ્વેષ યા કષાયોથી ઘેરાયેલા જીવને થતું દર્શન મિથ્યાદર્શન છે. મિથ્યાત્વ છે. જ્યાં સુધી જીવના રાગદ્વેષ યથાયોગ્ય પ્રમાણમાં મંદ થતા નથી ત્યાં સુધી જીવને

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતી નથી, અર્થાત્ તત્ત્વાર્થમાં શ્રદ્ધા ઉત્પન્ન થતી નથી. મિથ્યાદર્શન યા મિથ્યાત્વનું લક્ષણ નિમ્ન પાંચ પ્રકારે થાય.

( ૧ ) તત્ત્વાર્થમાં અશ્રદ્ધાન, ( ૨ ) અતત્ત્વાર્થમાં શ્રદ્ધાન, ( ૩ ) તત્ત્વાતત્ત્વમાં અભેદ-બુદ્ધિના હેતભૂત દર્શન, ( ૪ ) તત્ત્વાર્થમાં શંકા–કુશંકાના હેતભૂત દર્શનની અસ્થિરતા અને ( ૫ ) તત્ત્વાતત્ત્વનો નિર્ણય કરવાની શક્તિનો અભાવ.

આ પાંચે નિમિત્તો મિથ્યાત્વમાં હેતુ હોઈને મિથ્યાત્વના નિમ્ન પાંચ ભેદો પ્રાપ્ત થાય છે.

**અનાભોગ મિથ્યાત્વ :** એકેન્દ્રિયાદિ અસંજ્ઞિ જીવોમાં વિચાર–વિમર્શ કરવાની શક્તિ જ નથી, ત્યાં તત્ત્વાતત્ત્વનો નિર્ણય જ ક્યાંથી થઈ શકે ? આવા અસંજ્ઞિ જીવનું મિથ્યાત્વ અનાભોગ મિથ્યાત્વ કહેવાય. જીવને અનાદિ કાલીન આ મિથ્યાત્વ હોય છે. અન્ય મિથ્યાત્વના જીવના વિકાસ પછી અર્થાત્ સંજ્ઞિપણું પ્રાપ્ત કર્યા પછી જ હોય છે.

**આભિગ્રહિક મિથ્યાત્વ :** પ્રધાનપણે અતત્ત્વમાં શ્રદ્ધાનરૂપ આ મિથ્યાત્વ વસ્તુસ્વરૂપ પ્રતિ એકાંતબુદ્ધિની નિપજ છે. આથી આ મિથ્યાત્વને એકાન્તમિથ્યાત્વ પણ કહેવાય છે. વસ્તુ અનેકાંતસ્વરૂપ છે. એક જ વસ્તુમાં દૃષ્ટિભેદે પરસ્પર વિરોધી ધર્મો પમાય છે. દ્રવ્યદષ્ટિથી વસ્તુ નિત્ય છે અને પર્યાયદષ્ટિથી અનિત્ય છે. દા. ત. “જીવ નિત્ય છે” એ દ્રવ્યદષ્ટિનો અભિપ્રાય છે અને “નામ તેનો નાશ છે” એ પર્યાયદષ્ટિનો અભિપ્રાય છે. આવી જ રીતે નિત્યાનિત્યની જેમ એકત્વ–અનેકત્વ; ભેદ-અભેદ, અન્વય-વ્યતિરેક, સામાન્ય-વિશેષત્વ ઇત્યાદિ અનંત પરસ્પર વિરોધી ધર્મયુગલો સાપેક્ષભાવે વસ્તુમાત્રમાં પમાય છે. આમ વસ્તુ અનેકાંતિક હોવા છતાં બુદ્ધિ જ્યારે એકાંત તરફ ઢળે છે ત્યારે વસ્તુ “નિત્ય જ છે”, “અનિત્ય જ છે”, “અદ્વૈત જ છે” ઇત્યાદિ એકાંત આગ્રહ એવો તો બંધાઈ જાય છે કે તે અનેકાંત વસ્તુના યથાર્થ સ્વરૂપની ઓળખાણ કરાવવામાં બાધક બની જાય છે.

જગતના જેટલા અતાત્ત્વિક મતો છે તે બધા જ એકાંતવાદથી-એકાંત આગ્રહથી ઉત્પન્ન થયેલા છે. એકાંત વસ્તુગત ધર્મ નથી પણ બુદ્ધિગત ધર્મ છે. અનેકધર્માત્મક વસ્તુને એક ધર્મ વડે મર્યાદિત કરવાવાળી બુદ્ધિ જ સર્વ દુરાગ્રહનું મૂળ છે અને તેવા દુરાગ્રહથી થવાવાળું દર્શન આભિગ્રહિક મિથ્યાત્વ છે. પોતાના કુળ, જાતિ, મત, પંથ, સંપ્રદાયાદિની ઝનુની પકડ, તે પ્રતિ તીવ્ર રાગ, આંધળી વફાદારી અને એકાંત આગ્રહ અભિગ્રહિક મિથ્યાત્વ છે. વંશપરંપરાથી પોતાના કુળમાં જે ધર્મ મનાતો આવ્યો છે તે જ સાચો છે ને બીજા સાચા નથી. એ પ્રમાણે કોઈ પણ એકાંતવાદી દર્શનને તત્ત્વબુદ્ધિએ ગ્રહણ કરવા થકી થયેલું તે અભિગ્રહિક મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વથી ગ્રસ્ત આત્મા તત્ત્વાતત્ત્વની પરીક્ષા કરી શકતો નથી.

**અનાભિગ્રહિક મિથ્યાત્વ :** આ મિથ્યાત્વના વશથી "બધા જ ધર્મો સાચા છે, કોઈ ખરાબ નથી", એ પ્રમાણે સાચા-ખોટાની પરીક્ષા કર્યા વિના કાચ અને મણિમાં ભેદ નહીં સમજનારની જેમ કંઈક "માધ્યસ્થ" બુદ્ધિ ધારણ કરે છે. બાહ્ય આચારોની કેટલીક સમાનતાને જોઈને સર્વ ધર્મો એકરૂપ છે તેમ અનાભિગ્રહિક મિથ્યાદષ્ટિની "માધ્યસ્થ" બુદ્ધિ કહે છે. સર્વ ધર્મોના આચારોમાં વિધિ-નિષેધોની જેમ કેટલીક સમાનતા દેખાય છે, તેમ અસમાનતા પણ પાર વિનાની છે. ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, કે કૃત્યાકૃત્યના વિભાગો બધે જ સરખા છે તેમ કહેવું અયથાર્થ છે. તેવી જ રીતે હિંસા, અહિંસા કે સત્યાસત્યના વિધિ, નિષેધો, ઉત્સર્ગ, અપવાદો બધે જ સમાન છે–એ માન્યતા સર્વદર્શનોના અનભ્યાસનું જ ફળ છે. આથી સર્વ દર્શનો સરખાં છે. તેમના પ્રણેતાઓ વચ્ચે પણ કોઈ ભેદ નથી. એમ કહેવું તે માધ્યસ્થતા નહિ પણ મૂઢતા છે. તત્ત્વાતત્ત્વમાં અભેદબુદ્ધિ અનાભિગ્રહિક મિથ્યાત્વમાં કારણ છે.

**આભિનિવેશિક મિથ્યાત્વ :** વીતરાગ પ્રણીત શ્રુતના પ્રખર વિદ્વાન, બુદ્ધિશાળી મહાત્માઓ પણ ઘણી વાર મોહરાજાના ઝપાટામાં કેવી રીતે આવી જાય છે તે મોહપ્રપંચ પણ ન કળાય તેવો છે. પોતાના જ્ઞાનનો અને બુદ્ધિનો મદ આવા વિદ્વાનોને ઘેરી લે છે. પોતાના જ્ઞાનની આવગી પ્રતિભા પાડી પોતાનો ઘમંડ પોષવા અથવા પોતાનો પંથ યા સંપ્રદાય સ્થાપવા સર્વજ્ઞે કહેલા તત્ત્વને પણ ખોટું કહેવારૂપ અભિનિવેશમાં ઉત્સૂત્ર પ્રરૂપણા કરે છે. ઘણી વાર એકાંત આગ્રહની પક્કડ તેમના પર એવી તો સજ્જડ ભીડાઈ જાય છે કે ગમે તેટલું સમજાવવા છતાં પણ પોતાનું ઘમંડ તેમને સત્યતાને સ્વીકારવા દેતું નથી. તત્ત્વાર્થમાં અશ્રદ્ધાન સ્વરૂપ આ મિથ્યાત્વને આભિનિવેશિક મિથ્યાત્વ કહેવાય છે. ગોષ્ટામાહિલાદિ નિહ્નવોને આવું મિથ્યાત્વ હતું. સર્વ મિથ્યાત્વમાં આ મિથ્યાત્વ ઘણું જ ભયંકર છે.

**સાંશયિક મિથ્યાત્વ :** આ મિથ્યાત્વના વશથી સર્વજ્ઞ અરિહંતે કહેલા તત્ત્વ પ્રતિ ઘણીવાર શંકા ઉત્પન્ન થયા કરે છે. પ્રત્યક્ષથી જે નથી અનુભવાતા તેવા સ્વર્ગ, નરક, કેવળજ્ઞાન, મોક્ષ ઇત્યાદિ પદાર્થોના સ્વરૂપ પ્રતિ શંકા ઉત્પન્ન થાય છે. આમાં કારણ બુદ્ધિની અપરિપક્વતા છે અને કોઈક વખત કુગુરુ આદિનો સંગ વા અતિ પ્રસંગ પણ સાંશયિક મિથ્યાત્વમાં નિમિત્ત બને છે. સંશયાત્મા અધ્યાત્મમાર્ગમાં પ્રગતિ નથી કરી શકતો.

(ii) **અવિરતિનું સ્વરૂપ :** કર્મબંધનો બીજો હેતુ અવિરતિ છે. અવિરતિ એટલે અસંયમ. તેના બે ભેદ છે. (૧) ઇન્દ્રિય–અસંયમ (૨) પ્રાણ–અસંયમ. સ્પર્શ, રસ, વર્ણ, ગંધ, અને ધ્વનિ યાને કે શબ્દ આ પાંચ ઇન્દ્રિયોના વિષયો તેમજ પ્રશંસા, માન, અપમાન આદિ મનના વિષયો પ્રતિ ઇષ્ટાનિષ્ટ બુદ્ધિ થવાથી ઇષ્ટ વિષયો પ્રતિ અભિમુખપણું અને અનિષ્ટ વિષયોમાં વિમુખતા સ્વરૂપ મોહનો પરિણામ એ ઇન્દ્રિયા-

સંયમ છે. વિષયો પાછળની તેની આંધળી દોટમાં તે અનેક પ્રકારના આરંભ-સમારંભો કરી છએ કાયની જે હિંસા કરે છે તે પ્રાણ–અસંયમ છે.

(iii) **કષાય** : કષ એટલે સંસાર અને આય એટલે લાભ. જેના વડે સંસારનો લાભ થાય તે કષાય કહેવાય છે. શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં કષાયનું લક્ષણ આ મુજબ કર્યું છે. "ઘણાં પ્રકારના સુખ અને દુઃખના ફળને યોગ્ય એવા કર્મક્ષેત્રનું જે કર્ષણ (ખેડાણ) કરે છે તે અથવા જીવના શુદ્ધ સ્વરૂપને જે કલુષિત કરે છે તે કષાય કહેવાય છે. "દશવૈકાલિક સૂત્રમાં જણાવ્યું છે કે "નહિ દબાયેલા ક્રોધ અને માન તથા વૃદ્ધિ પામેલા માયા અને લોભ એ ચાર ક્લિષ્ટ કષાયો પુનર્જન્મરૂપી વૃક્ષના મૂળનું સિંચન છે. "સંસારની જડ સમાન કષાયના ચાર ભેદ યા પ્રકાર છે. ક્રોધ, માન, માયા અને લોભ.

**ક્રોધ :** દ્વેષ, ગુસ્સો, વૈરવૃત્તિ, કોપ, રોષ, ભંડન આ બધા જ ક્રોધના જ પર્યાય શબ્દો છે અર્થાત્ ક્રોધના જ પ્રકારો છે. ક્રોધથી સંમોહ થાય છે. સંમોહથી મતિવિભ્રમ, મતિવિભ્રમથી બુદ્ધિનો નાશ થાય છે. અને તે જ આધ્યાત્મિક મૃત્યુ છે. પોતાના દુઃખ માટે જે અન્યને જવાબદાર ગણી તેના પર ક્રોધ યા દ્વેષ કરે છે તે જ મહાભૂલ છે. મારા દુઃખોનું કારણ મારા પૂર્વે કરેલાં પાપો જ છે તેનું સ્પષ્ટ ભાન થાય તો અન્ય પર ક્રોધનું કારણ જ ન રહે.

**માન :** ગર્વ, મદ, અભિમાન આ બધા માનના જ પર્યાય શબ્દો છે. માનથી વિનયનો નાશ થાય છે. વિનયહીનને શિક્ષા પ્રાપ્ત થતી નથી. શિક્ષા વિના જ્ઞાન કે ચારિત્રમાં પ્રગતિ સંભવતી નથી. અહંકારને સર્વ દૂષણોની જનેતા કહી છે. મદ અથવા માન પ્રધાનપણે આઠ વિષયોમાં થાય છે.

(i) જ્ઞાન યા પોતાની વિદ્વત્તાનું અભિમાન, (ii) કુળ અને (iii) જાતિનું (પિતાની પરંપરા કુળ અને માતાની પરંપરા જાતિ કહેવાય) અભિમાન, (iv) ધન, (v) ઐશ્વર્યાદિનું અભિમાન, (vi) રૂપનું (vii) તપનું અને (viii) બળનું એમ મદના આઠ સ્થાનો કહ્યા છે. જેના સંબંધમાં અભિમાન કરે છે તે બાબતમાં હીનતા પ્રાપ્ત થાય તેવા કર્મોનો બંધ થાય છે.

**માયા** : છળ, કપટ, દગો, લુચ્ચાઈ ઇત્યાદિ માયાના જ પ્રકારો છે. માયાથી સરળતા ચાલી જાય છે. સરળતા ન હોય ત્યાં ધર્મ ટકતો નથી અને ધર્મના અભાવમાં મનુષ્ય પશુવત્ બની જાય છે.

**લોભ:** તૃષ્ણા, લાલસા, અસંતોષ, ઇત્યાદિ લોભના પર્યાયો છે. લોભથી તૃષ્ણા વધે છે. તૃષ્ણા વધતા કાર્યાકાર્યનું ભાન રહેતું નથી. આથી પાપનો પ્રવાહ આત્મા પ્રતિ જોરથી ધસી આવે છે. લોભ સર્વ સદ્ગુણોનો વિનાશક છે.

ક્ષમાથી ક્રોધ, નમ્રતાથી માન, સરળતાથી માયા અને સંતોષથી લોભ પર કાબુ

મેળવી ધર્મમાર્ગમાં પ્રગતિ થાય છે. કર્મવાદના યાંત્રિક ચોખઠામાં પ્રત્યેક સંસારી આત્મા સજ્જડપણે જકડાયેલો છે. "પોતાના સુખ-દુઃખનો આધાર પોતાના જ પૂર્વોપાર્જિત કર્મો છે અને અન્ય તો તેમાં નિમિત્તમાત્ર છે". આ કર્મવિજ્ઞાનનું સત્ય સમજાય ત્યારે વૈરવૃત્તિ નિષ્કારણ ઉપાધિ છે, તેનું ભાન થાય અને સહિષ્ણુતા, ક્ષમા અને સમભાવની પ્રાપ્તિ થાય. પ્રભુ મહાવીરે ઉપસર્ગ કરતી વ્યંતરીને વૈરભાવવાળી દુષ્ટ નારી રૂપે નહોતી જોઈ, પણ પોતાના જ હાથે અન્યાય પામેલી પૂર્વભવની રાણી રૂપે જોઈ હતી. કર્મવાદ આ જ સમજાવે છે. તમારો શત્રુ કોઈ દુષ્ટાત્મા નથી પરંતુ એક ઘાયલ માંદો આત્મા છે. અને તેનું વેર તેને પૂર્વ થયેલા અન્યાયોના પ્રત્યાઘાતો જ છે. કર્મવિજ્ઞાનની આ વિચારણા કરુણાની સર્જનભૂમિ છે. આ ભૂમિ પર જ ધર્મનો રંગ ચઢે છે.

(iv) **યોગ :** મન, વચન અને કાયાની પ્રવૃત્તિને યોગ કહેવાય છે. આ યોગ હંમેશા આત્મપ્રદેશોના પરિસ્પન્દ અર્થાત્ કંપનરૂપ ચાંચલ્ય ક્રિયા સહિત જ હોય છે. આત્મપ્રદેશોના પરિસ્પન્દન સ્વરૂપ યોગ આત્મપ્રદેશો દ્વારા કર્મસ્કંધોનું ગ્રહણ કરે છે અર્થાત્ યોગ અને આસ્રવનો અવિનાભાવ સંબંધ છે. યોગ હોય ત્યાં આસ્રવ હોય જ અને આસ્રવ હોય ત્યાં યોગ હોય જ. આ યોગ સાથે આત્માના કાષાયિક ભાવોના પ્રમાણમાં કર્મસ્કંધોના પરસ્પર તેમજ આત્મા સાથે બંધ માટે કારણભૂત સ્નેહમાં ( રૂક્ષત્વ અને સ્નિગ્ધત્વ ગુણ ) અનંતગુણ વૃદ્ધિ થાય છે. કષાય રહિત વીતરાગ પરમાત્માનો યોગ કષાયરૂપી ચીકાશના અભાવમાં આત્મપ્રદેશનો સ્પર્શમાત્ર કરી ખરી પડે છે. પણ કાષાયિક યાને કે રાગી જીવની શુભાશુભ યોગપ્રવૃત્તિથી થતો કર્મબંધ ઘણાં લાંબા કાળ સુધી ટકે છે અને તે તીવ્રમંદ ફળ આપવાની શક્તિ સહિત જ હોય છે. આવી રીતે કર્મબંધના મૂળભૂત ચાર હેતુઓનું કિંચિત્ સ્વરૂપ કહ્યું. હવે કર્મ-સ્વરૂપને પામે છે તે પૌદ્ગલિક કાર્મણવર્ગણાનું ટૂંકમાં સ્વરૂપ જોઈએ.

**૧૫. કાર્મણવર્ગણાનું સ્વરૂપ :** પુદ્ગલદ્રવ્યના અંતિમ અવિભાજ્ય અંશને પરમાણુ કહેવાય છે. તે પરમાણુઓમાં રહેલા રૂક્ષત્વ અને સ્નિગ્ધત્વ ગુણના નિમિત્તે, તેઓ એક બીજા સાથે બદ્ધસંબંધને પામીને એક પરિણામસ્વરૂપ થવાની અર્થાત્ સ્કંધ પરિણામ પામવાની યોગ્યતા ધરાવે છે. અત્રે એ ખ્યાલ રહે કે આધુનિક વિજ્ઞાનમાં જેને "એટમ" કહે છે તે જૈન સમ્મત પરમાણુ નથી પરંતુ અનંતાનંત પરમાણુઓનો સ્કંધ છે. ઈલેક્ટ્રોન, પ્રોટોન, ન્યૂટ્રોનાદિ અનંત પરમાણુઓના સ્કંધો છે. સ્કંધ જેટલા પરમાણુઓનો બનેલો હોય છે તેટલા તે સ્કંધના પ્રદેશો કહેવાય છે. એક જ પ્રદેશી પરમાણુ તેમજ સમાન પ્રદેશો છે જેમાં તેવા સર્વ સ્કંધોના સમૂહને તેટલા પ્રદેશની વર્ગણા કહેવાય છે. જગતમાં કોઈ એક સમયે જેટલા સ્વતંત્ર પરમાણુઓ અન્ય પરમાણુઓ સાથે બંધાયા વિનાના હોય છે તે સર્વ પરમાણુસમૂહને પરમાણુવર્ગણા

અથવા એકપ્રદેશીપુદ્ગલવર્ગણા કહેવાય છે. તેવી જ રીતે બે પરમાણુના બનેલા સર્વ સ્કંધસમૂહને દ્વિપ્રદેશીપુદ્ગલવર્ગણા કહેવાય છે. તેવી જ રીતે ત્રિપ્રદેશી, સંખ્યાતપ્રદેશી, અસંખ્યાતપ્રદેશી, અનંતપ્રદેશી આદિ આ લોકમાં અનંત વર્ગણાઓ પ્રાપ્ત થાય છે. આ બધી જ વર્ગણાઓ જીવને કોઈપણ ઉપયોગમાં આવતી નથી, તેથી આ બધી જ વર્ગણાઓ અગ્રાહ્ય વર્ગણા કહેવાય છે. પરંતુ અભવ્ય જીવો કે જેની સંખ્યા જઘન્ય-યુક્ત અનંત એવી અચળ છે તે કરતાં પણ અનંતગુણા પરંતુ સિદ્ધ જીવો કરતા અનંતમાં ભાગ પ્રમાણ સંખ્યાના પરમાણુઓના બનેલા જે સ્કંધો છે તેના આલંબનપૂર્વક જીવ તેની મન, વચન અને કાયાની પ્રવૃત્તિ કરે છે. આ સર્વ જીવગ્રાહ્ય વર્ગણાના નિમ્ન આઠ ભેદ છે.

૧ **ઔદારિક શરીર વર્ગણા :** કે જેનું ગ્રહણ કરી મનુષ્યો અને પાંચે જાતિના તિર્યંચ જીવો પોતાના ઔદારિક શરીરની રચના કરે છે.

૨ **વૈક્રિય શરીર વર્ગણા :** કે જેનું ગ્રહણ કરી દેવ અને નારક જીવો પોતાના વૈક્રિય શરીરની રચના કરે છે.

૩ **આહારક શરીર વર્ગણા :** કે જેનાં વડે ચૌદપૂર્વધર મુનિ ખાસ હેતુસર લબ્ધિ વડે અત્યંત શુભ એવું આહારક શરીર બનાવે છે.

૪ **તૈજસ શરીર વર્ગણા :** કે જેનું ગ્રહણ કરી સર્વ જીવ પોતાનું તૈજસ શરીર બનાવે છે. આ શરીર હરેક સંસારી જીવને નિયમા હોય છે. તે શરીર આહારના પાચનમાં અને દીપ્તિનું નિમિત્ત છે.

૫ **ભાષાવર્ગણા :** આ વર્ગણાના પૌદ્ગલિક સ્કંધોના ગ્રહણપૂર્વક જીવ વચનવ્યવહાર કરે છે.

૬ **શ્વાસોચ્છ્વાસવર્ગણા :** આ વર્ગણાના આલંબનપૂર્વક જીવની શ્વાસો-ચ્છ્વાસ ક્રિયા ચાલે છે.

૭ **મનોવર્ગણા :** આના આલંબન થકી જીવની વિચારપ્રક્રિયા ચાલે છે.

૮ **કાર્મણવર્ગણા :** આ વર્ગણાને ગ્રહણ કરી જીવ પોતાનું કાર્મણ શરીર બનાવે છે અર્થાત્ કર્મરૂપે પરિણમાવી આત્મસાત્ કરે છે.

જીવ જ્યારે એક ભવ ત્યજી અન્ય ભવમાં જાય છે. ત્યારે તેને પોતાનું ઔદારિક વા વૈક્રિય શરીર તજી દીધેલું હોય છે, પરંતુ તેનું તૈજસ અને કાર્મણ શરીર સાથે જ હોય છે. કાર્મણ વર્ગણાને કર્મવર્ગણા કહેવાય છે અને ઔદારિક, વૈક્રિય, આહારક તૈજસ શરીર વર્ગણાને નોકર્મવર્ગણા કહેવાય છે.

ઉપરોક્ત આઠે વર્ગણાના સ્કંધો અભવ્યથી અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ પ્રમાણ પરમાણુઓના બનેલા હોવા છતાં ઔદારિક વર્ગણામાં એક સ્કંધમાં જેટલા પરમાણુઓ (પ્રદેશો) છે તેથી ઉપર ઉપરની વર્ગણામાં અધિક અધિક પ્રદેશો

છે. અનંત સંખ્યાના અનંત ભેદો હોવાથી અભવ્યથી અનંતગુણ પ્રમાણ એક જ જાતિની સંખ્યામાં વૈવિધ્ય પ્રાપ્ત થાય છે. ઉપરોક્ત વર્ગણામાં ઉત્તરોત્તર વર્ગણાની પ્રદેશ સંખ્યા અધિક અધિક થાય છે પરંતુ તે વર્ગણાના સ્કંધોનો ક્ષેત્રાવગાહનો (વોલ્યુમ-કદ) ક્રમ વિપરીત છે. બધી જ વર્ગણાના પ્રત્યેક સ્કંધનું કદ અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોવા છતાં કાર્મણ સ્કંધનું કદ બધાયથી નાનું છે. તેથી મનોવર્ગણાનો સ્કંધ અસંખ્યાતગુણ કદ ધરાવે છે. તેથી શ્વાસોચ્છ્વાસ, ભાષા, તૈજસ, આહારક, વૈક્રિય અને ઔદારિક વર્ગણાના સ્કંધોનો ઉત્તરોત્તર અસંખ્યાતગુણ અસંખ્યાતગુણ ક્ષેત્રાવગાહ હોય છે. ઔદારિક વર્ગણા પ્રમાણમાં સ્થૂલ છે અને ઉપર ઉપરની વર્ગણા સૂક્ષ્મ સૂક્ષ્મ થતી જાય છે. પુદ્ગલનો વિચિત્ર સ્વભાવ જ એવો છે કે જેમ જેમ તેના સ્કંધની પ્રદેશ સંખ્યા વધે છે તેમ તેમ તેનું પરિણામ સૂક્ષ્મ ને સૂક્ષ્મ થતું જાય છે. સૂક્ષ્મ પરિણામી સ્કંધો એક-બીજાને બાધા નથી કરતા. ૨૫ મા પ્રકરણમાં પુદ્ગલવર્ગણાનું વિસ્તૃત નિરૂપણ કર્યું છે.

**૧૯. કર્મ સંબંધિ શંકાઓ અને તેનું સમાધાન :** કર્મ સંબંધમાં મુખ્ય ચાર પ્રશ્નો ઉપસ્થિત થાય છે, તેનું સમાધાન આવશ્યક છે.

**પ્ર. ૧** જીવના રાગ-દ્વેષાત્મક પરિણામ થકી જીવમાં જે સંસ્કાર રેડાય છે તેને જ કર્મ કહો, પરંતુ પુદ્ગલસ્વરૂપ જડ એવા કાર્મણસ્કંધોને વચમાં શા માટે લાવો છો?

**સમાધાન :** આ પ્રશ્નનો તાત્ત્વિક ખુલાસો તો દ્રવ્યાનુયોગ યાને કે પદાર્થવિજ્ઞાનની ઊંડી સમજ માગી લે છે. પરંતુ અત્રે સ્થૂલ ઉદાહરણ થકી સમાધાનનો પ્રયત્ન કરીએ. પાણીનો દાખલો લઈએ. પાણી શુદ્ધ હોય અથવા અશુદ્ધ હોય. શુદ્ધ જળ એટલે માત્ર જળ. જળ સિવાય અન્ય વિજાતીય પદાર્થનો જેમાં અભાવ છે તે શુદ્ધ જળ છે. તે શુદ્ધ જળ એક જ પ્રકારનું હોય. કારણ કે શુદ્ધ જળના અનેક પ્યાલાઓ લઈએ તો તેમાં એક જ પ્રકારનું જળ પ્રાપ્ત થાય. જળની શુદ્ધતામાં અન્ય વિજાતીય પદાર્થ કોઈ નિમિત્ત નથી. વળી તે શુદ્ધ જળને ગમે તેટલું હલાવો, વલોવો છતાં તે શુદ્ધનું શુદ્ધ જ રહેવાનું. શુદ્ધ જળમાં શુદ્ધ જળ નાખો તોપણ તે શુદ્ધ જળ જ રહેવાનું. ટૂંકમાં શુદ્ધ એક પદાર્થમાં કોઈ ભેદ-પ્રભેદ ન હોય. હવે અશુદ્ધ જળ લ્યો. જળની અશુદ્ધતામાં જળથી અતિરિક્ત અન્ય પદાર્થ નિમિત્ત નિયમા હોય જ છે, કારણ કે તે સિવાય તે જળ અશુદ્ધ ના બને. વળી અશુદ્ધ જળ અનેક પ્રકારનું હોય. મીઠું નાખ્યા પછી જળ ખારૂં થાય તેથી તે અશુદ્ધ જળ ખારૂં થયું. તેવી જ રીતે સાકરની અશુદ્ધતાવાળું જળ ગળ્યું થયું. માટીના મિશ્રણથી જળ મેલું થયું. વળી ખારા જળના અનેક પ્યાલાના જળની ખારાશમાં પણ તરતમતા પ્રાપ્ત થવાની. આમ અશુદ્ધતામાં અન્ય વિજાતીય પદાર્થની આવશ્યકતા છે અને અશુદ્ધ પદાર્થના અનેક ભેદ-પ્રભેદ પડે છે તેથી અશુદ્ધ પદાર્થ અનેક નામ ધારણ કરે છે. કોઈ અશુદ્ધ જળ ખારૂં, કોઈ ખાટું, કોઈ મેલું,

કોઈ ગહ્યું ઇત્યાદિ અશુદ્ધ જળના અનેક નામ પ્રાપ્ત થાય છે. આવી જ રીતે શુદ્ધ જીવ, અને અશુદ્ધ જીવ એવા જીવના બે ભેદ પ્રાપ્ત થાય છે. શુદ્ધ જીવ એટલે માત્ર જીવ. અન્ય વિજાતીય પદાર્થના સંશ્લેષ સંબંધ વિનાનો જીવપદાર્થ શુદ્ધ જીવ છે. શુદ્ધ છે તેથી તેનો એક જ પ્રકાર છે. અનંત સિદ્ધ જીવો શુદ્ધ જીવો છે. તેમના કોઈપણ ગુણમાં સહેજ પણ ન્યૂનાધિકતા પ્રાપ્ત ન થાય. પરંતુ સંસારી જીવ અશુદ્ધ છે તેથી જ તો તેના અનેક રૂપ યા ભેદો પ્રાપ્ત થાય છે. નર, નારક, કીડી, કુંજર ઇત્યાદિ અનેક પ્રકારના અશુદ્ધ જીવો હોય છે. આ અશુદ્ધતામાં વિજાતીય એટલે કે જીવ સિવાય અન્ય કોઈ પદાર્થની નિમિત્તતા માનવી જ પડે છે. જળ જળથી અશુદ્ધ થાય નહિ, તેમ જીવ પણ પોતે પોતાથી અશુદ્ધ કેમ થાય? જળની અશુદ્ધતામાં અન્ય પદાર્થ કારણ છે, તેમ જીવની અશુદ્ધ અવસ્થા માટે જીવથી અન્ય વિજાતીય પદાર્થની નિમિત્તતા સ્વીકારવી જ રહી. જીવથી અન્ય પદાર્થો ચાર છે. આકાશ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને પુદ્‌ગલ. આમાં પ્રથમના ત્રણ પદાર્થો નિષ્ક્રિય છે. તેઓ એક–બીજા સાથે કે જીવ સાથે બદ્ધ-સંબંધ કરવાને સમર્થ નથી. તેઓ સદાએ તેમના એક શુદ્ધ સ્વરૂપમાં જ રહે છે. આથી બાકી રહ્યો પુદ્‌ગલ જે અનેક રૂપ ધારણ કરવાવાળો સક્રિય પદાર્થ છે. અને તેથી તે જ પદાર્થ જીવની અશુદ્ધતામાં નિમિત્ત બની શકે છે. શુદ્ધ જીવ એટલે પોતાના સ્વાભાવિક પરિણામોમાં રમણ કરતો જીવ. સિદ્ધાત્મા પોતાના સ્વાભાવિક પરિણામોમાં રમણ કરે છે તેથી તેમના પરિણમનમાં અન્ય કોઈ પણ પદાર્થની નિમિત્તતા નથી. સંસારી જીવ અનેક પ્રકારના વૈભાવિક પરિણામોમાં સંસરણ કરે છે. વૈભાવિક પરિણામો માટે સ્વથી ભિન્ન સક્રિય પદાર્થની નિમિત્તતા અવશ્ય જોઈએ. સંસારી જીવની વૈભાવિક પરિણતિમાં પૌદ્‌ગલિક કર્મ અને નોકર્મ વર્ગણાના સ્કંધો આ નિમિત્તતા પૂરી પાડે છે.

**પ્ર.** ૨ જીવને અનાદિકાળથી જ કર્મથી લેપાયેલો માનશો તો કર્મબંધ નિષ્કારણ પ્રાપ્ત થાય છે. અર્થાત્ જીવની તે અનાદિકાલીન અવસ્થા સ્વાભાવિક જ પ્રાપ્ત થાય છે. આવી રીતે નિષ્કારણ અવસ્થા અનાદિની છે તો તેવી અવસ્થાનો અંત પણ કેમ આવે? એટલે કે જેની બદ્ધ અવસ્થાનું કોઈ કારણ નથી તો તે જીવની કર્મથી મુક્તિ પણ થઈ શકે છે તે કેમ મનાય?

**સમાધાન–૨** કર્મબંધની પરંપરા તો અનાદિકાલીન જ છે તેમાં શંકા નથી. પરંતુ વ્યક્તિગત કોઈપણ એક કર્મ જીવ સાથે અનાદિકાળના સંબંધવાળું નથી. અર્થાત્ તે કર્મબંધ સાદિ છે. આજે જે કર્મ જીવ સાથે બંધાયેલું પડ્યું છે તે કંઈ અનાદિ-કાળથી જીવ સાથે સંબંધવાળું નથી. તે કર્મ વધુમાં વધુ તો ૭૦ કોડાકોડી સાગરોપમ પૂર્વ બંધાયેલું હોઈ શકે. ટૂંકમાં બંધાયેલાં કર્મો સાદિ છે. અનાદિ નહિ. પરંતુ કર્મબંધની પરંપરાને અનાદિ નહિ સાદિ માનીએ તો પહેલાં જીવ શુદ્ધ હતો અને પછી કર્મથી બંધાયો છે તેમ માનવું પડે. પરંતુ આમ માનીએ તો તો કર્મબંધ જ નિર્હેતુક બની જતા

મુક્ત જીવને પણ ફરી સંસારની પ્રાપ્તિ થાય અને મોક્ષ પુરુષાર્થ જ વ્યર્થ બને, પરંતુ જ્ઞાનીઓએ આવું ભાખ્યું નથી. ખાણમાંથી નીકળતું સુવર્ણ તેના શુદ્ધ સ્વરૂપમાં કદી જ ઉપલબ્ધ થતું નથી, તેવી જ રીતે જીવ અનાદિકાળથી અશુદ્ધ અવસ્થામાં જ રહ્યો હોવાથી અશુદ્ધ જ પ્રાપ્ત થાય છે. પરંતુ જેવી રીતે સુવર્ણ અને ઉપલનો (માટીનો) ચિરકાલીન સંબંધ તથાવિધ તાપાદિ સામગ્રી પ્રાપ્ત થયે નષ્ટ થતાં સુવર્ણ-શુદ્ધ સુવર્ણ પ્રાપ્ત થઈ શકે છે તેવી જ રીતે તપ-ધ્યાનાદિ સામગ્રી થકી ભવપરિપાકે જીવ અને કર્મનો અનાદિકાલીન સંબંધ પણ નષ્ટ થઈ, આત્મા તેનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરી શકે છે. જીવમાત્રનું અંતિમ ધ્યેય પોતાના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ જ છે કારણ શુદ્ધ સ્વરૂપ જ પરમાનન્દરૂપ છે.

**પ્ર. ૩** જડ એવું નિશ્ચેતન પૌદ્ગલિક કર્મ ચૈતન્યસ્વરૂપ એવા આત્માનો ઉપઘાત કેમ કરી શકે? અર્થાત્ જડ પદાર્થ ચેતન પદાર્થ પર અસર કેમ કરી શકે?

**સમાધાન ૩** : અનુભવગોચર પદાર્થમાં તર્ક ન હોય. ડાહ્યા માણસની મતિ પણ જડ એવા મદ્યાદિ પદાર્થના પાન વડે ઉપઘાત પામે છે. તે પ્રત્યક્ષ છે. અશાતાથી પીડાતું ચેતન જીવદ્રવ્ય જડ એવી પૌદ્ગલિક ઔષધિના પાન વડે સાતા પામે છે તે પ્રત્યક્ષ છે. આથી જડ એવું કર્મદ્રવ્ય ચેતન એવા આત્મદ્રવ્યને બાધક થાય છે અને પોતાનો શુદ્ધ સ્વભાવ વૈભાવિક અશુદ્ધ સ્વરૂપ ધારણ કરે છે તે બીલકુલ સંગત અનુભવસિદ્ધ પ્રક્રિયા છે.

**૧૭. કર્મબંધની ચાર વિમિતિ (ડાયમેનશન્સ)** : અભવ્યથી અનંતગુણ પરંતુ સિદ્ધરાશિના અનંતમા ભાગ પ્રમાણ પ્રદેશોના બનેલા કર્મ અને નોકર્મ સ્કંધો આ લોકમાં ઠાંસી–ઠાંસીને ભર્યા છે. પોતાના આત્મપ્રદેશો અવગાહેલા છે, તે જ ક્ષેત્રમાં રહેલા એવા આ અનંતસ્કંધો પ્રતિ સમય જીવ તેના ત્રિવિધ યોગ રૂપ હેતુએ કરીને યા મિથ્યાત્વાદિ હેતુએ કરીને ગ્રહણ કરે છે અને પોતાના અધ્યવસાય અનુસાર વિવિધ પ્રકારના કર્મ સ્વરૂપે પરિણમાવે છે અને તે જ સમયે તે કર્મ અને યથા-યોગ્ય નોકર્મનો આત્મપ્રદેશો સાથે ક્ષીરનીરવત્ બદ્ધસંબંધ પ્રાપ્ત થાય છે. આ કર્મ-બંધની ચાર વિમિતિઓ છે પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસ યા અનુભાગબંધ અને પ્રદેશબંધ.

(i) **પ્રકૃતિબંધ** : પ્રકૃતિ એટલે સ્વભાવ. વિશેષ, રૂપ, ગુણ, પ્રકૃતિ, સ્વભાવ શક્તિ, શીલ, આકૃતિ ઇત્યાદિ એકાર્થવાચી છે. જેમ સાકરનો સ્વભાવ યા પ્રકૃતિ ગળપણ છે અને લીંબડાનું લક્ષણ કડવાટ છે, તેવી જ રીતે જીવે જે કર્મબંધ કર્યા તે કર્મ મૂળભૂત આઠ પ્રકૃતિ યા સ્વભાવ પ્રાપ્ત કરે છે. જે કર્મસ્કંધોમાં જ્ઞાનાવારક શક્તિ છે તે કર્મસ્કંધોને જ્ઞાનાવરણીયકર્મ કહેવાય છે. તેવી જ રીતે દર્શનાવારક

શક્તિવાળા કર્મસ્કંધોને દર્શનાવરણીય કર્મ કહેવાય છે. પૂર્ણાનન્દ સ્વભાવ જીવને સુખી ને દુ:ખી કરવાની પ્રકૃતિ વેદનીયકર્મની છે. જીવના શ્રદ્ધાનગુણને વિકૃત કરનાર પ્રકૃતિ મિથ્યાત્વ મોહનીય છે અને તેનું ચારિત્ર કલુષિત કરવાવાળા કર્મસ્કંધોને ચારિત્રમોહનીય કર્મ કહેવાય છે. સંસારમાં વિવિધ ગતિ, જાતિ આદિમાં લઈ અનેક નામ અને રૂપ અર્પણ કરનાર નામકર્મ છે અને તે તે ભવમાં જીવને જકડી રાખવો તે આયુષ્યકર્મનો સ્વભાવ છે. જીવની અનેક પ્રકારની શક્તિ અંતરિત કરનાર અંતરાય કર્મ છે અને ઉચ્ચનીચ કુળની પ્રાપ્તિ કરાવનાર ગોત્રકર્મ છે. આવી રીતે મૂળભૂત આઠ સ્વભાવવાળું કર્મ હોય છે. અથવા કર્મપ્રકૃતિના આઠ મૂળ ભેદ છે. આ આઠ પ્રકૃતિના પેટા ભેદ ૧૪૮ થાય છે, પરંતુ સૂક્ષ્મ દષ્ટિથી જોતાં તેના અસંખ્ય ભેદો છે.

(ii) **સ્થિતિબંધ** : મન, વચન અને કાયાની પ્રવૃત્તિની સાથે સાથે આત્માની સાથે જે પૌદ્‌ગલિક કર્મસંબંધને પ્રાપ્ત થાય છે તે કર્મની આત્માની સાથે સંબંધિત થઈને રહેવાની કાળમર્યાદાને તે કર્મનો સ્થિતિબંધ કહેવાય છે. જેમ બાળક જન્મે છે ત્યારે તેની સાથે તેના તે ભવમાં રહેવાની સ્થિતિરૂપ આયુષ્ય સાથે જ લઈને આવે છે, તેવી જ રીતે જ્યારે કાર્મણવર્ગણા કર્મરૂપે આત્મા સાથે સંબંધિત થાય છે ત્યારે તેનો આત્મા સાથે રહેવાનો કાળ અર્થાત્ તેની સ્થિતિ પણ નિર્ણીત થઈ જાય છે. વીતરાગ જીવની ત્રિવિધ યોગક્રિયા કષાય રહિત હોઈ તે કર્મ આત્માના પ્રદેશોનો સ્પર્શ માત્ર કરી ખરી પડે છે કારણ કે આત્મપ્રદેશો સાથે ચીટકીને રહેવા માટે જોઈતી કષાયરૂપી ચીકાશ વીતરાગમાં નથી. પરંતુ સકષાય જીવની યોગપ્રવૃત્તિ થકી જે કાર્મણસ્કંધો બંધાઈ કર્મરૂપે પરિણમે છે તે કર્મની આત્મા સાથે રહેવાની ન્યૂનાધિક કાળમર્યાદા અર્થાત્ સ્થિતિબંધ તે જીવના કાષાયિક પરિણામની તરતમતા પર આધાર રાખે છે. તીવ્ર કષાયો મોટો અને મંદ કષાયો નાનો સ્થિતિબંધ કરાવે છે. કાષાયિક જીવનો કોઈ પણ સ્થિતિબંધ અંતર્મુહૂર્તથી ઓછો નથી હોતો અને ૭૦ કોડાકોડી સાગરોપમથી અધિક નથી હોતો. (અસંખ્યાત વર્ષો મળી એક સાગરોપમ થાય છે. આ કાળમાનનું વિશેષ સ્વરૂપ ૨૦ મા પ્રકરણમાં આપ્યું છે.) કર્મ બંધાયા બાદ તુરત જ ઉદયમાં નથી આવતું અર્થાત્ તેનું ફળ તુરત પ્રાપ્ત થતું નથી પરંતુ નિશ્ચિતકાળ વીતે કર્મ તેનું ફળ આપવાની શરૂઆત કરે છે. જેટલા કાળ સુધી કર્મ ફળ આપ્યા વિના આત્મા સાથે સુષુપ્ત અવસ્થામાં પડી રહે છે તે કાળને તે કર્મનો અબાધાકાળ કહેવાય છે, કારણ કે તેટલા કાળ સુધી તે કર્મ જીવને શુભ કે અશુભ બાધા કરતું નથી. અબાધાકાળ વીતે પણ બંધાયેલા સર્વ કર્મપુંજનો એક સાથે ઉદય નથી થતો પરંતુ પ્રતિસમય એક નિશ્ચિત પ્રમાણનું કર્મદળ વેદાઈને અર્થાત્ ઉદય થઈને નિર્જરે છે, એટલે કે આત્મપ્રદેશોથી છૂટું પડે છે. અબાધાકાળ

રીતે પ્રથમ સમયથી લઈ સ્થિતિના અંતિમ સમય સુધીના પ્રત્યેક સમયમાં જેટલું દળ ઉદયમાં આવવા માટે નિક્ષેપાય છે તેને નિષેક કહેવાય છે. પ્રથમ નિષેકમાં સૌથી વધુ કર્મદળ નિક્ષેપાય છે અને ઉત્તરોત્તર નિષેકોમાં હીન હીન કર્મદળ નિક્ષેપાય છે. એવી રીતે સ્થિતિના અંતિમ સમયના નિષેકમાં સૌથી ઓછું દળ નિક્ષેપાય છે. જે સમયથી કર્મ બંધાય છે તે સમયથી લઈ તે કર્મનો અંતિમ નિષેક જે કાળે ઉદય થઈ નિર્જરે છે તે સમગ્ર કાળને તે કર્મની સ્થિતિ કહેવાય છે. કર્મસ્થિતિમાં સામાન્ય રીતે અબાધાકાળ પણ આવી જાય છે. પરંતુ આયુકર્મની સ્થિતિ વ્યવહારમાં અબાધાકાળ રહિત કહેવામાં આવે છે. અબાધાકાળ વીત્યે પ્રતિસમયના નિષેકમાં કેટલા પ્રમાણનું દળ નિક્ષેપાય છે તેની યંત્રરચનાને નિષેક રચના કહેવાય છે. આ નિષેક રચના અને તેના ગણિતનો આછો ખ્યાલ પરિશિષ્ટમાં આપ્યો છે.

(iii) **રસબંધ :** જીવ ગૃહીત કર્મપુંજમાં જેમ પ્રકૃતિ યાને કે સ્વભાવ અને તેની સ્થિતિ નિર્ણીત થાય છે તેમ તે કર્મપ્રકૃતિની હીનાધિક ફળપ્રદાન શક્તિ પણ નિર્ણીત થાય છે. કર્મની તે ફળપ્રદાન શક્તિને રસબંધ યા અનુભાગબંધ કહેવાય છે. જેવી રીતે શરબતની મીઠાશમાં તરતમતા હોય છે, તેમ કર્મની ફળપ્રદાનશક્તિમાં પણ ન્યૂનાધિકતા હોય છે. જીવને વિષયસંબંધી સુખનો અનુભવ કરાવનાર સાતાવેદનીય કર્મના તીવ્ર રસવાળા પુંજનો ઉદય હોય તો તે અત્યંત સુખનો અનુભવ કરાવે અને મંદ રસવાળા પુંજનો ઉદય હોય તો સામાન્ય મંદ સુખનો અનુભવ કરાવે. તીવ્ર કષાય થકી બંધાતા કર્મોમાં જે શુભ કર્મો છે તેમાં મંદ રસ બંધાય છે અને અશુભ કર્મોમાં તીવ્ર રસ બંધાય છે, અને મંદ કષાય થકી બંધાતા શુભ કર્મોમાં તીવ્ર રસબંધ થાય છે અને અશુભકર્મોમાં મંદ રસબંધ થાય છે.

(iv) **પ્રદેશબંધ :** જીવ પ્રતિસમય અભવ્યોથી અનંતગુણ અને સિદ્ધરાશિના અનંતમા ભાગ પ્રમાણ કર્મપ્રદેશો (અથવા સ્કંધો) ગ્રહણ કરે છે પણ તે હર સમય એક જ સંખ્યા પ્રમાણ કર્મપ્રદેશો ગ્રહણ નથી કરતો પણ ન્યૂનાધિક પ્રમાણમાં કર્મ-સ્કંધો ગ્રહણ કરે છે. આ કર્મસ્કંધોનું ન્યૂનાધિક પ્રમાણમાં ગ્રહણ કરાવનાર જીવની યોગશક્તિ છે. જેમ જેમ યોગશક્તિ વધુ તેમ તેમ કર્મપ્રદેશો વધુ પ્રમાણમાં ગ્રહણ થાય છે. એકેન્દ્રિય જીવોની યોગશક્તિ અત્યંત ઓછી છે. બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોની યોગશક્તિ ઉત્તરોત્તર અસંખ્યગુણ અસંખ્યગુણ હોય છે. આથી પંચેન્દ્રિય જીવોનો પ્રદેશબંધ સૌથી મોટો હોય છે, એટલે કે તેઓ પ્રતિ-સમય સૌથી વધુ કર્મસ્કંધો ગ્રહણ કરે છે. કર્મની શુભાશુભતાનો આધાર ન્યૂનાધિક-પ્રદેશબંધ નથી પરંતુ ન્યૂનાધિક સ્થિતિબંધ અને રસબંધ છે. પ્રદેશબંધ પ્રકૃતિ, સ્થિતિ અને રસબંધનો આધાર છે કારણ કે કર્મપ્રદેશોમાં જ પ્રકૃતિ, તેની સ્થિતિ અને તેનો રસ રહે છે. યોગ થકી પ્રદેશ અને પ્રકૃતિબંધ થાય છે જ્યારે કષાય થકી

તેમાં સ્થિતિ અને રસબંધ થાય છે. આમ કર્મનું કિંચિત્ માત્ર સ્વરૂપ સંક્ષેપમાં કહ્યું. આપણે સત્તરમા પ્રકરણ સુધી માત્ર કર્મપ્રકૃતિનો જ ઉહાપોહ કરવાનો છે. ત્યાં કર્મપ્રકૃતિના બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાનો વિચાર મુખ્યપણે કરવાનો છે. પછી સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધનો વિચાર કરશું.

**પરિશિષ્ટ :**

**૧૮. કારણ :** અત્રે આપણે પૌદ્ગલિક કાર્મણ સ્કંધોનું કર્મસ્વરૂપે પરિણમન થાય છે તેમાં જીવના રાગ-દ્વેષાત્મક પરિણામને કારણરૂપે કહ્યા છે અને જીવના રાગ-દ્વેષાત્મક પરિણામોમાં કર્મોદયને કારણ ગણ્યું છે. આથી જીવ કર્મનો કર્તા તેમજ ભોક્તા છે તેમ કહ્યું છે. આ પૂર્વના પ્રકરણમાં આસ્તિક્ય ગુણના છ સ્થાનો ગણાવતા ત્રીજા સ્થાનમાં જીવને કર્મનો કર્તા અને ચોથા સ્થાનમાં જીવને કર્મફળનો ભોક્તા કહ્યો છે. પરંતુ "સમયસાર" ગ્રંથમાં આથી વિપરીત જીવ સ્વયં રાગ-દ્વેષનો કર્તા અને પુદ્ગલ સ્વયં કર્મનો કર્તા તેમ કહ્યું છે. આથી સહેજે શંકા થાય કે આવું વિરોધી વિધાન કરવાનું શું કારણ છે. આ શંકાનું સમાધાન પ્રાપ્ત કરવા આપણે "કારણ"નું કંઈક વિશ્લેષણ કરવું અનિવાર્ય છે.

કાર્ય પ્રતિ જે કારણ છે તેના નિમ્ન ત્રણ ભેદ છે.

**૧. ઉપાદાનકારણ :** જે કારણ સ્વયં કાર્યરૂપે પરિણમે તેને ઉપાદાન યા પારિણામિક કારણ કહેવાય છે. ઘટની ઉત્પત્તિમાં એટલે કે ઘટરૂપ કાર્યમાં માટી ઉપાદાનકારણ છે.

(ii) **નિમિત્તકારણ :** જે સ્વયં કાર્યરૂપે પરિણમતું નથી પરંતુ કર્તાને કાર્યોત્પત્તિમાં સહાયક થાય તેને નિમિત્તકારણ કહેવાય છે. આ નિમિત્તકારણના બે ભેદ છે. જે નિમિત્તકારણમાં સ્વાભાવિક તેમજ કર્તાના પ્રયોગ દ્વારા ક્રિયા થાય છે તે શુદ્ધ નિમિત્તકારણ છે. ઘટ કાર્યમાં ચક્ર, દંડાદિ શુદ્ધ નિમિત્તકારણ છે; અને આકાશ, ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય કે જેમાં કર્તાના પ્રયોગથી ક્રિયા થતી નથી પરંતુ કોઈ પણ કાર્યમાં આવશ્યક છે તે અવગાહના, ગતિ અને સ્થિતિમાં સહાયક છે તેને અપેક્ષા–નિમિત્ત કહેવાય છે. આ અપેક્ષા–નિમિત્ત સ્વરૂપ આકાશાદિ દ્રવ્યો કોઈને ગતિ, સ્થિતિ કરવા પ્રેરણા નથી કરતા પરંતુ સ્વયં ગતિ સ્થિતિ કરવાવાળા જીવ અને પુદ્ગલને માત્ર ગતિ આદિ કરવામાં આલંબન રૂપ છે.

(iii) **નિર્વર્તક કારણ :** કાર્યનો જે કર્તા છે તેને નિર્વર્તક કારણ કહેવાય છે. ઘટ કાર્યમાં કુંભાર નિર્વર્તક કારણ છે.

હવે આપણે જીવના રાગ-દ્વેષાદિ પરિણામોનો વિચાર કરીએ. કર્મોદય જીવના રાગાદિ પરિણામોમાં નિમિત્તકારણ છે. પરંતુ ઉપાદાનકારણ તો સ્વયં જીવ જ છે

કારણ કે જીવ સ્વયં રાગાદિ ભાવે પરિણમે છે. તેવી જ રીતે જીવના રાગાદિ ભાવો કાર્મણસ્કંધોનું કર્મરૂપે પરિણમનમાં નિમિત્તકારણ છે પરંતુ ઉપાદાન તો સ્વયં કાર્મણસ્કંધો જ છે.

સંસારી જીવના પરિણામ સંબંધિ નિશ્ચયનય વિધાન કરે છે ત્યારે તે પરિણામમાં નિમિત્ત કારણની ઉપેક્ષા કરે છે અને માત્ર ઉપાદાનને જ પ્રધાનતા આપે છે. આથી તે નયના મતે જીવ સ્વયં રાગાદિભાવોનો કર્તા છે તેમ જ રાગાદિભાવોનો ભોક્તા છે. પરંતુ જીવ કર્મનો કર્તા નથી કે નથી તેનો ભોક્તા. અને પુદ્ગલ સ્વયં કર્મનો કર્તા છે નહિ કે જીવના રાગાદિ ભાવો. નિશ્ચયનયનો વિરોધિ વ્યવહારનય નિમિત્ત કારણને પ્રધાનતા આપે છે અને ઉપાદાનકારણની ઉપેક્ષા કરે છે. આથી વ્યવહારનયને મતે જીવ કર્મનો કર્તા છે અને જીવ કર્મનો ભોક્તા છે. અત્રે જીવના રાગાદિ ભાવો કર્મ-પરિણામમાં નિમિત્ત છે તેથી જીવને કર્મનો કર્તા કહ્યો અને જીવ રાગાદિભાવોનું વેદન કરે છે તેમાં કર્મોદય નિમિત્તકારણ હોવાથી જીવને કર્મનો ભોક્તા કહ્યો છે.

આ રીતે સંસારી જીવમાં વિવક્ષાભેદે કર્મનું કર્તૃત્વ-અકર્તૃત્વ તેમજ ભોકતૃત્વ-અભોકતૃત્વ એમ બે વિરોધિ ધર્મો ઘટે છે. ભિન્ન ભિન્ન વાદને સંવાદમય બનાવનાર સ્યાદ્વાદ જયવંત વર્તે છે.

(૧૯) નિષેક રચના : આ માટે જુદું પ્રકરણ આપ્યું છે. *

---

કર્મના સ્વરૂપને જણાવતું

## શ્રી પદ્મપ્રભ જિન-સ્તવન

પદ્મપ્રભ જિન તુજ મુજ આંતરું રે, કિમ ભાંજે ભગવંત;
કર્મવિપાકે કારણ જોઈને રે, કોઈ કહે મતિમંત. પદ્મ૦ ૧
પયઈ ઠિઈ અણુભાગ પ્રદેશથી રે, મૂલ ઉત્તર બહુ ભેદ;
ઘાતી અઘાતી હો બંધોદય ઉદીરણા રે, સત્તા કર્મ વિચ્છેદ. પદ્મ૦ ૨
કનકોપલવત્ પયડિ પુરુષ તણી રે, જોડી અનાદિ સ્વભાવ;
અન્ય સંજોગી જિહાં લગે આતમા રે, સંસારી કહેવાય. પદ્મ૦ ૩
કારણ જોગે હો બાંધે બંધને રે, કારણ મુગતિ મુકાય;
આસ્રવ સંવર નામ અનુક્રમે રે, હેય ઉપાદેય સુણાય. પદ્મ૦ ૪
યુંજનકરણે હો અંતર તુજ પડયો રે, ગુણ કરણે કરી ભંગ;
ગ્રંથ ઉકતે કરી પંડિતજન કહ્યો રે, અંતરભંગ સુઅંગ. પદ્મ૦ ૫
તુજ મુજ અંતર અંતર ભાંજશે રે, વાજશે મંગલ તૂર;
જીવ સરોવર અતિશય વાધશે રે, **આનંદઘન** રસપૂર. પદ્મ૦ ૬

---

# રૂપી અને અરૂપી દ્રવ્યોનું સ્વરૂપ અને કર્મ કૃતિના મૂળ આઠ ભેદ

# [ ૩ ]

**૨૦. સમગ્ર દ્રવ્યરાશિનું રૂપી અરૂપીમાં વિભાજન:—**

શ્રી કેવળી ભગવંતોએ સમગ્ર દ્રવ્યરાશિનો રૂપી અને અરૂપી એવા બે ભેદોમાં સમાવેશ કર્યો છે. આ વિશ્લેષણથી અન્ય સર્વ દ્રવ્યોથી પુદ્ગલાસ્તિકાયનો વ્યવચ્છેદ થાય છે. કારણ કે મૂળભૂત રીતે જોઈએ તો માત્ર પુદ્ગલાસ્તિકાય જ રૂપી છે જ્યારે શેષ આકાશાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તેમજ જીવાસ્તિકાય અરૂપી છે. નવતત્ત્વપ્રકરણમાં જીવને રૂપી કહ્યો છે તે સંસારી જીવની અપેક્ષાએ કહ્યો છે. અનાદિ કાળથી જીવ પુદ્ગલ સાથે બંધાયેલો હોવાથી પુદ્ગલનું રૂપીપણું તેને પ્રાપ્ત થયું છે. પુદ્ગલના સંબંધથી પ્રાપ્ત થયું હોવાથી અને તે સંબંધના નાશ પછી જીવના રૂપીપણાનો સર્વથા નાશ થતો હોવાથી રૂપીપણું જીવનો **ઉપજીવી** ગુણ છે. આથી ભવ્ય જીવનું રૂપીપણું કાળથી અનાદિ સાંત અને અભવ્ય તથા જાતિભવ્યનું અનાદિ અનંત ભાગે પ્રાપ્ત થાય છે, જ્યારે ભવ્ય જીવનું અરૂપી સ્વરૂપ સાદિ અનંત છે.

જીવ મૂળભૂત રીતે આકાશાદિ જેમ અરૂપીની જાતનો પદાર્થ છે, પરંતુ તેને પોતાના તે અસલી સ્વરૂપનું ભાન નથી. અનાદિકાળથી પુદ્ગલસંબંધથી પોતાના સ્વાભાવિક સ્વરૂપથી વિપરીત રૂપીની જે ભાત તેના પર પડી ગઈ છે તેને જ તે પોતાની જાત માની બેઠો છે. તેને ભાન નથી કે આ રૂપીની ભાત નીચે દબાયેલું પોતાનું અસલી અરૂપી સ્વરૂપ કેવું છે. જીવને પોતાના આ અસલી સ્વરૂપની સહેજ ઝાંખી પણ જો થઈ જાય તો પોતાના તે સ્વરૂપની પ્રાપ્તિ માટે તમન્ના જાગૃત ન થાય તો જ આશ્ચર્ય લાગે. આથી આપણા અસલી અરૂપી સ્વરૂપની—આપણા સિદ્ધ-સ્વરૂપની ઝાંખી કરવા અને કર્મના સંબંધથી તે સ્વરૂપના જે બેહાલ થયા છે તે હૃદયંગમ કરવા રૂપી અને અરૂપી પદાર્થોના વિલક્ષણ સ્વરૂપનો ઊંડાણથી વિચાર-વિમર્શ કરવાની અત્યંત આવશ્યકતા છે.

**૧૯. રૂપી-અરૂપીનો લક્ષ્યાર્થ :** વ્યવહારમાં "રૂપ" વર્ણના અર્થમાં રૂઢ થયેલો શબ્દ છે, અને પ્રાયઃ તેથી જ "વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ આ ચાર ગુણ જેમાં છે તે પુદ્ગલાસ્તિકાય રૂપી કહેવાય" રૂપીનું આ લક્ષણ રૂઢ થઈ ગયું છે. આ

લક્ષણ ખોટું છે તેમ કહેવાનો આશય નથી. પરંતુ રૂપી-અરૂપીનો લક્ષ્યાર્થ બીજો જ છે. અરૂપી એટલે રૂપરહિત તો ન જ કહેવાય કારણ કે પોતાના રૂપ યાને કે સ્વરૂપ રહિત તો કોઈ દ્રવ્ય હોઈ જ ન શકે. વર્ણ, ગંધાદિ જેમ પુદ્‌ગલનું રૂપ છે તેમ ચેતના એ જીવનું રૂપ અર્થાત્ સ્વરૂપ છે. રૂપ, સ્વભાવ, પ્રકૃતિ, શક્તિ, વિશેષ ધર્મ, ગુણ, શીલ, આકૃતિ આદિ એક જ અર્થના પર્યાયવાચી નામ છે.

જેમ અપરિણામીનો અર્થ પરિણામ રહિત નથી પરંતુ જે સર્વદા એક પરિણામમાં અવસ્થિત છે તે અપરિણામી કહેવાય છે અને વળી જેમ અપ્રદેશીનો અર્થ એકપ્રદેશી છે અને નિરાકારનો અર્થ એકાકાર અર્થાત્ આકારાન્તર રહિતતા છે તેવી જ રીતે રૂપી-અરૂપીનો અર્થ ઘટાવવો જોઈએ. યથાઃ—

જે અનેક રૂપોને ધારણ કરે છે, જે પદાર્થ પોતાનું રૂપ હંમેશા બદલ્યા કરે છે, એક રૂપ ત્યજી અન્ય રૂપ ધારણ કરે છે, અને વળી તે બીજું રૂપ ત્યજી ત્રીજું રૂપ ધારણ કરે છે અને આવી જ રીતે પોતાના વર્તમાન રૂપનો ત્યાગ કરી નિરંતર નવીન નવીન રૂપ ધારણ કરતો રહે છે, જે પોતાના એક રૂપમાં સ્થિર ન રહેતા કાચંડાની જેમ પોતાનો 'રંગ' બદલ્યા કરે છે તેને અર્થાત્ રૂપ-રૂપાંતર ભાવને જે નિરંતર પ્રાપ્ત કરતો રહે છે તે "રૂપી" છે. આથી વિપરીત જે પોતાના એક રૂપમાં હંમેશા કાયમ રહે છે, રૂપ-રૂપાંતર ગમન નથી કરતો, ધ્રુવના તારાની જેમ પોતાના નિયત એક સ્થાનમાં અને એક ભાવમાં સ્થિર રહે છે તે "અરૂપી" છે. અરૂપી એકરૂપ છે. રૂપી અનેક રૂપ છે. રૂપી બહુરૂપી છે. રૂપ–રૂપાંતર પરિણમનની મર્યાદા છે કે દ્રવ્ય પોતાની જાતિ અને પોતાનું વ્યક્તિત્વ કદાપિ ગુમાવતો નથી. ગમે તેટલા ભિન્ન ભિન્ન રૂપોને ધારણ કરવા છતાં પણ પુદ્‌ગલ પુદ્‌ગલ જ રહે છે, જીવ જીવ જ રહે છે. પુદ્‌ગલ જીવ ન થાય, જીવ પુદ્‌ગલ ન થાય. વળી પરમાણુ "અ" પરમાણુ "બ" ન બને અને પરમાણુ 'અ' અને 'બ' સ્કંધ બની એકરૂપ થઈ જાય પરંતુ સદાકાળ માટે એકરૂપ રહે નહિ. કાળાંતરે પણ તે પરમાણુઓ એક બીજાથી દબાઈ ગયેલું પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ પ્રાપ્ત કરી જ લે છે. આટલી મર્યાદામાં રહીને રૂપી દ્રવ્યો અનંત રૂપોને પ્રાપ્ત કરતા થકા કાળમાં નિર્ગમન કરતા રહે છે.

વળી જ્યારે રૂપ–રૂપાંતરને પ્રાપ્ત કરે છે. ત્યારે નામ નામાંતરને પ્રાપ્ત કરે છે. આથી રૂપી છે તે નામી છે જ્યારે અરૂપી રૂપાંતરને પ્રાપ્ત નથી કરતા તેથી તે નામાંતરને પણ પ્રાપ્ત નથી કરતા તેથી તે એક નામ છે અને જે એકનામ છે તે અનામી છે. આથી રૂપી છે તે નામી છે અને અરૂપી અનામી છે.

## ૨૧. પરિણામી–અપરિણામી :

શ્રી પ્રજ્ઞાપના સૂત્રના પરિણામ પદમાં પરિણામની વ્યાખ્યા આ રીતે કરી છે.

"અર્થાન્તરની પ્રાપ્તિ પરિણામ છે. પરંતુ સર્વથા એક જ ધર્મમાં અવસ્થાન નહિ, અથવા તે ધર્મનો સર્વથા વિનાશ નહિ તેને જ બુદ્ધિમંતોએ પરિણામ કહેલ છે." દ્રવ્યાર્થિકનયે–એટલે કે અભેદગામી દૃષ્ટિથી સત્ (વસ્તુ, Being, Real, Existence) જે વિવિધ અવસ્થાઓને ધારણ કરે છે તે વિવિધ અવસ્થાઓ પરિણામ છે અને પર્યાયાર્થિકનયે–ભેદગામી દૃષ્ટિથી–પૂર્વવર્તી પર્યાયનો નાશ અને ઉત્તરવર્તી પર્યાયની ઉત્પત્તિ તે પરિણામ છે. એક પર્યાયથી પર્યાયાન્તરની પ્રાપ્તિ સ્વરૂપ જે રૂપ-રૂપાંતર ગમન સ્વરૂપની ક્રિયા વસ્તુમાં નિરંતર ચાલે છે તે ક્રિયા **પરિણમન** છે. પ્રત્યેક પર્યાય યા વર્તમાન અવસ્થા **પરિણામ** છે અને આ રીતે પરિણમન કરતા થકા ભિન્ન ભિન્ન અવસ્થાઓની પ્રાપ્તિ જેમાં થાય છે તે, અથવા તે ભિન્ન ભિન્ન અવસ્થાઓ જેની થાય છે તે અથવા તે ભિન્ન ભિન્ન અવસ્થાઓમાં–પરિણામોમાં જે અનુગત છે તે નિત્ય વસ્તુ **પરિણામી** છે. દ્રવ્ય પરિણામી છે. પર્યાય તેનું પરિણામ છે. પર્યાયાન્તર પરિણમન છે. અત્રે શંકા થાય છે કે પર્યાય અને પરિણામ શું એક જ પદાર્થ છે? સમાધાનમાં કહેવાનું કે આ બેમાં બહુ જ સૂક્ષ્મ ભેદ છે. પ્રયત્નથી અથવા સ્વભાવથી અથવા ઉભયથી દ્રવ્યોમાં જે નવા–જૂનાપણું ઉત્પન્ન થાય છે તે પરિણમનને પરિણામ કહેવાય છે અને એ દ્રવ્યોમાં જે જૂનાપણું મટીને નવાપણું અને નવાપણું મટીને જૂનાપણું થવારૂપ **પરાવૃત્તિ** તે પર્યાય કહેવાય છે.

આગળ જતાં શ્રી પ્રજ્ઞાપનામાં જીવ પરિણામ અને અજીવ પરિણામ એવા પરિણામના બે ભેદ કર્યા છે. અજીવ પરિણામના ૧૦ ભેદમાં—બંધ, ગતિ, સંસ્થાન, ભેદ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ અને શબ્દ—માત્ર પુદ્ગલના જ પરિણામો ગણાવ્યા છે. પરંતુ આકાશાદિ અરૂપી અજીવના પરિણામો ગણાવ્યા જ નથી. આથી પ્રશ્ન થાય છે કે શું અજીવ દ્રવ્યમાં માત્ર પુદ્ગલને જ પરિણામ છે? અરૂપીને કોઈ પરિણામ નથી? ના, માત્ર રૂપીને જ પરિણામ છે અને અરૂપીને નથી તેમ નથી. પરંતુ અરૂપીના પરિણામો એકરૂપ છે, તેમાં અર્થાન્તર થતું નથી. અરૂપી દ્રવ્યો તો પોતાના સ્વાભાવિક એક પરિણામમાં અવસ્થિત રહીને પરિણમન કરતા રહેતા હોવાથી ઉપરોક્ત પ્રજ્ઞાપનાની વ્યાખ્યા મુજબ અરૂપી દ્રવ્યો અપરિણામી ઠરે છે, અને આથી નવતત્ત્વમાં પણ આકાશાદિ અરૂપી દ્રવ્યોને અપરિણામી કહ્યા છે; પરંતુ સર્વથા પરિણામ રહિતતા તો કોઈ પણ પદાર્થ માટે ઇષ્ટ નથી. વળી જ્ઞાનીઓએ તો વસ્તુમાત્રને પરિણામી નિત્ય કહી છે. અરૂપી દ્રવ્યોમાં પણ પરિણમન છે પરંતુ તે પરિણમન સ્વાભાવિક અર્થાત્ સ્વાધીન છે, તે પરિણમનમાં અન્યની નિમિત્તતા નથી. અને તેથી સર્વ પરિણામો સદૃશ છે, તેમાં આપણા જ્ઞાનમાં આવે તેવી લેશમાત્ર પણ વિસદૃશતા નથી. તેના પ્રત્યેક સમયવર્તી પરિણામો એકરૂપ છે. અરૂપીના સ્વાભાવિક અને રૂપીના વૈભાવિક પરિણમનનું સ્વરૂપ આગળના ફકરામાં વિચારશું. વસ્તુમાત્રને પરિણામ છે તે ભાવને જણાવતા તત્ત્વાર્થ-

ભાષ્યમાં પરિણામનું લક્ષણ આ રીતે કર્યું છે. "ધર્માદિ દ્રવ્યો (સર્વ દ્રવ્યો) અને તેમના ગુણોનો જે સ્વભાવ અર્થાત્ તે ગુણોનું જે સ્વતત્ત્વ છે તે પરિણામ છે". ભાષ્યના આ લક્ષણથી સિદ્ધ થાય છે કે પ્રત્યેક દ્રવ્યને પરિણામ છે અને તેથી દ્રવ્ય માત્ર નિશ્ચયથી પરિણામી પણ છે. પરંતુ વ્યવહારથી જેના પરિણામો એક રૂપ–સદૃશ છે તે અપરિણામી છે અને જેના પરિણામો વિસદૃશ છે તે પરિણામી છે. અજીવ પરિણામના જે દસ ભેદ પ્રજ્ઞાપનામાં કહ્યા છે તે સર્વનો નિમ્ન ચાર પ્રકારના પુદ્ગલ પરિણમનમાં સમાવેશ થઈ શકે છે. ટૂંકમાં રૂપ–રૂપાંતર સ્વરૂપ પુદ્ગલ પરિણમનના નિમ્ન ચાર ભેદ છે.

(i) એક ક્ષેત્રસ્થાનમાં (Location) ત્યજી અન્યક્ષેત્રસ્થાનની પ્રાપ્તિ તે ક્ષેત્રસ્થાનાન્તર યા ટૂંકમાં ક્ષેત્રાંતર છે. અજીવના ગતિ પરિણમનનો ક્ષેત્રાંતરમાં સમાવેશ થાય છે.

(ii) સંકોચ–વિસ્તાર સ્વરૂપ પરિણમન થકી એક અવગાહનાસ્થાન (કદ અને સંસ્થાન) ત્યજી અન્ય અવગાહનના સ્થાનની પ્રાપ્તિને અવગાહનાસ્થાનાન્તર કહેવાય છે, ટૂંકમાં અવગાહનાન્તર પણ કહી શકાય. અવગાહનાન્તરમાં ક્ષેત્રાંતર ગર્ભિત છે, પરંતુ ક્ષેત્રાંતરમાં **અવગાહનાન્તર**નો નિયમ નથી. અજીવનું સંસ્થાન પરિણમન આ ભેદમાં આવે છે.

(iii) પુરણ ગલન ક્રિયા થકી પુદ્ગલના સ્કંધ—પ્રદેશોની હાની યા વૃદ્ધિ થતા એક દ્રવ્યસ્થાનથી અન્ય દ્રવ્યસ્થાનની પ્રાપ્તિ દ્રવ્યસ્થાનાન્તર છે. અજીવના ભેદ અને બંધ પરિણમન દ્રવ્યસ્થાનાન્તર છે.

(iv) વર્ણાદિ ગુણોના ગુણાંશોની હાનિ યા વૃદ્ધિ–કોઈ એક ગુણનું એક ભાવસ્થાન ત્યજી અન્ય હીન યા અધિક ભાવસ્થાનને પામવું તે ભાવસ્થાનાન્તર છે; અને તે તે ગુણોનું અન્ય સજાતીય ગુણોમાં પરાવર્તન તે ભાવાન્તર છે. લાલનું પીળું થવું તે ભાવાન્તર અને અલ્પ લાલાંશનું અધિક લાલાંશરૂપે પરિણમન-ભાવસ્થાનાન્તર છે. અજીવના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ અને શબ્દપરિણામોનો ભાવાન્તર યા ભાવસ્થાનાન્તરમાં સમાવેશ થાય છે.

સ્થૂલ પુદ્ગલનું સૂક્ષ્મ રૂપે, સૂક્ષ્મ પુદ્ગલનું સ્થૂલ રૂપે; અગુરુલઘુનું ગુરુલઘુરૂપે, ગુરુલઘુનું અગુરુલઘુરૂપે; એક વર્ણનું વર્ણાન્તર રૂપે ઇત્યાદિ ભાવોની પરાવૃત્તિરૂપ પરિણમન ભાવાન્તર છે, જ્યારે કોઈ એક ગુણમાં તરતમતારૂપ ભિન્ન ભિન્ન ભાવસ્થાનોની પ્રાપ્તિ તે ભાવસ્થાનાન્તર છે. જે રૂપી છે તે પરિણામી છે, જે અરૂપી છે તે અપરિણામી છે. રૂપીનું પરિણમન વૈભાવિક છે, અરૂપીનું સ્વાભાવિક છે. આ બેઉ પ્રકારના પરિણમનના સ્વરૂપનો વિચાર કરીએ.

## ૨૨. સ્વભાવપરિણામ-વિભાવપરિણામ

આપણે પહેલા પ્રકરણના પરિશિષ્ટ–૬માં જોઈ ગયા છીએ કે અરૂપી દ્રવ્યોનું

પરિણમન સ્વાધીન છે અર્થાત્ તેમના પરિણમનમાં કાળ, નિયતિ આદિ કોઈપણ નિમિત્ત નથી પરંતુ તેમનું પરિણમન પોતાના સ્વભાવને જ આધીન છે, આથી વિપરીત રૂપી દ્રવ્યોનું પરિણમન પરાધીન છે કારણ કે તેમાં કાળાદિ કારણોની નિમિત્તતા અવશ્ય હોય છે. રૂપીના પરિણમનની પરાધીનતા અને અરૂપીના પરિણમનની સ્વાધીનતામાં મૂળભૂત કારણ શું છે તે ગંભીર પ્રશ્નનો આપણે વિચાર કરીએ.

દરેક દ્રવ્ય પોતપોતાના ગુણોનો આધાર છે, અથવા કહોને કે તે તે ગુણોનો આત્મા એક જ દ્રવ્ય છે. દ્રવ્યના તે તે ગુણોનું સ્વાભાવિક યા વૈભાવિક પરિણમન અર્થાત **કાળમાં નિર્ગમન** તે જ તેના આધારભૂત દ્રવ્યની શક્તિ છે. દ્રવ્ય માત્ર પરિણામી છે તેથી પ્રત્યેક દ્રવ્ય શક્તિશાળી છે, કાર્યવંત છે. જો વસ્તુ સર્વથા અપરિણામી હોત તો તે શક્તિહીન થઈ જાય અને કોઈ પણ કાર્ય કરવા અસમર્થ જ થઈ જાય. પોત—પોતાના સ્વભાવાનુસાર અર્થક્રિયા કરતા રહેવું તે તો દ્રવ્યનું પ્રધાન લક્ષણ છે. "અર્થક્રિયા-કારિ સત્" એ શાસ્રવચન છે. વધુ સ્પષ્ટતા કરતાં શાસ્રો જણાવે છે કે :

**यदेवार्थक्रियाकारि तदेव परमार्थतः सत् ।**
**यच्च नार्थक्रियाकारि तदेव परतोऽप्यसत् ।।**

અર્થાત્ "જે અર્થક્રિયા કરનાર છે તે પરમાર્થે સત્ છે, અને જે અર્થક્રિયા કરનાર નથી તે પરમાર્થે પણ અસત્ છે". ટૂંકમાં જેમાં અર્થક્રિયાકારિત્વનો અભાવ છે તેનો ખરશૃંગવત્ અત્યંતાભાવ જાણવો. વસ્તુ સ્વતઃ પરિણામી છે. તેની પરિણમનશીલતામાં કારણભૂત વસ્તુનો પોતાનો જ 'અગુરુલઘુ' નામનો ગુણ છે. વસ્તુમાત્રમાં રહેલ આ અગુરુલઘુગુણનું સ્વરૂપ કેવળીગમ્ય છે, તે છદ્મસ્થજ્ઞાનનો વિષય નથી. જન્માંધને જેમ વર્ણના સ્વરૂપનું જ્ઞાન કરાવી શકાતું નથી તેમ આપણને અગુરુલઘુગુણનું જ્ઞાન કેવળી ભગવંતો પણ કરાવી શકતા નથી. શબ્દમાં સંપૂર્ણ અર્થનું પ્રતિપાદન કરવાની શક્તિ નથી, તેમજ ક્ષાયોપશમિક જ્ઞાનમાં અગુરુલઘુ જેવા સૂક્ષ્મ પદાર્થોનો અનુગમ કરવાની શક્તિનો પણ અભાવ છે.

રૂપી તેમજ અરૂપી હરેક પદાર્થમાં તેનો અગુરુલઘુ ગુણ નિરંતર ષટ્ગુણ હાનિ વૃદ્ધિ સ્વરૂપ પરિણમન કરતો રહે છે. ષટ્ગુણહાનિ-વૃદ્ધિનું સ્વરૂપ વિસ્તારથી ૨૪ મા પ્રકરણમાં આપ્યું છે. ટૂંકમાં જે કોઈપણ ગુણ યા શક્તિના જઘન્ય અને ઉત્કૃષ્ટ પ્રમાણની મધ્યમાં અનંત સ્થાનો પ્રાપ્ત થાય તેમાં સ્થૂલદૃષ્ટિથી છ પ્રકારની હાની અને છ પ્રકારની વૃદ્ધિ સ્વરૂપે નિરંતર પરિણમન થાય છે. જ્યારે ગુણ યા શક્તિમાં વૃદ્ધિ થતી હોય તો કોઈક કાળે તે ગુણના પરિમાણમાં તેના અનંતમા ભાગે વૃદ્ધિ થાય, કોઈ વખત અસંખ્યાતમા ભાગ પ્રમાણ વૃદ્ધિ થાય; તેવી રીતે સંખ્યાતમા ભાગ પ્રમાણ વૃદ્ધિ, સંખ્યાત ગુણ વૃદ્ધિ, અસંખ્યાત ગુણ વૃદ્ધિ અને છેલ્લે અનંતગુણ વૃદ્ધિ એ રીતે ઉત્તરોત્તર વધુ ને

વધુ વેગ પૂર્વક છ પ્રકારે–પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિથી અનંત પ્રકારે–વૃદ્ધિ પરિણમન થાય છે. આવી જ રીતે હાની પણ છ પ્રકારે થાય છે. અત્યંત મંદ વેગે હાની તે ગુણના પરિમાણમાં અનંતમા ભાગ પ્રમાણ હાની, તેથી ઉપર અસંખ્યાતમા ભાગ પ્રમાણ હાની, તેથી ઉપર સંખ્યેય ભાગ હાની, પછી સંખ્યગુણ હાની, અસંખ્યગુણ હાની અને છેલ્લે અનંતગુણની હાનીમાં તે ગુણનું પરિમાણ અનંતમા ભાગ પ્રમાણ જ રહે છે.

જેવી રીતે ક્ષેત્રાંતરગમન સ્વરૂપ રૂપીના પરિણમનમાં અર્થાત્ ગતિ પરિણમનમાં તે પરિણમનની દિશા તેમજ તે ગતિને વેગ ( Velocity ) અને કયારેક પ્રવેગ ( Acceleration ) હોય છે તેવી જ રીતે રૂપી તેમજ અરૂપી દ્રવ્યોના હર કોઈ પ્રકારના પરિણમનને પોત—પોતાના સ્થાનને યોગ્ય "દિશા," "વેગ" અને "પ્રવેગ" પણ હોય છે. આ દિશા, વેગાદિ પરિણમનના અવયવો ( Factors ) કહી શકાય. પદાર્થ માત્રના અગુરુલઘુગુણના પરિણમનના આ અવયવોનું સામૂહિક પરિણામ ( Resultant ) વિલક્ષણ જ હોય છે. કોઈપણ બે પરમાણુ યા બે જીવના તેમજ કોઈપણ બે સજાતીય યા વિજાતીય દ્રવ્યના અગુરુલઘુગુણના પરિણમનના આ અવયવો અને તે થકી નિર્માણ થતી તે તે વ્યક્તિગત દ્રવ્યની પરિણમન "ચીલા" ( Locus ) વિલક્ષણ જ હોય છે. આ પ્રકારની દ્રવ્યમાત્રની પરિણમન "ચીલા"ની વિલક્ષણતા માનવા માટે નીચેના હેતુઓ છે.

(i) ગમે તેમ પરિણમન કરતા છતાં પુદ્ગલ પુદ્ગલ જ રહે છે. જીવ જીવ જ રહે છે. કોઈ પણ દ્રવ્ય ગમે તેમ પરિણમન કરવા છતાં પણ પોતાની જાતિ જાત્યંતરને પ્રાપ્ત કદાપિ ન થાય તેમજ કોઈ પણ પરમાણુ યા જીવ પોતાનું વ્યક્તિત્વ કદાપિ ગુમાવતું નથી. પરમાણુ 'અ' અને 'બ' નો બંધ થઈ દ્વિપ્રદેશી સ્કંધ પ્રાપ્ત થાય. આ રીતે પરમાણુ 'અ' અને 'બ' પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ ખોઈ દ્વિપ્રદેશી સ્કંધના અવયવ બની જાય છે, છતાં પણ કાળાંતરે તે છૂટા પડી પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ પ્રાપ્ત કરી જ લે છે.

(ii) દ્રવ્યના અનેક ગુણો કદાપિ છૂટા પડતા નથી. પુદ્ગલના વર્ણ, ગંધાદિ ગુણો પોતાના દ્રવ્યથી કદાપિ છૂટા પડતા નથી. તેવી જ રીતે જીવના જ્ઞાન, દર્શનાદિ ગુણો જીવથી છૂટા પડતા નથી.

આ રીતે રૂપી તેમ જ અરૂપી દ્રવ્યોના અગુરુલઘુગુણની પરિણમન "ચીલા" વિલક્ષણ હોવા છતાં પણ તે અગુરુલઘુગુણના પરિણમન અનુસાર રૂપીના ચારે પ્રકારના પરિણમનમાં એક મૌલિક ભેદ છે.

બે બાદર પરિણામી રૂપી દ્રવ્યો પોતપોતાના સ્વાભાવિક વેગ અને દિશામાં ક્ષેત્રાંતર ગમન કરતા કોઈ એક કાળે એક ( ટકરામણને યોગ્ય ) વિશેષ ક્ષેત્રસ્થાન પ્રાપ્ત કરે છે ત્યારે એક બીજા સાથે ટકરાય છે અને આ ટકરામણના કારણે બેઉ દ્રવ્યોના ક્ષેત્રાંતર પરિણમનની દિશા તેમ જ વેગમાં અર્થાન્તર થાય છે. કોઈ એકના વેગમાં

હાની તો અન્યના વેગમાં વૃદ્ધિ થાય છે અને બેઉના ક્ષેત્રાંતરની દિશા પણ અમુક નિયમોને આધીન થઈ વિદિશાને પ્રાપ્ત કરે છે. આધુનિક વિજ્ઞાનના સિદ્ધાન્ત અનુસાર ટકરામણ પછી રૂપી દ્રવ્યોના ક્ષેત્રાંતર પરિણમનની દિશા અને વેગમાં જે અર્થાન્તર થાય છે તે "કોનઝરવેશન ઓફ મોમેન્ટમ"ના નિયમને આધીન રહીને થાય છે. જેવી રીતે ક્ષેત્રસ્થાનાન્તર પરિણમન કરતા બે રૂપી દ્રવ્યો કોઈ એક કાળે એક વિશેષ ક્ષેત્રસ્થાનમાં આવતા તે બેઉ વચ્ચે ટકરામણ થાય છે તેવી જ રીતે રૂપીના અન્ય ભાવાદિ સ્થાનાન્તર પરિણમન કરતા બે રૂપી દ્રવ્યો કોઈ એક કાળે વિશેષ ભાવાદિસ્થાને આવતા તેમની વચ્ચે "ટકરામણ" થાય છે અને અન્યોન્ય ભાવાદિ સ્થાનાન્તરની "દિશા" અને "વેગ" પણ ચોક્કસ નિયમાનુસાર અર્થાન્તરને પ્રાપ્ત કરે છે. આવી રીતે એકબીજાના પરિણમનની "ચીલા"નું ટકરાવવું અને તેથી એક બીજાના પરિણમનની "દિશા" અને "વેગ"નું અર્થાન્તર થવું તે જ તો રૂપીનું વૈભાવિક પરિણમન છે. ટૂંકમાં એકબીજાના પરિણમનમાં–અર્થાન્તરની પ્રાપ્તિમાં નિમિત્ત બનવું તે રૂપીનો વિભાવ સ્વભાવ છે. અરૂપી દ્રવ્યોના અગુરુલઘુગુણના પરિણમનની "ચીલા"ની વિલક્ષણતા એ છે કે તેઓના પરિણમનની "ચીલા" કદાપિ એકબીજા સાથે ટકરાતી નથી જેથી તેઓનું પરિણમન હંમેશા સ્વાભાવિક સ્વરૂપમાં રહીને જ થયા કરે છે. તેઓના પરિણમન પ્રવાહમાં કોઈ પણ અન્ય દ્રવ્ય લેશમાત્ર પણ ડખલ કરી શકતા નથી. જો રૂપી દ્રવ્યો, દા.ત. બે ગોળ દડાઓ ભિન્ન ભિન્ન સમાંતર પ્રતરમાં રહીને ગમે તેમ ક્ષેત્રાન્તર ગમન કરે તો તેઓ વચ્ચે કદાપિ ટકરામણ થતી નથી. આજના જેટ યુગમાં આકાશમાં હજારો વિમાનો ભિન્ન ભિન્ન દિશામાં નિરંતર ક્ષેત્રાંતર ગમન કરતા હોય છે છતાં પણ એક બીજા સાથે અથડાતા નથી તેમાં પણ આજ કારણ છે. કોઈ પણ નિર્ધારિત દિશામાં ગમન કરતા વિમાને કેટલી ઊંચાઈમાં રહીને ઉડ્ડયન કરવું તેના આંતરરાષ્ટ્રીય માન્ય નિયમો ઘડવામાં આવ્યા છે. સામસામી દિશામાં ઉડ્ડયન કરતા બે વિમાનો ભિન્ન ભિન્ન ઉંચાઈમાં રહીને ક્ષેત્રાન્તર ગમન કરતા હોવાથી અર્થાત્ ભિન્ન ભિન્ન સમાંતર પ્રતરમાં તેમની ક્ષેત્રાન્તરગમનની "ચીલા" હોવાથી તેઓ વચ્ચે અથડામણ ન થાય તે સ્વાભાવિક છે. આવી જ રીતે અરૂપી દ્રવ્યોના અગુરુલઘુગુણના પરિણમનની "ચીલા" વચ્ચે ટકરામણ ન થવાનો કારણો પણ ઘટાવી શકાય છે.

પુદ્ગલ દ્રવ્યના વિભાવસ્વભાવનું મૂળભૂત કારણ તેનો જ ગ્રહણગુણ છે. ગ્રહણ-ગુણ એ પુદ્ગલનો પરમભાવ (Fundamental property) છે. ગ્રહણ ગુણ એટલે પુદ્ગલની એકબીજા સાથે બંધાઈને સ્કંધ પરિણામ પામવાની યોગ્યતા. બે પુદ્ગલ પરમાણુનો સ્નેહગુણ (રૂક્ષ અને સ્નિગ્ધ સ્પર્શ) પરસ્પર ટકરામણ (બંધ) યોગ્ય ભાવસ્થાનને પ્રાપ્ત કરે છે ત્યારે તે બેઉ પરમાણુમાં બંધસ્વરૂપની "ટકરામણ" થાય

છે જેથી તે બેઉના સ્નેહગુણનું સ્વાભાવિક પરિણમન વિભાવદશાને પ્રાપ્ત કરે છે.

એક બીજા સાથે બંધ પામવાની પુદ્‌ગલની યોગ્યતા અનાદિકાલીન છે અને તે યોગ્યતા કદાપિ નષ્ટ નથી થતી તેથી અનંત છે. સંસારી જીવની પણ પુદ્‌ગલ સાથે બદ્ધ-સંબંધ પામવાની યોગ્યતા અનાદિકાલીન છે પરંતુ પુદ્‌ગલ સંબંધથી મુક્ત થયે જીવની આ યોગ્યતા હંમેશ માટે નાશ પામે છે. કારણ કે જીવની આ યોગ્યતા સ્વાભાવિક નહોતી પરંતુ પુદ્‌ગલ સંબંધથી પ્રાપ્ત થઈ હોવાથી વૈભાવિક હતી. આથી જ તો પુદ્‌ગલ સંબંધથી સંપૂર્ણપણે મુક્ત થયેલો જીવ પોતાના સ્વભાવમાં આવી જાય છે અને પછી કદાપિ તે વિભાવ દશાને પામતો નથી અર્થાત્ મુક્ત થયેલો જીવ ફરીથી સંસારમાં કદાપિ આવતો નથી.

કોઈપણ બદ્ધ અવસ્થા વિભાવ પરિણામ છે અને અબદ્ધ અવસ્થા સ્વભાવ પરિણામ છે. પુદ્‌ગલની પરમાણુ અવસ્થા પુદ્‌ગલનો સ્વભાવ પરિણામ છે અને સ્કંધ પુદ્‌ગલનો વિભાવ પરિણામ છે. તેવી જ રીતે સંસારી જીવ ચેતનાનો વિભાવ પરિણામ છે અને પુદ્‌ગલ સંબંધથી મુક્ત થયેલો સિદ્ધ જીવ ચેતનાનો સ્વભાવ પરિણામ છે. પોતાના સ્વાભાવિક પરિણામોમાં રમતા બે પરમાણુઓ બદ્ધસંબંધને પ્રાપ્ત કરે છે ત્યારે તે બેઉ પરમાણુના સ્વતંત્ર વ્યક્તિત્વનો તેમજ તેમના સ્વાભાવિક પરિણમનનો લોપ થાય છે અને તેઓ દ્વિઅણુક સ્કંધસ્વરૂપ એક દ્રવ્યના પ્રદેશ યાને કે અવયવ બની જાય છે. જે સ્વાધીન બે હતા તે પરાધીન એકરૂપ થઈ ગયા. આ એક દ્રવ્યરૂપ બે—પ્રદેશી સ્કંધનું પરિણમન તે સ્કંધ જેના બંધથી બનેલો છે તે બેઉ પરમાણુના પરિણમનના સરવાળા સમાન હોવા છતાં પણ તે બેઉ પરમાણુથી વિલક્ષણ જ છે. આ વિલક્ષણ પરિણામ જ પુદ્‌ગલનો વિભાવપરિણામ છે. તેવી જ રીતે જીવ અને પુદ્‌ગલના સંબંધથી એક સંસારી જીવ પરિણામ પ્રાપ્ત થાય છે જેમાં જીવનું ચેતનસ્વરૂપ પણ છે અને પુદ્‌ગલનું રૂપીપણું પણ છે છતાં પણ તે શુદ્ધ ચેતના અને શુદ્ધ પુદ્‌ગલથી વિલક્ષણ જ છે, અને તેથી તે જીવનો વિભાવ પરિણામ છે. પુદ્‌ગલ પુદ્‌ગલના બંધથી ઉત્પન્ન સ્કંધ સજાતીય વિભાવ પરિણામ છે જ્યારે જીવ અને પુદ્‌ગલના બદ્ધસંબંધથી ઉત્પન્ન સંસારી જીવ વિજાતીય વિભાવ પરિણામ છે.

અત્રે ખાસ નોંધનીય બાબત એ છે કે પરમાણુ એ પુદ્‌ગલનો સ્વભાવ પરિણામ હોવા છતાં પણ તે પરમાણુમાં અન્ય પુદ્‌ગલ સાથે બદ્ધસંબંધને પ્રાપ્ત કરી વિભાવ-પરિણામ પામવાની યોગ્યતાનો કદાપિ નાશ થતો નથી. કાળાંતરે પણ તે અન્ય પરમાણુ યા સ્કંધ સાથે બંધાઈને વિભાવદશાને અવશ્ય પ્રાપ્ત કરે છે. સ્વભાવસ્થ પરમાણુની વિભાવ પરિણામ પ્રાપ્ત કરવાની આ યોગ્યતાની અપેક્ષાએ પુદ્‌ગલનું પરિણમન સર્વથા વૈભાવિક કહી શકાય. આથી વિપરીત અરૂપી દ્રવ્યો કદાપિ અન્ય દ્રવ્ય સાથે બંધાતા જ ન હોવાથી અરૂપીનું પરિણમન સર્વથા સ્વાભાવિક છે.

## ૨૩. રૂપી-અરૂપીનું અનેક પ્રકારે વિરોધી સ્વરૂપ :

રૂપી પુદ્‌ગલ પણ દ્રવ્ય છે અને અરૂપી આકાશાદિ પણ દ્રવ્ય છે. બેઉ દ્રવ્ય હોવાથી અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વાદિ દ્રવ્યના સાધારણ ગુણધર્મો બેઉમાં પ્રાપ્ત થાય છે. પરંતુ રૂપી અને અરૂપીના સ્વભાવમાં તો આસમાન—જમીનનું અંતર છે. અત્રે આપણે પરસ્પરવિરોધી એવા પ્રત્યેક સ્વભાવયુગલના સ્વરૂપનો કંઈક ઊંડાણથી વિચાર-વિમર્શ કરીશું.

### (i) વ્યાબાધ-અવ્યાબાધ સ્વભાવ :

અરૂપી સ્વાધીન તત્ત્વ છે કારણ કે તેનું પરિણમન માત્ર પોતાના સ્વભાવને જ આધીન છે—સ્વાભાવિક છે. આ સ્વાભાવિક પરિણમન અન્ય થકી બાધિત થાય તો તો તે વિભાવદશાને પ્રાપ્ત કરે પરંતુ અરૂપીનું પરિણમન કદાપિ વિભાવદશા પ્રાપ્ત કરતું નથી તેથી અરૂપી અન્ય થકી બાધિત થતા નથી તેમજ અન્યને બાધક પણ બનતા નથી. એક જ ક્ષેત્રમાં રહેવા છતાં પણ અરૂપી દ્રવ્યો અન્ય કોઈપણ દ્રવ્યને બાધાકર્તા નથી, તેમજ અન્ય થકી બાધિત થતા પણ નથી. પાણીમાં તમારો ( રૂપી ) પગ મૂકતા જ તમારા પગને જગ્યા કરી આપવા પાણીને હટવું પડે છે કારણ કે પાણી રૂપી છે. પરંતુ તમારા પગ થકી અવગાહિત આકાશને હટવું પડતું નથી કારણ કે આકાશ અરૂપી છે. તમારો જળપ્રવેશ જળને બાધક બને છે તેમ જળ પણ તમારા પગને બાધક બને છે કારણ કે તમારા પગ જળથી ભીંજાય છે અને જળની ઠંડક તમારા પગને સ્પર્શે છે–આકાશને જળની ઠંડક સ્પર્શતી નથી, આકાશ જળથી ભીંજાય નહિ. આગથી ઝૂંપડું બળે પણ તે ઝૂંપડાનું અવગાહનક્ષેત્ર ન બળે. ભીંતમાં કાણું પડે પરંતુ ભીંત અવગાહિતક્ષેત્રમાં ન પડે. આકાશ અરૂપી છે. તેના પ્રદેશને લેશમાત્ર પણ ચલિત કરવાની કોઈપણ દ્રવ્યમાં ક્ષમતા નથી. સિદ્ધાત્મા અરૂપી છે. સિદ્ધક્ષેત્રમાં અનંતાનંત આત્માઓ એક જ ક્ષેત્ર વિષે રહે છે પરંતુ એક બીજાને બાધક બનતા નથી. સિદ્ધક્ષેત્રમાં હજાર એટમબોમ ફોડવામાં આવે તોપણ સિદ્ધાત્માના એક પ્રદેશમાં પણ લેશમાત્ર હલચલ થતી નથી. આવી રીતે એક જ ક્ષેત્રમાં રહેવા છતાં પણ એક—બીજાથી બાધા પામવી નહિ તેમજ એક—બીજાને બાધક બનવું નહિ તે અરૂપી દ્રવ્યોનો **અવ્યાબાધ** સ્વભાવ છે. જે દ્રવ્યોમાં અન્ય કોઈ પણ દ્રવ્ય સાથે બદ્ધસંબંધ પ્રાપ્ત કરવાની યોગ્યતાનો સદંતર અભાવ છે તે ધર્મ, અધર્મ, આકાશ અને સિદ્ધ જીવ અર્થાત્ અરૂપી દ્રવ્યો અવ્યાબાધિ છે. આથી વિપરીત પુદ્‌ગલ અને તેના સંબંધ થકી સંસારી જીવ અર્થાત્ રૂપી દ્રવ્યોનો વ્યાબાધ સ્વભાવ છે કારણ કે અન્યોન્ય સજાતીય યા વિજાતીય બદ્ધસંબંધને પ્રાપ્ત કરી યા તો અન્ય અનેક નિમિત્તોને પ્રાપ્ત થઈ એક બીજાના સ્વાભાવિક પરિણામોને બાધક બની વૈભાવિક એક પરિણામને તેઓ પ્રાપ્ત કરે છે.

અવ્યાબાધસ્વભાવ અરૂપી દ્રવ્યો અન્ય રૂપી કે અરૂપી કોઈ પણ દ્રવ્યને કે તેના ગુણ યા પર્યાયને આવૃત, અંતરિત યા વિકૃત કરી શકતા નથી તેમજ સ્વયં પણ અન્ય કોઈ પણ દ્રવ્યથી આવૃત અંતરિત યા વિકૃત થતા નથી. ટૂંકમાં અરૂપી દ્રવ્યો અન્ય કોઈને ઢાંકતા નથી, અન્ય કોઇથી સ્વયં ઢંકાતા નથી; અન્યને અંતરાયરૂપ બનતા નથી કે અન્ય થકી અંતરિત થતા નથી; અન્યમાં વિકાર ઉત્પન્ન કરતા નથી કે અન્યથી વિકાર પામતા નથી. આથી વિપરીત વ્યાબાધસ્વભાવ રૂપી દ્રવ્યો એકબીજાથી ઢંકાય, એક બીજાના પરિણમનમાં અંતરાયકર્તા પણ બને અને એકબીજામાં વિકાર પણ ઉત્પન્ન કરે. અરૂપી આકાશ અન્ય સર્વ દ્રવ્યોને ચારેકોરથી ઘેરી વળ્યો હોવા છતાં પણ તે કોઈપણ દ્રવ્યને કે તેના ગુણ-પર્યાયને આવરણરૂપ બનતો નથી, અન્યના પરિણમન પ્રવાહમાં લેશમાત્ર પણ અંતરાય કરતો નથી યા અન્ય કોઈપણ પ્રકારે તેમનામાં વિકાર ઉત્પન્ન કરતો નથી. આથી વિપરીત પુદ્ગલના પરિણામસ્વરૂપ વાદળા સૂર્યબિંબને તેમજ તેમાંથી નીકળતા પ્રકાશને આચ્છાદિત કરે છે, નદીપ્રવાહના માર્ગમાં આવતો પહાડ નદીના વહેણને અંતરાયકર્તા બને છે. લિંબુનું એક ટીપું દૂધની પ્રકૃતિને વિકૃત કરી નાખે છે.

ઘાત-આઘાત-પ્રત્યાઘાત, અથડામણ, ટકરામણ, ઘર્ષણ, બંધન, ભેદન, છેદન, જલન, આચ્છાદન, અવરોધન, વિચલન, વિકરણાદિ પરિણામો વ્યાબાધસ્વભાવ એવા રૂપી દ્રવ્યોમાં જ શકય છે, અરૂપીમાં બીલકુલ નહિ. રૂપીની પ્રકૃતિ વિકૃત તેમ જ સંસ્કૃત પણ થઈ શકે પણ અરૂપીની પ્રકૃતિમાં શુભ કે અશુભ કોઈપણ પ્રકારે વિકાર ઉત્પન્ન થઈ શકતો નથી. અત્રે કોઈ શંકા કરે છે :

સૂક્ષ્મ પ્રત્યેક તેમજ સાધારણ જીવો તેમજ પરમાણુ આદિ સૂક્ષ્મ પુદ્ગલો, જે રૂપી હોવા છતાં પણ અગ્નિથી બળતા નથી, પાણીથી ભીંજાતા નથી અને ગમે તેવા તીક્ષ્ણ શસ્ત્રથી પણ છેદાતા નથી. આથી આ રૂપી દ્રવ્યો પણ અવ્યાબાધસ્વભાવને પ્રાપ્ત કરે છે. શંકાકારની આ વાત બરાબર નથી. સૂક્ષ્મ જીવો તેમજ સૂક્ષ્મપરિણામી પુદ્ગલ સ્થૂલ દ્રવ્યો થકી બાધા પામતા નથી પરંતુ અન્ય દ્રવ્યોથી બીલકુલ બાધા નથી પામતા તે કહેવું યોગ્ય નથી. સૂક્ષ્મ જીવોનું આયુષ્ય ઉપક્રમને પ્રાપ્ત થાય છે, શરીરનામકર્મના ઉદયે તેમનામાં કાયયોગ થાય છે, અને યોગ થકી કર્મોનો બંધ પણ થાય છે. આથી સૂક્ષ્મ જીવો અવ્યાબાધ સ્વભાવવાળા ન કહી શકાય. શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે કે અત્યંત વેગપૂર્વક ગતિ કરતા બે પરમાણુઓમાં પ્રતિઘાત પણ થાય છે. વળી પરમાણુ પણ નિમિત્ત પ્રાપ્ત થતા અન્ય પુદ્ગલ સાથે બદ્ધસંબંધને પ્રાપ્ત કરે છે અને વિભાવદશાને પ્રાપ્ત કરે છે, તેમજ અન્ય સૂક્ષ્મ પુદ્ગલોમાં પણ ભેદ-સંઘાત પરિણામો થાય છે. સ્થૂલ પુદ્ગલ સૂક્ષ્મ પરિણામ ધારણ કરે, સૂક્ષ્મ પુદ્ગલ સ્થૂલ પરિણામ પણ ધારણ કરે પરંતુ પુદ્ગલ કદાપિ અરૂપી જેવો અવ્યાબાધ પરિણામ પ્રાપ્ત કરી શકે નહિ.

(ii) **સક્રિય–અક્રિય ( અક્ષયસ્થિતિ ); સાકાર-નિરાકાર :**

પુદ્ગલ અને તેના સંબંધથી સંસારી જીવ સક્રિય તત્ત્વ છે કારણ કે તેમના પ્રદેશપિંડમાં અનેક પ્રકારની ગતિ ક્રિયા–ક્ષેત્રસ્થાનાન્તર ક્રિયા થાય છે. શ્રી ભગવતી સૂત્રમાં પુદ્ગલની ગતિક્રિયાના અનેક ભેદ–જેવા કે એયઈ, ચલઈ, ફંદઈ, ઘાત્તઈ, કુબ્વઈ, ઉદીરઈ આદિ જણાવ્યા છે. તે બધાનો સ્પષ્ટ અર્થ મારી સમજમાં આવતો નથી પરંતુ આધુનિક વિજ્ઞાનમાં ગતિ પરિણામના મૂળભૂત ત્રણ ભેદ પ્રસિદ્ધ છે. આ ત્રણ ભેદ એટલે પરિગમન ( Transletion ) પરિભ્રમણ ( Rotation ) અને પરિસ્પંદન ( Vibration ) પુદ્ગલ દ્રવ્યમાં અર્થાત્ રૂપી દ્રવ્યોમાં અનેક પ્રકારના ગતિ પરિણામો થતા હોવાથી રૂપી દ્રવ્ય **સક્રિય** છે. અવગાહન સ્થાનાન્તર પરિણમન થકી –સંકોચ વિસ્તાર સ્વરૂપ ક્રિયા થકી રૂપી દ્રવ્યો અનેક આકાર–સંસ્થાન ધારણ કરતા હોવાથી રૂપી સાકાર છે. આથી વિપરીત આકાશાદિ અરૂપી દ્રવ્યોમાં–તેમના પ્રદેશ-પિંડમાં કોઈ પણ પ્રકારે ગતિ—પરિણામ થતો નથી. અરૂપી દ્રવ્યોની ક્ષેત્રમાં **અક્ષય-સ્થિતિ** છે. તેમના સંસ્થાનમાં કે કદમાં કદાપિ અર્થાન્તર થતું નથી. સદાએ તેઓ પોતાના એક જ આકારમાં સ્થિત રહેતા હોવાથી તેમને **નિરાકાર** કહેવાય છે. તેમના પ્રદેશપિંડમાં ગતિ પરિણામ ન થતો હોવાથી અરૂપી દ્રવ્યો અક્રિય છે.

દ્રવ્યની શક્તિના બે ભેદ છે–ક્રિયાવતી શક્તિ અને ભાવવતી શક્તિ. પ્રદેશ ચલનાત્મક પરિણમન ક્રિયાવતી શક્તિ છે જે માત્ર રૂપી દ્રવ્યોમાં જ પમાય છે. ગુણ યાને ભાવમાં હાની-વૃદ્ધિ સ્વરૂપ જે પરિણમન થાય છે તે દ્રવ્યોની ભાવવતી શક્તિ છે અને તે રૂપી તેમજ અરૂપી બેઉ પ્રકારના દ્રવ્યોમાં પમાય છે.

ગમનાગમન, પરિભ્રમણ, પરિસ્પંદન, કંપનાદિ હર પ્રકારે પ્રદેશચાંચલ્ય સ્વરૂપમાં ક્ષેત્રસ્થાનાન્તર પરિણમન કરતા થકા સમગ્ર પુદ્ગલરાશિના પ્રત્યેક પ્રદેશે આ લોકના એકેએક પ્રદેશનો અનંતાનંત વખત સ્પર્શ કરી પોતાની "સક્રિય" સંજ્ઞાને સાર્થક કરી છે. અવગાહન સ્થાનાન્તર કરતા થકા પુદ્ગલસ્કંધોએ અસંખ્ય આકૃતિઓ ( સંસ્થાન ) અનંતાનંત વખત ધારણ કરી પોતાનું અનેકાકારપણું અર્થાત્ સાકારપણું સિદ્ધ કર્યું છે. દ્રવ્યસ્થાનાન્તર કરતા થકા સમગ્ર પુદ્ગલરાશિના પ્રત્યેક પ્રદેશે અનંતાનંત વખત અપ્રદેશી પુદ્ગલદ્રવ્યસ્થાન ( પરમાણુપણું ), દ્વિપ્રદેશી પુદ્ગલ દ્રવ્યસ્થાન, તેમજ ત્રિપ્રદેશી, ચાર પ્રદેશી યાવત્ સંખ્યાતપ્રદેશી, અસંખ્યાતપ્રદેશી, અનંતપ્રદેશી, અનંતાનંતપ્રદેશી પુદ્ગલદ્રવ્યસ્થાન પ્રાપ્ત કરી લીધું છે અને વળી આ રૂપી દ્રવ્યના વર્ણ, ગંધાદિ પ્રત્યેક ગુણ અર્થાત્ ભાવના જઘન્યથી લઈ ઉત્કૃષ્ટ સુધી તરતમતાએ જે અનંત ભાવસ્થાનો પ્રાપ્ત થાય છે તે સર્વસ્થાનોને અનંતાનંત વખત આ પુદ્ગલરાશિએ ભાવસ્થાનાન્તર પરિણમન કરતા થકા પ્રાપ્ત કર્યા હોઈ પોતાનું બહુરૂપી અને બહુનામી-પણું સિદ્ધ કરી 'રૂપી' અને 'નામી' સંજ્ઞાને સાર્થક કરી છે.

આથી વિપરીત અક્રિય હોવાથી અરૂપીના પ્રદેશપિંડમાં લેશમાત્ર પણ ચંચળતાનો અવકાશ જ ન હોવાથી ગમનાગમન, પરિભ્રમણ, કંપન યા પરિસ્પંદનાદિ કોઈપણ પ્રકારે ક્ષેત્રસ્થાનાન્તર સ્વરૂપ પરિણમનનો અરૂપી દ્રવ્યોમાં સદંતર અભાવ છે અને તે જ કારણે આકાશમાં તેમની એકાકાર અવગાહનામાં અર્થાન્તર થતું નથી યાને કે અવગાહના—સ્થાનાન્તરસ્વરૂપ પરિણમન પણ તેમનામાં નથી. વળી અરૂપીમાં બંધ-ભેદ પરિણામ પણ ન હોવાથી ત્યાં દ્રવ્યસ્થાનાન્તર પરિણમન પણ નથી. અરૂપીમાં તેમનો અગુરુલઘુગુણ ષટ્ગુણ હાનીવૃદ્ધિસ્વરૂપ પરિણમન કરતો હોવા છતાં પણ અરૂપી દ્રવ્યોના પોતપોતાના અસાધારણ ગુણોમાં હાની વૃદ્ધિસ્વરૂપ પરિણમન નથી અર્થાત્ તે તે ગુણો સદા કાળ એક જ ભાવસ્થાનમાં રહીને વર્તે છે. આમ અરૂપી દ્રવ્યોમાં ભાવ-સ્થાનાન્તર સ્વરૂપ પરિણમનનો પણ અભાવ પ્રાપ્ત થાય છે.

### (iii) સમ-વિષમ, સકળ-વિકળ; પૂર્ણ-અપૂર્ણ; સમસમુચ્ચય-ક્રમ સમુચ્ચય :

અરૂપીના પરિણમન સંબંધમાં એક જટીલ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. અરૂપી દ્રવ્યોમાં ક્ષેત્રસ્થાનાન્તર, અવગાહનસ્થાનાન્તર; દ્રવ્યસ્થાનાન્તર અને ભાવસ્થાનાન્તર સ્વરૂપ હરકોઈ પ્રકારના પરિણમનનો અભાવ છે અર્થાત્ તેના સમય સમયના પરિણામોમાં કોઈ પણ પ્રકારે વિસદૃશતા જ નથી તો તે પરિણામોમાં અનેકતા જ નથી. તે એક જ પરિણામ છે, અને પરિણામોના પ્રવાહ જેવું કંઈ નથી. અરૂપી તેના એક ભાવમાં સ્થિર છે; અને સ્થિર છે તેથી શક્તિહીન છે.

અરૂપીના પરિણમન સંબંધી આ શંકા અયોગ્ય છે. પ્રતિસમયના પરિણામોમાં વિસદૃશતા હોવી જ જોઈએ તેવો નિયમ નથી. પ્રતિસમયના અરૂપીના પરિણામોમાં કોઈ પણ પ્રકારની વિષમતા યાને કે વિસદૃશતા નથી તેથી તે દ્રવ્યનું પરિણામ સ્થિર છે અને તેથી અરૂપી શક્તિહીન છે તે વાત તો બાજુ પર રહી પરંતુ આ પરિણામોની સદૃશતા તો અરૂપીની મહાન શક્તિ છે. અરૂપી દ્રવ્ય કે તેના ગુણ યા પર્યાયને કોઈ આચ્છાદિત કરી શકતું નથી તેથી પ્રતિસમયના તેના પરિણામોમાં તેની સંપૂર્ણ શક્તિ પ્રગટ જ રહે છે, તેની શક્તિનો એક અંશ પણ દબાયેલો કે આવૃત રહેતો નથી. સંપૂર્ણતાના ભેદ ન હોય. અપૂર્ણતા અનેક ભેદે થાય તેથી અરૂપીના સંપૂર્ણ શક્તિવંત પ્રત્યેક પરિણામમાં વિસદૃશતા કઈ રીતે સંભવે? અલબત્ત ન જ સંભવે. પ્રતિસમયના તેના પરિણામોમાં અરૂપીની સંપૂર્ણ શક્તિ વિસ્ફૂરિત રહેતી હોવાથી અરૂપીનું પરિણમન સકળ શક્તિવંત, સંપૂર્ણશક્તિ સહિત જ હોય છે. આથી અરૂપી સમ, સકળ અને સંપૂર્ણ તત્ત્વ છે-તેના પરિણામોમાં અપૂર્ણતા, વિષમતા યા વિકળતાનો લેશ પણ સંભવ નથી.

આવું સદૃશ, અવિષમ યાને સમરૂપ, સંપૂર્ણ અને સકળ શક્તિપૂર્વકનું પરિણમન એક સામાન્ય દીપકના દૃષ્ટાંતથી સમજી શકાય છે. હવાનો જ્યાં બીલકુલ સંચાર નથી

તેવા બંધ ઓરડાના એક ખૂણામાં ઘીનો દીવો મૂકયો છે તેની કલ્પના કરો. હવાનો સંચાર નથી તેથી તે દીપકની દીપશિખા એકાકારે સ્થિર રહી સતત પ્રકાશ રેલાવ્યા કરે છે. આ દીપકની દીપશિખામાં લેશમાત્ર પણ ચંચળતા નથી. તેના પ્રકાશમાં બીલકુલ હીનાધિકતા પણ થતી નથી. પ્રતિસમય તેમાંથી એક સરખો પ્રકાશ વહે જાય છે. પ્રતિસમય નવીન નવીન પ્રકાશ તેમાંથી નીકળે છે. આથી શું દીપક પરિણમન નથી કરી રહ્યો ? અલબત્ત તે નિરંતર નવીન પ્રકાશ રેલાવતો સતત પરિણમન કરી રહ્યો છે. આવી જ રીતે અરૂપી દ્રવ્યોમાંથી તેની સંપૂર્ણ શક્તિનો પ્રવાહ એકધારો અવિષમતાપૂર્વક, સફળતાપૂર્વક, નિરંતર વહી રહ્યો હોય છે. હર કોઈ દ્રવ્ય નિજશક્તિનો અખૂટ ભંડાર છે. ગુણનું પરિણમન યાને ગુણનું કાળમાં નિર્ગમન તે જ તે ગુણની શક્તિ છે. તેલ અને તેલની ધારમાં જેવો ભેદ છે, તેવો ગુણ અને તેની શક્તિમાં ભેદ છે અને જેવો તેલ અને તેલની ધારમાં અભેદ છે તેવો ગુણ અને શક્તિમાં અભેદ છે. દ્રવ્ય તેના સર્વ ગુણોનો સમૂહ છે. અરૂપીના તે સર્વ ગુણોનો સમુચ્ચય ( સમૂહ ) પોત-પોતાના ઉત્કૃષ્ટ સ્થાનમાં રહી વિસદૃશતા પ્રાપ્ત કર્યા વિના અર્થાત્ સમ ( અવિષમ ) સ્વરૂપમાં રહીને પરિમણન કરતા હોવાથી અરૂપીના પરિણમનને "સમસમુચ્ચય" સંજ્ઞાથી વિશેષિત કરીશું.

અરૂપી આકાશાસ્તિકાયના પ્રત્યેક પ્રદેશમાં અનંતાનંત અવગાહનપ્રદાન શક્તિ વિદ્યમાન છે અને તે સંપૂર્ણ શક્તિ અનાવૃત છે, પ્રગટ છે. તેથી જ લોકાકાશનાં પ્રત્યેક પ્રદેશને અનંતાનંત સ્વતંત્ર પુદ્ગલ પરમાણુઓ, એક જ પ્રદેશને અવગાહીને રહેતા અનંતાઅનંત પ્રદેશી સ્કંધો, અનંતાનંત જીવ પ્રદેશો, ધર્માસ્તિકાય તેમજ અધર્માસ્તિકાયનો એક એક પ્રદેશ અવગાહીને રહ્યા છે. જો જીવ અને પુદ્ગલરાશિમાં તથા પ્રકારની યોગ્યતા હોત તો સમગ્ર જીવરાશિ, સમગ્ર પુદ્ગલરાશિને પોતાના એક જ પ્રદેશમાં સમાવી લેવાની શક્તિ આકાશના એક એક પ્રદેશમાં વિદ્યમાન છે.

તેવી જ રીતે અરૂપી ધર્માસ્તિકાયમાં ગતિહેતુત્વ શક્તિ છે અને તે પણ ધર્માસ્તિકાયના પ્રત્યેક પ્રદેશમાં અનંત છે. જે કોઈ દ્રવ્યને જેટલા વેગે જે દિશામાં જ્યારે જ્યારે ગતિ કરવી હોય તેને હંમેશા ધર્માસ્તિકાયનું આલંબન સહજ પ્રાપ્ત જ છે. પ્રકાશ પુદ્ગલનો સ્થૂલ પરિણામ છે. આધુનિક વિજ્ઞાનની માન્યતા મુજબ કોઈપણ સ્થૂલ પુદ્ગલ પરિણામ ( Gross matter ) પ્રકાશથી વધુ વેગે ગતિ નથી કરી શકતો. અત્રે પ્રકાશના વેગની આ મર્યાદામાં કારણભૂત પ્રકાશની તથાપ્રકારની યોગ્યતા છે, નહિ કે ધર્માસ્તિકાયની ગતિહેતુત્વ શક્તિની અપૂર્ણતા. શાસ્ત્રોમાં ઉલ્લેખ મળે છે કે શ્રી ગૌતમ ગણધર ભગવંતે પ્રકાશના-સૂર્યના કિરણોના આલંબને અર્થાત્ પ્રકાશની ગતિથી અષ્ટાપદ ગમન કર્યું હતું કારણ કે તેમણે તથાવિધ લબ્ધિ પ્રાપ્ત કરી હતી અને તેમાં

ધર્માસ્તિકાયનું આલંબન તેમને સહજ પ્રાપ્ત થયું હતું. અધોલોકના અલોકને સ્પર્શતા અંતિમ પ્રતર પર સ્થિત પરમાણુ ઊર્ધ્વલોકના અલોકસ્પર્શી ઉપરીમ પ્રતર પર સમયમાત્રમાં પહોંચી શકે છે અર્થાત્ ૧૪ રજ્જુનું અંતર એક જ સમયમાં પાર કરી શકે છે. લોકમાં ગતિના વેગનું (Velocity) આ ઉત્કૃષ્ટ સ્થાન છે, કારણ કે લોકના કોઈ પણ બે પ્રદેશ વચ્ચેનું અંતર ઉત્કૃષ્ટે ૧૪ રજ્જુ જ પ્રાપ્ત થાય છે. આવી ઉત્કૃષ્ટ ગતિમાં પણ હરકોઈ દ્રવ્યને ધર્માસ્તિકાયના પ્રત્યેક પ્રદેશનું આલંબન સહજ મળી રહે છે. તેવી જ રીતે અધર્માસ્તિકાયમાં પણ સ્થિતિહેતુત્વશક્તિ છે અને તે પ્રત્યેક પ્રદેશે અનંત છે. આ શક્તિ પણ તેના ઉત્કૃષ્ટ સ્થાનમાં રહીને જ વર્તી રહી છે. જેને જેને, જે જે ક્ષેત્રમાં, જેટ–જેટલો કાળ, સ્થિતિ કરવી હોય તેને તેને, તે તે ક્ષેત્રમાં, અવસ્થિત અધર્માસ્તિકાય પ્રદેશો તેટ–તેટલા કાળ સ્થિતિ કરવા આલંબન પુરું પાડે જ છે. એક પરમાણુ કોઈ એક સ્થાને અસંખ્યાતા વર્ષો સુધી સ્થિર રહી શકે છે. કારણ કે અધર્માસ્તિકાયનું આલંબન તેને અસંખ્યાતા વર્ષો સુધી નિરંતર મળી રહે છે. જો પરમાણુ અનંતકાળ પણ સ્થિર રહેવા માગે તો અધર્માસ્તિકાયનો પ્રદેશ–જેને સ્પર્શીને પરમાણુ રહ્યો છે–આ માટે પણ આલંબન પ્રદાન કરી શકે છે, પરંતુ પરમાણુમાં એક સ્થાન પર અસંખ્યાત કાળથી વધુ સ્થિરતા કરવાની યોગ્યતા નથી.

આ જ રીતે અરૂપી જીવાસ્તિકાય અર્થાત્ સિદ્ધ જીવની જ્ઞાનાદિ ચારે પ્રકારની ચૈતન્યશક્તિ વિકસિત થઈ પરિણમન કરી રહી છે. તે ચેતનાની જ્ઞાનશક્તિ સંપૂર્ણ છે કારણ કે સર્વક્ષેત્ર અને સર્વકાળવર્તી સર્વ દ્રવ્યોના સર્વ પર્યાયોનું જ્ઞાતૃત્વ પ્રતિ સમય તેમાં વર્તે છે. તેવી જ રીતે તે ચેતના જ્ઞેયમાત્રનું દર્શન પ્રતિસમય કરી રહી છે અને તેથી દર્શનશક્તિ પણ સંપૂર્ણ છે. સંપૂર્ણતાને પ્રાપ્ત તે ચેતનામાં "ઇચ્છા" સ્વરૂપે અપૂર્ણતા નથી. તે નિરીહ છે. સંતૃપ્ત છે અને તે જ તેની 'તપ' શક્તિની સંપૂર્ણતા–અનંતતા છે. તેના ઉપયોગની સ્વમાં ચર્યા છે તે જ પરમાનંદમાં મગ્નતા છે અને તે જ ચારિત્રગુણની સંપૂર્ણતા યાને અનંતતા છે. ચેતન વીર્ય પણ અનંતતાને પામ્યું છે કારણ કે કૃતકૃત્યતા ત્યાં સંપૂર્ણપણે વર્તે છે.

આ છે અરૂપી દ્રવ્યોનું "સમસમુચ્ચય" પરિણમન.

રૂપી દ્રવ્યોનું પરિણમન આથી સદંતર વિપરીત છે. રૂપીના ગુણોના અનેક અવાંતર ભેદો છે પરંતુ તે સર્વ ભેદોને પુદ્ગલ ક્રમપૂર્વક જ પ્રાપ્ત કરી શકે છે, યુગપત્ નહિ. પુદ્ગલના વર્ણના પાંચ ભેદ છે. ગંધના બે ભેદ છે, રસના પાંચ અને સ્પર્શના આઠ ભેદ છે. આ સર્વ મળીને પુદ્ગલના વર્ણાદિ ગુણોના ૨૦ ભેદ થાય છે. પરંતુ એક પરમાણુમાં કોઈ એક કાળે એક જ વર્ણ, એક જ ગંધ, એક જ રસ અને શીત કે ઉષ્ણમાંથી એક જ સ્પર્શ અને સ્નિગ્ધ અને રૂક્ષમાંથી એક જ સ્પર્શ એ રીતે ૨૦ માંથી માત્ર પાંચ જ ગુણો તેમાં યુગપત્ વર્તે છે. વળી તે પાંચે ગુણના તરતમતાએ

અનંત ભાવસ્થાનો છે અને તેમાંથી એક કાળે એક એક જ ભાવસ્થાનમાં પરમાણુ વર્તે છે. અને આ પાંચે ગુણ નિરંતર ઉત્કૃષ્ટ ભાવસ્થાનમાં જ વર્તે એવો તો નિયમ જ નથી. સ્વભાવ પરિણામ પરમાણુમાં પણ આ ગુણોના ભાવસ્થાનમાં હાનિ-વૃદ્ધિ સ્વરૂપ પરિણમન થાય છે તેથી એક જ પરમાણુની ભિન્ન ભિન્ન કાલીન અવસ્થામાં પણ વિષમતા છે અને અનેક પરમાણુની કોઈ એક કાલીન અવસ્થામાં પણ વિષમતા છે. ટૂંકમાં પુદ્‌ગલ પરિણામમાં ઊર્ધ્વમુખી તેમજ તિર્યગ્‌મુખી વિષમતા છે. આથી રૂપી વિષમ તત્ત્વ છે. વળી પુદ્‌ગલની સર્વ શક્તિ કદાપિ કાર્યવંત નથી હોતી તેમજ રૂપી જીવની પણ સર્વ શક્તિ કદાપિ કાર્યવંત નથી હોતી. તેની સંપૂર્ણ શક્તિનો અનંતમો ભાગ જ તેને પ્રાપ્ત હોય છે અને જે પ્રાપ્ત છે તેનો પણ બહુભાગ આવૃત યાને કે આચ્છાદિત હોય છે. આધુનિક વિજ્ઞાનના અભ્યાસીને પણ ખ્યાલ હશે કે પુદ્‌ગલની સર્વ શક્તિ કદાપિ સક્રિય નથી હોતી. તેનો એક ભાગ હંમેશા દબાયેલો છે અને તેને પોટેન્શીયલ એનર્જી ( Potentialenergy ) કહેવાય છે. જ્યારે પુદ્‌ગલની જેટલી શક્તિ કાર્યવંત હોય છે તેને કાઈનેટીકએનર્જી ( Kineticenergy ) કહેવાય છે. આ બેઉ પ્રકારની શક્તિમાં પણ હાની-વૃદ્ધિરૂપ પરિણમન નિરંતર એવી રીતે થાય છે કે કોઈ પણ કાળે તેની દબાયેલી અને સક્રિય શક્તિનો યોગ હંમેશા સમ-એક સરખો રહે. આવી રીતે પુદ્‌ગલની સર્વ શક્તિ કદાપિ સક્રિય પ્રાપ્ત થતી ન હોવાથી, પુદ્‌ગલ નિતાંત અપૂર્ણ તત્ત્વ છે અને તેની સર્વ શક્તિ યુગપત્‌ નહિ પરંતુ ટુકડે ટુકડે ક્રમપૂર્વક જ પ્રગટ થતી રહેતી હોવાથી પુદ્‌ગલનું પરિણમન "ક્રમસમુચ્ચય" સંજ્ઞાથી વિશેષિત થાય છે. સંસારી જીવ પણ પુદ્‌ગલના સંબંધથી અપૂર્ણ, વિષમ, વિકળ અને ક્રમપરિણામી થઈ ગયો છે.

અત્રે કોઈ શંકા કરે છે કે : અરૂપી જીવમાં માત્ર કેવળજ્ઞાન જ વર્તે છે અને જ્ઞાનના તો પાંચ ભેદ છે તેથી અરૂપી જીવ અર્થાત્‌ સિદ્ધ પણ અપૂર્ણ છે. વળી તેના પણ બધા ગુણો યુગપત્‌ નથી વર્તતા કારણ કે તેની જ્ઞાન અને દર્શનલબ્ધિનું પ્રવર્તન ક્રમિક છે. આના સમાધાનમાં કહેવાનું કે જીવના મતિ-શ્રુતાદિ જ્ઞાન કેવળજ્ઞાનનાં જ અંશો છે, અપૂર્ણ અંશો છે, જ્યારે કેવળજ્ઞાન સંપૂર્ણ અખંડ જ્ઞાન છે. મતિ-શ્રુતાદિ જ્ઞાનો જે જાણે છે તે સર્વ કેવળજ્ઞાન યુગપત્‌ જાણે છે, નિરંતર જાણે છે. તેથી કેવળી ભગવંતના જ્ઞાનને અપૂર્ણ નહિ પણ સંપૂર્ણ જ કહેવાય છે. વળી તેઓએ દર્શન અને જ્ઞાન-લબ્ધિની ક્રમિકતા કહી ત્યાં પણ ક્રમિકતા ઘટતી નથી. દર્શન સામાન્ય બોધ છે અને જ્ઞાન વિશેષ બોધ છે. સંપૂર્ણ એવા કેવળજ્ઞાનમાં સામાન્ય વિશેષ જેવા ભેદ ક્યાંથી હોય? સંસારી અવસ્થામાં રૂપી અવસ્થામાં જીવની જ્ઞાનલબ્ધિ ખંડિત અને ક્રમિક થઈ ગઈ હતી તેમાં કારણભૂત ક્રમિક અને અપૂર્ણ પુદ્‌ગલ તત્ત્વનો સંબંધ છે. કેવળી ભગવંતમાં જ્ઞાન અને દર્શનલબ્ધિ જુદી જુદી દર્શાવી છે તે ભૂતનયની અપેક્ષાએ કહ્યું હોય તેમ જણાય છે. તાર્કિક શિરોમણિ આચાર્ય સિદ્ધસેન દિવાકરે સન્મતિ પ્રકરણમાં

આ સંબંધમાં ઘણી જ રોચક ચર્ચા કરી, કેવળી ભગવંતની આ બેઉ લબ્ધિની એકરૂપતા યાને અભિન્નતા સિદ્ધ કરી છે.

પુદ્‌ગલરાશિને તેના સર્વ પરિણામો ક્રમથી પ્રાપ્ત કરતા એક પુદ્‌ગલપરાવર્ત કાળ વીતી જાય છે. એક પુદ્‌ગલપરાવર્ત અનંત કાળચક્રોનો બને છે. એક કાળચક્ર ૨૦ કોડા-કોડી સાગરોપમનો બને છે અને એક સાગરોપમ અસંખ્ય અસંખ્ય વર્ષોનો બને છે. પુદ્‌ગલરાશિએ પરિણમન કરતા કરતા અનંતાનંત પુદ્‌ગલપરાવર્ત પસાર કર્યા છે. પુદ્‌ગલની યાત્રાનો કદાપિ અંત નથી, પુદ્‌ગલ ભેદ તત્ત્વ છે. ભવ્ય જીવની યાત્રા કોઈક કાળે પૂરી થાય છે, તેના સંસારપરિભ્રમણનો અંત આવે છે. જીવની યાત્રા નિશ્ચિત ધ્યેયલક્ષી છે અને અંતે પોતાના અભેદ અખંડ સ્વરૂપને પ્રાપ્ત કરી સ્થિર થઈ જાય છે. આકાશ, ધર્મ અને અધર્મ–આ ત્રણે અરૂપી દ્રવ્યો તો અનાદિ કાળથી પોતાના અખંડ અભેદસ્વરૂપમાં જ સ્થિત છે અને અનંતકાળ તે જ સ્વરૂપે રહેવાના છે. તેમનું સમસમુચ્ચય સ્વરૂપ પરિણમન કાળથી અનાદિ અનંત છે.

### (iv) ગુરુલઘુ-અગુરુલઘુ; સવર્ણ-અવર્ણ; સગંધ-અગંધ; સરસ-અરસ; સસ્પર્શ-અસ્પર્શ.

ગુરુ અને લઘુ સ્પર્શનો પરિણામ છે, તેથી પુદ્‌ગલમાં ગુરુ અને લઘુ સ્પર્શ પ્રાપ્ત થાય છે. ગુરુ એટલે વજનદાર અને લઘુ એટલે હલકું. પરમાણુમાં ગુરુ કે લઘુ સ્પર્શનો અભાવ છે, અર્થાત્ પરમાણુ નથી ભારે કે નથી હલકો; પરમાણુમાં વજન પર્યાય જ નથી. પરંતુ જ્યારે પુદ્‌ગલ સ્કંધ પરિણામ પ્રાપ્ત કરે છે ત્યારે તેમાં વજન પર્યાય સંભવે છે. શ્રી લોકપ્રકાશમાં ઔદારિક, વૈક્રિય, આહારક અને તૈજસવર્ગણાના સ્કંધોમાં પાંચે વર્ણ, પાંચે રસ, બેઉ ગંધ અને આઠે સ્પર્શના પુદ્‌ગલો હોવાથી તે ચારે વર્ગણામાં ગુરુસ્પર્શી અર્થાત્ વજનદાર તેમજ લઘુ સ્પર્શી અર્થાત્ હલકા સ્પર્શવાળા પુદ્‌ગલો કહ્યા છે. આથી પુદ્‌ગલ દ્રવ્યમાં ગુરુ-લઘુ સ્પર્શ સંભવે છે. અરૂપી દ્રવ્યોમાં તો સ્પર્શ પર્યાયનો સદંતર અભાવ હોવાથી તેમાં વજન પર્યાય જ નથી તે અપેક્ષાએ અરૂપી અગુરુલઘુ દ્રવ્ય છે. વળી રૂપી દ્રવ્યોમાં ગુરુત્વ અને લઘુત્વ તેના ગુણોમાં પણ ઘટે છે. આ અર્થમાં ગુરુત્વ એટલે અધિકતા અને લઘુત્વ એટલે હીનતા. રૂપી દ્રવ્યોના ગુણોમાં ભાવસ્થાનાન્તર પરિણમન થતું હોવાથી એક જ દ્રવ્યના પૂર્વોત્તર ભાવોમાં હીનાધિકતા અર્થાત્ ગુરુ-લઘુત્વ વર્તાય છે તેમ જ ભિન્ન ભિન્ન રૂપી દ્રવ્યોના સમકાલીન પરિણામોમાં પણ ગુરુલઘુભાવ વર્તાય છે. આથી પુદ્‌ગલ ગુરુલઘુતત્ત્વ છે અને પુદ્‌ગલના સંબંધથી સંસારી જીવમાં પણ જન્મથી, જાતિકુળથી, દેશથી, રૂપરંગથી અને એવા અનેક નિમિત્તોથી વ્યવહારમાં ઉચ્ચ કે નીચ ભાવ પ્રાપ્ત થાય છે. આ રીતે રૂપી દ્રવ્યો ગુરુલઘુ તત્ત્વ છે. પરંતુ અરૂપી દ્રવ્યોમાં ઊર્ધ્વમુખી અર્થાત્ પૂર્વોત્તર પર્યાયમાં વિસદૃશતા પ્રાપ્ત નથી થતી, તેમજ તિર્યગ્‌મુખી અર્થાત્ સમકાલીન ભિન્ન ભિન્ન રૂપીના ભાવોમાં

પણ વિસદૃશતા પ્રાપ્ત થતી નથી. આકાશ, ધર્મ અને અધર્મ એક એક જ દ્રવ્ય હોવાથી તેમાં તિર્યગ્મુખી ભાવોની વિવક્ષા અપ્રસ્તુત છે. તે ત્રણે દ્રવ્યોમાં પોત–પોતાના પૂર્વોત્તર પર્યાયોમાં અને અરૂપી સિદ્ધ જીવોમાં બેઉ પ્રકારે વિસદૃશતા પ્રાપ્ત થતી ન હોવાથી અરૂપી અગુરુલઘુ તત્ત્વ છે.

રૂપીમાં વર્ણાદિ પર્યાયો હંમેશા પ્રાપ્ત થાય છે તેથી રૂપી સવર્ણ, સગંધ, સરસ અને સસ્પર્શ છે જ્યારે અરૂપી અવર્ણ, અગંધ, અરસ અને અસ્પર્શ છે. કારણ કે અરૂપી દ્રવ્યોમાં વર્ણાદિ ગુણો હોતા નથી.

**૨૪. કાળતત્ત્વ :** કાળ અને આકાશ (Time & Space) આ બે પદાર્થોના સ્વરૂપ સંબંધમાં ભાગ્યે જ કોઈ બે દાર્શનિકો યા આધુનિક બે ફીલોસોફરો એક મત થતા જોવામાં આવે છે. સામાન્ય રીતે આધુનિક ગણિતજ્ઞ અને વૈજ્ઞાનિકોએ એક તારણ કાઢયું છે કે જે મપાય તે સદ્ભૂત વસ્તુ હોવી જોઈએ. કાળનું માપ થતું જોવાય છે અને આકાશમાં પણ લંબાઈ, પહોળાઈ આદિ માપ થતું જણાય છે તેથી આ બેઉ પદાર્થો સદ્ભૂત છે. ન્યૂટનના મતે આ બેઉ ભિન્ન સ્વતંત્ર અને સ્વતઃસિદ્ધ પદાર્થો છે; પરંતુ આ મતની વિરૂદ્ધ આઈનસ્ટાઈને દેશ–કાળને સાપેક્ષ પદાર્થ કહ્યો, યાને કે આ બે સ્વતઃ-સિદ્ધ પદાર્થ નથી પરંતુ અન્યોન્ય સાપેક્ષ એક જ પદાર્થ છે. એક વસ્તુ તો ચોક્કસ છે કે જગતની બધી વસ્તુ સાપેક્ષ તો હોઈ જ ન શકે, કારણ કે સાપેક્ષતા જેની અપેક્ષા રાખે છે તેવો છેવટે સ્વતઃસિદ્ધ નિરપેક્ષ પદાર્થ હોવો જ જોઈએ. આથી આઈનસ્ટાઈનનું એવું કહેવું તો હતું જ નહિ કે આ બેઉ ખરશૃંગવત્ અત્યંત અભાવરૂપ પદાર્થ છે. છતાં પણ તેઓ એટલું તો સિદ્ધ કરી શકયા કે આ બેમાં કોણ કોની અપેક્ષા રાખે છે. આ બેમાંથી કોઈ એક તો સ્વતઃસિદ્ધ પદાર્થ હોવો જ જોઈએ. આમ જો ન માનીએ તો બેઉનો અભાવ જ પ્રાપ્ત થાય.

જૈનોના બે પ્રધાન સંપ્રદાયોમાં પણ કાળ સંબંધિ મૌલિક મતભેદ છે.

દિગંબર મતે કાળ સ્વયં સ્વતઃસિદ્ધ લોકવ્યાપિ પદાર્થ છે–દ્રવ્ય છે; પરંતુ શ્વેતાંબર મતે કાળ સ્વયંસિદ્ધ પદાર્થ છે જ નહિ. પાંચ અસ્તિકાયથી ભિન્ન આ વિશ્વમાં કોઈપણ પદાર્થની સત્તા શ્વેતાંબરો માનતા જ નથી. આમ છે તો પછી કાળના અનુગમમાં હેતુ શો છે? જેવી રીતે વસ્તુમાં નાના–મોટા, ઉપર–નીચે, પૂર્વ–પશ્ચિમાદિનો વ્યપદેશ થાય છે તેમાં આકાશ દ્રવ્ય હેતુ છે યાને કે તેથી આકાશ પદાર્થ સિદ્ધ થાય તેમ વસ્તુની કાળરૂપ "આકાશ"માં અવગાહના હોવાથી પહેલા–પછી, વહેલો–મોડો ઇત્યાદિનું વિધાન જાગતીક પ્રસંગોના સંબંધમાં કરી શકાતું હોવાથી કાળ પણ સ્વતઃસિદ્ધ પદાર્થ સિદ્ધ કેમ ન થાય? આ બધા પ્રશ્નોની વધુ વિગતવાર ચર્ચા આપણે દ્રવ્યાનુયોગની વિચારણા કરતા કરશું પરંતુ હાલ તો એટલું જ વિચારશું કે કાળથી શું મપાય છે?

સત્‌ના પરિણામ અર્થાત્‌ પર્યાયના પરિમાણના (Dimentions) માપના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ ચાર ભેદ શ્રી જિનાગમમાં પ્રસિદ્ધ છે. આપણે આ પૂર્વે રૂપ-રૂપાંતર ગમનના જે ચાર ભેદ કહ્યા તેમાં અર્થાત્‌ ક્ષેત્રાન્તર, અવગાહનાસ્થાનાન્તર, દ્રવ્યસ્થાનાન્તર અને ભાવસ્થાનાન્તરમાં કાળાન્તર ભેદ કેમ ન કહ્યો તે પ્રશ્ન થાય. પરંતુ ઉપરોક્ત ચારે ભેદ સ્વયં કાળાન્તરના જ છે. રૂપી દ્રવ્યમાં કાળાન્તર ચાર પ્રકારે છે. વસ્તુનાં કોઈ પણ પરિણામમાં અર્થાંતર થાય છે ત્યારે તે પરિણામનો કાળ પણ કાળાન્તરને પ્રાપ્ત થાય છે. ટૂંકમાં ભેદ જ કાળ છે. ( Change, thy name is time ) કોઈ પણ પરિણામ યા પર્યાયની જેટલી અવસ્થિતિ છે તે જ તે પર્યાય યા પરિણામનો કાળ છે.

વસ્તુની જેમ આકાશમાં અવગાહના છે તેવી જ રીતે વસ્તુની કાળમાં પણ 'અવગાહના' છે. આકાશમાં જેમ પ્રદેશનું સ્થાન છે પરંતુ પ્રદેશનું પરિમાણ ( Extension-પ્રચય ) યાને કે તેને લંબાઈ, પહોળાઈ કે જાડાઈ આપણે માની નથી તેમ કાળરૂપી આકાશમાં ક્ષણ યા સમયનું ( Moment-event ) સ્થાન છે પરંતુ સમયને પરિમાણ નથી. વળી જેમ આકાશમાં બે પ્રદેશો વચ્ચેના અંતરને લંબાઈ કહેવાય છે તેમ કાળરૂપી આકાશમાં બે ક્ષણો વચ્ચેના અંતરને કાળાયામ યા આયુષ્ય કહેવાય છે. પદાર્થના પર્યાયના બે પ્રકાર છે. અમુક પર્યાય ક્ષણક્ષયી યાને કે એક ક્ષણમાત્રની અવસ્થિતિવાળા હોય છે, તેઓની કાળમાં લંબાઈ હોતી નથી તેથી તે **અર્થપર્યાય** કહેવાય છે અને અમુક પર્યાયની અવસ્થિતિ દીર્ઘ હોય છે, તેમની ઉત્પત્તિક્ષણ અને વિનાશક્ષણ વચ્ચેના કાળાન્તરને તે પર્યાયનું આયુષ્ય યા તેનો કાળ કહેવાય છે. આવા ચિરસ્થાયિ પર્યાયને **વ્યંજનપર્યાય** કહેવાય છે. આવા વ્યંજનપર્યાયમાં ભિન્ન ભિન્ન કાળ કેવી રીતે પ્રાપ્ત થાય છે તે જોઈએ.

રૂપી પદાર્થ તેના એક રૂપનો ત્યાગ કરી રૂપાંતરને પ્રાપ્ત થાય છે. ત્યારે તે પદાર્થનો તે રૂપ કાળ કાળાંતરને પ્રાપ્ત થાય છે. રૂપી દ્રવ્યોનું પરિણમન વિષમ હોવાથી તેના પૂર્વોત્તર પર્યાયોમાં વિસદૃશતાનો સ્પષ્ટ અનુગમ આપણને થાય છે તેથી તેમાં કાળાંતરનો પણ અનુગમ થાય છે. આથી વિપરીત અરૂપીનું પરિણમન સદૃશ હોવાથી તેના પૂર્વોત્તર પર્યાયમાં વિષમતાનો આપણને બોધ થઈ શકતો નથી. આથી અરૂપી દ્રવ્યો સતત એક જ કાળમાં નિર્ગમન કરે છે અર્થાત્‌ અરૂપી દ્રવ્યો કાળાન્તરને પ્રાપ્ત થતા નથી. આથી અરૂપી અકાળ યા કાળાતીત તત્ત્વ છે, જ્યારે રૂપી સકાળ તત્ત્વ છે. શ્રી કેવળી ભગવંતોએ જીવ અને અજીવના યાને કે રૂપી દ્રવ્યોના જ પર્યાયને કાળ શા માટે કહ્યો તેનું રહસ્ય આ જ છે. અરૂપી દ્રવ્યોમાં પણ તેના અગુરુલઘુગુણમાં ષટ્‌ગુણ હાનીવૃદ્ધિ સ્વરૂપ પરિણમન છે પરંતુ આ ગુણ અને તેમાં હાની વૃદ્ધિ થકી થતું અરૂપી દ્રવ્યના પૂર્વોત્તર પર્યાયની વિસદૃશતાનું જ્ઞાન આપણને યાને કે છદ્મસ્થને

થઈ શકતું નથી. આ જ કારણથી અરૂપીને અપરિણામી કહ્યો છે અને તેથી જ તેમાં કાળાંતરનો અભાવ કહ્યો છે—તેમનું એક જ કાળમાં સતત નિર્ગમન છે.

નીચે જણાવેલ ચારે પ્રકારે પરિણમન અને તેથી ચારે પ્રકારે કાળમાં નિર્ગમન માત્ર પુદ્ગલમાં જ સંભવે છે તેથી કાળના ચાર ભેદ પુદ્ગલ દ્રવ્યને લક્ષમાં રાખી કર્યા છે : યથા :

(i) કોઈ એક પુદ્ગલ સ્કંધ **જે અને જેટલા** આકાશપ્રદેશોને અવગાહે છે તે સ્કંધ જ્યાં સુધી તે અને તેટલા જ આકાશપ્રદેશોની અવગાહનામાં સ્થિત છે ત્યાં સુધીની તે ક્ષેત્રસ્થાનમાં તેની અવસ્થિતિ તેનો ક્ષેત્રસ્થાનકાળ છે અથવા તે ક્ષેત્ર વિષે તેનું તે ક્ષેત્રસ્થાનાયુ છે; અને તે સ્કંધનું ક્ષેત્રાંતરગમન થતા અથવા સંકોચ-વિસ્તાર સ્વરૂપ પરિણમન થકી તેની અવગાહનામાં ભેદ થતા તેનો તે ક્ષેત્રસ્થાનકાળ પૂરો થઈ કાળાંતરને પ્રાપ્ત કરે છે.

(ii) કોઈ એક પુદ્ગલસ્કંધ જે આકારમાં (સંસ્થાન) રહી જેટલા આકાશ પ્રદેશોને અવગાહે છે તે જ આકારમાં રહીને ક્ષેત્રાંતરને પ્રાપ્ત થાય કે ન થાય પરંતુ જ્યાં સુધી તે સ્કંધ તેટલા જ (તે જ નહિ) આકાશપ્રદેશોની અવગાહનામાં સ્થિત છે ત્યાં સુધીની તે સ્કંધની તે અવગાહનાસ્થાનમાં અવસ્થિતિ તેનું અવગાહનાસ્થાનાયુ અથવા અવગાહનાસ્થાનકાળ છે; અને સંકોચ વિસ્તાર યા સ્પંદનસ્વરૂપ પરિણમન થકી તેની અવગાહનામાં એકાદિ પ્રદેશની હાની યા વૃદ્ધિ થયે તે અવગાહનાસ્થાન કાળ પૂરો થઈ કાળાંતરને પ્રાપ્ત થાય છે.

(iii) કોઈ એક પુદ્ગલસ્કંધ જે અને જેટલા પ્રદેશોનો બનેલો છે તે સ્કંધ ક્ષેત્રાંતરને અથવા અવગાહનાસ્થાનાન્તરને પ્રાપ્ત થાય કે ન થાય પરંતુ જ્યાં સુધી તે સ્કંધની પ્રદેશસંખ્યામાં હાની યા વૃદ્ધિ ન થાય ત્યાં સુધીની તેની તે દ્રવ્યસ્થાનમાં અવસ્થિતિ તેવું તે દ્રવ્યસ્થાન વિષે દ્રવ્યસ્થાનાયુ અથવા દ્રવ્યસ્થાન કાળ છે; અને પુરણ–ગલન થકી તે સ્કંધમાં એકાદિ પ્રદેશની હાની યા વૃદ્ધિ થયે તે દ્રવ્યસ્થાનકાળ પૂરો થઈ કાળાંતરને પ્રાપ્ત થાય છે.

(IV) કોઈ એક પુદ્ગલસ્કંધના વર્ણાદિ કોઈ એક ગુણનું જેટલું ભાવપ્રમાણ છે અર્થાત્ તે ગુણમાં જેટલી સંખ્યામાં તે ગુણના અવિભાગ પ્રતિચ્છેદો–ગુણાંશો રહ્યા છે તે સ્કંધમાં ઉપરોક્ત ત્રણે પ્રકારના રૂપાંતરો થાય યા ન થાય પરંતુ વિવક્ષિત તે ગુણના ભાવપ્રમાણમાં એકાદિ ગુણાંશની હાની યા વૃદ્ધિ જ્યાં સુધી થતી નથી ત્યાં સુધી તે સ્કંધના તે ગુણની તે ભાવસ્થાનમાં અવસ્થિતિ તે સ્કંધનું તે ગુણની અપેક્ષાએ ભાવ-સ્થાનાયુ યા ભાવસ્થાનકાળ છે; અને વિવક્ષિત તે ગુણના ભાવપ્રમાણમાં એકાદિ ગુણાંશની હાની યા વૃદ્ધિ થયે તે ભાવસ્થાનકાળ પૂરો થઈ કાળાંતરને પ્રાપ્ત થાય છે.

આ રીતે પુદ્ગલ સ્કંધમાં ઉપરોક્ત ચારે પ્રકારે કાળાંતર પરિણમન થાય છે. પરમાણુમાં અવગાહનાસ્થાનાન્તર નથી કારણ કે પરમાણુની અવગાહનામાં હાની વૃદ્ધિ થતી નથી. તે સદાએ એક આકાશપ્રદેશને અવગાહે છે. (ખરેખર તો પરમાણુ અવગાહિત આકાશના ખંડને જ પ્રદેશ કહેલ છે) જીવાસ્તિકાયમાં-સંસારી જીવમાં દ્રવ્યસ્થાનાન્તર પરિણમન નથી કારણ કે જીવ કદી અન્ય જીવ સાથે બંધાતો નથી તેથી તે એક દ્રવ્ય પ્રમાણ જ છે.

ઉપરોક્ત ચારે કાળનું જઘન્ય પ્રમાણ સમયમાત્ર છે અને ઉત્કૃષ્ટ કાળપ્રમાણ અસંખ્યાત વર્ષોનું હોઈને પણ ક્ષેત્રસ્થાનાયુ સ્તોક છે. ક્ષેત્રસ્થાનાયુથી અવગાહનાસ્થાનાયુ, અવગાહનાસ્થાનાયુથી દ્રવ્યસ્થાનાયુ અને દ્રવ્યસ્થાનાયુ કરતાં ભાવસ્થાનાયુ ઉત્તરોત્તર અસંખ્યાતગુણ અસંખ્યાતગુણ છે, તેમ શ્રી જિનેશ્વરભગવંતે કહ્યું છે (ભગવતી શતક ૫, ઉદ્દેશ ૭. સૂત્ર ૯–આ સૂત્ર પરની અભયદેવસૂરિની વૃત્તિ પરથી આ પ્રમાણે ઘટાવ્યું છે).

**૨૪. કાળ અને આકાશના સ્વરૂપમાં સદૃશતા :** આપણે ઉપર જોઈ ગયા કે પુદ્ગલ દ્રવ્યનું ભાવસ્થાનાયુ અન્ય સર્વ આયુ કરતા મોટું છે. સુવર્ણભાવે પરિણમેલો સુવર્ણસ્કંધ પુદ્ગલ દ્રવ્યનો વ્યંજનપર્યાય છે. સુવર્ણભાવમાં સ્થિત આ વ્યંજન-પર્યાયમાં ક્ષેત્રાંતર, અવંગાહનસ્થાનાન્તર અને દ્રવ્યસ્થાનાન્તર એમ ત્રણ પ્રકારે પરિણમન છે. બીજા શબ્દોમાં કરીએ તો સુવર્ણસ્કંધનો કાળરૂપ "આકાશમાં" ત્રણ દિશામાં પ્રચય (Entension) છે. આથી ત્રણ વિમિતિ (Dimentions) વાળા આકાશમાં અવગાહીને રહેલા પદાર્થને જેમ લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ હોય છે અને તેથી તેને કદ (Volume) અને સંસ્થાન હોય છે તેમ ત્રણ વિમિતિવાળા કાળરૂપ આકાશમાં અવગાહીને રહેલા પદાર્થને પણ તદનુરૂપ "લંબાઈ" "પહોળાઈ" અને "ઉંચાઈ" હોય છે અને તેથી તેને "કદ" અને "સંસ્થાન" પણ હોય છે. આ રીતે જોતા આકાશ અને કાળમાં ઘણું જ સામ્ય છે. આકાશ અને કાળ આ બેઉ અસ્ખલિત યા અપ્રતિષિદ્ધ દ્રવ્યો (Continum) છે. Continum ના અર્થમાં જૈન પારિભાષિક શબ્દ શું હોઈ શકે? કષાયપાહુડ સુત્તમાં મિથ્યાત્વના અનુભાગસત્કર્મ સંબંધમાં Continuous માટે "અપ્રતિષિદ્ધઅવસ્થિત" શબ્દ વાપર્યો છે. (પૃ. ૧૫૭) Continuity માટે સંતતતા" શબ્દ પણ જોવામાં આવે છે, દેશ અને કાળ બેઉ "સંતત" દ્રવ્યો છે, તેમાં દેશ અર્થાત્ આકાશ અપ્રતિષિદ્ધ અવસ્થિત છે અને કાળ અપ્રતિષિદ્ધ પ્રવાહરૂપ છે અનાદિ અનંત છે. આકાશમાં "પ્રદેશ"ની સામે કાળમાં "સમય" છે. લંબાઈના સ્થાને આયુષ્ય છે. જો કે પહોળાઈ અને ઊંચાઈના સ્થાને વ્યવહારમાં કાળરૂપ આકાશમાં પદાર્થો કહ્યા નથી કારણ કે વ્યવહારમાં વ્યંજનપર્યાયના કાળની માત્ર લંબાઈ જ લેવામાં આવે છે, પરંતુ સૈદ્ધાંતિક દૃષ્ટિએ કાળમાં પણ વસ્તુના ત્રણે પ્રચયો (Dimentions) હોય છે. દેશ અને કાળમાં એકમાત્ર ફરક હોય તો તે એ છે કે આકાશમાં પ્રદેશોની શ્રેણીબદ્ધતા છે તે પ્રદેશની

અવસ્થિતિ યુગપત્ છે, યાને કે ત્યાં પ્રદેશોની ક્રમવ્યવસ્થા છે અને તે ક્રમવ્યવસ્થિત પ્રદેશો સમકાળ વર્તે છે. આકાશપ્રદેશોમાં ક્રમવ્યવસ્થા છે તેથી જ તો આ પ્રદેશ આની જમણી કે ડાબી બાજુ, ઊંચે કે નીચે ઈત્યાદિ વ્યવસ્થા ઘટે છે. કાળમાં પણ "સમયસ્વરૂપ" કાળ પ્રદેશો શ્રેણીબદ્ધ છે–ક્રમબદ્ધ છે પરંતુ તે ક્રમ અયુગપત્ છે. એક સમય જ વર્તમાન છે. ભૂતકાળનો નાશ થયો છે. ભાવિ અનુત્પન્ન છે. ક્રમબદ્ધતા હોવાથી આકાશપ્રદેશોમાં જેમ આગળ–પાછળ, પૂર્વ–ઉત્તર, ઉપર-નીચે આદિ સંબંધો ઘટે છે તેમ કાળની સમયશ્રેણીમાં પણ વહેલો–મોડો, ભૂત–ભાવિ, આજ–કાલ, ઈત્યાદિ સંબંધો ઘટે છે. આ સંબંધમાં લીબનીઝ ( Leibniz 1646-1716 ) નામના ખ્યાતનામ જર્મન વિદ્વાનની દેશકાળની વ્યાખ્યા ઘણી જ સૂચક છે. તેમણે આકાશને "Order of coexistance" અને કાળને "Order of succession" અર્થાત્ "આકાશ એટલે યુગપત્ ક્રમપ્રબંધ અને કાળ એટલે અયુગપત્ ક્રમપ્રબંધ" કહી દેશ–કાળના માર્મિક સ્વરૂપનું દર્શન કરાવ્યું છે. આધુનિક વિજ્ઞાનમાં ત્રણ વિમિતિ સ્વરૂપ આકાશમાં ( 3–dimentional space ) પદાર્થની ગતિ, સ્થિતિ, અવગાહના, કદ, સંસ્થાન આદિ સંબંધીસૂત્રોની, પરસ્પર કાટખૂણે આકાશમાં વિકલ્પિત ત્રણ ધરી ( x, y, z–axis ) ના આલંબનપૂર્વક રચના કરીએ છીએ. આ જ પ્રમાણે કાળરૂપી આકાશમાં પદાર્થની "ગતિ" "સ્થિતિ" આદિ સંબંધી સૂત્રોની રચના કરવા માટે કાળરૂપી આકાશમાં ત્રણ ધરી વિકલ્પિત કરી રચના કરી શકાય છે. અત્રે આકાશાસ્તિકાયને જ કાળરૂપ આકાશ માનીને કામ લઈ શકાય છે. ફરક માત્ર એટલો જ છે કે આકાશમાં એકએક પ્રદેશના સ્થાને કાળનો એક એક સમય સ્થાપવાનો છે. આવી રીતે સ્થાપન કરેલા સમયને કાલાણુની સંજ્ઞા આપી છે. આવી રીતે કાલાણુ ઉપચરિત છે. પરંતુ મને એવું લાગે છે કે દિગંબર આમ્નાયમાં આ જ કાલાણુને અનુપચરિત માની લઈને કાળના સ્વરૂપ સંબંધી તેઓએ મોટો ગોટાળો કરી નાખ્યો છે.

**૨૭. નિશ્ચય અને વ્યવહાર કાળ :** ૨૫મા ફકરામાં ક્ષેત્રસ્થાનાયુ આદિ જે કાળ કહ્યો છે તે તો તે તે પર્યાયોનો નિશ્ચયકાળ છે. પરંતુ ભિન્ન ભિન્ન પર્યાયોના નિશ્ચયકાળમાં પરસ્પર હીનાધિકતાનું વિધાન કરવું હોય તો વ્યવહારકાળનો આશ્રય લેવો જ પડે છે. આ માટે પ્રથમ તો તે તે કાળ માન ( માપ )નું એકમ નક્કી કરવું પડે છે. લૌકિક વ્યવહારમાં પણ માપ માટે એકમો નક્કી કરવા પડે છે. દ્રવ્યના માપ માટે કીલો, ટન આદિ વજન અથવા ૧, ૨, ૩, આદિ સંખ્યાનો ઉપયોગ કરીએ છીએ. ક્ષેત્રમાન માટે ઈંચ, ફુટ, મીટર આદિ, કાળમાન માટે સેકંડ, મીનીટ, વર્ષ આદિ અને ભાવમાન માટે કેલરી, કુલમ્બ, અર્ગ આદિ, એકમો વાપરીએ છીએ. આ લૌકિક વ્યવહારમાં વપરાતા એકમો દેશકાળ ભેદે ભેદ પામતા જણાય છે કારણકે તે સઘળા તે તે માપના જઘન્ય નહિ પરંતુ મધ્યમ માન છે. આગમમાં જે

એકમો નક્કી કરવામાં આવ્યા છે તે સર્વ જઘન્ય છે જેથી ત્રણે કાળ અને ત્રણે લોકમાં એક સરખા હોય છે. આગમ સર્વદેશીય અને સર્વકાલીન વિજ્ઞાન હોવાથી આવા ધ્રુવ અને નિત્ય એકમો થકી જ પદાર્થોના ત્રિકાળાબાધીત નિશ્ચિત પરિમાણોનું વિધાન કરે છે.

દ્રવ્યાર્થથી પુદ્‌ગલ મહાન છે કારણ કે જીવરાશિ અનંતાનંત હોવા છતાં પણ પુદ્‌ગલરાશિ જીવથી પણ અનંતાનંત ગુણ છે. અન્ય આકાશાદિ તો માત્ર એક એક જ છે. આથી "૧ પરમાણુ" એ દ્રવ્યમાનનું જઘન્ય એકમ છે એને સર્વ પુદ્‌ગલ દ્રવ્ય ઉત્કૃષ્ટ એકમ છે. આકાશ અસીમ છે જયારે અન્ય સર્વ દ્રવ્યો સીમિત છે, અને પરમાણનું કદ અન્ય સર્વ દ્રવ્યમાં જઘન્ય હોવાથી પરમાણુ અવગાહિત આકાશખંડ અર્થાત્ પ્રદેશ ક્ષેત્રમાનનું જઘન્ય એકમ છે અને સર્વાકાશ ઉત્કૃષ્ટ એકમ છે. "સમય"કાળમાનનું જઘન્ય એકમ છે જયારે સર્વકાળ ઉત્કૃષ્ટ એકમ છે. એક પરમાણુને એક આકાશપ્રદેશથી અનંતર નજદીકના પ્રદેશમાં મંદગતિએ જતા જેટલો કાળ લાગે તેને શ્રી જિનભગવંતે 'સમય' કહ્યો છે. કાળનું આ જઘન્ય માન છે. જઘન્ય યુક્ત અસંખ્ય સમયની એક આવલિ, ૧,૬૭,૭૭૨૧૬ આવલિનું એક મુહૂર્ત, ૩૦ મુહૂર્તની એક અહોરાત્ર, ૩૦ અહોરાત્રનો એક મહિનો થાય છે. અત્રે 'સમય' પરમાણુના ગતિ પર્યાયનો જઘન્ય કાળ છે અને તે કાળપ્રમાણના સંબંધથી આવલિ, મુહૂર્ત, અહોરાત્રાદિનું જે કાળમાન આગમમાં નક્કી કર્યું છે તે સર્વ વ્યવહાર કાળ છે. ભિન્ન ભિન્ન પર્યાયોનું નિશ્ચિત કાળમાન આપણે આ વ્યવહારકાળ દ્વારા નક્કી કરીએ છીએ.

રીલેટીવીટી સિદ્ધાંતમાં જેને "પ્રોપર" ટાઈમ કહે છે તે વસ્તુનો "નિશ્ચયકાળ" છે અને જેને "પ્રેકટીકલ" ટાઈમ કહે છે તે વસ્તુનો વ્યવહાર કાળ છે. વ્યવહાર કાળ સાપેક્ષ છે પરંતુ નિશ્ચયકાળ નિરપેક્ષ છે. અઢારમા પ્રકરણમાં કાળ વિષે વધુ કહેવાનું પ્રાપ્ત થશે.

**૨૮. મૂર્ત–અમૂર્ત**: આ પૂર્વે ૨૪ (ii) ફકરામાં આપણે સાકાર-નિરાકારનું લક્ષણ કહ્યું છે. ત્યાં આકારનો અર્થ આકૃતિ યાને સંસ્થાન કર્યો છે. "મૂર્તિ" શબ્દ મૂર્ત પરથી બન્યો છે. મૂર્તિનો અર્થ બિંબ યા પ્રતિકૃતિ છે. આ રીતે જોતાં મૂર્તિ અને સંસ્થાન આ બેઉ શબ્દોનો લગભગ એક જ અર્થ થતો જણાય છે. જો કે શાસ્ત્રમાં કોઈ ઉલ્લેખ નથી મળતો છતાં મને લાગે છે કે મૂર્તિનો અર્થ "સંસ્થાન" કરતાં કંઈ વિશેષ કરવો જોઈએ. આપણે જોઇ ગયા છીએ કે વસ્તુ જેમ આકાશમાં છે તેમ કાળમાં પણ છે. વસ્તુની આકાશમાં અવગાહના છે તેથી તેનું કોઈ ને કોઈ સંસ્થાન પણ છે. તેવી જ રીતે વસ્તુની કાળમાં પણ અવગાહના હોવાથી તેની કાળમાં પણ "આકૃતિ" છે. આકાશમાં અવગાહનાથી પ્રાપ્ત "સંસ્થાન" વસ્તુનો બાહ્ય આકાર છે–તેના પ્રદેશપિંડની આકૃતિ છે, જ્યારે કાળમાં અવગાહનાથી પ્રાપ્ત તેની "આકૃતિ"

તેનો અભ્યંતર ' આકાર ' છે–તેના ગુણ પર્યાયનો " આકાર " અર્થાત તેનું સ્વરૂપ છે. મૂર્તિ એ પદાર્થનું માત્ર સંસ્થાન નથી પરંતુ તેમાં પદાર્થના અભ્યંતર ગુણ–પર્યાયનો પણ નિક્ષેપ કરવામાં આવે છે. શ્રી જિનબિંબને મૂર્તિ ત્યારે જ કહેવાય છે જ્યારે તે બિંબમાં અરિહંત ભગવંતના અભ્યંતર સ્વરૂપની પ્રતિષ્ઠા કરવામાં આવે છે.

આ રીતે જોતાં જેનું સંસ્થાન તેમજ પર્યાયો અનવસ્થિત છે અર્થાત્ એક રૂપ નથી તે પદાર્થ મૂર્ત કહેવાય અને જે પદાર્થનું સંસ્થાન તેમજ જેનાં પર્યાયો એક રૂપ છે તે અમૂર્ત કહેવાય. આથી પુદ્ગલ અને સંસારી જીવ અર્થાત્ જે રૂપી છે તે મૂર્ત પ્રાપ્ત થશે અને જે અરૂપી છે તે અમૂર્ત પ્રાપ્ત થશે.

અત્રે મૂર્ત સબંધી ઉપરોક્ત વિચારણા માનવા કે મનાવવાનો મારો કોઈ આગ્રહ નથી. આની પાછળ માત્ર મારી વિચારણા જ છે તેથી જિજ્ઞાસુઓ એ આ સંબંધમાં જ્ઞાનાધિકને પૂછીને નિર્ણય કરવો જોઈએ.

**૨૯. પુદ્ગલ અને શુદ્ધ જીવના વિલક્ષણ સ્વરૂપનો ટૂંકસાર:**—પુદ્ગલ જડ છે, જીવ ચેતન છે. એક રૂપી છે અને તેથી નામી છે. બાજો અરૂપી હોવાથી અનામી છે. પુદ્ગલમાં ક્ષેત્રસ્થાનાન્તર પરિણમન છે તેથી તે સક્રિય છે અર્થાત્ તેના પ્રદેશો ચંચળ છે. અવગાહનાસ્થાનાન્તર પરિણમન છે તેથી તે સાકાર છે, દ્રવ્યસ્થાનાન્તર પરિણમન કરતો હોવાથી અનંત વર્ગણાત્મક છે અને ભાવસ્થાનાન્તર પરિણમન કરે છે તેથી તેમાં તિર્યગ્મુખિ તેમજ ઊર્ધ્વમુખિ વિસદૃશતા, વિષમતા અને ગુરુલઘુત્વ છે. આ પરિણમનશીલતાએ કરીને તે પરિણામી છે, અને આ પરિણમન વૈભાવિક હોવાથી પરાધીન છે. આથી વિપરીત અરૂપી જીવમાં ક્ષેત્રસ્થાનાન્તરાદિ કોઈ પણ પ્રકારે પરિણમન ન હોવાથી તે અક્રિય, નિરાકાર, સદૃશ પરિણામી, અવિષમ અને અગુરુલઘુ છે. તેની ક્ષેત્રમાં અક્ષયસ્થિતિ છે. પુદ્ગલ રૂપી હોવાથી તેના પ્રદેશો ચંચળ છે અને પર્યાયો વિસદૃશ છે. ઘાત, આઘાત, પ્રત્યાઘાત, અથડામણ, ટકરામણ, ઘર્ષણ, આચ્છાદન, અંતરાય, બંધન, ભેદન, છેદન, જલન, વિચલન, વિકરણાદિ અનેક પ્રકારના સંસ્કૃત કહેતા શુભ અને વિકૃત કહેતા અશુભ પરિણામો રૂપી દ્રવ્યોમાંજ પ્રાપ્ત થાય છે. આથી રૂપી વ્યાબાધ સ્વભાવી છે. અરૂપી અવ્યાબાધ સ્વભાવી છે કારણ કે તેમાં આઘાત પ્રત્યાઘાતાદિ કોઈ પણ શુભાશુભ પરિણામો પ્રાપ્ત થતા નથી પરંતુ તેના સર્વ પરિણામો શુદ્ધ છે. પુદ્ગલ અશુદ્ધ તત્ત્વ છે. અરૂપી સર્વ શુદ્ધ તત્ત્વો છે.

પુદ્ગલની સર્વ શક્તિ ક્રમપૂર્વક પ્રગટે છે અને તેથી જ તે અપૂર્ણ, વિકળ, વિષમ છે અને તેનું પરિણમન ક્રમસમુચ્ચય સ્વરૂપનું છે. અરૂપી જીવના પ્રત્યેક સમયના પરિણામો સર્વ શક્તિપૂર્ણ હોવાથી તે સકળ, અવિષમ અને સંપૂર્ણ છે અને તેથી તેનું પરિણમન સમસમ્મુચ્ચય સ્વરૂપ છે. પુદ્ગલ સકાળતત્ત્વ છે. અરૂપી જીવ અકાળ યાને

કે એક કાળમાં પરિગમન કરતું કાળાતીત તત્ત્વ છે.

હવે આપણે આ બે વિલક્ષણ પદાર્થોના બદ્ધસંબંધથી યાને કે સંશ્લેષથી કેવો વિચિત્ર પદાર્થ પ્રાપ્ત થાય છે તેનો વિચાર કરીએ.

**૩૦. જીવ અને પુદ્‌ગલના બદ્ધસંબંધથી પ્રાપ્ત થતું જીવનું વૈભાવિક સ્વરૂપ** :—જડ અને રૂપી એવા પુદ્‌ગલ દ્રવ્ય સાથે ચેતન અને અરૂપી એવા જીવ દ્રવ્યના બદ્ધસંબંધથી જે વિચિત્ર પદાર્થ પ્રાપ્ત થાય છે તેને જીવની પ્રધાનતાએ સંસારી કહેવાય અને પુદ્‌ગલની પ્રધાનતાએ સચિત્ત સ્કંધ પણ કહી શકાય છે. જીવ અને પુદ્‌ગલના બદ્ધસંબંધથી પુદ્‌ગલના સ્વરૂપમાં જે વૈભાવિક અર્થાન્તર થાય છે તેનો વિચાર કરવાની આપણને કોઈ જરૂર નથી પરંતુ આ સંબંધથી ચૈતન્યસ્વરૂપ આત્મદ્રવ્ય પોતાનું સ્વાભાવિક સ્વરૂપ ખોઈ કેવી વૈભાવિક દશા પ્રાપ્ત કરે છે તેનો તો વિચાર આપણે અત્યંત ગંભીરતાપૂર્વક કરવો જ જોઈએ.

આપણું શુદ્ધ, કર્મકલંકથી રહિત, સ્વાભાવિક, અરૂપી સ્વરૂપ આપણે કદી જ અનુભવ્યું નથી કારણ કે અનાદિ કાળથી આપણે આપણા પૌદ્‌ગલિક કર્મોથી કલંકિત અશુદ્ધ અને વૈભાવિક સ્વરૂપનો જ અનુભવ કરતા આવ્યા છીએ. આથી આપણને આપણા શુદ્ધ સ્વાભાવિક અરૂપી સ્વરૂપનું જ્ઞાન કે ભાન થવું મુશ્કેલ તો થઈ ગયું છે, પરંતુ રૂપી અને જડસ્વરૂપ પુદ્‌ગલની ભાતથી વૈભાવિક દશાને પ્રાપ્ત થયેલા આપણા વર્તમાન સ્વરૂપમાંથી બુદ્ધિથી પૌદ્‌ગલિક ભાતની બાદબાકી કરીએ તો આપણી અરૂપી ચેતનાની ઝાંખી જરૂર થઈ શકે છે.

જીવના આત્મપ્રદેશો સાથે ત્રણ પ્રકારની પુદ્‌ગલ વર્ગણાઓ ત્રણ શરીર રૂપે બંધાય છે. આ ત્રણે પૌદ્‌ગલિક શરીરો તેમજ આત્મપ્રદેશો સમક્ષેત્રી છે, એકાકારે પરિણમેલા છે. તે ત્રણે શરીરો આત્મપ્રદેશ સાથે તેમજ એકબીજા સાથે બદ્ધ સંબંધને પ્રાપ્ત થઈ સંશ્લેષ પરિણામે એકીભૂત થઈ ગયા છે. આ ત્રણમાં જે સ્થૂલ અને દશ્ય* મનુષ્ય અને તિર્યંચનું શરીર કે જે વડે ચાલવું, દોડવું, ખાવું, પીવું ઈત્યાદિ કાયિક ક્રિયા થાય છે તે પુદ્‌ગલની ઔદારિક વર્ગણાનું બનેલું છે. આ જ શરીર દેવ અને નારકોનું વૈક્રિય વર્ગણાનું બનેલું છે. આથી સૂક્ષ્મ તૈજસ શરીર જે તૈજસવર્ગણાનું બન્યું છે તે સર્વ સંસારી જીવોને નિયમા હોય છે અને તે આહારના પાચનમાં અને શરીરની તેજસ્વિતામાં કારણભૂત છે. ત્રીજુ શરીર જે કાર્મણ વર્ગણાનું બન્યું છે તે અત્યંત સૂક્ષ્મ છે અને તે સર્વ સંસારી જીવોને હોય છે. આ કાર્મણ શરીર અન્ય શરીરોના બીજભૂત છે અને જીવની સંસારી અવસ્થાનુ—અર્થાત્ જીવની વૈભાવિક પરિણતિનું મૂળભૂત નિમિત્તકારણ પણ આ જ શરીર છે. સંસારી જીવ મરણાંતે પોતાનું સ્થૂલ ઔદારિક યા વૈક્રિય શરીર ત્યજી દે છે જેથી ભવાંતર જતા

* સૂક્ષ્મ એકેન્દ્રિય જીવોનું શરીર ઔદરિક હોવા છતાં પણ તે અદસ્ય છે અર્થાત્ ચક્ષુગ્રાહ્ય નથી.

માર્ગમાં તેને આ શરીર હોતું નથી પરંતુ જ્યાં સુધી જીવ સંસારમાં છે ત્યાં સુધી તેનું તૈજસ અને કાર્મણ શરીર અવશ્ય તેની સાથે જ રહે છે. કોઈ પણ દ્રવ્યની વિભાવ પરિણતિ માટે પરપદાર્થની નિમિત્તતા અવશ્ય રહે છે અને સંસારી જીવની વૈભાવિક-પરિણતિમાં આ કાર્મણ શરીર તે નિમિત્તતા પૂરી પાડે છે. જીવના વિભાવપરિણામમાં કાર્મણ શરીર નિમિત્તકારણ તો છે જ પરંતુ તે શરીર વિભાવપરિણામનું કાર્ય પણ છે. જીવ જે જે પ્રકારના શુભાશુભ વિભાવ પરિણામે વર્તે છે તદનુસાર તે શુભાશુભ સંસ્કારો પણ ઉપાર્જન કરે છે અને કાર્મણ શરીર આ શુભાશુભ સંસ્કારોનો પિંડ છે એટલું જ નહિ પરંતુ આ સંસ્કારો ફલિત થઈ શકે તેને યોગ્ય ભવ, કુળ, જાતિ, ગતિ, શરીર, સંસ્થાન, રૂપ ઈત્યાદિ માટેની બીજભૂત સામગ્રી પણ આ કાર્મણ શરીર જ પૂરી પાડે છે. ટૂંકમાં આ કાર્મણશરીર ભિન્નભિન્ન પ્રકારની કર્મપ્રકૃતિઓનો પિંડ છે. જીવ જે જે પ્રકારના વિભાવ પરિણામોને પ્રાપ્ત કરે છે તથાપ્રકારની કર્મપ્રકૃતિ તે માટે નિમિત્ત કારણતા આપે છે. જીવ જેવા જેવા ભવ, જેવી જેવી ગતિ, જાતિ, અને જેવા જેવા કુળમાં જન્મ લે છે અને ત્યાં જેવા જેવા રૂપ, રંગ શરીરાદિ મેળવે છે તેને અનુરૂપ કર્મપ્રકૃતિ તે તે ભવાદમાં નિમિત્તકારણતા આપે છે. કર્મપ્રકૃતિના ભેદો અસંખ્ય છે. પરંતુ સ્થૂલ દૃષ્ટિથી તેના મૂળભૂત ઘાતીકર્મ અને અઘાતીકર્મ એમ બે ભેદ છે અને વળી તે પ્રત્યેકના ચાર ચાર પેટા ભેદ હોવાથી કર્મપ્રકૃતિના મૂળ આઠ ભેદ કેવળી ભગવંતોએ કહ્યા છે. હવે આપણે આ આઠ ભેદનો વિચાર કરીશું.

## ૩૧. ઘાતી અને અઘાતી કર્મપ્રકૃતિનું સ્વરૂપ અને તેના આઠ ભેદ.

સર્વ દ્રવ્યોના અસ્તિત્વ, વસ્તુત્વાદિ સાધારણ ગુણો ઉપરાંત જીવમાં જ્ઞાન, દર્શનાદિ અસાધારણ ગુણો તેમજ અનાદિકાલીન કર્મ સાથેના બદ્ધ સંબંધથી પૌદ્ગલિક ગુણો વ્યાબાધત્વ, સક્રિયત્વ, રૂપીત્વ અને અગુરુલઘુત્વ પણ પ્રાપ્ત થાય છે. પરનિમિત્તક હોવાથી આ ચારે જીવના ઉપજીવી ગુણો કહ્યા છે. જે કર્મોદય નિમિત્તે સંસારીમાં ઉપજીવી ગુણો પ્રાપ્ત થયા છે તે અઘાતી કર્મોના ક્ષયે આ ઉપજીવી ગુણોનો નાશ થાય છે અને તેના સ્થાને ઉપજીવી ગુણોના અભાવાત્મક પ્રતિજીવી ગુણો અવ્યાબાધત્વ, અક્રિયત્વ, અરૂપીત્વ અને અગુરુલઘુત્વનો ઉદ્ભવ થાય છે. પ્રતિજીવી ગુણો આકાશાદિ સર્વ અરૂપી દ્રવ્યોના સાધારણ ગુણો છે. અઘાતી કર્મો સંસારી જીવના ઉપજીવી ગુણોના ઉપાર્જનમાં કારણભૂત છે.

પુદ્ગલ સંબંધ સાપેક્ષ ઉપજીવી ગુણોથી વિપરીત અન્ય દ્રવ્યનિરપેક્ષ જીવના અસાધારણ–પોતાના સ્વભાવિક જ્ઞાન, દર્શનાદિ ગુણોને કર્મગ્રંથકારોએ "અનુજીવી" વિશેષણ આપ્યું છે. જીવની હરકોઈ અવસ્થામાં–નિકૃષ્ટમાં નિકૃષ્ટ અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદ પર્યાયમાં પણ જીવનો જ્ઞાન, દર્શનાદિ ચૈતન્યશક્તિનો અલ્પ અંશ પણ અવશ્ય અનાવૃત રહી નિરંતર તેનું કાર્ય કરી રહ્યો છે અર્થાત્ જીવના હરકોઈ પર્યાયનું તેની ચૈતન્યશક્તિનો અંશ અનાવૃત રહી અનુસરણ કરતો હોવાથી જ્ઞાન,

દર્શનાદિ જીવના અસાધારણ ગુણોની અનુજીવી સંજ્ઞા સાર્થક છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય જીવના અનુજીવી ગુણો છે અને જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય લબ્ધિઓ પણ છે. લબ્ધિ અત્રે શક્તિના અર્થમાં છે. ગુણ અને લબ્ધિમાં સૂક્ષ્મ અર્થભેદ છે. ગુણકાર્ય વા ગુણવ્યાપાર યા ગુણોનો પરિણમનપ્રવાહ લબ્ધિ છે. આગળ ઉપર આ બેઉ એક બીજાના સ્થાને વપરાશે તેથી યથાયોગ્ય અર્થઘટન કરવું. ગમે તેવા કે ગમે તેટલા ગાઢ કર્મો પણ જીવનું ચૈતન્ય સંપૂર્ણપણે આવરી શકતા નથી. કર્મશક્તિની આ મર્યાદા હોવાથી કર્મ સાથેના સંઘર્ષમાં અંતિમ વિજય જીવનો જ થાય છે. વહેલા કે મોડા ભવ્ય જીવ કર્મબંધનથી સદા માટે મુક્ત થઈ પોતાનું અંતિમ લક્ષ્ય સ્વાભાવિક, શુદ્ધ, પરમાનંદ-મય સ્વરૂપ અવશ્ય પ્રાપ્ત કરે છે. આ રીતે જીવના અનુજીવી, ઉપજીવી અને પ્રતિજીવી ગુણોનું વિશ્લેષણ કર્યું જેથી ઘાતી અને અઘાતી કર્મોનું કાર્ય સરળતાપૂર્વક સમજી શકાય.

જે કર્મોના ઉદય નિમિત્તે જીવના અનુજીવી ગુણોનો અથવા ચેતનલબ્ધિઓનો ઘાત થાય છે તે ઘાતીકર્મો છે અને જેના ઉદય નિમિત્તે જીવમાં ઉપજીવી ગુણો પ્રાપ્ત થાય છે તે અઘાતી કર્મો કહેવાય છે, કારણકે આ કર્મો જીવના અનુજીવી ગુણોનો યાને ચેતનલબ્ધિઓનો ઘાત કરી શકતા નથી. અઘાતી કર્મોના સદ્ભાવમાં જ જીવના ઘાતી-કર્મોના નાશપૂર્વક સર્વ અનુજીવી ગુણો યાને સર્વ ચેતન લબ્ધિઓ તેના શુદ્ધ સ્વાભાવિક સ્વરૂપને પ્રાપ્ત કરે છે તે જ દર્શાવે છે કે અનુજીવી ગુણોના સંપૂર્ણ પ્રગટીકરણમાં અઘાતી કર્મો બાધક બનતા નથી.*

ઘાતીકર્મો જીવના અનુજીવી ગુણોનો ઘાત કરે છે તેનો અર્થ એવો તો નથી કે તે ગુણોનો સમૂળ નાશ થાય છે. વિશ્વના કોઈ પણ દ્રવ્યના કોઈ પણ ગુણના યા તેના પ્રદેશપિંડના એક અંશનો પણ નાશ અથવા તેમાં એક અંશની પણ વૃદ્ધિ કદાપિ થતી નથી. "ઘાત કરે છે" તેનો અર્થ "ઘાયલ કરી પાંગળા બનાવી દે છે" તેમ કરવાનો છે. આ પૂર્વે આપણે જોઈ ગયા છીએ કે એક રૂપી દ્રવ્ય અન્ય રૂપી દ્રવ્યના ગુણ–પર્યાયોને તેમજ તેના પ્રદેશોને આચ્છાદિત કરી શકે છે, એક બીજામાં વિકાર ઉત્પન્ન કરી શકે છે, તેમજ એકના પરિણમનપ્રવાહમાં અન્ય અંતરાય પણ નાખી શકે છે. ઘાતી કર્મોનો ઉદય પણ આ જ કાર્યોમાં નિમિત્ત બને છે. જીવની દૃષ્ટિને (વસ્તુને નિહાળી તેના સ્વરૂપનો અનુગમ કરી પોતાના હિતાહિતની દૃષ્ટિએ તેનું યથાર્થ મૂલ્યાંકન કરવાની શક્તિને, કે જેને જૈનદર્શનમાં દર્શન, રુચિ યા શ્રદ્ધાનગુણ પણ કહેવાય છે.) વિકૃત કરી તેના ચારિત્રમાં (વર્તનમાં) વિકાર ઉત્પન્ન કરનાર ઘાતીકર્મને **મોહનીયકર્મ** કહેવાય છે. તેમાં આત્માની દૃષ્ટિને અર્થાત્ તેના દર્શનગુણમાં વિકાર ઉત્પન્ન કરનાર **દર્શનમોહનીય-કર્મ** છે અને ચારિત્રમાં વિકાર ઉત્પન્ન કરનાર **ચારિત્રમોહનીયકર્મ** છે. આ રીતે

---

* આ સામાન્ય કથન છે. પરભવનું આયુ બાંધ્યું હોય તો, તિર્થંકરનામકર્માદિનો નિકાચિત બંધ થયો હોય તો તે ભવમાં જીવ મુક્તિ લાભ પામી શકતો નથી—આયુષ્ય અને તિર્થંકરનામ અઘાતી કર્મો હોવા છતાં.

મોહનીયકર્મના બે મૂળ ભેદ છે. જીવની જ્ઞાન અને દર્શન લબ્ધિને આવૃત્ત કરનાર ઘાતીકર્મોને અનુક્રમે **જ્ઞાનાવરણીય** અને **દર્શનાવરણીયકર્મ** કહેવાય છે, અને જીવની પ્રગટ વીર્યલબ્ધિ પ્રમુખ અનેકવિધ લબ્ધિઓના પરિણમન પ્રવાહમાં નાનામોટા વિવિધ પ્રકારના અંતરાયો નાખી તે લબ્ધિઓના ભાવસ્થાનમાં ઊર્ધ્વમુખિ હાનિ–વૃદ્ધિસ્વરૂપ વિષમતા અને ક્રમિકતા પ્રદાન કરી તે પરિણમનપ્રવાહને ક્રમસમુચ્ચય સ્વરૂપ બનાવનાર ઘાતીકર્મને **અંતરાયકર્મ** કહેવાય છે.

હવે આપણે અઘાતી કર્મો કયા છે અને તેમનું શું કાર્ય છે તે તપાસીએ. આકાશ, ધર્મ અને અધર્મ દ્રવ્યોની જેમ અરૂપી હોવાથી શુદ્ધ આત્માનો અવ્યાબાધ સ્વભાવ છે. જે અઘાતી કર્મોના ઉદયે જીવ વ્યાબાધ સ્વભાવ પ્રાપ્ત કરે છે તેને **વેદનીયકર્મ** કહેવાય છે. આ કર્મના ઉદયે જીવના શરીર, મન અને ઇન્દ્રિયો રૂપી હોવાથી અનેક નિમિત્તોથી બાધા પામે છે અને તે શરીરાદિનો આત્મદ્રવ્ય સાથે ક્ષીર-નીરવત્ સંશ્લેષ સંબંધ હોવાથી આત્પ્રદેશો પણ બાધિત થાય છે અને પરિણામે જીવ અનુકૂળ બાધારૂપ સુખ યા પ્રતિકૂળ બાધારૂપ દુઃખનું વેદન કરે છે. શુદ્ધ આત્મદ્રવ્યના પ્રદેશો સ્વભાવથી અક્રિય છે, આકાશમાં તેની અક્ષય સ્થિતિ છે. પરંતુ **આયુષ્યકર્મ**ના નિમિત્તે જીવનમરણમાં આવર્તો કરતો ચોરાસી લાખ યોનીમય આ સંસારમાં સંસરણ કરતો થકો જીવ સક્રિયતાને પામ્યો છે. આ ચૌદ રાજલોક પ્રમાણ લોકમાં કોઈ પણ સ્થાને તે સ્થિરતા કરી શકતો નથી, અર્થાત્ જેના પ્રદેશો સ્વભાવથી અચંચળ છે તે ચંચળતાને પ્રાપ્ત થયા છે.

સ્વભાવથી અરૂપી અને તેથી અનામી આત્મા **નામકર્મ**ના ઉદયે દેવ, નારક, મનુષ્યાદિ ભિન્ન ભિન્ન ગતિઓ, એકેન્દ્રિયાદિ ભિન્ન ભિન્ન જાતિઓ તેમજ અનેક પ્રકારના વર્ણ, ગંધાદિવાળા શરીરો ધારણ કરતો અનેક રૂપો અને તદનુસાર અનેક નામો ધારણ કરે છે અર્થાત્ રૂપી અને નામી બની ગયો છે. છેલ્લે સ્વભાવથી પોતાના જ ભિન્ન ભિન્ન કાલીન ભાવોમાં વિષમતા રહિત તેમજ પરસ્પર ઉંચ–નીચ ભાવ રહિત અગુરુલઘુસ્વભાવવાન આત્મા **ગોત્રકર્મ**ના ઉદય નિમિત્તે કુળ, જાતિ, સત્તા, વૈભવાદિ સંબંધી પરસ્પર ઊંચ-નીચ અનેક પ્રકારના ભેદ વ્યવહારને પ્રાપ્ત કરતો થકો ગુરુ–લઘુ-પણું પામ્યો છે. આ રીતે વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર આ ચાર અઘાતીકર્મોના ઉદય નિમિત્તે અનુક્રમે જીવના પ્રતિજીવી ગુણો અવ્યાબાધત્વ, અક્રિયત્વ (અક્ષયસ્થિતિ) અરૂપીત્વ અને અગુરુલઘુત્વના સ્થાને અનુક્રમે ઉપજીવી ગુણો વ્યાબાધત્વ, સક્રિયત્વ, રૂપીત્વ અને ગુરુ–લઘુત્વ અનાદિકાળથી પ્રાપ્ત થયા છે.

અત્રે કોઈ પ્રશ્ન કરે છે કે જેમ જ્ઞાનાવરણીયાદિ કર્મોદય જીવના જ્ઞાન, દર્શનાદિ ગુણોનો ઘાત કરે છે તેમ વેદનીય આયુ આદિ કર્મોદય પણ જીવના અવ્યાબાધત્વ, અક્રિયત્વાદિ ગુણોનો ઘાત કરે છે. આમ ગુણોનું ઘાત કરવાપણું તો બધા જ કર્મોમાં એક સરખું છે તો પછી તે કર્મના ઘાતી અઘાતિ એવા બે ભેદ કરવામાં કયો હેતુ છે? આ પ્રશ્નનો આપણે બે રીતે જવાબ આપશું.

(i) ઉપર જણાવી ગયા તેમ ઘાતીકર્મો જેનો ઘાત કરે છે તે અનુજીવી ગુણો જીવના આત્મભૂત અસાધારણ હકારાત્મક યાને અસ્તિ (Positive) ધર્મો છે. જ્યારે આ અનુજીવી ગુણોનો ઘાત કરવાને અશક્તિમાન હોવાથી જેને અઘાતી કર્મો કહેવાય છે તે તો માત્ર અરૂપી આત્મદ્રવ્યને રૂપી પૌદ્ગલિક વાઘા પહેરાવે છે અર્થાત્ વ્યાબાધત્વ, સક્રિયત્વાદિ પૌદ્ગલિક ગુણધર્મો આત્મા પર લાદે છે અને અઘાતીકર્મોનો ક્ષય થએ આ લદાયેલા પૌદ્ગલિક ગુણધર્મોનો આત્મામાં અભાવ થઈ જાય છે. પ્રતિજીવીગુણો આત્માના કોઇ મૌલિક ગુણો નથી પરંતુ આ વ્યાબાધત્વાદિ પૌદ્ગલિક ગુણોના અભાવસૂચક નકારાત્મક યાને આત્માના નાસ્તિ (Negative) ગુણો છે.* અકાશાદિ સર્વ અરૂપી દ્રવ્યોના આ પ્રતિજીવી ગુણો સાધારણ ગુણો છે. આ રીતે એક જીવના અસાધારણ ગુણોનો ઘાત કરે છે અને બીજા તેનો ઘાત નથી કરી શકતા. આ જ ઘાતી–અઘાતી કર્મોમાં ભેદ છે.

(ii) ઘાતી-અઘાતિ કર્મોના કાર્યભેદ સંબંધમાં શ્રી પનાલાલભાઈએ એક મૌલિક વિચારણા રજુ કરી છે તે અત્યંત રોચક હોવાથી અત્રે રજુ કરૂં છું. દ્રવ્યના બે મૂળભૂત અંગો છે. એક છે તેનો પ્રદેશપિંડ અને બીજું અંગ એટલે તે પ્રદેશપિંડના આધારે તાદાત્મ્ય સંબંધથી રહેતા તેના ગુણ-પર્યાયો. ઘાતીકર્મો આત્માના ગુણપર્યાયોને બંધનમાં લઈ તેની શક્તિઓનો ઘાત કરી પાંગળી કરે છે અને અઘાતી કર્મો દ્રવ્યના પ્રદેશપિંડને પોતાના બંધનમાં લઈ તેના પર ભૌતિક ગુણધર્મો લાદે છે. પ્રથમ હમેંશા આત્માના ગુણ-પર્યાયો અર્થાત્ તેનો ચેતનોપયોગ ઘાતીકર્મોનો ક્ષય થયે શુદ્ધ, નિર્મળ બને છે અને ચેતનની સર્વ લબ્ધિઓ સોળે કળાએ ખીલી ઉઠે છે. આ પછી અઘાતીના ક્ષયે આત્માના પ્રદેશો બંધનમાંથી છૂટે છે. તેના પર લદાયેલા ઉપજીવી પૌદ્ગલિક ગુણોનો નાશ થાય છે અને આત્મા તેનું શુદ્ધ, સ્વાભાવિક, અરૂપી સ્વરૂપ પ્રાપ્ત કરે છે. આમ જીવના મોક્ષના બે સ્તર છે. પ્રથમ સ્તરે આત્માનો ઉપયોગ ઘાતીકર્મના બંધનમાંથી મુક્ત થાય છે, અને બીજા સ્તરે આત્માના પ્રદેશો અઘાતીના ક્ષયે બંધનમાંથી મુક્ત થાય છે આ રીતે ઘાતી–અઘાતી કર્મોની વિલક્ષણતા અને કાર્યભેદ સ્પષ્ટ જણાય છે.

**૩૨. જીવના અનુજીવી ગુણોની પ્રરૂપિત ભિન્નભિન્ન સંખ્યા છતાં અવિસંવાદ.** ઘાતીકર્મોના કાર્યસંબંધી વધુ વિચારણા કરીએ તે પૂર્વે જીવના અનુજીવી ગુણોના સંબંધમાં સ્પષ્ટતા કરવાની આવશ્યકતા છે.

સર્વાર્થસિદ્ધિમાં (૧–૪) "चेतनालक्षणो जीवः" કહી ચૈતન્યને જીવનો અસાધારણ ગુણ અર્થાત્ અનુજીવી ગુણ કહ્યો છે. તત્ત્વાર્થમાં (૨–૮) "उपयोगो लक्षणम्" કહી ઉપયોગને જીવનો અનુજીવી ગુણ કહ્યો છે, અને ઉત્તરાધ્યયનસૂત્રમાં (૨૮–૧૧)

* પંન્યાસપ્રવર જયઘોષવિજયજીનું મંતવ્ય છે કે પ્રતિજીવી ગુણો માત્ર નાસ્તિ ગુણધર્મો નથી. તે ગુણોનું વિધેયાત્મક (Positive) સ્વરૂપ છે પરંતુ તે અનિર્વચનીય છે. તેમની આ વિચારણા માની શકાય છે કારણ કે આગમમાં અનભિલાપ્ય ભાવો અનંત કહ્યા છે.

"नाणं च दंसणं चेव चरितं च तवो तहा। वीरियं उवओगो य एयं जीवस्स लक्खणं" કહી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગને જીવના છ અનુજીવી ગુણો ગણાવ્યા છે, કર્મગ્રંથકારોએ જ્ઞાન–દર્શન–ચારિત્ર અને વીર્ય એ ચારને જીવના અનુજીવી ગુણો કહ્યા છે. આમ જુદા જુદા ગ્રંથોમાં ભિન્ન ભિન્ન રીતે જીવના અનુજીવી ગુણો ગણાવ્યા છે. પરંતુ આમાં વિસંવાદ નથી કારણ કે આ સર્વ જીવના એક માત્ર ચૈતન્ય-ગુણના જ પર્યાયો છે અર્થાત્ ભેદો છે. વધુ સ્પષ્ટતા નીચે મુજબ છે.

જીવની ચેતનશક્તિના બોધસ્વરૂપ વ્યાપારને જ ઉપયોગ કહેવાય છે. આથી ઉપયોગ ચેતનસ્વરૂપ જ છે. ચેતન જીવનો સ્વભાવ છે, અથવા ચૈતન્ય જીવનો ગુણ છે અને ઉપયોગ તે ગુણનું કાર્ય છે.

ઉત્તરાધ્યયન કથિત છએ લક્ષણો પણ જીવની ચેતન શક્તિના જ પર્યાયો છે. તેમાં **જ્ઞાન અને દર્શન** જીવના બોધસ્વરૂપ વ્યાપાર ઉપયોગના જ પર્યાયો છે. વસ્તુના સામાન્ય બોધને દર્શન અને વિશેષ બોધને જ્ઞાન કહેવાય છે. જીવની આ બે લબ્ધિઓ –જ્ઞાનલબ્ધિ અને દર્શનલબ્ધિ સંબંધમાં વધુ વિચારણા હમણાં જ આપણે કરીશું. ચેતન ઉપયોગનું જ્યાંથી વિસ્ફૂરણ થાય છે. જ્યાંથી તેનો પ્રાદુર્ભાવ થાય છે તે આત્મામાં જ રમણતા અથવા ઉપયોગનું અંતર્મુખપણું–આત્માભિમુખપણું અથવા બ્રહ્મમાં ચર્યા યાને કે પોતાના આત્મામાં જ ચર્યા અથવા પોતાના જ્ઞાન–દર્શન ઉપયોગમાં જ રમણતા તે શુદ્ધ જ્ઞાતા–દ્રષ્ટાભાવ ચેતનાનું **શુદ્ધચારિત્ર** છે. અને તે સ્વમાં ચર્યા થકી ચેતનની પરમાનંદના વેદનપૂર્વકની સંતૃપ્ત અવસ્થા અને તજ્જન્ય નિરીહતા (ઇચ્છામાત્રનો અભાવ) ચેતનાનો **શુદ્ધ તપગુણ** છે. આથી વિપરીત ચેતનોપયોગનું પરાભિમુખપણું –બહિર્મુખપણું અર્થાત્ પરમાં રમણતા અથવા પરમાં સુખબુદ્ધિ, કર્તા—ભોક્તાભાવ સ્વરૂપ મોહપરિણામ જીવનું કર્મલિપ્ત **અશુદ્ધ ચારિત્ર** છે અને પોતાને પ્રાપ્ત ગમે તેટલા પણ વિષયસુખમાં હંમેશા ઊણપ અનુભવતા આત્માની અતૃપ્ત અવસ્થા, પરની ઇચ્છામાં હંમેશા તપન જીવનો કર્મલિપ્ત **અશુદ્ધ તપગુણ** છે. જીવની સમગ્ર ચૈતન્ય-શક્તિનું પરિણમન–પર્યાય પ્રવાહ છે તે જ **ચેતનવીર્ય** છે. ચેતનની અનેકવિધ લબ્ધિઓ (શક્તિઓ) જેવી કે જોવાની (દર્શનલબ્ધિ), જાણવાની (જ્ઞાનલબ્ધિ), ઇષ્ટને પ્રાપ્ત કરવા પુરુષાર્થ ફોરવવાની (વીર્યલબ્ધિ), ઈષ્ટને પ્રાપ્ત કરવાની (લાભલબ્ધિ), પ્રાપ્ત કરેલું અન્યને પ્રદાન કરવાની (દાનલબ્ધિ), પ્રાપ્તનો ભોગોપભોગ કરવાની (ભોગ અને ઉપભોગલબ્ધિ). આ સર્વ ચેતનવીર્યના જ પર્યાયો છે. જેટલા પ્રમાણમાં ચેતનવીર્ય પ્રગટે છે તેટલા પ્રમાણમાં ઉપરોક્ત લબ્ધિઓ પ્રગટે છે, અને જ્યારે વીર્યલબ્ધિ સંપૂર્ણતાને પામે છે ત્યારે અન્ય સર્વ લબ્ધિઓ પણ સંપૂર્ણતાને પ્રાપ્ત કરે છે.

આ પ્રમાણે જ્ઞાન, દર્શનાદિ જે જીવના આસાધારણ લક્ષણો કહ્યા છે તેમાં ઉપયોગનો જ્ઞાન અને દર્શનમાં તથા તપનો ચારિત્રમાં અંતર્ભાવ કરી કર્મવિશારદોએ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય આ ચારને જીવના અનુજીવી ગુણો કહ્યા છે. આ અનુજીવી ગુણોના ઘાતીકર્મોએ જે બેહાલ કર્યા છે તે સમજવા આપણે તે ગુણોના શુદ્ધ સ્વરૂપનો અને તે શુદ્ધ સ્વરૂપમાં તેની પૂર્ણ વિકાસ પામેલી શક્તિ અર્થાત્ લબ્ધિનું સ્વરૂપ કેવું છે તે સમજવા પ્રથમ જ્ઞાન અને દર્શન જે ચેતનોપયોગના જ પર્યાયો છે તેમાં શું ભેદ છે તે સમજી લઈએ.

**૩૨. જ્ઞાન અને દર્શનમાં ભેદ**—જીવના બોધસ્વરૂપ વ્યાપાર ઉપયોગના જ્ઞાન અને દર્શન પર્યાયો છે. વસ્તુની સામાન્યસત્તાના બોધને દર્શન અને સ્વરૂપસત્તાના બોધને જ્ઞાન કહેવાય છે. વસ્તુમાત્રની સત્તાના બે ભેદ છે. તેમાં જે સામાન્યસત્તા છે તે વસ્તુસામાન્યને સિદ્ધ કરે છે, અને જે સ્વરૂપસત્તા કે જેને વિશેષસત્તા પણ કહેવાય છે તે વસ્તુવિશેષને સિદ્ધ કરે છે. "વસ્તુ છે." એટલું કહેવા માત્રથી વસ્તુનો સંપૂર્ણ બોધ થતો નથી. "વસ્તુ છે" એટલું જ નહિ પરંતુ "વસ્તુ કંઈક છે." તે જીવ છે યા અજીવ છે. અત્રે "વસ્તુ છે" તે વસ્તુ–સામાન્યને સૂચવે છે અને "કંઈક છે" તેમાં "કંઈક" વસ્તુવિશેષને દર્શાવે છે.[1] માત્ર સામાન્ય સત્તાને માનીએ અને વિશેષ સત્તાને ન માનીએ તો સર્વ વસ્તુ એકરૂપ બની જાય. સર્વ વસ્તુમાં માત્ર "છે, છે અને છે" તેવો માત્ર અસ્તિપ્રત્યયજ[2] થાય. "આ વસ્તુ તે નથી" એવો નાસ્તિ પ્રત્યય તો થાય જ નહિ કારણ કે કોઈ પણ વસ્તુમાં નાસ્તિત્વ તે વસ્તુથી ભિન્ન અન્ય વસ્તુની અપેક્ષાએ જ થઈ શકે, પરંતુ વિશ્વમાં જો એક જ વસ્તુ હોય તો નાસ્તિત્વ ભાવ ઘટે નહિ અને નાસ્તિ પ્રત્યય થાય નહિ. પરંતુ "આ જીવ છે, અજીવ નથી," "તે છગન છે, મગન નથી," એવો અસ્તિ (affirmative) સાથે નાસ્તિ (negative) પ્રત્યય પણ થાય છે તે જ વસ્તુની સ્વરૂપ સત્તા યાને વિશેષ સત્તાને સિદ્ધ કરે છે. ટૂંકમાં વસ્તુ-વસ્તુમાં અનુવૃત્તિ (સદૃશતા–Similarity) પ્રત્યયમાં હેતુ વસ્તુની સામાન્ય સત્તા છે. અને વસ્તુ વસ્તુમાં વ્યાવૃત્તિ (વિસદૃશતા–dissimilarity) પ્રત્યયમાં હેતુ વસ્તુની સ્વરૂપ સત્તા છે. અત્રે એ ખ્યાલ રહે કે સામાન્ય અને વિશેષ

---

૧ વાચક વર્ગને આશ્ચર્યજનક લાગે તેવી બાબત એ છે કે પ્રાચીન કે અર્વાચીન, ભારતીય કે પાશ્ચિમાત્ય દર્શનોમાં જે વિવાદ છે તેના મૂળમાં "સામાન્ય" અને "વિશેષ" આ બે પદાર્થો વચ્ચેના સંબંધ વિષયક અજ્ઞાન યા વિપરીત જ્ઞાને અત્યંત મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

૨ "પ્રત્યય" શબ્દના અનેક અર્થ છે. હેતુ, કારણ, જ્ઞાન ઇત્યાદિ માટે પ્રત્યય શબ્દનો પ્રયોગ થાય છે. અત્રે પ્રત્યય એક પ્રકારના જ્ઞાન અર્થમાં વપરાયો છે. 'અસ્તિ પ્રત્યય' એટલે જે જ્ઞાન વસ્તુમાં અસ્તિત્વ ધર્મની સિદ્ધિમાં હેતુ બને છે તે જ્ઞાન. "વસ્તુ છે" આ જ્ઞાનથી વસ્તુમાં અસ્તિત્વ-ધર્મની સિદ્ધિ થાય છે તેથી "વસ્તુ છે" તે અસ્તિ પ્રત્યય (જ્ઞાન) છે.

સત્તાના ભિન્ન ભિન્ન પ્રદેશો નથી અર્થાત્ સામાન્ય અને વિશેષ એ પૃથક્ પૃથક્ બે વસ્તુ નથી. જે સામાન્યથી વૃક્ષ છે તે જ વિશેષથી પીપળો છે. જે સામાન્યથી જીવ છે તે જ વિશેષથી મનુષ્ય છે. જે સામાન્યથી મનુષ્ય છે તે જ વિશેષથી રમણલાલ છે. આ રીતે વિચારતા સ્પષ્ટ જણાય છે કે સામાન્યમાં જ વિશેષનો વાસ છે અને આ જ કારણથી સામાન્ય-વિશેષાત્મક પદાર્થને વસ્તુ કહી છે. આ રીતે સત્તામાત્રના બે ભેદ હોવાથી ક્રમ-સમુચ્ચયસ્વરૂપ પરિણમનશીલતાને પામેલા છદ્મસ્થ (ઘાતી કર્મોના-બંધનમાં બંધાયેલો સંસારી આત્મા) જીવના ઉપયોગના પણ જ્ઞાન અને દર્શન એવા બે ભેદ પડે છે. તેમાં સામાન્યસત્તાના બોધને દર્શન અને વિશેષસત્તાના બોધને જ્ઞાન કહેવાય છે.

આત્માની બોધલબ્ધિના આ બે ભેદ માત્ર છદ્મસ્થ આત્માઓની અપેક્ષાએ જ ઘટે છે કારણ કે છદ્મસ્થ આત્માનો ઉપયોગ ક્રમસમુચ્ચય પરિણામી છે. આથી છદ્મસ્થ જીવને પ્રથમ અર્થનું દર્શન અને પછી જ્ઞાન થાય છે. આપણી બોધલબ્ધિના વ્યાપારની ક્રમિકતા સમજવા એક સ્થૂલ દાખલો લઈએ.

દૂર સામાન્ય અંધકારમાં એક આકૃતિ દેખાય છે. "આ શું હશે?" તેવી જિજ્ઞાસાપૂર્વક તમો તેને નિહાળો છો. પ્રથમ તો "આ કંઈક છે" તેટલો માત્ર વસ્તુની સત્તાનો બોધ થાય છે. આ બોધ દર્શન છે કારણ કે તે આકૃતિની કોઈ પણ વિશેષતા જણાતી નથી. તે આકૃતિ ધીમે ધીમે તમારા તરફ આવતી જણાય છે. આકૃતિની સક્રિયતા સ્વરૂપ વિશેષતાનો બોધ થયો તેથી તમો નિર્ણય કરો છો કે "આ અજીવ નથી, જીવ છે." પ્રથમ દર્શનમાં તમારા સમાન્ય બોધનું ક્ષેત્ર" જીવ અને અજીવ" જેટલું વિશાળ હતું. તે આકૃતિની સક્રિયતાનો બોધ થયે આ ક્ષેત્રમાંથી અજીવની બાદબાકી થઈ ગઈ અને હવે તે ક્ષેત્ર સંકોચાઈને "જીવ" જેટલું જ રહ્યું. વધુ બારિકાઈથી નિહાળતા તે આકૃતિ મનુષ્યની જણાઈ તેથી તમારા બોધનું ક્ષેત્ર "જીવ" પ્રમાણ હતું તેમાંથી તિર્યંચાદિની બાદબાકી થતાં વધુ સંકોચાઈને "મનુષ્ય" પ્રમાણ થઈ ગયું. મનુષ્ય વધુ નજદીક આવે છે. તેની ચાલ, પહેરવેશાદિ નિહાળી નક્કી કરો છો "આ મનુષ્ય પુરુષ છે, સ્ત્રી નથી." આમ બોધક્ષેત્ર વધુ સંકોચાઈને સ્ત્રીવર્જિત પુરુષ પ્રમાણ રહ્યું. છેલ્લે તે પુરુષ વધુ નજદીક આવતાં તમો તેને ઓળખી નિર્ણય કરો છો, "આ તો રમણલાલ છે." અને પુરુષસામાન્યમાંથી તમોએ રમણલાલનો વ્યવચ્છેદ કર્યો અને તે એક વ્યક્તિવિશેષતાનું સ્વરૂપ તમારા માનસપટ પર સ્પષ્ટ ઉપસી આવ્યું. આ "જ્ઞાન" થયું. આ પૂર્વ જે બોધ થાય છે તે પૂર્વબોધની અપેક્ષાએ જ્ઞાન છે. અને પશ્ચાત્ બોધની અપેક્ષાએ દર્શન છે કારણ કે પૂર્વબોધની અપેક્ષાએ પછીના બોધમાં વિશેષતા છે.

જેમ જેમ કોઈ એક મોટા વર્તુળની (Circle) ત્રિજ્યા નાની નાની થતી જાય છે

તેમ તેમ તેના બહુપ્રદેશી અંતરાલક્ષેત્રનો સંકોચ થતો જાય છે અને અંતે આખું વર્તુલ જેના કોઈ અવાન્તર ભેદો નથી તેવા એકપ્રદેશી મધ્યબિંદુમાં સમાઈ જાય છે.

આવી જ રીતે આપણી બોધલબ્ધિનો વ્યાપાર જેમ જેમ સૂક્ષ્મ થતો જાય છે તેમ તેમ અનેક સજાતીય વસ્તુના સંગ્રહ સ્વરૂપ આપણા ઉપયોગનું યાને આપણી બોધલબ્ધિનું વિશાળ સામાન્ય ક્ષેત્ર સંકોચ પામતું જાય છે. અને અંતે તે એક અભેદ વસ્તુ વિશેષની ઉપલબ્ધિમાં વિરામ પામે છે—દર્શનોપયોગ જે નિરાકાર (અવિશેષિત) હતો તે સાકાર (વિશેષિત) જ્ઞાનોપયોગમાં પરિણત થાય છે. આપણો ઉપયોગ પણ આવા જ ક્રમે બોધ પ્રાપ્ત કરે છે. સામે પડેલી વસ્તુનું આપણને ઉપયોગ મુકતાની સાથે જ જ્ઞાન થતું જણાય છે પરંતુ તેનું કારણ આપણા ઉપયોગની સ્થૂલતા છે જેથી આપણને પ્રથમ દર્શન થાય છે અને પછી ક્રમપૂર્વક જ્ઞાન થાય છે, તેનો ખ્યાલ આવતો નથી. નિશ્ચયથી દર્શન થયા બાદ જઘન્યથી પણ અંતર્મુહૂર્ત વીતે જ જ્ઞાન થાય છે. ક્રમસમુચ્ચય સ્વરૂપ પરિણમન કરવાનો જેનો સ્વભાવ છે તેવા પૌદ્‌ગલિક કર્મોના બદ્ધસંબંધ થકી જ છદ્‌મસ્થ ઉપયોગ પણ ક્રમસમુચ્ચય સ્વરૂપ પરિણમનશીલતાને પામ્યો છે. જેના ઘાતી કર્મો નાશ પામ્યા છે તે કેવળજ્ઞાની ભગવંતોનો ઉપયોગ સમ-સમુચ્ચય સ્વરૂપ હોવાથી તેમના જ્ઞાન અને દર્શન એવા બે ભેદ પડતા જ નથી. તેમની સર્વ લબ્ધિઓ એકીભૂત થઈ તેના ઉત્કૃષ્ટ ભાવસ્થાનમાં રહી યુગપત્ વર્તે છે યાને તે સર્વ સંપૂર્ણ પ્રગટ થાય છે. આથી શ્રી કેવળીભગવંતોને સર્વદેશ–કાળવર્તી જ્ઞેયમાત્રનું જ્ઞાન અને દર્શન નિરંતર હોય છે. આ રીતે આપણે જ્ઞાન અને દર્શનમાં ભેદનું વિવરણ કર્યું. આ જ્ઞાન અને દર્શનાદિ લબ્ધિઓનું શુદ્ધ કર્મકલંક રહિત સ્વરૂપ અને તે શુદ્ધ જ્ઞાન–દર્શનાદિ લબ્ધિઓ ઘાતી કર્મોના બંધનમાં કેવું અશુદ્ધ વૈભાવિક સ્વરૂપ ધારણ કરે છે તે પૂર્વે જીવના વૈભાવિક ભાવના બે ભેદનો વિચાર કરીએ.

**૩૩. જીવના અશુદ્ધ અર્થાત્ વિભાવના બે ભેદ :** કર્મ સાથેના બદ્ધ-સંબંધથી આત્માનું શુદ્ધ સ્વાભાવિક સ્વરૂપ જે અશુદ્ધ "વૈભાવિક દશાને પ્રાપ્ત કરે છે તે વિભાવના મૂળભૂત બે ભેદ છે–ઔદયિકભાવ અને ક્ષાયોપશમિકભાવ.* ઔદયિક ભાવ અશુદ્ધ છે જ્યારે ક્ષાયોપશમિકભાવ શુદ્ધાશુદ્ધ છે.

**ઔદયિકભાવ** :—કર્મોદયનિષ્પન્ન જીવના વિભાવ પરિણામને **ઔદયિકભાવ** કહેવાય છે. ઘાતીકર્મોના ઉદય નિમિત્તે જીવના અનુજીવી ગુણો વિપરીત યા વિકૃત થઈ જાય છે. દર્શનાવરણીય કર્મોદય નિમિત્તે અનુજીવી ગુણ દર્શન–અદર્શનરૂપે પરિણમે છે. અંધાપો, વહેરાશાદિ દર્શનાવરણીય કર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે. તેવી જ રીતે આત્માની ચક્ષુદર્શનલબ્ધિને સંપૂર્ણ પણે આવૃત કરે છે તેથી નિદ્રા પણ દર્શનાવરણીય

* શાસ્ત્રમાં ક્ષાયોપશમિકભાવને વિભાવ ન કહેતા સ્વભાવ કહ્યો છે તે સાચું છે પરંતુ અત્રે ક્ષયોપશમને વિભાવભાવ કહેવામાં શું હેતુ છે તે સંબંધિ આગળ ખુલાસો કર્યો છે.

**કર્મોદયનિષ્પન્ન** ઔદયિક ભાવ છે. જ્ઞાનાવરણીય કર્મોદય નિમિત્તે જ્ઞાન અજ્ઞાનરૂપે પરિણમે છે. મોહનીય કર્મના ઉદયે સ્વભાવે સમ્યગ્દૃષ્ટા એવા આત્માની દૃષ્ટિ વિકૃત થઈ મૂઢતાને પામે છે જેથી તેનું ચારિત્ર પણ વિકૃત બની કલુષિત થઈ જાય છે. અંતરાયકર્મના ઉદયે તેનો વીર્યગુણ પણ નિર્વીર્યત્વને પામે છે. આથી અદર્શન, અજ્ઞાન, દૃષ્ટિમૂઢતા, વિકૃત ચારિત્ર અર્થાત્ ચારિત્રમોહ અને અવીર્ય આ સર્વ જીવના અનુજીવી ગુણોનું વૈભાવિક સ્વરૂપ છે અથવા તે તે ઘાતીકર્મોદયનિષ્પન્ન જીવના ઔદયિક ભાવો છે.

અઘાતી કર્મોદયનું કાર્ય વિલક્ષણ છે. આ કર્મોના ઉદયે જીવમાં જે ગુણો હતા જ નહિ તેવા ભૌતિક યાને પૌદ્ગલિક ગુણો તે પ્રાપ્ત કરે છે. અઘાતી વેદનીય કર્મના ઉદયે વ્યાબાધત્વ ઉપજીવી ગુણને પ્રાપ્ત આત્મા સુખ-દુઃખરૂપ બાધાનો અનુભવ કરે છે, તેથી શાતાવેદન અને અશાતાવેદન સ્વરૂપ વિભાવો વેદનીયકર્મોદયનિષ્પન્ન જીવના ઔદયિક ભાવો છે. તેવી જ રીતે ધર્માસ્તિકાયાદિ અરૂપી દ્રવ્યોની જેમ આકાશમાં એક જ ક્ષેત્રમાં એકાકારે સ્થિર રહેવાના સ્વભાવવાળો અર્થાત્ આકાશમાં અક્ષયસ્થિતિવાન આત્મા આયુષ્યકર્મના ઉદયે મનુષ્ય, દેવ, નારકાદિ વૈભાવિક ભવોને ધારણ કરતો છતો આ સંસારમાં ભ્રમરવત્ ભમતો કોઈ સ્થાને સ્થિરતા ધારણ કરી શકતો નથી અર્થાત્ ક્ષરસ્થિતિસ્વરૂપે વિભાવદશાને પ્રાપ્ત થયો છે. આથી મનુષ્ય આયુષ્ય, દેવાયુષ્યાદિ આયુષ્યકર્મોદયનિષ્પન્ન આત્માની વિભાવદશાને ઔદયિક ભાવ કહેવાય છે. પુદ્ગલનું બહુરૂપીપણું અને તજ્જન્ય બહુનામીપણું સ્વભાવે અરૂપી અને અનામી આત્મદ્રવ્ય પર લાદવામાં નિમિત્તભૂત અઘાતી કર્મને નામકર્મ કહેવાય છે. આથી ભિન્ન ભિન્ન મનુષ્યાદિ ગતિઓ, પૃથ્વી, જળ, વાયુ આદિ કાય, અનેક પ્રકારના શારીરિક વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાન, ચાલ, સ્થૂલતા, બાંધો, અંગ, ઉપાંગ, સૂક્ષ્મત્વ, બાદરત્વ, તેમજ પ્રભાવશાળી અથવા અપ્રભાવશાળી વ્યક્તિત્વ, મધુર યા અમધુર સ્વર, સુરૂપ, કુરૂપ આદિ સર્વ શારીરિક તેમજ વ્યક્તિત્વની વિશેષતાઓ નામકર્મોદયનિષ્પન્ન ઔદયિક ભાવો છે, જે પૌદ્ગલિક કર્મલિપ્ત હોવાથી અશુદ્ધ છે.

લિંબુનો ખાટો રસ, ડુંગળીની યા લસણની દુર્ગંધ, પાષાણનો (પૃથ્વીકાયજીવનો) કઠોર સ્પર્શ, મીનનો મૃદુસ્પર્શ, કોયલનો મધુરકંઠ, ગર્દભની કર્કશ ભૂંક, પદ્મિની સુંદરીની ગજગામિની ચાલ, ભરાવદાર કાળા લાંબા વાળ, પોતાનું સ્વતંત્ર શરીર (પ્રત્યેકપણું), અનંત જીવો વચ્ચે એક જ શરીર (અનંતકાય), સૂક્ષ્મ શરીર, બાદર-શરીર, હલનચલન કરી શકે તેવું ત્રસ શરીર, સ્થાવર શરીર ઇત્યાદિ સર્વ આત્માના વૈભાવિક સ્વરૂપો નામકર્મોદયનિષ્પન્ન ઔદયિક ભાવો છે. ઉચ્ચકુળ, નીચકુળ, ઉચ્ચગોત્ર, નીચગોત્રાદિ વિભાવો ગોત્રકર્મોદયનિષ્પન્ન ઔદયિક ભાવો છે. આ રીતે આઠે કર્મો જીવની ઔદયિક ભાવે વૈભાવિક પરિણતિમાં નિમિત્તતા પૂરી પાડવામાં કુશળ છે.

**ક્ષાયોપશમિકભાવ :**—ચેતનાની કોઈ પણ લબ્ધિનો સર્વથા ઘાત કરવાને કોઈપણ ઘાતીકર્મ સમર્થ નથી તે આ પૂર્વે કહેવાઈ ગયું છે, હરકોઈ જીવમાં ચૈતન્ય-શક્તિનો અલ્પાંશ પણ અનાવૃત યા અનંતરીત રહે છે. અને તે પ્રગટ અંશ તેનું કાર્ય કરે જ છે. જ્ઞાન-દર્શનાદિ ચૈતન્યલબ્ધિના ઘાતીકર્મોના આઘાતથી બચેલા આ પ્રગટ અંશને ઔદયિક ભાવ તો કહેવાય જ નહિ કારણ કે-ઘાતીકર્મોનો ઉદય ચેતનલબ્ધિનો અર્થાત્ તેના અનુજીવી ગુણોનો ઘાતક અથવા બાધક જ હોય, સાધક તો નહિ જ. જો આ ઘાતી આવરણદ્વિક અને ઘાતી અંતરાય કર્મોનો સર્વથા યાને સંપૂર્ણપણે ઉદય માનીએ તો તો જીવમાં ચૈતન્યનો બિલકુલ અભાવ થતાં તે જડ પુદ્ગલવત્ બની જાય અને એ દશામાં તો તેમાં રાગ-દ્વેષ પણ સંભવે નહિ કારણ કે પુદ્ગલ સર્વથા અચેતન હોવાથી તેમાં રાગ કે દ્વેષ ઘટતા જ નથી. આથી સંસારી જીવમાં જ્ઞાન, દર્શનાદિ લબ્ધિનો જે અંશ પ્રગટ છે. તેમાં કર્મોદય નિમિત્ત ન જ માની શકાય. ચેતન લબ્ધિનો આ પ્રગટ અંશ તે તે ઘાતી કર્મનો ક્ષયોપશમનિષ્પન્ન ક્ષાયોપશમિક ભાવ છે.

શબ્દની પૂર્વે આવતો પૂર્વગ "અ" અનેક અર્થમાં વપરાય છે જેમકે :–

(i) "અજીવ" નો અર્થ છે જીવભિન્ન પુદ્ગલાદિ જડ પદાર્થો. અત્રે "અ" ભિન્ન અર્થમાં છે. "અજ્ઞાન" માં "અ" નો ભિન્ન અર્થ કરીએ તો તેનો અર્થ જ્ઞાનભિન્ન "જડ" થાય પરંતુ પુદ્ગલાદિ જડ પદાર્થને અજ્ઞાની નથી કહેતા. અજ્ઞાનનું આધારભૂત દ્રવ્ય તે જ ચેતના છે જે જ્ઞાનનું પણ છે. આથી "અજ્ઞાન" માં "અ" ભિન્ન અર્થમાં નથી.

(ii) અત્રે કોઈ પ્રશ્ન કરે છે "ભારતની રાજધાની કઈ છે અને તે મુંબઈની કઈ દિશામાં આવી છે? "અ" એ જવાબ આપ્યો "ભારતની રાજધાની દિલ્હી છે અને તે મુંબઈની કઈ દિશામાં છે તેની મને ખબર નથી." "બ" નો જવાબ છે. "ભારતની રાજધાની દિલ્હી છે અને તે મુંબઈની દક્ષિણમાં છે. "ક" નો જવાબ છે. "ભારતની રાજધાની મદ્રાસ છે અને મુંબઈની દક્ષિણમાં." "ડ" નો જવાબ છે "ભારતની રાજધાની મદ્રાસ છે અને તે મુંબઈની ઉત્તરમાં છે." ઉપરોક્ત ચારે વ્યક્તિઓમાં અજ્ઞાન છે પરંતુ તે સર્વ "અજ્ઞાનમાં ભેદ છે" "અ" ને રાજધાની સંબંધિ એક અંશનું જ્ઞાન છે અને બીજા અંશનું અજ્ઞાન છે. આવી "અ"નું અજ્ઞાન જ્ઞાનની અપૂર્ણતા છે. "બ" ને એક અંશનું જ્ઞાન છે અને બીજા અંશનું જ્ઞાન વિપરીત છે. તેથી આ અજ્ઞાનમાં અંશે જ્ઞાન છે અને અંશે વિપરીતતા પણ છે. "ક" નું રાજધાની સંબંધી જ્ઞાન સર્વાંશે વિપરીત છે. પરંતુ ન પૂછાએલા પ્રશ્નનું જ્ઞાન છે કારણ કે તે જાણે છે મદ્રાસ મુંબઈની દક્ષિણમાં છે. "ડ" નું જ્ઞાન તો સર્વાંશે વિપરીત છે. આથી "અજ્ઞાન"માં "પૂર્વગ "અ" નો અર્થ અભાવ, અપૂર્ણતા તેમજ વિપરીતતા પણ ઘટે છે.

(iii) કોઈ છીપને ચાંદી માની તેને લેવા જાય છે. આ અજ્ઞાન "ભ્રમ" છે. તેથી "અજ્ઞાન" નો "અ" ભ્રમના અર્થમાં પણ ઘટે છે. આ ભ્રમમાં પણ જ્ઞાનનો અંશ છે. "ચળકતો ધવલ વર્ણ" ચાંદી અને છીપનો સામાન્યગુણ છે જેનું આ ભ્રમમાં જ્ઞાન છે પરંતુ આ બેઉનો વ્યવચ્છેદ કરનાર વિશેષ ગુણના જ્ઞાનના અભાવમાં ભ્રમ ઉત્પન્ન થયો છે.

(iv) "મિથ્યાજ્ઞાન":—આ જ્ઞાન પણ અજ્ઞાન કહેવાય છે. અત્રે "મિથ્યા" જૈન પારિભાષિક શબ્દ છે. આધ્યાત્મિક વિજ્ઞાનમાં જ્ઞાન માત્ર જ્ઞાન ખાતર જ નથી પરંતુ તે જીવને જે પરમ ઇષ્ટ છે તે પરમાનંદપ્રાપ્તિનું અર્થાત્ મોક્ષપ્રાપ્તિનું સાધન છે. જ્ઞાન જીવનું લક્ષણ છે પરંતુ લક્ષ્ય તો આનંદ જ છે. જે જ્ઞાન સાધ્યની સાધનામાં સાધક શું છે અને બાધક શું છે, હેય શું છે અને ઉપાદેય શું છે તેનો યથાર્થનિર્ણય કરી શકે નહિ અથવા વિપરીત નિર્ણય કરે તે જ્ઞાન ઇષ્ટપ્રાપ્તિમાં નિષ્ફળ હોવાથી અધ્યાત્મશાસ્ત્રમાં મિથ્યાજ્ઞાન કહેવાય છે. મિથ્યાજ્ઞાનને નિશ્ચયનય અજ્ઞાન જ કહે છે. મિથ્યાદષ્ટિનું જ્ઞાન અજ્ઞાન છે. મહાવિદ્યાલયની ઉચ્ચ અનુસ્નાતક પદવીધારક વિદ્વાન યા પંડિત કહેવાય પરંતુ જો તે મિથ્યાદષ્ટિ હોય તો નિશ્ચયનયના મતે જ્ઞાની તો ન જ કહેવાય.

કોઈ પણ જ્ઞેય સંબંધિ જ્ઞાનના સદંતર અભાવરૂપ અજ્ઞાનને તો તે તે જ્ઞેય સંબંધિ જ્ઞાનને આવરણ કરનાર જ્ઞાનાવરણીયકર્મોદયનિષ્પન્ન ઔદયિક ભાવનું અજ્ઞાન કહેવાય તે તો બરોબર છે, પરંતુ મિથ્યા, વિપરીત, ભ્રમાદિ સ્વરૂપ જ્ઞેય સંબંધિ અયથાર્થ જ્ઞાનને જ્ઞાનાવરણીયકર્મોદયનિષ્પન્ન ઔદયિક ભાવનું અજ્ઞાન ન જ કહી શકાય કારણ કે અત્રે જ્ઞાનના સદંતર અભાવ સ્વરૂપ અજ્ઞાન નથી પરંતુ અયથાર્થ જ્ઞાનનો આખરે છે તો સદ્ભાવ જ. આથી તે ક્ષાયોપશમિક ભાવનું જ હોવું જોઈએ. આથી આવા અયથાર્થ જ્ઞાનને સામાન્યથી અજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ નિષ્પન્ન ક્ષાયોપશમિક ભાવનું અજ્ઞાન કહેવાય છે અને વિશેષથી મિથ્યાજ્ઞાનને મિથ્યાજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમનિષ્પન્ન ક્ષાયોપશમિક ભાવનું મિથ્યાજ્ઞાન કહેવાય તેવી જ રીતે વિપરીતાદિ સ્વરૂપ અજ્ઞાન પણ યથાયોગ્ય જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમનિષ્પન્ન ક્ષાયોપશમિક ભાવનું અજ્ઞાન કહેવાય.

સમ્યગ્દષ્ટિ આત્માના જ્ઞાનને અજ્ઞાન નથી કહેવાતું છતાં તેનું પણ જ્ઞાન અપૂર્ણ હોવાથી તે અજ્ઞાની પણ છે. એક જ દ્રવ્ય કે એક જ ગુણના પણ અનંત પર્યાયો છે અને છદ્મસ્થ સંસારી આત્માઓ કદાપિ આ અનંત પર્યાયોનું જ્ઞાન કરી શકતા નથી, તેથી તેઓ એકને પણ સંપૂર્ણ જાણતા નથી. આથી તો કહ્યું છે કે "જે એકને જાણે તે સર્વને જાણે" આ રીતે સર્વ છદ્મસ્થ જીવોની જ્ઞાનલબ્ધિ અપૂર્ણ હોવાથી તેઓમાં ઔદયિક ભાવનું અજ્ઞાન પણ વર્તે છે છતાં પણ ચૈતન્યલબ્ધિનો અલ્પાંશ પણ આવરણ યા અંતરાયકર્મોને ભેદીને પ્રગટપણે નિરંતર તેનું કાર્ય કરી રહ્યો હોવાથી અને આ અલ્પાંશ

જ આખરે જીવના વિકાસમાં કારણભૂત હોઈને લબ્ધિ અપર્યાપ્ત નિગોદ જીવોથી લઈ શ્રુતકેવળી ભગવંતોમાં ન્યુનાધિક પ્રમાણમાં ક્ષાયોપશમિક ભાવે જ્ઞાન અને તે જ પ્રમાણે દર્શન અને વીર્ય પણ પ્રાપ્ત થાય છે. ક્ષાયોપશમિક ભાવની તેમજ જીવના અન્ય શુદ્ધ-ભાવોની વિસ્તૃત આલોચના ૨૭મા પ્રકરણમાં કરવાની છે. હાલ તો એટલું જ જાણવું જરૂરી છે કે ક્ષાયોપશમિકભાવ એક પ્રકારની ચેતનલબ્ધિ છે જેથી પોતાની પૂર્ણ લબ્ધિનો છેવટે અત્યંત અલ્પ અંશ પણ ગમે તેવા ગાઢ ઘાતીકર્મોના ઘાતનો સામનો કરી ન્યુનાધિક પ્રમાણમાં છેવટે ઘવાયેલી [1]હાલતમાં પણ કર્મોના સંકજામાંથી છટકીને ઊર્ધ્વમુખિ હાની–વૃદ્ધિના ક્રમે નિરંતર સ્વયોગ્ય અર્થક્રિયા કરતો જ રહે છે.

આ જ રીતે મોહનીય કર્મના ક્ષયોપશમથી ચારિત્રલબ્ધિ પણ ક્ષાયોપશમિક ભાવે અનાદિકાળથી સર્વ જીવોને પ્રાપ્ત થવી જોઈએ કારણ કે ચારિત્ર પણ ચેતનાનો જ પર્યાય છે અને નિગોદમાં પણ અવિરતિ ચારિત્ર તો છે જ. આ કહેવું ખોટું નથી અને બહુધા કર્મપ્રકૃતિની ટીકામાં આવો ઉલ્લેખ પણ મળે [2]છે.

આમ છતાં પણ અનાદિ કાળથી જીવની દૃષ્ટિ અને તેથી તેનું ચારિત્ર સંપૂર્ણપણે વિકૃત દશાએ જ પ્રાપ્ત થતું હોવાથી જીવને દર્શનમોહનીય તેમજ ચારિત્રમોહનીય એમ બેઉ પ્રકારના મોહનીયનો અનાદિકાલીન ઔદયિક ભાવ જ પ્રરૂપ્યો છે કારણ કે ભાવની યા લબ્ધિની સંપૂર્ણ વિપરીતતાએ તેમજ વિકૃતતાએ ઔદયિક ભાવ જ હોય છે. બીજી રીતે વિચારતા જેવી રીતે પૌદ્ગલિક ગાઢ વાદળો પણ સૂર્યપ્રકાશને સંપૂર્ણપણે આચ્છાદિત કરી દિવસને અંધારી રાત જેવી બનાવી શકતા નથી તેવી જ રીતે પૌદ્ગલિક આવરણ દ્વિક (જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયને આ સંજ્ઞા આપવામાં આવે છે) ચેતનની બોધલબ્ધિને સંપૂર્ણપણે આચ્છાદિત કરી તેને પુદ્ગલવત્ જડ બનાવી શકતા નથી. વળી જેવી રીતે પહાડરૂપી અંતરાય નદીના વહેણની ગતિને મંદ કરી તેની દિશા બદલાવી શકે છે પરંતુ તે વહેણને બીલકુલ થંભાવી શકતો નથી તેવી જ રીતે પૌદ્-ગલિક અંતરાયકર્મો ચેતનની વીર્યલબ્ધિને સંપૂર્ણપણે સ્થગિત કરી શકતા નથી. આ જ કારણે આવરણ કર્મોને ભેદીને ચેતન પોતાની બોધલબ્ધિના જે અત્યંત ઝાંખા જ્ઞાન–દર્શનરૂપી પ્રકાશ કિરણો નિરંતર ફેલાવ્યા કરે છે તેની અપેક્ષાએ સર્વ જીવોને અનાદિકાળથી જ્ઞાનાવરણીય તેમજ દર્શનાવરણીય કર્મોનો ક્ષયોપશમ વિવક્ષ્યો છે. વળી અંતરાય કર્મોનો સામનો કરી ચેતન પોતાની વીર્યલબ્ધિનો જે અત્યંત મંદ પ્રવાહ નિરંતર વહાવ્યા કરે છે તેની અપેક્ષાએ સર્વ જીવોને અનાદિ કાળથી વીર્યાન્તરાયનો

---

૧. ઘવાયેલી હાલતમાં કહેવાનો મતલબ એ છે કે જ્ઞાનલબ્ધિ મિથ્યા, વિપરીતતા આદિ રૂપે, વીર્ય ઉન્માર્ગે (સંસારમાર્ગે) ચારિત્ર અવિરતિ, સંયમાસંયમ યા સરાગસંયમ રૂપે પ્રગટે છે.

૨. પંન્યાસપ્રવર જયઘોષવિજયજી મહારાજે આ પ્રમાણે મને કહ્યું હોવાનો ચોક્કસ ખ્યાલ છે.

ક્ષયોપશમ કહ્યો છે. વળી આ ક્ષાયોપશમિક જ્ઞાનને હેયોપાદેયના વિવેકહીન મિથ્યાજ્ઞાનરૂપ બનાવનાર તેમજ ચેતનવીર્યને સંસારપ્રતિ ઉન્માર્ગે દોરનાર આત્માની દષ્ટિમૂઢતા અર્થાત્ ગાઢ મોહનીયકર્મોદયનિષ્પન્ન મિથ્યાત્વ જ છે જે અનાદિકાળથી સર્વજીવોમાં હોય છે.

આથી સર્વ છદ્મસ્થ જીવોમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય તેમજ અંતરાયકર્મોના ક્ષયોપશમનિષ્પન્ન કિંચિત્ માત્ર પણ ક્ષયોપશમભાવે જ્ઞાનાદિ લબ્ધિઓ પ્રાપ્ત જ છે પરંતુ જ્યાં સુધી જીવને સમ્યગ્દર્શન પ્રાપ્ત થતું નથી ત્યાં સુધી સર્વ જીવોને દર્શન-મોહનીયનો તો ઉદય જ વર્તે છે અને આ ઉદયજન્ય જીવની દર્શનમૂઢતાને મિથ્યાત્વમોહ અને ટૂંકમાં મિથ્યાત્વ કહેવાય છે અર્થાત્ મિથ્યાત્વ અત્યંત તીવ્રરસવાળા દર્શનમોહનીય કર્મનો ઔદયિકભાવ છે.

મદિરાના તીવ્રનશામાં ચકચૂર મનુષ્ય સંપૂર્ણ ભાન ખોઈ બેસે છે. પોતે કોણ છે, કયા સ્થાને ( પદે ) છે તેનું ભાન એટલી હદ સુધી તે ભૂલી જાય છે કે પોતાના માતા, પિતા, પુત્ર, પુત્રી, પત્ની, મિત્ર, મિત્રપત્ની આદિ સંબંધિઓ પ્રતિ અત્યંત અનુચિત વર્તન, તેમજ વાણીવ્યવહાર કરે છે. તેને પોતાના હિતાહિતનું પણ ભાન નથી રહેતું, જ્યારે તેનો નશો ઉતરવા માંડે છે ત્યારે તે ધીમે ધીમે ભાનમાં આવતો જાય છે. સંપૂર્ણ નશો ન ઉતર્યો હોવા છતાં પણ અત્યંત મંદ નશામાં પોતાના સંબંધિઓ પ્રતિ તે અત્યંત અનુચિત વ્યવહાર કરતો નથી કારણ કે તેને પોતાના સ્થાનનું કંઈક ભાન તો થઈ જ જાય છે. પરંતુ તે મંદ નશાનું કંઈક તો પ્રતિબિંબ તેની વાણી વ્યવહારમાં જણાય છે જે અત્યંત અનુચિત કહી શકાય તેટલું અસભ્ય નથી હોતું. આવી જ રીતે તીવ્ર રસવાળા મદિરા સમાન દર્શનમોહનીયકર્મદળ કે જેને મિથ્યાત્વ-મોહનીય કહેવાય છે તેના ઉદયસ્વરૂપ પાન વડે ચેતના એવી તો મૂર્છિત થઈ જાય છે કે તેને તેના પૌદ્ગલિક શરીરથી ભિન્ન પોતાના અસલી ચેતનસ્વરૂપનું ભાન પણ રહેતું નથી અને પરિણામે પોતાના હિતાહિતનું ભાન ન રહેતા તેના વર્તનમાં પણ મૂઢતા આવી જાય છે. પરંતુ જેમ જેમ તીવ્રરસવાળા દર્શનમોહનીય કર્મની તીવ્રતા મંદ પડતી જાય છે તેમ તેમ આ મિથ્યાદષ્ટિની મૂર્છા પણ ઉતરવા માંડે છે અને જ્યારે આ તીવ્રતા અત્યંત મંદ થાય છે ત્યારે ચેતનને પોતાના સ્વરૂપનું ભાન થવા માંડે છે અને પોતાના અસલી સ્વરૂપનું ભાન થતાં પોતાનું જેમાં હિત છે તેવા મોક્ષ અને મોક્ષપ્રાપ્તિના માર્ગમાં રુચિવંત બને છે અને સંસારપ્રતિની તેની રુચિ અત્યંત મંદ પડી જાય છે. આવા અત્યંત મંદ રસવાળા દર્શનમોહનીયકર્મદળને સમ્યક્ત્વમોહનીય કહેવાય છે. જેવી રીતે મિથ્યાત્વ-મોહનીયકર્મનો ઉદય આત્માને પોતાના સ્વરૂપદર્શનમાં બાધક હતો જેથી તેને પોતાના સ્વરૂપનું લેશમાત્ર પણ દર્શન થતું જ ન હતું અથવા વિપરીતદર્શન થતું

હતું તેવી રીતે સમ્યક્ત્વ મોહનીય કર્મનો ઉદય ચેતનને પોતાના સ્વરૂપદર્શનમાં બાધક તો બનતો નથી છતાં પણ સમ્યક્ત્વમોહનીયના મંદરસવાળું દર્શનમોહનીયકર્મનું દળ તેના આ સ્વરૂપદર્શનમાં ઝાંખપ તો લાવે જ છે. તત્ત્વાર્થમાં શ્રદ્ધાન અર્થાત્ સમ્યગ્દર્શન આત્માનો અનુજીવી ગુણ છે યાને સમ્યગ્દર્શન ચેતનલબ્ધિ છે. પરંતુ અનાદિકાલીન મિથ્યાત્વ મોહનીયના ઉદયે તત્વાર્થમાં શ્રદ્ધાન સ્વરૂપ આ અનુજીવી ગુણ અતત્વાર્થમાં શ્રદ્ધાન અથવા તત્વાર્થમાં અશ્રદ્ધાન આદિ વિકૃત સ્વરૂપે મિથ્યાત્વને પ્રાપ્ત થયો છે. સમ્યક્ત્વ મોહનીયનો ઉદય સમ્યક્ત્વગુણના પ્રગટીકરણમાં બાધક તો નથી બનતો છતાં પણ સમ્યક્ત્વમોહનીયકર્મમાં રહેલા મંદરસવાળા દર્શનમોહનીયદળના ઉદયના કારણે પ્રગટ થયેલા તે સમ્યક્ત્વ–સમ્યગ્દર્શનમાં શંકા, કાંક્ષા આદિ અતિચાર સ્વરૂપની ન્યુનાધિક પ્રમાણમાં મલિનતા યા ઝાંખપ તો લાવે જ છે. આથી મિથ્યાત્વ તીવ્રદર્શનમોહનીયનો યાને મિથ્યાત્વમોહનીયનો ઔદયિક ભાવ છે જ્યારે સમ્યક્ત્વમોહનીયના ઉદય સહિત જે કંઈક મલિન સમ્યગ્દર્શન છે તે દર્શનમોહનીયનો ક્ષાયોપશમિક ભાવ છે. સમ્યક્ત્વમોહનીયકર્મના ઉદયની અપેક્ષાએ ક્ષાયોપશમિક સમ્યગ્દર્શનને વેદક સમ્યક્ત્વ પણ કહેવાય છે કારણ કે આ સમ્યક્ત્વમાં સમ્યક્ત્વમોહનીયકર્મોદયનું વેદન છે. આ જ પ્રમાણે અવિરતિ યાને અસંયમમાં વર્તતા સર્વ જીવોનો અસંયમ ચારિત્રમોહનીયનો ઔદયિકભાવ છે જ્યારે દેશવિરતિ શ્રાવક યા શ્રાવિકા કે જેના ચારિત્રને સંયમાસંયમ કહેવાય છે તે તેના સંયમઅંશની અપેક્ષાએ ચારિત્રમોહનીયનો ક્ષયોપશમનિષ્પન્ન ક્ષાયોપશમિક ભાવ છે, જ્યારે આ ચારિત્રમાં જે અસંયમ અંશ છે તેની અપેક્ષાએ ચારિત્રમોહનો ઔદયિક ભાવ પણ વર્તે છે. વળી શ્રમણ ભગવંતના સર્વવિરતિચારિત્ર કે જેને સરાગસંયમ કહેવાય છે તે પણ તેમાં રહેલા સંયમઅંશની અપેક્ષાએ ચારિત્રમોહનીયનો ક્ષાયોપશમિક ભાવ છે અને ચારિત્રમાં આવતા અતિચારોમાં નિમિત્તભૂત તેમાં રહેલા રાગનો અંશ ચારિત્રમોહનીયનો ઔદયિકભાવ છે.

ક્ષાયોપશમિકભાવ વિભાવ નથી કારણ કે તે તો ચેતનની લબ્ધિઓ છે. ચેતનાની વિભાવદશામાં કારણ કર્મનો ઉદય છે. નહિ કે તેનો ક્ષયોપશમ. જેમ કોઈપણ ઘાતીકર્મનો ઉદય ચેતનલબ્ધિનો બાધક યા ઘાતક જ હોય સાધક નહિ, તેવી જ રીતે કોઈ પણ ઘાતીકર્મોનો ક્ષયોપશમ ચેતનલબ્ધિના અંશના પ્રાગટ્યમાં સાધકતમ છે જેથી તે વિભાવ નથી પરંતુ આપણે ચાલુ પ્રકરણમાં મૂળ કર્મોના તેના અવાંતર ભેદોની અવિવક્ષાએ–ક્ષાયોપશમિકભાવને શુદ્ધ અશુદ્ધ વૈભાવિકભાવ કહ્યો છે કારણ કે ચારે ઘાતી અથવા મોહનીયના બેઉ ભેદ ગણતા પાંચે ઘાતીકર્મોના ક્ષયોપશમની સાથે સાથે તે તે કર્મોનો ઔદયિકભાવ પણ અવશ્ય હોય છે જે ચેતનાનો વૈભાવિકભાવ છે. બીજું ક્ષાયોપશમિક ભાવે પ્રગટ થયેલી ચેતનલબ્ધિ સંપૂર્ણ લબ્ધિનો અનંતમો ભાગ માત્ર જ છે, જ્યારે આવરણ અંતરાય યા વિકાર સ્વરૂપે ઘાત પામેલી

અર્થાત્ કર્મ ભાર નીચે દબાયેલી તે તે લબ્ધિ સંપૂર્ણ લબ્ધિનો અનંતબહુભાગપ્રમાણ છે જેમાં તે તે કર્મોનો ઉદય નિમિત્ત છે. આથી જ્યારે

ક્ષાયોપશમિક જ્ઞાન સાથે ઔદયિકભાવે અજ્ઞાન ભળેલું છે,
ક્ષાયોપશમિક દર્શન સાથે ઔદયિકભાવે અદર્શન ભળેલું છે,
,, વીર્ય ,, ,, અવીર્ય ,, ,
ક્ષાયોપશમિક સમ્યગ્દર્શન સાથે ઔદયિક ભાવે વેદક સમ્યક્ત્વ ભળેલું છે,
,, દેશવિરતિચારિત્ર ,, ,, અસંયમ ભળેલો છે અને
,, સર્વવિરાતિચારિત્ર ,, ,, રાગ ભળેલો છે, ત્યારે

ઘાતીકર્મોના ક્ષપોપશમભાવને શુદ્ધાશુદ્ધ વૈભાવિકભાવ કહેવામાં જે હેતુ છે તેની સ્પષ્ટતા થઈ જાય છે.

**અઘાતીકર્મો**:—વેદનીય, આયુ, નામ અને ગોત્રમાં ક્ષાયોપશમિકભાવ પ્રાપ્ત ન થાય કારણ કે તે ચૈતન્યલબ્ધિના ઘાતમાં કે પ્રગટીકરણમાં નિમિત્ત નથી.

આ રીતે આઠે કર્મોના વૈભાવિકભાવોનું સ્વરૂપ કહ્યું. વધુ સ્પષ્ટતા ખાતર આપણે સર્વ લબ્ધિઓનું સ્વાભાવિક શુદ્ધ સ્વરૂપ તેમજ વૈભાવિક અશુદ્ધ સ્વરૂપ કેવું છે તે જોઈ એ.

**૩૪. જ્ઞાન-દર્શન લબ્ધિનું શુદ્ધ-અશુદ્ધ સ્વરૂપ** : (i) શ્રી કેવળી ભગવંતોની જ્ઞાન અને દર્શનલબ્ધિ અત્યંત શુદ્ધ અર્થાત્ ક્ષાયિકભાવની છે, કારણ કે આ લબ્ધિઓ જ્ઞાનાવરણીય તેમજ દર્શનાવરણીય કર્મોના સંપૂર્ણ ક્ષય થવાથી પ્રગટ થઈ છે. આવરણ કર્મોના સંપૂર્ણ ક્ષયથી પ્રગટ થઈ હોવાથી આ ક્ષાયિક જ્ઞાન અને ક્ષાયિકદર્શન જેને અનુક્રમે કેવળજ્ઞાન અને કેવળદર્શન કહેવાય છે તે અત્યંત શુદ્ધ અને સંપૂર્ણ છે. આથી શ્રી કેવળી ભગવંતોને સર્વ દેશકાળવર્તી જ્ઞેયમાત્રનું જ્ઞાન અને દર્શન નિરંતર યુગપત્ વર્તે છે. છદ્મસ્થ જીવોનું જ્ઞાન ક્ષાયોપશમિક ભાવનું છે. ક્ષાયોપશમિક જ્ઞાન અપૂર્ણ છે તે આ પૂર્વે દર્શાવ્યું છે.

(ii) ક્ષાયોપશમિક જ્ઞાન પ્રયોગકૃત છે કારણ કે તે જ્ઞાનમાં જ્ઞેય પ્રતિ ઉપયોગ મૂકવો પડે છે. જે અર્થ પ્રતિ આપણો ઉપયોગ (લક્ષ) ન હોય તો આપણી નજર આગળથી પસાર થવા છતાં પણ આપણને તે અર્થનું દર્શન કે જ્ઞાન થતું નથી. વળી આ પ્રયોગકૃત જ્ઞાનક્રિયા પ્રયોજનપૂર્વક થાય છે કારણ કે અત્રે રાગ વર્તે છે. (માત્ર છદ્મસ્થ વીતરાગનું જ્ઞાન ક્ષાયોપશમિક હોવા છતાં ત્યાં રાગ-દ્વેષ રહિતતા છે. આ સ્થિતિ માત્ર અંતર્મુહૂર્તની જ છે.) આથી વિપરીત ક્ષાયિકજ્ઞાન સહજ છે. કારણ કે તે સ્વાભાવિક છે. ત્યાં જ્ઞેયોપયોગ વર્તતો નથી. પ્રયોજન પણ નથી કારણ કે કેવળજ્ઞાની ભગવંતો નિરીહ, સંતૃપ્ત અને કૃતકૃત્ય છે.

શ્રી પ્રવચનસારના પ્રથમ અધ્યયનની બાવનમી ગાથાની ટીકામાં ટીકાકારે વીતરાગ કેવળી ભગવંતની જાણવાની ક્રિયાને "જ્ઞપ્તિક્રિયા" અને રાગ–દ્વેષ અને મોહપૂર્વક છદ્‌મસ્થની પદાર્થને જાણવારૂપ ક્રિયાને "જ્ઞેયાર્થ પરિણમન ક્રિયા"ની સાર્થકસંજ્ઞા આપી છે. જેવી રીતે અરિસા સન્મૂખ પડેલા સર્વ પદાર્થોનું પ્રતિબિંબ અરિસામાં પડે છે છતાં પણ અરિસો તે શુભાશુભ પદાર્થોથી લિંપાતો નથી તેવી જ રીતે જગતનું સર્વજ્ઞેય કેવળજ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે છતાં પણ કેવળીભગવંતો તે જ્ઞેયથી કોઈ પણ ભાવે લિપ્ત થતા નથી અર્થાત્ તેમને જ્ઞેયમાં રાગ–દ્વેષ, મોહ, કર્તા, ભોક્તા આદિ કોઈપણ ભાવ વર્તતો નથી. તેઓ માત્ર શુદ્ધ જ્ઞાતા–દષ્ટા જ છે. ટૂંકમાં એમ કહી શકાય કે જાણવા માટે આપણે (રાગી જીવો) જ્ઞેયમાં ડૂબીએ છીએ જ્યારે કેવળી ભગવંતના જ્ઞાનમાં સર્વજ્ઞેય ડૂબે છે. કેવળી ભગવંત જાણવા જતા નથી છતાં તેમને સર્વ જ્ઞેય જણાય છે. આપણે જાણવા જઈએ છીએ છતાં કંઈક જ જાણીએ છીએ.

(iii) ક્ષાયિકજ્ઞાન જેમ સર્વવ્યાપક છે તેમ તે પરમસૂક્ષ્મ પણ છે કારણ કે તે જ્ઞાનમાં સમયાન્તરનો પણ અનુગમ વર્તે છે અર્થાત્ સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભેદ પણ તેમાં પરખાય છે. આથી વિપરીત ક્ષાયોપશમિક જ્ઞાન સ્થૂલ છે કારણ કે તેમાં સમયાન્તરે થતો અર્થભેદ કળાતો નથી. અસંખ્ય સમયાન્તરે થતો ભેદ જ આ જ્ઞાન પામી શકે છે.

(iv) આ પૂર્વે કહેવાઈ ગયું છે તેમ ક્ષાયોપશમિક જ્ઞાન ક્રમિક છે. ભિન્ન ભિન્ન સમયની તેની બોધલબ્ધિની અપૂર્ણતાની માત્રામાં ન્યુનાધિકતા હોવાથી વિષમતા છે, જ્યારે કેવળજ્ઞાન અક્રમિક યાને યુગપત્ છે. સમય સમયના તેના જ્ઞાન દર્શન સંપૂર્ણ હોવાથી તેમાં કાળકૃત અર્થાત્ ઊર્ધ્વમુખિ વિષમતા પણ નથી.

(v) પાંચ મહાવ્રતધારી મુનિ ભગવંતો સંયમ અને સ્વાધ્યાયથી સંપૂર્ણ શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરી શ્રુતકેવળી બની શકે છે છતાં પણ તે જ્ઞાન ક્ષાયોપશમિક જ છે. ક્ષાયિક જ્ઞાનની પ્રાપ્તિ માત્ર સ્વાધ્યાયથી નહિ પરંતુ ઉપયોગમાંથી મોહભાવના સંપૂર્ણ નાશ થકી જ પ્રાપ્ત થઈ શકે છે અર્થાત્ વીતરાગતાની પ્રાપ્તિથી જ સર્વજ્ઞતા પ્રાપ્ત થાય છે.

કેવળજ્ઞાનમાં જ્ઞેયમાત્રનું જ્ઞાન વર્તે છે તેવું ઘણા બુદ્ધિશાળી વિદ્વાનો માની શકતા નથી. આવું વિશાળ જ્ઞાન એક વ્યક્તિ પામી શકે તે તેઓની બુદ્ધિમાં ઉતરતું નથી અને પોતાની બુદ્ધિ પર અત્યંત વિશ્વાસ ધરાવતા આ વિદ્વાનો કેવળજ્ઞાનીની સર્વજ્ઞતા સ્વીકારતા નથી. જ્યાં કેવળજ્ઞાનની સર્વજ્ઞતા અસ્વીકાર્ય હોય ત્યાં આગમ પ્રમાણ પણ તેમને અસ્વીકાર્ય હોય તે સ્વાભાવિક છે. પરંતુ સર્વજ્ઞતાનું સાતત્ય માત્ર આગમપ્રમાણ પર જ આધારિત નથી. નિમ્ન વિચારણાથી તે બુદ્ધિગમ્ય પણ થઈ શકે છે અર્થાત્ અનુમાનપ્રમાણથી પણ સિદ્ધ છે.

દ્રવ્ય અને તેના ગુણનો તાદાત્મ્ય સંબંધ છે. ગુણ રહિત દ્રવ્ય હોય નહિ. જીવ દ્રવ્ય છે અને જ્ઞાન તેનો ગુણ છે તેથી જ્ઞાન રહિત આત્મા કદાપિ હોઈ ના શકે. જ્ઞાનનો

સ્વભાવ જાણવાનો છે તેથી આત્મા કદાપિ જાણ્યા વિના રહી શકે નહિ. જાણવા માટે જીવને અન્ય કોઈપણ પદાર્થની નિમિત્તતા બીલકુલ આવશ્યક નથી. નિમિત્ત તો માત્ર વિભાવ ભાવવા માટે જ આવશ્યક છે, પરંતુ જ્ઞાન તો જીવનો સ્વભાવ છે. સ્વભાવને ભાવવા માટે કોઈ નિમિત્તની જરૂર નથી. પરંતુ સંસારી જીવ પુદ્ગલના બદ્ધસંબંધથી વિભાવદશાને પામેલો હોવાથી મતિ અને શ્રુતજ્ઞાનીને ઈન્દ્રિયો અને મનની સહાયતાની જરૂર પડે છે. પુદ્ગલથી બનેલ ઈન્દ્રિયો અને મન જડ હોવાથી તેમનામાં જ્ઞાન નથી છતાં પણ તેના આલંબને આત્મા જોઈ, જાણી અને વેદન કરી શકે છે. જેમ ચાલવાની શક્તિ આખરે તો લંગડાની છે છતાં પણ પોતે પંગુ થઈ ગયો હોવાથી જેનામાં ચાલવાની શક્તિ છે જ નહિ તેવી લાકડીના આલંબનપૂર્વક જ તે ચાલી શકે છે, તેવી જ રીતે ઘાતીકર્મોના બદ્ધસંબંધથી જેની ચેતના ઘાયલ થઈ ગઈ છે તે સંસારી આત્માને મતિ અને શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ માટે જડ ઈન્દ્રિયો અને મનની મદદ લેવી પડે છે.

અત્રે મુદ્દો એ છે કે જોવા અને જાણવાની શક્તિ જીવની પોતાની છે. આ શક્તિ તેને કોઈ અન્ય દ્વારા પ્રાપ્ત થઈ નથી પરંતુ અનાદિ કાળથી જીવ સાથે વ્યાપિને રહી છે અને સદાકાળ માટે તે જીવ સાથેજ રહે છે. જો કે અનાદિ કાળથી કર્મના સંબંધે તેની જ્ઞાનલબ્ધિનો બહુજ મોટો ભાગ આવરણ કર્મોની નીચે દબાઈ ગયો હોવા છતાં પણ તે જ્ઞાનલબ્ધિનો એક અંશ પણ નાશ પામ્યો નથી. સ્વભાવનો કદાપિ નાશ થાય નહિ. જ્યારે આત્માની ચેતનશક્તિ પરના આવરણો દૂર થઈ જાય છે ત્યારે, તેની જ્ઞાન-દર્શનાદિ સર્વ લબ્ધિઓ સંપૂર્ણપણે પ્રગટ થાય છે. જ્ઞાન અને દર્શન લબ્ધિ સંપૂર્ણ તો ત્યારે જ કહી શકાય કે જ્યારે જીવને દેશકાળથી અબાધિત જ્ઞેયમાત્રનું જ્ઞાતૃત્વ અને દ્રષ્ટૃત્વ યુગપત નિરંતર વર્તતું હોય. આમ છતાં પણ અસત્ કલ્પનાએ માનો કે કેવળજ્ઞાનીનું જ્ઞાન સંપૂર્ણ નથી. શ્રી કેવળી ભગવંતના "અ" પદાર્થોને જાણવારૂપ કાર્ય અને "બ" પદાર્થોના ન જાણવારૂપ કાર્ય વચ્ચે ભેદ છે. કાર્યભેદે કારણભેદ પણ માનવો જ રહ્યો. આથી કેવળજ્ઞાનીને "બ" પદાર્થનું જ્ઞાન નથી તેમાં કોઈ હેતુ તો જરૂર પ્રાપ્ત થવો જ જોઈએ. પરંતુ કેવળજ્ઞાનીને સર્વ જ્ઞેય પ્રતિ એક સરખો માત્ર શુદ્ધ જ્ઞાતા-દ્રષ્ટા ભાવ જ છે. સ્વયં નિરીહ, સંતૃપ્ત, અને કૃતકૃત્ય હોવાથી કોઈ પણ જ્ઞેયમાં તેનો ઉપયોગ નથી. આ રીતે કેવળી ભગવંતનો સર્વ જ્ઞેય પ્રતિ અનુપયોગ સ્વરૂપે એક સરખો જ સંબંધ હોવાથી તેમને અમુક પદાર્થનું જ્ઞાતૃત્વ વર્તે અને અમુક પદાર્થનું અજ્ઞાતૃત્વ વર્તે તેવા કાર્ય ભેદ માટે કોઈ હેતુ યાને કે કારણ જ નથી તેથી તેમને સર્વ જ્ઞેયનું સંપૂર્ણ જ્ઞાતૃત્વ વર્તે છે તેમ માનવું જ રહ્યું. જો તમે એમ કહેતા હો કે તેમને દૂર દેશ અને દૂર કાળવર્તી પદાર્થોનું જ્ઞાન ન હોઈ શકે તો તેના સમાધાનમાં જણાવવાનું કે આત્મપ્રત્યક્ષ ક્ષાયિક જ્ઞાન નિરાલંબન જ્ઞાન છે તેથી તેમાં દેશ, કાળ યા અન્ય કોઈ પણ પ્રતિબંધક હોઈ જ ના શકે. છદ્મસ્થનું મતિ

અને શ્રુતજ્ઞાન ઇન્દ્રિયો અને મનની સહાયતાપૂર્વક થતું હોવાથી તે જ્ઞાન પરિમિત જ હોય કારણકે ઇંદ્રિયો અને મનની શક્તિ પરિમિત છે. ઇન્દ્રિયોની અર્થગ્રહણ શક્તિ દેશથી અને મનની કાળથી મર્યાદિત હોય છે. અવધિ અને મનઃપર્યવ જ્ઞાનમાં ઇન્દ્રિયો અને મનનું આલંબન ન હોવા છતાં પણ તે સર્વ ક્ષાયોપશમિક ભાવના હોવાથી ક્રમપૂર્વક પ્રવર્તતા હોય છે. ક્રમપૂર્વકજ્ઞાન સંપૂર્ણતાને કદાપિ પામી શકે નહિ. આગળ ઉપર જ્યારે આપણે જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મોના કાર્યનો વિચાર કરીશું ત્યારે ક્ષાયોપશમિક જ્ઞાન શા માટે સંપૂર્ણતાને પામી શકતું નથી તે ગણિતના સિદ્ધાંતથી સિદ્ધ કરીશું' આથી ક્ષાયિકજ્ઞાન અને દર્શનમાં સંપૂર્ણ જ્ઞેયનું જ્ઞાન તેમજ દર્શન નિરંતર વર્તે છે તેવો નિશ્ચય અવધારવો તેમાંજ આપણું કલ્યાણ છે.

**૩૫. ચારિત્રલબ્ધિ અને તપલબ્ધિનું શુદ્ધાશુદ્ધ સ્વરૂપ**: ક્ષુદ્રમાં ક્ષુદ્ર જીવ-અર્થાત્ સૂક્ષ્મ નિગોદથી લઈ સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય, દેવાદિ સર્વ જીવોમાં દેહાધ્યાસની અભિવ્યક્તિ સ્વરૂપ આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એ ચારે સંજ્ઞાઓ અનાદિ કાળથી પ્રાપ્ત થઈ છે. "આ દેહ તે જ હું" તે પ્રમાણે જડ પૌદ્ગલિક શરીર અને તેથી વિલક્ષણ અને અત્યંત ભિન્ન ચેતન સ્વરૂપ પોતાના આત્મામાં અભેદભાવ દેહાધ્યાસ છે. આ દેહાધ્યાસ મિથ્યાત્વ મોહનીય કર્મોદયનિષ્પન્ન મિથ્યાદર્શન યાને મિથ્યાત્વનું કાર્ય છે. મિથ્યાદષ્ટિ જીવોને દેહ અત્યંત પ્રિય હોય છે. તેમના માટે દેહ ભોગનું સાધન છે. અનાદિકાળથી પાંચે ઈન્દ્રિયોના વિષયોના ભોગમાં સર્વ જીવો સુખ માણતા આવ્યા છે. જે વિષયોના ભોગ અને ઉપભોગમાં તીવ્ર સુખબુદ્ધિ હોય છે, તેવા વિષયો પ્રતિ તેમજ તે વિષયોની પ્રાપ્તિના નિમિત્તો પ્રતિ તેઓને તીવ્ર રાગભાવ હોય છે. સર્વ વિષયસુખમાં શિરોમણિ સમાન સ્પર્શેન્દ્રિય વિષયક કામસુખની વાંચ્છનાએ વિજાતીય વ્યક્તિ પ્રતિ કામરાગ; સગા, સ્નેહી મિત્રાદિ પ્રતિ સ્નેહરાગ; પોતાની કામનાઓને, વસ્તુપ્રતિના પોતાના અભિગમને, પોતાની માન્યતાઓને, પોતાના ભૌતિક હિતાહિતની દૃષ્ટિએ કરેલા વસ્તુસ્વરૂપના મૂલ્યાંકનને, ટૂંકમાં પોતાની દષ્ટિ પ્રતિ તેમજ પોતાને અનુકુળ દષ્ટિ ધરાવનાર પ્રતિ દૃષ્ટિરાગ; એમ અનેક પ્રકારે તીવ્ર રાગભાવને પ્રાપ્ત મિથ્યાદષ્ટિ જીવો તે તે રાગસ્થાનોથી વિપરીત સ્થાનો પ્રતિ તીવ્ર દ્વેષભાવને પણ પ્રાપ્ત થયા હોય છે. રાગ વિના દ્વેષ સંભવતો નથી. જે રાગ રહિત છે તે નિયમા દ્વેષ રહિત હોય છે. આથી જે વીતરાગ છે તે અવશ્ય વીતદ્વેષ પણ છે.

રાગ–દ્વેષ ચારિત્રનો વિકાર છે, ચારિત્રમોહ છે, ચારિત્રમૂઢતા છે. જેની દૃષ્ટિ વિકૃત હોય તેનું વર્તન અર્થાત્ ચરિત્ર પણ વિકૃત જ હોય. પરંતુ ચારિત્રગુણ યા લબ્ધિ એટલે શું ? ચેતનોપયોગની ચર્યા અર્થાત્ રમણતા ચારિત્ર કહેવાય છે. ચેતનોપયોગની પરમાં રમણતા ચારિત્રનો વિકાર છે, અશુદ્ધચારિત્ર લબ્ધિ છે; અને સ્વાત્મામાં રમણતા શુદ્ધ ચારિત્રલબ્ધિ છે. ચેતનોપયોગની આત્મેતર પદાર્થોમાં રમણતા, ભિન્ન ભિન્ન પર

પદાર્થોમાં ઉપયોગનું અત્ર તત્ર ભટકવું નિષ્કારણ નથી. પરમાં કર્તાભાવ, પરમાં ભોક્તાભાવ, પરમાં સુખબુદ્ધિ, પરમાં રાગદ્વેષ, પરની ઈર્ષા, પરમાં સ્વાર્થ, પરનો ભય, પરમાં રતિ યા અરતિ, ઈત્યાદિ અનેક પ્રકારના ભાવપૂર્વક મોહદશાને પામેલો તે આત્મા નિરંતર પરમાં જ રમ્યા કરે છે. આ સર્વ ભાવો મોહ યાને મૂર્છા છે. અનંત, અવ્યાબાધ, શાશ્વત, અને પરમસુખનો સ્વયં ધણી જ્યારે જેમાં આ સુખનો અંશ પણ નથી તેવા જડ-પૌદ્ગલિક વિષયોમાંથી સુખ મેળવવાના ફાંફાં મારે છે તે મૂઢતા નહિ તો શું છે? એક સમય પણ આત્માભિમુખ ન થતા નિરંતર પર પદાર્થોમાં, પછી તે સજાતીય હોય યા વિજાતીય, મોહભાવે ઉપયોગનું પરાભિમુખપણું એ તો લોટ માટે છોતરાં ખાંડતા અને તેલ માટે રેતી પીલતા મૂઢ જેવી જ નહિ પરંતુ તેથી પણ મહાભયંકર મૂઢતા છે કારણ કે મહાભયંકર દાવાનળ સમાન અનંત સંસારનું તે કારણ છે. ઉપરોક્ત સર્વ મોહભાવો તેમજ ક્રોધ, માન, માયા, લોભસ્વરૂપ કષાયો ચારિત્રમોહનીયકર્મોદયનિષ્પન્ન ઔદયિક ભાવો છે અને તે સર્વનો રાગ અને દ્વેષમાં સમાવેશ થાય છે. તે સર્વ મોહભાવોના મૂળમાં ઈન્દ્રિયોના વિષયોની ભોગેચ્છા યાને અસંયમ છે. આધ્યાત્મિક પ્રગતિને રૂંધનાર રાગ અને દ્વેષજન્ય કષાયભાવો છે.

આત્માની સમ્યગ્દર્શન લબ્ધિ અવરોધક તીવ્રાતિતીવ્ર રાગદ્વેષના સંસ્કારો છે. આત્માની દેશવિરતિ અર્થાત્ સંયમાસંયમ લબ્ધિ અવરોધક તીવ્ર રાગદ્વેષના સંસ્કારો છે. આત્માની સર્વવિરતિ અર્થાત્ સરાગસંયમ લબ્ધિ–અવરોધક મંદ રાગદ્વેષના સંસ્કારો છે, અને આત્માની યથાખ્યાત ચારિત્ર અર્થાત્ શુદ્ધઅનંત ચારિત્રલબ્ધિ અવરોધક મંદાતિમંદ રાગના સંસ્કારો છે. કર્મવિજ્ઞાનની પરિભાષામાં ઉપરોક્ત ચારે પ્રકારની ચેતનલબ્ધિ અવરોધક સંસ્કારોને અનુક્રમે અનંતાનુબંધી કષાય, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય કષાય અને સંજ્વલન કષાય કહેવાય છે. આવા અનાદિ મિથ્યાદષ્ટિ ભવ્ય આત્માઓ પણ કાળ લબ્ધિ ( મોક્ષકાળ નજદીક આવતા ) પામી આધ્યાત્મિક ઉન્નતિ પણ પ્રાપ્ત કરે છે. આ સંસારચક્રમાં અનંતકાળ ભટકતા ભટકતા અનંતાનંત દુઃખો વેદી વેદીને અનેક પ્રકારની પછડાતો ખાઈ ખાઈને અનાયાસે યા ગુરુ આદિના ઉપદેશાદિ નિમિત્તોથી આ અનાદિ મિથ્યાદષ્ટિ જીવના અત્યંત તીવ્ર મૂર્છાની આત્યંતિક્તાની હાની થયે તેને મોક્ષમાર્ગનો ઉપદેશ સાંભળવાની રુચિ જાગૃત થાય છે, અને તેમાં શ્રદ્ધાવંત બને છે. મિથ્યાદષ્ટિ મટી તે સમ્યગ્દષ્ટિ બને છે, અર્થાત્ તેને સમ્યક્ત્વ લબ્ધિ પ્રાપ્ત થાય છે. અત્રે એ ખાસ નોંધવાનું છે કે પોતાની નિપુણ બુદ્ધિપૂર્વક નવતત્ત્વના સ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત કરી આત્મા અને દેહમાં ભેદ છે તેવો બૌદ્ધિક નિર્ણય પણ જીવ કરે છે, અને "હું ચેતનસ્વરૂપ છું" "આ દેહથી ભિન્ન જ્ઞાયકભાવ માત્ર છું." ઇત્યાદિ વચનોચ્ચાર પણ કરે છે તેથી આત્માને સમ્યગ્દર્શન લબ્ધ થયું છે તેમ ન કહી શકાય કારણ કે આ આત્મા અને દેહમાં ભેદનું બૌદ્ધિક જ્ઞાન તો જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમનિષ્પન્ન

જ્ઞાન છે ને તે માત્ર બુદ્ધિસ્પર્શી છે. પરંતુ આ જ્ઞાન અંતરંગસ્પર્શી હોય અર્થાત્ તે આત્મપ્રતીત થાય ત્યારે જ તે સમ્યગ્દર્શન કહેવાય અને તે દર્શનાવરણીયકર્મના ક્ષયોપશમનિષ્પન્ન (યા ઉપશમ યા ક્ષયનિષ્પન્ન પણ હોઈ શકે) સમ્યક્ત્વ છે. રાગ–દ્વેષની મંદતા તેમ જ અકદાગ્રહ સ્વરૂપ પ્રશમભાવ, મોક્ષની તીવ્ર ઇચ્છા સ્વરૂપ સંવેગભાવ, સંસારપ્રતિ અરુચિ સ્વરૂપ નિર્વેદભાવ, જિનપ્રણીત તત્ત્વોમાં શ્રદ્ધાન સ્વરૂપ આસ્તિકયભાવ તથા સાંસારિક દુઃખોથી પીડાતા જીવો પ્રતિ કારુણ્યભાવ, આ સર્વ સમ્યગ્દષ્ટિ આત્માઓની પહેચાન કરાવી શકે છે. આ સમ્યગ્દષ્ટિ આત્માના ઉપયોગમાંથી મોહસ્વરૂપ વિકાર જેમ જેમ મંદ થતો જાય છે તેમ તેમ તેના અસંયમિ ચારિત્રની વિકૃતિ ઘટતી જાય છે અને જ્યારે તે મોહભાવ અત્યંત મંદ થયે વિષયોમાં ભોગ અને સુખબુદ્ધિ નષ્ટપ્રાયઃ થઈ જાય છે ત્યારે તે સર્વ પરિગ્રહનો ત્યાગ કરી મોક્ષમાર્ગનો પંથી બને છે, અને જ્યારે તેનો ઉપયોગ મોહભાવથી અત્યંત રહિત થઈ શુદ્ધ નિર્મળ બને છે ત્યારે તે વીતરાગ મહાત્માનું ચારિત્ર યથાખ્યાત ચારિત્ર કહેવાય છે. આ જ શુદ્ધ ચારિત્ર લબ્ધિ છે. અનંત ચારિત્ર છે. સ્વભાવ ચારિત્ર છે જે પરમાનંદના અનુભવ રૂપ છે.

તપલબ્ધિને ચારિત્રલબ્ધિમાં વણી લેવામાં આવી છે કારણકે ચારિત્ર કારણ છે અને તપ કાર્ય છે. વિષયોના ભોગમાં સુખની ભ્રાંત માન્યતાથી પ્રેરાઈ મોહિત જીવનો જ્ઞાનોપયોગ નિરંતર પરમાં જ રમતો રહે છે. તેણે ઇચ્છેલા વિષયોની પ્રાપ્તિ થયા પછી પણ તે ઇચ્છા રહિત થતો નથી તેમજ સંતૃપ્ત થતો નથી. પ્રાપ્તવિષયોના ભોગથી તૃપ્તિ થવાની વાત તો દૂર રહી પરંતુ જેનો અંત નથી એવા ન ભોગવેલા વિષયોની ઇચ્છામાં આવા જીવો નિરંતર તપતા જ હોય છે. આ પરની ઇચ્છામાં તપન–પરની તરસ, તલસાટ, અતૃપ્તિ એ સર્વ વિકૃત તપલબ્ધિ છે. આ રીતે ચારિત્રમોહના વિકારલિપ્ત ચેતનોપયોગ હંમેશા પરની ઇચ્છામાં તપ્યા કરતો હોય છે. આથી જેનું ચારિત્રમોહિત યાને વિકૃત છે તેનો તપ ગુણ પણ વિકૃત છે. આથી વિપરીત શુદ્ધ યાને વીતરાગચારિત્ર ઇચ્છા માત્રથી રહિત છે કારણ કે તે સંતૃપ્ત છે. આત્માની આ સંતૃપ્ત અવસ્થા શુદ્ધ તપ લબ્ધિ છે, તપલબ્ધિની સંપૂર્ણતા છે, અનંતતા છે. અત્રે કોઈ શંકા કરે છે કે શાસ્ત્રમાં તો "ઇચ્છાનિરોધ"ને તપ કહેલ છે. વાત તો બરાબર છે પરંતુ તપનું આ લક્ષણ ઉપચરિત છે કારણકે ત્યાં સાધનમાં સાધ્યનો ઉપચાર છે. ઇચ્છામાત્રથી રહિત સ્વમાં-તૃપ્તિ અર્થાત્ નિરીહપણું અને સંતૃપ્ત અવસ્થા શુદ્ધ તપલબ્ધિ છે, જે સાધ્ય છે. આ સાધ્યની સિદ્ધિ માટે "પરની ઇચ્છાનો નિરોધ" સાધન છે, અને આ સાધનને જ ઉપચારથી સાધ્ય કહેલ છે. જો આમ ન માનીએ તો જે સંતૃપ્ત અને નિરીહ છે તે સિદ્ધાત્મામાં ઇચ્છા નિરોધ સ્વરૂપ તપ કેવી રીતે ઘટે ? તપ તો જીવ માત્રનું લક્ષણ કહ્યું છે. તેથી તે સંસારી તેમજ સિદ્ધાત્મામાં પણ વ્યાપ્ત થવું જોઈએ; તેથી પરની ઇચ્છામાં તપન અશુદ્ધ તપલબ્ધિ અને સ્વમાં તૃપ્તિ અર્થાત્ સંતૃપ્ત અવસ્થા શુદ્ધ તપલબ્ધિ છે.

આ લક્ષણ અનુપચરિત હોવાથી નિશ્ચયલક્ષણ છે. પંચમહાવ્રતને ધર્મ કહીએ છીએ ત્યાં પણ આ પ્રમાણેનો ઉપચાર જ છે, કારણ કે પંચમહાવ્રતાદિ પરમાનંદમય સ્વભાવ ધર્મસ્વરૂપ સાધ્યનું સાધન છે.

રાગી જીવોનો ચેતનોપયોગ પરમાં ચર્યા કરતો રહી નિરંતર સુખ અને દુઃખના આવર્તનો વેદી રહ્યો છે અને પોતાના જ પરમાનંદસ્વરૂપ આત્માનંદથી વંચિત થઈ રહ્યો છે. જ્યાં સુધી વિષયસુખનો ભોગવટો છે અથવા તેની ઇચ્છા છે ત્યાં સુધી જીવ શાશ્વત, સ્વાધીન અને સંપૂર્ણ એવા આત્માનંદનું વેદન છે જેમાં તે શુદ્ધ ચારિત્રલબ્ધિને પામી શકતો નથી.

**૩૭. વીર્યાદિલબ્ધિનું શુદ્ધાશુદ્ધ સ્વરૂપઃ**—આ જીવે તેની અનાદિકાલીન સૂક્ષ્મ સાધારણ નિગોદપર્યાયમાં અનંતાનંત પુદ્‌ગલપરાવર્તન કાળ વીતાવ્યો છે. જીવની આ હીનમાં હીન અવસ્થા છે, જેમાં લગભગ જડવત્ કહી શકાય તેટલી હદે તેની ચેતના કર્મભાર નીચે દબાયેલી હોય છે. આ અવસ્થામાંથી પ્રગતિ કરતો કરતો સૂક્ષ્મમાંથી બાદર, સાધારણમાંથી પ્રત્યેક, સ્થાવરમાંથી અસંજ્ઞીત્રસ અને અંતે સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાય પણ પ્રાપ્ત કરે છે. આ અંતિમ પર્યાયમાં મનુષ્યપણે ભવ્યાત્મા પ્રગતિની ચરમસીમા–મોક્ષને પણ પ્રાપ્ત કરી શકે છે. આ બધી પ્રગતિ કઈ શક્તિથી થાય છે?

જ્ઞાનલબ્ધિના વિકાસની દૃષ્ટિએ જોઈએ તો સ્થાવર યોગ્ય ઓઘસંજ્ઞામાંથી અસંજ્ઞી ત્રસ યોગ્ય હેતુવાદોપદેશિકી સંજ્ઞા + અને તેની ઉપર સંજ્ઞી યોગ્ય દીર્ઘકાલિકી સંજ્ઞા અને અંતે મોક્ષના બીજ સમાન દ્રષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા પર્યંતના વિકાસમાં કઈ શક્તિ કામ કરી રહી છે? આ સર્વ શક્તિ તે આત્માની વીર્યલબ્ધિ છે. બળ, ઉત્સાહ, પરાક્રમ, શક્તિ, ચેષ્ટા, પુરુષાર્થ આદિ આ વીર્યના જ પર્યાય શબ્દો છે. આત્માની સર્વ શક્તિના વિકાસનો આધાર આત્મવીર્ય છે.

આત્માને અભ્યુદય અર્થાત્ ભૌતિક આબાદિ, સુખ, સમૃદ્ધિ આદિ અભિષ્ટ (ઇષ્ટ) હોય યા નિઃશ્રેયસ અર્થાત્ આત્મસુખ–મોક્ષ ઈષ્ટ હોય તે સર્વની પ્રાપ્તિ માટે જોઈતો ઉત્સાહ, પ્રયત્ન આદિ આત્માની વીર્યલબ્ધિ પર આધાર રાખે છે. જે ઘાતીકર્મ આત્મવીર્યના પ્રવર્તનમાં વિઘ્ન યાને અંતરાય નાખે છે તે વીર્યાન્તરાય કર્મ છે. ગમે તેટલું પણ ગાઢ અંતરાયકર્મ આત્મવીર્યના પ્રવર્તનને સંપૂર્ણપણે અંતરિત કરવાને શક્તિમાન નથી. અપર્યાપ્ત સાધારણ નિગોદનું લબ્ધિવીર્ય (પ્રગટવીર્ય) કંઈક અંશે પણ પ્રગટ રહી કાર્ય કરે જ છે જેના લીધે તેમાં કાયયોગ પ્રવર્તે છે. વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી પ્રગટ થાય છે તે લબ્ધિવીર્ય કહેવાય છે. જીવ

+ આ સંજ્ઞાઓના સ્વરૂપ માટે પરિશિષ્ટ જુઓ.

પોતાનું લબ્ધિવીર્ય ફોરવી ઈષ્ટપ્રાપ્તિના પ્રયત્ન થકી જે લાભ પ્રાપ્ત કરે છે તે **લાભલબ્ધિ** છે. જો લાભાન્તરાયકર્મનો ઉદય હોય તો તેનો ઈષ્ટપ્રાપ્તિનો પ્રયત્ન નિષ્ફળ જાય છે, પરંતુ લાભાન્તરાયકર્મના ક્ષયોપશમે તે તદનુરૂપ લાભ પ્રાપ્ત કરે છે. પ્રાપ્તનો ભોગ યા ઉપભોગ તે **ભોગલબ્ધિ** અને **ઉપભોગલબ્ધિ** છે. ભોગાન્તરાયકર્મનો તેમ જ ઉપભોગાન્તરાયનો જેટલા પ્રમાણમાં ક્ષયોપશમ હોય તેટલા પ્રમાણમાં લબ્ધનો ભોગોપભોગ થાય અને જો તેનો ઉદય વર્તે તો ભોગ સામગ્રી છતાં પણ આત્મા તેને ભોગવી શકતો નથી. ભોજન આદિ જે એક જ વખત ભોગવાય તે ભોગ છે અને વાડી, બંગલા, ગાડી, સ્ત્રી આદિ વારંવાર ભોગવી શકાય તે ઉપભોગ છે. વળી લાભાન્તરાયના ક્ષયોપશમથી પ્રાપ્ત સામગ્રીનું દાન ભાવ હોવા છતાં પણ દાનાન્તરાયકર્મને આધીન છે. દાન આપવાની ભાવના હોય, સામગ્રી પણ હોય અને દાનને યોગ્ય પાત્ર પણ હોય છતાં દાનાન્તરાયના ઉદયે દાન થઈ શકતું નથી.

અત્રે એક પ્રશ્ન થાય છે કે જ્ઞાન અને દર્શનલબ્ધિની ન્યુનાધિકતામાં તો આવરણ કર્મોનો ક્ષયોપશમ કારણ છે છતાં પણ આ લબ્ધિઓના વિકાસમાં વીર્યાન્તરાયના ક્ષયોપશમને કારણભૂત કેમ કહેવાય? આનું સમાધાન એ છે કે આવરણકર્મો આત્માની જ્ઞાન-દર્શનલબ્ધિના અનંત બહુભાગને આચ્છાદિત કરે છે પરંતુ જે અપૂર્ણ અંશ પ્રગટ છે. તે પ્રગટલબ્ધિના હાનિવૃદ્ધિજન્ય ઊર્ધ્વમુખિ તરતમતાપૂર્વક ક્રમિક પ્રવર્તનમાં કારણભૂત આવરણ કર્મોનો ક્ષયોપશમ તો છે પરંતુ આ ક્ષયોપશમ વીર્યાન્તરાયના ક્ષયોપશમને અનુસાર જ પ્રવર્તે છે. આથી એમ કહી શકાય કે જ્ઞાન–દર્શનાદિલબ્ધિઓના બહુભાગના આચ્છાદનમાં આવરણ કર્મોનો ઉદય અને તે તે લબ્ધિઓના પ્રગટ અનાવૃત અંશના ઊર્ધ્વમુખિ વિષમતાપૂર્વક ક્રમિક પરિણમનમાં અંત્ય (ultimate) કારણ વીર્યાંતરાયનો ક્ષયોપશમ છે.

લબ્ધિવીર્યમાં હાનિવૃદ્ધિ સંબંધી થોડા નિયમો સમજવા જરૂરી છે.

વીર્યાંતરાયના ક્ષયોપશમથી પ્રગટ લબ્ધિવીર્યના જઘન્ય અંશને વીર્યાવિભાગ પ્રતિચ્છેદ યા ટૂંકમાં અવિભાગ અથવા વીર્યાણુ કહેવાય છે. લબ્ધિવીર્યના પરિમાણના માપનું આ જઘન્ય એકમ (unit) છે. કોઈપણ આત્માના આ લબ્ધિવીર્યનું પરિમાણ અસંખ્ય લોકના પ્રદેશોની સંખ્યાપ્રમાણ વીર્યાણુ હોય છે. એકેન્દ્રિય જીવો કરતાં બેઈન્દ્રિયનું લબ્ધિવીર્ય અસંખ્યગુણ હોય છે અને ઉત્તરોત્તર તેઈન્દ્રિય, ચૌરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોનું લબ્ધિવીર્ય ઉત્તરોત્તર અસંખ્યગુણ હોય છે. કોઈપણ જીવ કોઈ એક વીર્યસ્થાનમાં સતત પડી રહે તો વધુમાં વધુ ૮ સમય સુધી જ રહી શકે છે. તે પછી તે અવશ્ય નીચેના યા ઉપરના સ્થાને જાય છે. કોઈપણ આત્માનું લબ્ધિવીર્ય ક્ષયોપશમભાવે એકધારૂં વૃદ્ધિ યા હાની પામે તો તે વૃદ્ધિ યા હાની જઘન્યથી બે સમય અને ઉત્કૃષ્ટે અંતર્મુહૂર્ત સુધી જ હોય છે. આ રીતે ઉત્કૃષ્ટે પ્રતિ અંતર્મુહૂર્તે ક્ષાયોપશમિક

લબ્ધિવીર્યમાં હાનિવૃદ્ધિનો ક્રમ ચાલ્યા કરે છે, જેના કારણે જીવના લબ્ધિવીર્યમાં ઊર્ધ્વમુખિ વિષમતા પ્રાપ્ત થાય છે અને આ લબ્ધિવીર્યના પ્રમાણ અનુસાર સર્વ ક્ષયોપશમભાવે પરિણમન કરતી લબ્ધિઓ પણ ઊર્ધ્વમુખિ વિષમતા પામે છે અર્થાત્ ક્રમસમુચ્ચયસ્વરૂપ પરિણમન પ્રાપ્ત કરે છે.

આ રીતે આપણે વીર્યાદિ પાંચે શુદ્ધાશુદ્ધ અર્થાત્ ક્ષાયોપશમિક ભાવે પરિણમેલી લબ્ધિઓનું નિરૂપણ કર્યું. હવે આજ લબ્ધિઓનું શુદ્ધ અર્થાત્ અંતરાયકર્મના સંપૂર્ણ ક્ષયથી પ્રાપ્ત પાંચે ક્ષાયિક લબ્ધિઓનું સ્વરૂપ સમજવા પ્રયત્ન કરીએ.

**ક્ષાયિકવીર્યલબ્ધિ :** પુરુષ પ્રયત્નની સંપૂર્ણ સફળતા અર્થાત્ સર્વ પ્રયોજન સિદ્ધ થવાથી આત્માની કૃતકૃત્ય અવસ્થા ક્ષાયિકવીર્યલબ્ધિ કહી શકાય. કોઈ કોઈ આચાર્યોએ સર્વજ્ઞતાને તો કોઈ કોઈ આચાર્યોએ સ્વભાવમાં પ્રવૃત્તિને ક્ષાયિકવીર્યલબ્ધિ કહી છે. મને લાગે છે કે ચેતનાના સંપૂર્ણ વિકાસને યાને ચૈતન્યગુણના ઉત્કૃષ્ટ પ્રકર્ષને પણ ક્ષાયિકલબ્ધિ કહેવામાં વાંધો જણાતો નથી કારણ કે ચેતનાની સર્વ શક્તિ એ જ ચેતનવીર્ય છે.

**ક્ષાયિકલાભલબ્ધિ:**—પોતાના આત્માના શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ તે નિશ્ચયથી ક્ષાયિકલાભલબ્ધિ છે. દિગંબર આચાર્યોએ આ લબ્ધિનો જે અર્થ કર્યો છે તે સાંપ્રદાયિક તેમજ ઘણો જ વિચિત્ર લાગે છે. તેમના મતે સંયોગી કેવળી ભગવંતોને તેમની માન્યતા અનુસાર કવળાહાર ન હોવા છતાં પણ સામાન્ય મનુષ્યને જેનો કદાપિ લાભ થતો નથી તેવા પરમ શુદ્ધ અનંતબળદાયક સૂક્ષ્મ પરમાણુઓનું પ્રતિસમય પ્રાપ્ત થવું તે ક્ષાયિકલાભ લબ્ધિ છે; પરંતુ આમ માનવાથી સિદ્ધ પરમાત્મા જે દેહરહિત છે ત્યાં ક્ષાયિકલાભલબ્ધિ અવ્યાપ્તિ દોષથી દુષિત થાય છે.

**ક્ષાયિક ભોગલબ્ધિ : ક્ષાયિક ઉપભોગલબ્ધિ :**—નિશ્ચયથી સ્વરૂપ આનંદનું ભોક્તૃત્વ ક્ષાયિક ભોગલબ્ધિ છે. અને પ્રતિસમય નિરંતર ભોક્તૃત્વ ક્ષાયિક ઉપભોગલબ્ધિ છે. દિગંબર ગ્રંથોમાં શ્રી તીર્થંકર ભગવંતોને કુસુમવૃષ્ટિ આદિ અતિશયો અને સિંહાસન, છત્ર, ચામર આદિ વિભૂતિઓ પ્રાપ્ત થાય છે તેને અનુક્રમે ક્ષાયિકભોગ અને ક્ષાયિક ઉપભોગલબ્ધિ કહી છે. અત્રે આ લક્ષણ પણ સામાન્ય કેવળી ભગવંતો તેમજ સિદ્ધોમાં અવ્યાપ્ત હોવાથી દુષિત થાય છે. આ દોષના નિવારણાર્થે તેઓ કહે છે કે આ લબ્ધિઓના કાર્યમાં શરીર નામકર્મ અને તીર્થંકર નામકર્મની અપેક્ષા રહે છે તેથી સિદ્ધોને શરીર અને તીર્થંકરનામકર્મ ન હોવાથી સિદ્ધોમાં અવ્યાબાધ આનંદ સ્વરૂપે આ લબ્ધિઓ પ્રગટ થાય છે. આપણે તીર્થંકર ભગવંતો, સામાન્ય સયોગી કેવળી ભગવંતો તેમજ સિદ્ધભગવંતોમાં પરમાનન્દના ભોક્તૃત્વ સ્વરૂપે જ આ લબ્ધિઓનું ગ્રહણ કર્યું છે. બાકી છત્ર, ચામર, કુસુમવૃષ્ટિ આદિમાં તીર્થંકર નામ-

કર્મનો ઉદય પ્રધાનતાએ માનવો તે વધુ યુક્તિયુક્ત જણાય છે. અઘાતીકર્મોના ઉદયને ઘાતીકર્મોના ક્ષયથી પ્રાપ્ત લબ્ધિમાં સહકારી કારણતા ઇષ્ટ નથી.

**ક્ષાયિક દાનલબ્ધિ:**—વ્યવહારદષ્ટિથી પરદ્રવ્ય (આત્માથી ભિન્ન દ્રવ્ય) પરની માલિકીના ભાવનો ત્યાગ કરી અન્યને પ્રદાન કરવું તે દાન છે. આ અર્થથી પરદ્રવ્ય માત્ર પરથી માલિકીના ભાવના સદંતર અભાવને કદાચ ક્ષાયિક દાનલબ્ધિ કહીએ તોપણ આ લક્ષણ નકારાત્મક હોઈ સંતોષકારક તો નથી જ. ઘણા આચાર્યો પ્રાણિમાત્રને અભયદાન તે ક્ષાયિકદાનલબ્ધિ કહે. આ લક્ષણ પણ સંતોષકારક નથી જણાતું. સિદ્ધ ભગવંતમાં અભયદાન ઘટી ના શકે.

કર્મગ્રંથમાં જીવના ઘાતીકર્મોના ક્ષયનિષ્પન્ન ક્ષાયિક ભાવો ઉપરોક્ત નવમાંથી તપ લબ્ધિને બાદ કરી ક્ષાયિક સમ્યક્ત્વને ઉમેરી નવ ગણાવ્યા છે. સંસારી આત્માને દર્શનમોહનીયના (તેમજ અનંતાનુબંધિ એટલે તીવ્ર રાગદ્વેષના સંસ્કારોના) ક્ષયથી ક્ષાયિક સમ્યગ્દર્શન થાય છે. આ ક્ષાયિક સમ્યગ્દર્શન મતિજ્ઞાનાવરણીયના યથાયોગ્ય ક્ષયોપશમ સાપેક્ષ છે. અને આ તત્ત્વરૂચિ યા તત્ત્વાર્થમાં શ્રદ્ધાન સ્વરૂપ ગુણ છે. પરંતુ કેવળી ભગવંતોને શ્રદ્ધાન સ્વરૂપ ક્ષાયિક સમ્યક્ત્વ કેવી રીતે ઘટે ? જ્ઞેયમાત્રનું યથાવત જ્ઞાન–દર્શન નિરંતર વર્તે તેને શ્રદ્ધા શેની ? અજ્ઞાની શ્રદ્ધાનું આલંબન લે તે તો યુક્તિયુક્ત છે પરંતુ સર્વજ્ઞમાં શ્રદ્ધાન અર્થમાં ક્ષાયિક સમ્યક્ત્વ ઘટે નહિ. આથી શ્રી કેવળીભગવંતને દર્શનમોહના ક્ષયથી સમ્યગ્દષ્ટા કહીએ છીએ.

**૩૮. નિશ્ચયનયના મતે આત્માની ક્ષાયિક લબ્ધિઓનું સ્વરૂપ** : સાચું પૂછો તો સિદ્ધ પરમાત્માની ક્ષાયિક લબ્ધિઓનું સ્વરૂપ વચનથી અગોચર જ છે. તે તો જે અનુભવે તે જ જાણે. આમ છતાં પણ આપણા બૌદ્ધિકજ્ઞાનની અને ભાષાની અર્થપ્રતિપાદનશક્તિની મર્યાદામાં રહીને આ ક્ષાયિક લબ્ધિઓનું સ્વરૂપ અમુક અંશે પ્રજ્ઞાપનીય થઈ શકે છે, કારણ કે આપણું મતિ યા શ્રુતજ્ઞાન પણ અંતે તો કેવળજ્ઞાનનો જ અંશ છે. આપણે ૩૫, ૩૬, અને ૩૭મા ફકરામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્યાદિ લબ્ધિઓનું શુદ્ધાશુદ્ધ સ્વરૂપ દર્શાવ્યું તો છે જ. જે લબ્ધિઓનું શુદ્ધસ્વરૂપ દર્શાવ્યું છે તે જ ક્ષાયિક લબ્ધિઓનું સ્વરૂપ છે, પરંતુ તેમાં ઘણીખરી લબ્ધિઓનું સ્વરૂપ વ્યવહારનયની અપેક્ષાએ કહ્યું છે. કોઈપણ પદાર્થના સ્વરૂપની પ્રરૂપણા અન્ય પદાર્થના સંબંધ પૂર્વક કરાય છે તે ત્યાં વ્યવહારનયની પ્રવૃત્તિ છે અને તે જ પ્રરૂપણા અન્ય કોઈપણ પદાર્થના સંબંધની અપેક્ષા રહિત કરવી તે નિશ્ચયનયની પ્રવૃત્તિ છે. વ્યવહાર, ઉપચાર, સંસાર, ઉપમા આદિ બે વિના ઘટે નહિ. આ પૂર્વે ૧૧મા ફકરામાં પાંચ સમવાય કારણોની અનેકાંતતા દર્શાવતા પૃષ્ઠ ૧૪ અને ૧૫ની ટિપ્પણમાં કોઈપણ કાર્ય સંબંધી કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ એ ષટ્કારકનું વ્યવહાર અને નિશ્ચયથી સ્વરૂપ દર્શાવ્યું છે. આપે ત્યાં જોયું હશે કે આત્માના મોક્ષરૂપ કાર્યમાં

નિશ્ચયથી કર્તા, કર્માદિ કારકો પરનિરપેક્ષ માત્ર આત્મામાં જ ઘટાવ્યાં છે. આવી જ રીતે સિદ્ધ પરમાત્માની નિશ્ચયનયાપેક્ષાએ આ સર્વ ક્ષાયિક લબ્ધિઓના સંબંધમાં લાભ, લબ્ધિ, લાભકાદિ સર્વ એક આત્મામાં જ ઘટી શકે છે કારણ કે શ્રી સિદ્ધ પરમાત્મા સ્વયંભૂ છે, તેમનું પરિણમન સ્વાધીન છે. તેઓને અન્ય કોઈપણ દ્રવ્ય સાથે કોઈપણ પ્રકારના ભાવે સંબંધ નથી. આથી સર્વ ક્ષાયિક લબ્ધિઓનું નિશ્ચયનયથી નીચે મુજબ અર્થઘટન કર્યું છે. તે મનન પૂર્વક ચિંતવવું. અત્રે કોઈ શંકા કરે કે સિદ્ધાત્મા આકાશમાં રહે છે તેથી તેમને આકાશ સાથે અવગાહના સ્વરૂપે સંબંધ છે. પરંતુ આ તો વ્યવહારથી કહેવાય છે. નિશ્ચયથી તો સિદ્ધાત્મા પોતાના પ્રદેશોમાં જ રહે છે.

**ક્ષાયિક જ્ઞાન-દર્શનલબ્ધિ** : અત્રે જ્ઞાતા-દૃષ્ટા આત્મા સ્વયં છે, જ્ઞાન-દર્શન તેના જ પર્યાયો છે અને જ્ઞેય અને દૃષ્ટ સ્વયં પોતે જ છે કારણ કે સિદ્ધભગવંતનો ઉપયોગ સ્વમાં જ છે. આ જ કારણથી નિશ્ચયનય સિદ્ધ પરમાત્મામાં સર્વ જ્ઞેયનું જ્ઞાનદર્શન વર્તતું નથી તેમ કહે છે. જો આમ ન કહે તો સિદ્ધભગવંતને પર સાથે જ્ઞેય-જ્ઞાતા સંબંધની આપત્તિ આવે, જે સ્વયંભૂ માટે ઇષ્ટ નથી. પરંતુ આ વિધાનનો ભાવાર્થ એટલો જ છે કે કૃતકૃત્ય અને સંતૃપ્ત હોવાથી સિદ્ધ ભગવંતોને જ્ઞેયના સંબંધમાં ઇચ્છા, પ્રયોજનાદિનો સદંતર અભાવ છે અને તેથી તેઓનો જ્ઞેયપ્રતિ ઉપયોગ જ નથી. જો જ્ઞેયપ્રતિ ઉપયોગ જ નથી તો જ્ઞાન કોનું હોય? સિદ્ધભગવંતોનો ચેતનોપયોગ સ્વાત્મામાં જ ચર્યા કરતો થકો પરમાનંદના વેદનમાં જ મશગૂલ છે. તેને જ્ઞેયના જ્ઞાનમાં રસ શાનો હોય? અત્રે એટલો ખ્યાલ અવશ્ય રાખવાનો છે કે જ્ઞાન જીવનું લક્ષણ છે પરંતુ લક્ષ્ય તો આનંદ અને માત્ર આનંદ જ છે. સિદ્ધ સર્વજ્ઞ નથી તે નિશ્ચયનયના મતનો એકાંત પણ ગ્રહણ ન કરવો. સુખ, દુઃખ યા આનંદ વેદ્યતત્ત્વ છે તેથી જ જે વેદક હોય તે જ વેદી શકે. જે ચેતન છે તે જેમ જ્ઞાયક છે તેમ તે વેદક પણ છે જ. આથી જ્યાં જ્ઞાતૃત્વભાવ હોય ત્યાં જ વેદકભાવ સંભવે. ચેતનમાં જ્ઞાન છે ત્યારે જ તો તેને આનંદ, સુખ યા દુઃખનું વેદન અવશ્ય હોય છે. પુદ્ગલમાં જ્ઞાન નથી તેથી તેને વેદન પણ નથી. આથી ચેતનમાં જ્ઞાન અને આનંદ બેઉ અવશ્ય વર્તે છે. પર્યાયાર્થિકનયે જ્ઞાન, આનંદ ચૈતન્યાદિ આત્માના ભિન્ન ભિન્ન ગુણો છે અને દ્રવ્યાર્થિકનયે ચેતન સ્વયં જ્ઞાન અને આનંદ સ્વરૂપ છે. જો ચેતનાના શુદ્ધ પર્યાયમાં એકાંતે જ્ઞાન ન માનીએ તો તેના સંસારી પર્યાયમાં તે કયાંથી આવ્યું? સિદ્ધ અરૂપી આત્મામાં જ્ઞાન અને આનંદ અભેદ એકરૂપ છે એટલું જ નહિ પરંતુ તેની સર્વ લબ્ધિઓ પણ અભેદ એક ચેતનસ્વરૂપ જ છે. તેના સર્વ અનુજીવી ગુણો ચેતનના જ પર્યાયો છે પણ તે સર્વે યુગપત્ પ્રવર્તે છે. ત્યાં કોઈ ક્રમિકતા નથી. પુદ્ગલ સ્વયં રૂપી હોવાથી તે સર્વથા ભેદ તત્ત્વ છે, તેના ગુણ પર્યાયોમાં ક્રમિકતા છે. સંસારી જીવ પુદ્ગલ સંબંધે રૂપી થઈ ગયો હોવાથી તેના જ્ઞાન અને આનંદ વિખૂટા પડી ગયા

છે અને તેથી જ તો અનાદિ કાળથી જીવનો જ્ઞાનોપયોગ સુખની પ્રાપ્તિ માટે નિરંતર વલખા મારી રહ્યો છે. જીવ જ્યારે તેનું શુદ્ધ અરૂપી સ્વરૂપ પ્રાપ્ત કરશે ત્યારે તેના ઉપયોગમાં અક્રમથી સંપૂર્ણ જ્ઞાતૃત્વ તેમ જ પરમાનંદનું વેદન અવશ્ય પ્રાપ્ત કરશે તેમ વ્યવહારનય કહે છે. સર્વનય પોતપોતાના સ્થાને સમાન બળ ધરાવે છે. કોઈ એક નય અન્ય નયથી વધુ બળવાન છે તે વિધાન અનેકાંત દર્શનને ઇષ્ટ નથી.

**ક્ષાયિક ચારિત્રલબ્ધિઃ**—મોહભાવના લેશ રહિત નિર્મળ ચેતનોપયોગની નિજાત્મામાં રમણતા યા ચર્યા ક્ષાયિક ચારિત્રલબ્ધિ છે.

**ક્ષાયિક તપલબ્ધિઃ**—નિજાત્મામાં રમણતા થકી જીવમાત્રને પરમ ઇષ્ટ એવા સ્વાધીન અને શાશ્વત, પરમાનંદના વેદન થકી પ્રાપ્ત નિરીહતા (ઇચ્છારહિતતા) અને સંતૃપ્તિ ક્ષાયિક તપલબ્ધિ છે. સામાન્ય રીતે તપલબ્ધિની પ્રરૂપણા કરાતી નથી કારણ કે તે ચારિત્રલબ્ધિમાં આવી જાય છે. પરંતુ ઉત્તરાધ્યયનસૂત્રમાં જીવના ચારિત્ર અને તપ એ બેઉ લક્ષણો ભિન્ન ભિન્ન ગણાવ્યા હોવાથી અત્રે ક્ષાયિક તપલબ્ધિનું સ્વરૂપ જુદું ગણાવ્યું છે. કર્મલિપ્ત અશુદ્ધ તપગુણ પરની ઇચ્છામાં તપન સ્વરૂપ છે અને શુદ્ધ તપગુણ સ્વમાં સંતૃપ્તિ સ્વરૂપ છે. આ જ તપ ગુણનો ઉત્કૃષ્ટ પ્રકર્ષ છે, અનંત તપ લબ્ધિ છે. ઉત્તરાધ્યયનસૂત્રમાં તપલબ્ધિને જુદી ગણાવી છે તેનો હેતુ ગંભીર છે. આ લબ્ધિ જ જીવને અભ્યુદય યા નિઃશ્રેયસદિશામાં પ્રગતિ કરાવે છે. જીવને પોતાના જીવનમાં જેની ઉણપ સાલે છે તેની પૂર્તિ કરવાની ઈચ્છામાં તપનસ્વરૂપ તપલબ્ધિ યાને ઈષ્ટને પ્રાપ્ત કરવાની જો લગન યા તમન્ના હોય જ નહિ તો પ્રયત્ન, પ્રાપ્તિ આદિ યાને વીર્ય લાભ, ભોગ ઈત્યાદિ લબ્ધિઓનું પ્રવર્તન જ થાય નહિ. આથી આત્માના વિકાસમાં તપલબ્ધિની અગત્યતા જેટલી આંકીએ તેટલી ઓછી જ છે.

**ક્ષાયિક દાનાદિ લબ્ધિઃ**—દાનાદિ પાંચ લબ્ધિઓનું નૈશ્ચયિક સ્વરૂપ પંડિત શ્રી કુંવરવિજયજીકૃત "શ્રી અધ્યાત્મસાર પ્રશ્નોત્તર ગ્રંથ" કે જેની બીજી આવૃત્તિ શ્રાવક ભીમસિંહ માણેકે સન્ ૧૮૯૬ માં, એટલે કે આશરે ૮૫ વર્ષ પૂર્વે મુદ્રિત કરાવેલ તેમાં પૃષ્ઠ ૨૩૩–૩૪ માં જે રીતે ઘટાવ્યું છે તે તેમના જ શબ્દોમાં રજુ કરીએ. "સિદ્ધ પરમાત્માને વીર્યગુણ તે સહકાર આપે છે તેમ જ્ઞાનગુણના ઉપયોગ વિના વીર્ય સ્ફૂરી શકે નહીં તેથી વીર્યને સહાય જ્ઞાનગુણનું છે તથા જ્ઞાનમાં રમણ તે ચારિત્રની સહાય છે. એમ એક ગુણને અનંત ગુણોની સહાય છે. હવે જે ગુણ સહાય આપે છે તે તો આત્માના ગુણમાં દાન ધર્મ છે, તે સિદ્ધના જીવ પ્રતિ સમય અનંત સ્વગુણ સહાયરૂપ અનંતુ દાન પોતે પોતાને આપે છે તથા જે ગુણને જે ગુણની સહાયરૂપ શક્તિની પ્રાપ્તિ તે સિદ્ધના જીવને લાભ છે તથા સિદ્ધના જીવ પોતાના પર્યાયને પ્રતિસમયે ભોગવે છે તે ભોગ છે તથા સિદ્ધના જીવ સ્વાભાવિક જે સ્વગુણ તેને વારંવાર ભોગવે છે માટે તેનો ઉપભોગ છે એમ સિદ્ધને દાન સ્વરૂપનું છે, લાભ પણ સ્વરૂપનો છે, ભોગ સ્વપર્યાયનો છે અને સ્વાભાવિક

સ્વગુણનો ઉપભોગ છે." પંડિત કુંવરજીવિજયજીનો ઉપર ઉલ્લેખિત ગ્રંથ અત્યંત ગહન અને ગંભીર છે. પ્રશ્નોત્તરરૂપમાં અને ગુર્જરભાષામાં રચાયેલા આ ગ્રંથમાં નિશ્ચય અને વ્યવહારનયથી, નૈગમ સંગ્રહાદિ સાત નયથી; નામ, સ્થાપનાદિ ચારે નિક્ષેપોથી, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની ચૌભંગીથી; પ્રત્યક્ષાદિ પ્રમાણથી તેમજ સપ્તભંગી, પંચભંગી, ત્રિભંગી આદિથી જીવાદિ નવે તત્ત્વની વિસ્તારપૂર્વક વ્યાખ્યા કરી છે. નય-પ્રમાણનું તેમજ નવતત્ત્વનું સામાન્ય જ્ઞાન ધરાવનાર જ્ઞાનરુચિ આત્માઓને આ ગ્રંથ અનેકાંતદર્શનની ગહનતા, વિશાળતા, સૂક્ષ્મતા, ગંભીરતા તેમજ અનભિભવનીયતાનું દર્શન કરાવી મુગ્ધ કરી નાખે તેવો છે. આવા તો અનેક ગ્રંથો છે જેની પ્રાપ્તિ અત્યંત દુર્લભ થઈ ગઈ છે જેના કારણે તેમજ જૈનશાસનના પ્રાણ સમાન દર્શનપંડિતોની અત્યંત અવગણના થતી હોવાથી આપણું દર્શન લુપ્ત થતું જાય છે તે અત્યંત દુઃખદ છે. આપણા જ્ઞાનખાતામાં અઢળક આવક છતાં આ બની રહ્યું છે તે આપણી તત્ત્વજ્ઞાન પ્રતિ અક્ષમ્ય બેદરકારી જ દર્શાવે છે. ધર્મ આચારતત્ત્વ છે પરંતુ તેનું હાર્દ દર્શન છે, જે વિચાર તત્ત્વ છે. દર્શન રહિત ધર્મ પ્રાણ રહિત ખોળીયા સમાન છે. જો આપણો ધનસમૃદ્ધ સંઘ જ્ઞાનક્ષેત્રમાં રચનાત્મક વિચાર કરી તેની રક્ષા કરવા કંઈ નહિ કરે તો ભાવિ પ્રજાના તેમજ શાસનના આપણે મહા અપરાધી બનશું.

**૩૯. રૂપી પદાર્થોના ક્રમસમુચ્ચય સ્વરૂપનું પરાવર્તન પરિણામીપણું :**
રૂપી પુદ્ગલનું પરિણમન ક્રમસમુચ્ચય સ્વરૂપનું છે તેમ તે પરાવર્તનરૂપ પણ છે. પરાવર્તન પરિણમન એટલે શું ? ક્ષેત્રસ્થાનાન્તર પરિણમનમાં પરિભ્રમણનું સ્વરૂપ છે તેવું જ ભાવસ્થાનાન્તરાદિ પરિણમનમાં પુદ્ગલ પરિણમનનું પરાવર્તન સ્વરૂપ છે. ઘાંચીનો બળદ જેમ તેલની ઘાણીને ફરતું ક્ષેત્રસ્થાનાન્તરરૂપ પરિભ્રમણ કરે છે અને ફરી ફરીને તેના તે જ સ્થાનોને પામતો છતો ભમ્યા જ કરે છે તેવી જ રીતે પુદ્ગલ પણ તેના અનંતાનંત દ્રવ્યસ્થાનોને, અનંતાનંત ભાવસ્થાનોને, અસંખ્ય અસંખ્ય ક્ષેત્રસ્થાનોને, અસંખ્ય અસંખ્ય અવગહનાસ્થાનોને અનંતાનંત વખત પ્રાપ્ત થયો હોવા છતાં પણ કોઈપણ સ્થાને તે સ્થિર પરિણમન સ્થાનને પ્રાપ્ત કરી શકતો નથી. પરાવર્તન પરિણમન પુદ્ગલનો સ્વભાવ છે. આની વિરુદ્ધ એક પ્રકારનું પરિણમન એવું છે કે જે પરિવર્તનશીલ (પરાવર્તન નહિ) તો છે પરંતુ તે પરિવર્તન એક નિશ્ચિત ધ્યેયલક્ષી છે અને જ્યારે તે પરિણમન તેના લક્ષ્ય સ્થાનને પ્રાપ્ત કરે છે ત્યારે તે દ્રવ્ય ક્ષેત્રાદિ ચારે સ્થાને સ્થિર થઈ તેના અભેદ એક સ્વરૂપમાં રહીને પરિણમન કરે છે. આ સ્થિર પરિણમનની સ્થિરતા આત્યંતિક તો મનાય જ નહિ કારણ કે "અર્થક્રિયાકારિત્વ" તો વસ્તુમાત્રનો સ્વભાવ છે તેથી આ સ્થિર પરિણામમાં પણ વસ્તુનો અગુરુલઘુગુણ ષટ્ગુણ હાનીવૃદ્ધિ સ્વરૂપે નિરંતર અર્થક્રિયા કરે જ છે જેથી તે વસ્તુમાંથી તેની શક્તિની સંતત (Continuous),

ઊર્ધ્વમુખિ વિષમતા રહિત, સમ અને સદૃશ ધારા એકરૂપ કાળમાં નિર્ગમન કરતી રહે છે.

અનાદિ કાળથી પુદ્ગલ સાથેના બદ્ધસંબંધથી સંસારી જીવને પણ પુદ્ગલનો આ પરાવર્તનસ્વરૂપ સ્વભાવ પ્રાપ્ત થયો છે. પરાવર્તનસ્વરૂપ પરિણમન કરવાનો તો પુદ્ગલનો સ્વભાવ છે. પરંતુ જે અરૂપીની જાતનો છે તે જીવનો તો આ વિભાવ છે, સ્વભાવ નથી. પરંતુ અભવ્ય જીવો તેમ જ અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવો આ વિભાવ દશામાં ૮૪ લાખ યોનીઓમાં પરાવર્તન સ્વરૂપે સંસારમાં પરિભ્રમણ કરતા જ રહે છે. તેઓ કોઈ પણ સ્થાનમાં સ્થિર થઈ શકતા નથી. પરંતુ ભવ્યાત્મા જ્યારે કાળલબ્ધિ પ્રાપ્ત કરીને અર્થાત્ તેનો મોક્ષકાળ નજદીક આવેથી સમ્યકત્વલબ્ધિ પ્રાપ્ત કરે છે ત્યારે તેનો આ ઉપજીવી પરાવર્તન સ્વભાવ લય પામે છે અને તે ભવ્યાત્મા એક નિશ્ચિત ધ્યેયલક્ષી બને છે. તેનું લબ્ધિવીર્ય જે મિથ્યાત્વ ભાવે ભૌતિક આબાદિ લક્ષી હતું તે હવે નિઃશ્રેયસની દિશા તરફ વળે છે. અને જ્યારે તે વીર્ય સંપૂર્ણપણે નિઃશ્રેયસની પ્રાપ્તિમાં જ રેડે છે ત્યારે તેના ઉપયોગમાંથી મોહરૂપી વિકારનો સદંતર ક્ષય થતા તે શુદ્ધ ચારિત્રલબ્ધિની પ્રાપ્તિ કરે છે. આવરણ અને અંતરાય કર્મો, જે મોહના આધારે જ ટકેલા હતા, તેનો પણ સંપૂર્ણ ક્ષય થાય છે અને સર્વ ચેતનલબ્ધિઓ તેના પૂર્ણ, શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરે છે. તે પોતાને ઈષ્ટ એવા ધ્યેયને સિદ્ધ કરી પોતાના ઈષ્ટસ્થાને સ્થિર થઈ પરમાનંદમાં મગ્નતાપૂર્વક અનંતકાળ નિર્ગમન કરે છે.

પાશ્ચિમાત્ય દર્શનમાં અને ખાસ કરીને એરીસ્ટોટલ ( Aristotle. 384–322 B.C )ની ફીલસૂફીમાં એક સિદ્ધાંત છે કે પદાર્થ માત્રનું પરિણમન પોતાના સ્વભાવ અથવા તાત્ત્વિક સ્વરૂપની પ્રાપ્તિના ધ્યેયલક્ષી હોય છે. આ સિદ્ધાંતને વરેલા દર્શનને Teleology ( ટીલીઓલોજી ) કહેવાય છે. આ સિદ્ધાંત ભવ્ય જીવને લાગુ પડે છે, પરંતુ પુદ્ગલને તેમ જ અભવ્યોને લાગુ નથી પડતો, એટલું તો ચોક્કસ છે કે વસ્તુમાત્રનું પરિણમન પોતાના મૂળ સ્વરૂપનું ઉલ્લંઘન કર્યા વિના ચોક્કસ નિયમોની આધીનતા પૂર્વક જ થાય છે પરંતુ પુદ્ગલ તો તેના સ્વભાવમાં ( પરમાણુ અવસ્થામાં ) આવ્યા પછી પણ સ્કંધ સ્વરૂપે વિભાવને પણ અવશ્ય પ્રાપ્ત કરે છે. આથી પુદ્ગલનું સ્વભાવ અને વિભાવમાં પરાવર્તન નિરંતર ચાલ્યા જ કરે છે, પરંતુ ભવ્ય જીવ પોતાના શુદ્ધ સ્વભાવને પ્રાપ્ત કર્યા પછી કદાપિ વિભાવને પ્રાપ્ત કરતો જ નથી. રૂપી અને અરૂપી પદાર્થોના પરિણમનમાં આ જ મુખ્ય ભેદ છે. આકાશ, ધર્મ અને અધર્મ તો અનાદિ કાળથી પોતાના સ્વભાવમાં જ સ્થિર છે. તેઓનું સ્વભાવ પરિણમન અનાદિ અનંત છે. ભવ્ય જીવનું વૈભાવિક પરિણમન અનાદિ સાંત છે અને સ્વભાવ પરિણમન સાદિ અનંત છે. પુદ્ગલનું તો સ્વભાવ તેમ જ વિભાવ પરિણમન સાદિ સાંત જ છે.

**૩૯. અરૂપી દ્રવ્યોના અનુજીવી ગુણોનું તેમજ લબ્ધિઓનું એકત્વઃ—** તાર્કિકશિરોમણિ આચાર્ય સિદ્ધસેન દિવાકર રચિત સન્મતિ પ્રકરણના બીજા કાંડની પ્રથમ ૩૧ ગાથામાં કેવળજ્ઞાન અને કેવળદર્શન આ બેઉ લબ્ધિઓનું એકત્વ સિદ્ધ કરી ગાથા ૩૨ અને ૩૩ માં દર્શનાવરણીય કર્મથી આવૃત દર્શનલબ્ધિ, જ્ઞાનાવરણથી આવૃત જ્ઞાનલબ્ધિ અને દર્શનમોહનીયકર્મથી વિકૃત સમ્યગ્દર્શનલબ્ધિ ત્રણે જ્ઞાનસ્વરૂપ જ છે તેમ ઠરાવ્યું છે. આથી કેવળીભગવંતોને આ ત્રણે કર્મોના નાશથી જે લબ્ધિ ઉત્પન્ન થાય છે તે એક જ છે અને તે છે સર્વજ્ઞતા, જે વસ્તુ માત્રના સામાન્ય તેમજ વિશેષ સ્વરૂપના યથાવત્ જ્ઞાનસ્વરૂપ છે. આપણે અરૂપી દ્રવ્યોના પરિણમનને સમસમુચ્ચયસ્વરૂપ કહ્યું છે તેની ઝાંખી સિદ્ધસેનજીના આ વિધાનમાં થાય છે. આપણે તો આથી પણ આગળ જઈને કહીશું કે અરૂપી દ્રવ્યોની સર્વલબ્ધિઓ એકરૂપતાએ યુગપત્ વર્તે છે. અનાદિ કાળથી જે સમસમુચ્ચય સ્વરૂપ પરિણમનને પ્રાપ્ત થયા છે તે અરૂપી આકાશાસ્તિકાય, ધર્માસ્તિકાય, અને અધર્માસ્તિકાય આ પ્રત્યેક દ્રવ્યમાં અસાધારણ ગુણ કહો અથવા અનુજીવી ગુણ કહો યા પરમભાવ કહો તે માત્ર એક એક જ પ્રાપ્ત થાય છે. આકાશાસ્તિકાયમાં માત્ર અવગાહનપ્રદાનતા, ધર્માસ્તિકાયમાં માત્ર ગતિહેતુત્વ અને અધર્માસ્તિકાયમાં માત્ર સ્થિતિહેતુત્વ સિવાય અન્ય કોઈ અસાધારણ અર્થાત્ અનુજીવી ગુણ (Positive Property) કોઈ શાસ્ત્રમાં પ્રરુપ્યો જાણ્યો નથી. આ દ્રવ્યોમાં અનિર્વચનીય ગુણો, પ્રતિજીવી યાને કે અન્યદ્રવ્યના અસાધારણ ગુણોના અભાવદર્શક અચૈતન્ય, અવર્ણ, અગંધ, અરસ, અસ્પર્શાદિ ગુણો તેમજ દ્રવ્યત્વ, વસ્તુત્વ, પ્રજ્ઞેયત્વાદિ સાધારણ ગુણો અનેક ભલે કહેવાય પરંતુ તે તે દ્રવ્યનો અસાધારણ—અન્ય દ્રવ્યથી તેનો વ્યવચ્છેદક વચનગોચર–અભિલાપ્ય ગુણ તો એક એક જ પ્રાપ્ત થાય છે. અસત્કલ્પનાએ માનો કે આકાશાદિ અરૂપી દ્રવ્યો જીવવત્ રૂપી પુદ્ગલના સંબંધથી ક્રમસમુચ્ચય સ્વરૂપ ધારણ કરી શકતા હોત તો આકાશનો અવગાહનપ્રદાનતા ગુણ પણ જીવના ચૈતન્યગુણની જેમ ખંડિત થઈ અનેક ગુણોમય થઈ ગયો હોત અને તેમાંના કોઈ કોઈ ગુણો તો વચનગોચર—વચનથી કહી શકાય તેવા પણ પ્રાપ્ત થતે; પરંતુ અનાદિ કાળથી આકાશનો અવગાહનપ્રદાનતા ગુણ અખંડિત હોવાથી તેના આ એક જ ગુણના ખંડોની આપણે કલ્પના પણ નથી કરી શકતા. આવી જ રીતે અસત્ કલ્પનાએ માનો કે જીવ સર્વદા આકાશાદિ જેમ શુદ્ધ કર્મલેપરહિત પ્રાપ્ત થયો હોત તો તેનો એક ચૈતન્યગુણ કદાપિ ખંડિત થયો જ ન હોત અને તેથી આ ચૈતન્યગુણના ખંડોની કલ્પના પણ કરી શકાત નહિ. ચૈતન્યના જ ભેદો જ્ઞાન, દર્શન, વીર્યાદિ શબ્દોનો પ્રાદુર્ભાવ પણ ન થયો હોત અર્થાત્ શબ્દકોષમાં આ શબ્દોને સ્થાન પ્રાપ્ત જ ન થતે.

અત્રે પ્રશ્ન થાય છે કે અનેકાંત દર્શનમાં જ્યારે વસ્તુમાત્રને અનંતધર્માત્મક કહી છે ત્યારે તમો અરૂપી દ્રવ્યોના અનુજીવી ગુણોનું એકત્વ કહો છો તેમાં વિસંવાદ નથી? સમાધાનમાં જણાવવાનું કે આગમમાં વસ્તુને અનંતધર્માત્મક કહી છે પરંતુ અનંતગુણાત્મક કહી હોય તેમ જણાતું નથી. ગુણ અને ધર્મ આ બેઉ છે તો દ્રવ્યના સ્વભાવ, પરંતુ બેઉમાં અત્યંત ભેદ છે. દ્રવ્યોનું વ્યવચ્છેદક જે લક્ષણ છે તે દ્રવ્ય તો અસાધારણ અર્થાત્ અનુજીવી ગુણ છે. ધર્મ એ દ્રવ્યનો વ્યવચ્છેદક નથી કારણ કે ધર્મ તો સર્વ દ્રવ્યોમાં પમાય છે. વળી વસ્તુમાં જે ધર્મનો આરોપ કરીએ છીએ તે વસ્તુ-સ્પર્શી હોવા છતાં પણ તે દ્રષ્ટાની દ્રષ્ટિ સાપેક્ષ છે અને તેથી જ તો એક જ વસ્તુમાં નિત્યત્વ–અનિત્યત્વ, અસ્તિત્વ–નાસ્તિત્વ, એકત્વ–અનેકત્વ, ભવ્યત્વ–અભવ્યત્વ, સામાન્યત્વ–વિશેષત્વ, ઇત્યાદિ અનંત ધર્મો–વિપક્ષિધર્મયુગલો પ્રાપ્ત થાય છે. આવી રીતે વિરોધી ગુણો એક દ્રવ્યમાં પ્રાપ્ત નથી થતા કારણ કે અનુજીવી ગુણો સંપૂર્ણપણે વસ્તુનિષ્ઠ છે, તેમાં દ્રષ્ટાની દ્રષ્ટિની અપેક્ષા જ નથી. જ્ઞાન અને અજ્ઞાન એક જ સંસારી જીવમાં પ્રાપ્ત થાય છે તેથી ધર્મની જેમ પરસ્પર વિરોધી ગુણો પણ પમાય છે તેમ તો કહેવું જ નહિ કારણ કે જ્ઞાન અને અજ્ઞાનમાં જડ અને ચેતન જેવો વિરોધ નથી. અજ્ઞાન તો જ્ઞાનનું જ કર્મોપાધિસાપેક્ષ અશુદ્ધ સ્વરૂપ છે અને તે ઉપાધિના નાશે તે જ અજ્ઞાન જ્ઞાનસ્વરૂપ થઈ જાય છે. નિત્ય-અનિત્ય આદિ આવા ઔપાધિક ધર્મો નથી. આથી વસ્તુ અનંત ધર્માત્મક હોવા છતાં પણ તેના અનુજીવી ગુણોમાં એકત્વ ઘટી શકે છે. આપણે આગળ ઉપર અનુજીવી ગુણોનું અનેકત્વ પણ ઘટાવવાના જ છીએ કારણ કે જે એક છે તે નય-ભેદે અનેક પણ છે તે અનેકાંતદર્શનમાં જ ઘટી શકે છે.

આથી એક નિષ્કર્ષ પ્રાપ્ત થાય છે કે અરૂપી દ્રવ્યનો જે પરમભાવ છે તે જ તેનો અસાધારણ અનુજીવી અર્થાત્ વિધેયાત્મક (Positive) ગુણ છે એને તે ગુણનું જે કાર્ય છે અર્થાત્ તે ગુણની અપ્રતિહત-સંતત (Continuous) પરિણમન ધારા તેની શક્તિ છે, આથી અરૂપી હોવાથી સિદ્ધાત્મામાં પણ પરમભાવગ્રાહક દ્રવ્યાર્થિક નયાપેક્ષાએ એક જ અસાધારણ અનુજીવી ગુણ યા શક્તિ છે. આ શક્તિની અનંતાનંતતા તેના ભાવ-પ્રમાણની અપેક્ષાએ કહી છે. આમ તો અનંતાનંત સંખ્યાના અનંતાનંત ભેદો છે. લબ્ધિ અપર્યાપ્ત નિગોદ જીવની ક્ષાયોપશમિક જ્ઞાનલબ્ધિ જેને પર્યાયજ્ઞાન કહેવાય છે તેના ભાવાવિભાગો * (ભાવ પ્રમાણનું જઘન્ય એકમ), શ્રુતકેવળી ભગવંતની ક્ષાયોપશમિક જ્ઞાનલબ્ધિ તેમજ કેવળીભગવંતની ક્ષાયિકજ્ઞાનલબ્ધિના ભાવાવિભાગો પણ અનંતાનંત છે. પરંતુ ચેતનની ક્ષાયિક જ્ઞાનલબ્ધિ આ નિગોદ જીવની તો શું પરંતુ શ્રુતકેવળી ભગવંતની ક્ષાયોપશમિક જ્ઞાનલબ્ધિના ભાવપ્રમાણથી પણ અનંતાનંત ગુણ છે. પરંતુ ચેતનની ક્ષાયિક જ્ઞાનલબ્ધિના ભાવાવિભાવ પ્રતિચ્છેદોની જે અનંતાનંત સંખ્યા છે તે

---

* ભાવાવિભાગ, ભાવપ્રમાણ, અવિભાગ પ્રતિચ્છેદાદિ પદાર્થોનું સ્વરૂપ આગળના ફકરામાં જણાવ્યું છે.

આ લબ્ધિનું ઉત્કૃષ્ટ સ્થાન છે યાને આ સ્થાને ચેતનની ક્ષાયિકજ્ઞાનલબ્ધિ સંપૂર્ણ છે, તેના ઉત્કૃષ્ટ પ્રકર્ષસ્થાને છે. બીજી વાત નોંધનીય એ છે કે પુદ્ગલ, આકાશાદિ કોઈ પણ દ્રવ્યશક્તિના ભાવપ્રમાણના અવિભાગ પ્રતિચ્છેદો કરતા પણ ચેતનની ક્ષાયિક જ્ઞાન-લબ્ધિના ભાવાવિભાગો અર્થાત્ અવિભાગ પ્રતિચ્છેદો અનંતાનંત ગુણ છે. વ્યવહારમાં આપણે શ્રી કેવળીભગવંતને અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર, અનંત વીર્યાદિના સ્વામી કહીએ છીએ છતાં પણ તેઓને અનંતજ્ઞ ન કહેતા સર્વજ્ઞ કહીએ છીએ કારણ કે અનંતમાં સર્વ ન પણ સમાય પણ સર્વમાં અનંત અવશ્ય સમાય છે. કહેવાનો આશય એ છે કે અનંતજ્ઞ હોય તે સર્વજ્ઞ હોય યા ન પણ હોય, પરંતુ જે સર્વજ્ઞ હોય તે અનંતજ્ઞ પણ છે જ. વળી સર્વ અરૂપી દ્રવ્યોની જેમ સિદ્ધાત્માની ક્ષાયિક લબ્ધિમાં ઊર્ધ્વમુખિ વિષમતા કદાપિ પ્રાપ્ત થતી નથી કારણ કે પ્રત્યેક સમયે તે લબ્ધિ તેના ઉત્કૃષ્ટ સ્થાનમાં કાયમ રહીને જ પરિણમન કરે છે.

આ પૂર્વ આપણે ચેતનની ક્ષાયિક જ્ઞાનલબ્ધિને એક અખંડરૂપ કહી છે તે દ્રવ્યાર્થિક નયાપેક્ષાએ ( અભેદદૃષ્ટિબિંદુથી ) કહી છે—નિરપેક્ષપણે નહિ. આથી અનેકાંત દર્શન ભેદદૃષ્ટિથી જોતા જે આ પૂર્વે એક અખંડ સ્વરૂપે માનેલી તે જ ચેતનલબ્ધિ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્યાદિ અનેક લબ્ધિરૂપ પણ માને છે. જો આમ ન માનીએ તો આ એક જ અખંડ ચેતનલબ્ધિના પુદ્ગલ સાથેના બદ્ધસંબંધથી જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ભિન્ન ભિન્ન અનુભવસિદ્ધ લબ્ધિઓનો મૂલાધાર કયું દ્રવ્ય માનશો? પુદ્ગલ તો અચેતન દ્રવ્ય છે, તેથી તેમાં ચેતનસ્વરૂપ જ્ઞાનાદિનો અંશ પણ માની શકાય નહિ. આથી જ એક અખંડ ચેતનલબ્ધિમાં પણ તિર્યગ્મુખિ ( સમકાલ અવસ્થિત ) તદાત્મક ( પ્રદેશથી અભિન્ન ) અનેક પ્રકારની લબ્ધિઓ પણ સ્વીકારવી જ રહી. આપણે તો આ ચેતનલબ્ધિના જ્ઞાન, દર્શનાદિ સંખ્યાત ભેદો જ જાણીએ છીએ પરંતુ શ્રી જિનેશ્વર ભગવંતોએ તો કહ્યું છે કે અભિલાપ્ય અર્થાત્ વચન-ભાષાથી કહી શકાય તેવા ભાવો કરતા અનભિલાપ્ય યાને અનિર્વચનીય, ભાવો અનંત ગુણ છે. આથી ચેતનલબ્ધિના સંખ્યાતા અભિલાપ્ય જ્ઞાનાદિ ઉપરાંત અનિર્વચનીય અનંતભેદો પણ છે, જે માત્ર ક્ષાયિક જ્ઞાનગમ્ય છે અર્થાત્ કેવળીગમ્ય છે. આથી ક્ષાયિક ચેતનલબ્ધિ ભાવપ્રમાણથી તેમજ તેના તિર્યગ્મુખિ ભિન્નભિન્ન અનેક ભેદોની સંખ્યા પ્રમાણથી પણ અનંતાનંત છે તે વિધાન પ્રામાણિક છે. આપણી ક્ષાયોપશમિક લબ્ધિઓના ભાવપ્રમાણથી સિદ્ધપરમાત્માની ક્ષાયિક લબ્ધિઓનું ભાવપ્રમાણ અનંતાનંતગુણ કહીએ છીએ પરંતુ આ ક્ષાયિક લબ્ધિઓના ભાવપ્રમાણનો સૂક્ષ્મતાપૂર્વક વિચાર કરીશું તો જણાશે કે તેઓની લબ્ધિઓની અનંતતા એટલી તો અગાધ છે કે જેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. પરંતુ ગણિતનો આશ્રય લઈ આ અગાધતાનું દર્શન થઈ શકે છે. આથી આપણે આપણા તેમજ સિદ્ધભગવંતના જ્ઞાન અને સુખના ભાવપ્રમાણ વચ્ચેના અગાધ, અકલ્પનીય અંતર દર્શાવવાનો પ્રયત્ન કરીશું.

**૪૦. સિદ્ધભગવંતોના જ્ઞાનાનંદની અપેક્ષાએ આપણા જ્ઞાનાનંદનું પ્રમાણ :**—શ્રી જિનપ્રણીત વિજ્ઞાનમાં સન્માત્રને ( પદાર્થ યા વસ્તુ ) ચાર પ્રચયાત્મક કહી છે. ( Four dimentional ) અર્થાત્ વસ્તુના પરિમાણ યા માપ–માનના ૪ ભેદ છે. આઈનસ્ટાઈને વિશ્વને ચાર પ્રચયાત્મક ( Four dimentional ) કહી છે તેથી ઘણા વિદ્વાનોએ માન્યું કે આઈન્સ્ટાઈનને આ આગામિક પદાર્થને માન્યતા આપવી પડી છે. પરંતુ તે ભૂલ છે. આઈન્સ્ટાઈનના ચાર પ્રકારના માનમાં ત્રણ તો માત્ર ક્ષેત્રના જ છે અને ચોથો દેશ-કાળ ( Space–lime ) નો છે. આથી વિરુદ્ધ જિનપ્રણીત માપના આ ચાર ભેદ તો દ્રવ્યમાન, ક્ષેત્રમાન, કાળમાન, અને ભાવમાન છે. કોઈ પણ પ્રચયનું પરિમાણ અર્થાત્ પ્રમાણ નક્કી કરવા માટે તે તે પ્રચયનું એકમ ( Unit ) નક્કી કરવું પડે છે. જૈનદર્શન ત્રિકાળાબાધિત તેમ જ સર્વક્ષેત્રવર્તી વિશ્વદર્શન છે. આથી આ વિશ્વદર્શનમાં વસ્તુના ભિન્ન ભિન્ન પ્રચયના પરિમાણના જે એકમો નક્કી કરવામાં આવ્યા છે તે સર્વક્ષેત્ર અને સર્વકાળ અચળ ( Constant ) રહે છે. આથી વિપરીત લૌકિક વિજ્ઞાનમાં અર્થાત્ આધુનિક વિજ્ઞાનના આ એકમોમાં ક્ષેત્ર તેમજ કાળ ભેદે ભેદ થતો જોવામાં આવે છે. ક્ષેત્રમાનના જ સંબંધમાં આ રીતે ભેદ આપણે અનુભવ્યો છે. એક વખત આ દેશમાં આંગળ, વેંત, હાથ, ગજ, ગાઉ આદિ ક્ષેત્રમાનના એકમો હતા. પછી ઇંચ, ફૂટ, વાર, માઈલ આદિ આવ્યા. આજે મિલીમીટર, મીટર આદિનું ચલણ આવ્યું. સર્વમાનના એકમો નક્કી કરવા માટે આખરે તો કોઈ અચળ માન ધરાવતા નૈસર્ગિક પદાર્થનું આલંબન લેવું જ પડે છે. સન્ ૧૭૯૧ માં એક મીટરની લંબાઈ અવધારિત ગોળાકાર પૃથ્વીની ભૂમધ્યરેષા ( Equator ) થી ધ્રુવ ( Pole ) ના અંતરનો એક કરોડમો ભાગ ગણાતી હતી. પરંતુ વિજ્ઞાન જેમ જેમ વધુ ને વધુ ચોક્કસાઈ પૂર્વક ક્ષેત્રમાન નક્કી કરવાને શક્તિશાળી બનતું ગયું તેમ તેમ મિટરની વ્યાખ્યા પણ બદલાતી ગઈ. આજે તે જ મીટરની લંબાઈ ક્રિપ્ટન–૮૬ ( Krypton-86 ) નામના વાયુ પ્રસારિત નારંગી–લાલ રંગના પ્રકાશ તરંગોની વેવલેન્થ ( Wave length ) થી ૧,૬૫૦,૭૬૩.૭૩ ગુણ મનાય છે. દ્રવ્યમાન તેમજ કાળમાન માટે "માસ" ( Mass ) અને "સેકંડ" ( Second ) વ્યવહાર માટે ચાલી શકે છે પરંતુ વિજ્ઞાનની દુનિયામાં આ માન સંતોષકારક નથી જણાયા આ સંબંધિ વધુ વિગતવાર ચર્ચા આપણે પ્રકરણ ૧૮–૧૯–૨૦ માં કરીશું. હાલ તો એટલું જ જણાવવાનું છે કે આધુનિક વિજ્ઞાનના દ્રવ્યાદિમાનના એકમો ચોક્કસ અચળ નથી, અને કદાપિ આવા અચળ એકમો વિજ્ઞાન કદાપિ પ્રાપ્ત કરી શકશે કે કેમ તે અત્યંત શંકાસ્પદ છે. હું તો નથી માનતો કે વિજ્ઞાન આમાં સફળ થશે. આમાં મુખ્ય કારણ એ છે કે આધુનિક વિજ્ઞાન બૌદ્ધિક જ્ઞાન પર આધારિત હોવાથી આ સર્વ માનનું જઘન્ય તેમજ ઉત્કૃષ્ટ સ્થાન કયું છે તેનો નિર્ણય કરવાને ક્ષાયોપશમિક

ઔદ્ધિક જ્ઞાન સમર્થ જ નથી. શ્રી કેવળી ભગવંત પ્રણીત આ ચારે પ્રકારના જઘન્ય તેમજ ઉત્કૃષ્ટ માનના સ્થાનોની વ્યાખ્યા નીચે મુજબ લબ્ધ થાય છે.

(i) **દ્રવ્યમાન : અથવા દ્રવ્યપ્રમાણુ :** દ્રવ્યાર્થતાએ પુદ્ગલરાશિ મહાન છે. આકાશ, ધર્મ અને અધર્મ આ ત્રણે તો એક એક જ છે તેથી તેમને દ્રવ્યપ્રચય નથી. (એટલે તે પ્રત્યેક એક એક જ છે, તેમની સંખ્યા નથી) જીવદ્રવ્ય અનંતાનંત છે, પરંતુ પુદ્ગલરાશિ તો જીવ સંખ્યાથી પણ અનંતાનંત છે. જીવરાશિથી પુદ્ગલરાશિ અનંત વર્ગ સ્થાને પ્રાપ્ત થાય છે, એટલે કે જીવ સંખ્યાનો વર્ગ (square) કરી તે વર્ગનો બીજીવાર વર્ગ કરો એમ અનંત વખત વર્ગ કર્યા બાદ પુદ્ગલરાશિના પરમાણુઓની સંખ્યા આવે છે. આથી પુદ્ગલ પરમાણુ દ્રવ્યપ્રમાણનું જઘન્ય એકમ છે અને તેને દ્રવ્યમાનનો અવિભાગ–પ્રતિચ્છેદ કહેવાય છે; અને સમગ્ર પુદ્ગલરાશિ ઉત્કૃષ્ટ દ્રવ્યપ્રમાણ છે. આકાશ, ધર્મ અને અધર્મ એક એક જ દ્રવ્ય હોવાથી આકાશાદિ દ્રવ્યાપ્રચયિ છે. શ્રી ભગવતીસૂત્રમાં પ્રચયના સ્થાને પ્રદેશ શબ્દનો પ્રયોગ કરી આકાશને દ્રવ્યાપ્રદેશી અર્થાત્ તેમને દ્રવ્યપ્રચય નથી—દ્રવ્યની અનેકતા અર્થાત્ સંખ્યા નથી. જૈન ગણિતમાં એક સંખ્યા નથી. તેવી જ રીતે એક પરમાણુ દ્રવ્યાપ્રદેશી (દ્રવ્ય+અપ્રદેશી) અને પુદ્ગલસ્કંધને દ્રવ્ય સપ્રદેશી કહ્યો છે યાને સર્વ પુદ્ગલસ્કંધોને દ્રવ્યપ્રચય છે કારણ કે એક પુદ્ગલસ્કંધ બે, ત્રણ આદિ અનેક સંખ્યા પ્રમાણ પરમાણુ દ્રવ્યોથી બન્યો છે.

(ii) **ક્ષેત્રમાન : યા ક્ષેત્રપ્રમાણુ :** આકાશ દ્રવ્ય ક્ષેત્રમહાન છે. આકાશમાં ખંડકલ્પના અન્ય દ્રવ્યોની આકાશમાં અવગાહનાની અપેક્ષાએ જ થાય છે—જેમકે લોકાકાશ, ઘટાકાશ, વગેરે. પરમાણુ દ્રવ્યનો ક્ષેત્રાવગાહ જઘન્ય છે કારણ કે ક્ષેત્ર અપેક્ષાએ તેનાથી નાનું કોઈ દ્રવ્ય નથી, આથી પરમાણુ અવગાહિત આકાશખંડ ક્ષેત્રાવિભાગપ્રતિચ્છેદ અર્થાત્ ક્ષેત્રમાનનું જઘન્ય એકમ છે અને તેને પ્રદેશ પણ કહેવાય છે. ક્ષેત્રમાનનું ઉત્કૃષ્ટ સ્થાન આકાશાસ્તિકાય છે. આથી પુદ્ગલપરમાણુ આકાશના એક જ પ્રદેશને અવગાહતો હોવાથી પરમાણુને ક્ષેત્ર પ્રચય નથી. પરમાણુ જેમ દ્રવ્યાપ્રચયિ છે તેમ તે ક્ષેત્રાપ્રચયિ પણ છે. વળી અનંત પરમાણુના બનેલા અનંત પ્રદેશી પુદ્ગલસ્કંધની એક જ આકાશપ્રદેશની અવગાહના હોય તો તેને પણ ક્ષેત્રપ્રચય નથી પણ દ્રવ્યપ્રચય છે અર્થાત્ તે સ્કંધ દ્રવ્યસપ્રચયિ છે પણ ક્ષેત્રાપ્રચયિ છે.

(iii) **કાળમાન યા કાળપ્રમાણુ :** "સમય" કાળપ્રમાણનું જઘન્ય એકમ છે. એક પુદ્ગલ પરમાણુને તેના અવગાહિત આકાશપ્રદેશને સ્પર્શીને રહેલા અનંતર પ્રદેશે મંદગતિએ જતાં જે કાળ લાગે છે તેને જિનેશ્વરોએ સમય કહ્યો છે. સમય કાળમાનનો અવિભાગપ્રતિચ્છેદ છે. સમયનું આ લક્ષણ બહુ જ ગંભીર છે અને તેમાં "મંદ ગતિએ જતા" કહ્યું છે તે પણ અત્યંત રહસ્યમય છે આનું વિસ્તૃત વિવેચન

૧૮-૨૦ માં ગણિતના પ્રકરણ વખતે કરીશું. સર્વકાળ કાળમાન યા કાળપ્રમાણનું ઉત્કૃષ્ટ સ્થાન છે. આપણને કદાચિત્ આશ્ચર્ય લાગશે પરંતુ સમગ્રકાળની અનંતાનંત સમયરાશિ કરતાં પણ પ્રતરાકાશ (Surface area of total space not volume)ની પ્રદેશસંખ્યા કાળરાશિની સંખ્યાથી અનંત વર્ગ સ્થાને પ્રાપ્ત થાય છે, એટલે કે સમગ્ર કાળના સમયો કરતા પણ સમગ્ર આકાશપ્રદેશો અનંતાનંત ગુણ છે.

(iv) **ભાવમાન યા ભાવપ્રમાણ :**—ભાવ અત્રે શક્તિના અર્થમાં છે. લૌકિક વિજ્ઞાનમાં ઉષ્ણતા માટે કેલરી (calorie) એકમ છે તે એક પ્રકારના ભાવપ્રમાણનું લૌકિક એકમ છે. શ્રી જિનપ્રણીત વિજ્ઞાનમાં પુદ્ગલ, ધર્માદિ દ્રવ્યોની શક્તિ યાને ભાવમાં જેની શક્તિનું ભાવપ્રમાણ ઉત્કૃષ્ટ છે તેની અપેક્ષા અત્રે લેવાઈ છે. આ શક્તિ છે કેવળી ભગવાનની જ્ઞાનલબ્ધિ. સર્વ છદ્મસ્થ જીવોમાં ઓછામાં ઓછી જ્ઞાનલબ્ધિ અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદ જીવની છે. જીવની આ નિકૃષ્ટમાં નિકૃષ્ટ અવસ્થા છે કારણ કે તેની જ્ઞાનલબ્ધિનો નહિવત્ કહી શકાય તેટલો જ અંશ ખુલ્લો છે અને અનંત બહુ ભાગ તો આવરણકર્મો તળે દબાઈ ગયો છે. આ લબ્ધિ અપર્યાપ્ત નિગોદ જીવના ક્ષાયોપશમિક જ્ઞાનનું પ્રમાણ જ્ઞાનલબ્ધિનું જઘન્ય એકમ નથી તે ખાસ નોંધનીય છે. ભાવપ્રમાણના જઘન્ય એકમની અર્થાત્ ભાવના અવિભાગપ્રતિચ્છેદની પરિભાષા યાને તેની વ્યાખ્યા ધ્યાનપૂર્વક સમજવાની છે. યથાઃ ઋજુગતિથી ઉત્પન્ન થતા લબ્ધિ અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદ જીવોનું તેમના ભવના પ્રથમ સમયે શ્રુતજ્ઞાન જઘન્ય હોય છે. આવા જીવોમાં જે જીવનું ભવાદ્ય સમયનું શ્રુતજ્ઞાન જઘન્ય છે તેથી અન્ય આ જ પ્રકારના જે જીવના શ્રુતજ્ઞાનમાં જઘન્ય વૃદ્ધિ છે તે જઘન્ય વૃદ્ધિનું જે પ્રમાણ છે તે ભાવમાનનું જઘન્ય એકમ છે અર્થાત્ ભાવાવિભાગ પ્રતિચ્છેદ છે અને વિશેષથી જ્ઞાનશક્તિનો પણ તે અવિભાગપ્રતિચ્છેદ છે અને આ જ ક્ષાયોપશમિક લબ્ધિના માનનું પણ જઘન્ય એકમ છે. લબ્ધિ અપર્યાપ્ત નિગોદ જીવનું જે ભવાદ્ય સમયે શ્રુતજ્ઞાન છે જેને પર્યાય જ્ઞાન પણ કહેવાય છે તેનું ભાવ પ્રમાણ અનંતાનંત ભાવાવિભાગપ્રતિચ્છેદો પ્રમાણ છે. ભાવ + અવિભાગ + પ્રતિચ્છેદ = ભાવાવિભાગપ્રતિચ્છેદને ટૂંકમાં ભાવાવિભાગ (ભાવ + અવિભાગ) અને ક્વચિત્ ભાવાણુ પણ કહેવાય છે. પ્રથમ દૃષ્ટિથી આશ્ચર્ય તો એ વાતનું છે કે જઘન્યમાં જઘન્ય જ્ઞાન ધરાવનાર લબ્ધિ અપર્યાપ્ત નિગોદજીવના જ્ઞાનનું ભાવ-પ્રમાણ અનંતાનંત ભાવાવિભાગ પ્રમાણ છે અને આપણું તો શું પરંતુ ચાર જ્ઞાનના ધણી એવા સમગ્ર શ્રુતના જ્ઞાતા ચૌદપૂર્વધર ગણધર ભગવંતોના જ્ઞાનનું ભાવ પ્રમાણ પણ અનંતાનંત ભાવાવિભાગ પ્રમાણ છે.

અનંત સંખ્યાના અનંત ભેદો હોવાથી આમાં વિસંવાદ નથી. આપણી દૃષ્ટિથી તો આ નિગોદ તો શું પણ આપણા જેવા સંજ્ઞિ મનુષ્યના જ્ઞાન કરતાં અનેક ઘણું જ્ઞાન શ્રુતકેવળી ભગવંતોનું હોવા છતાં પણ જ્યારે કેવળી ભગવંતની જ્ઞાનલબ્ધિના

વૈભવ સામે નિગોદ જીવની, આપણા જેવા સામાન્ય મનુષ્યની, તેમજ શ્રુતકેવળી ભગવંતોની આ લબ્ધિની સરખામણી કરીશું તો તે ત્રણેની લબ્ધિમાં જે ભેદ છે તે નહિવત્ જેવો કહી શકાય તેવો છે. ગણિતની પરિભાષામાં શ્રુતકેવળી ભગવંતની ક્ષાયોપશમિક જ્ઞાનલબ્ધિથી અનંત વર્ગસ્થાને કેવળી ભગવંતની ક્ષાયિક ચેતન અર્થાત્ જ્ઞાનલબ્ધિ પ્રાપ્ત થાય છે. સંખ્યાતીત ગણિતથી આપણે અપરિચિત છીએ તેથી આ "અનંતવર્ગ સ્થાને" એટલે કેટલું તેનો આછો ખ્યાલ આવી શકે તે માટે પ્રથમ "વર્ગસ્થાન"ની શ્રેણીનો પરિચય કરીએ. અત્રે આપણે જેને વર્ગસ્થાન કહીએ છીએ તે દ્વિરૂપ વર્ગધારા થકી ઉત્પન્ન થતી વર્ગોની (Squarenos) એક પ્રકારની શ્રેણીનું સ્થાન છે. આ ધારામાં પ્રથમ સ્થાને બેનો વર્ગ ચાર છે. ચાર એ નાનામાં નાનો વર્ગ છે. આધુનિક ગણિતનો પંડિત વાંધો ઉઠાવશે કે ચાર નહિ પરંતુ એક જઘન્ય વર્ગ સંખ્યા છે. પરંતુ જૈન ગણિતમાં "૧"ને સંખ્યાની નાતમાં સ્થાન આપવામાં નથી આવ્યું. આનું રહસ્ય પામવા દ્રવ્યાનુયોગ અને ખાસ કરીને નય–પ્રમાણ આદિ વિષયોની જાણકારી આવશ્યક હોવાથી અત્રે આ સર્વ પ્રરૂપણા અસ્થાને છે.

જઘન્ય સંખ્યા "૨" છે તેથી "૨"નો વર્ગ "૪" આ ધારાનું પ્રથમ સ્થાન છે. "૪"નો વર્ગ "૧૬" બીજું સ્થાન છે. આ ધારામાં "૨"ના વર્ગથી લઈ પૂર્વ પૂર્વ સ્થાનોના વર્ગ કરતા છતા ઉત્તર ઉત્તર સ્થાનની પ્રાપ્તિ થાય છે જેમકે :—

૪, ૧૬, ૨૫૬, ૬૫૫૩૬, ૪૨૯૪૯૬૭૨૯૬, ૧૮૪૪૬૭૪૪૦૭૩૭૦૯૫૫૧૬૧૬, આ પ્રથમ છ સ્થાન જોતા ખ્યાલ આવી શકે કે ઉપર ઉપરના સ્થાનોનું સંખ્યાપ્રમાણ પૂર્વ સ્થાનથી કેટલું વિશાળ થતું જાય છે. આધારનું અંતિમ સ્થાન કેવળજ્ઞાનના અવિભાગ પ્રતિચ્છેદોની સંખ્યા છે કે જે અનંતાનંતનું ઉત્કૃષ્ટ સ્થાન છે. ગણિતના અભ્યાસકોને સમજાશે કે આ ધારાના વ્યાપક સ્વરૂપને નીચે મુજબ પણ દર્શાવી શકાય છે.

૪, ૧૬, ૨૫૬, ૬૫૫૩૬, ૪૨૯૪૯૬૭૨૯૬,……………k

$$\equiv ૨^{૨},\ ૨^{૪},\ ૨^{૮},\ ૨^{૧૬},\ ૨^{૩૨},\ ૨^{૬૪},\ldots ૨^{૨^{n}}\ldots ૨^{\text{Log}_{૨} K}$$

$$\equiv ૨^{૨^{૧}},\ ૨^{૨^{૨}},\ ૨^{૨^{૩}},\ ૨^{૨^{૪}},\ ૨^{૨^{૫}},\ldots ૨^{૨^{n}}\ldots ૨^{૨^{\text{Log}_{૨}\text{Log}_{૨} K}}$$

જ્યાં $k$ = કેવળજ્ઞાનનું ભાવપ્રમાણ છે.

"શ્રુતકેવળી ભગવંતોની ક્ષાયોપશમિક જ્ઞાનલબ્ધિથી અનંત વર્ગસ્થાને કેવળી ભગવંતની ચેતન અર્થાત્ જ્ઞાનલબ્ધિ પ્રાપ્ત થાય છે."

આ વિધાન શ્રુતકેવળી ભગવંતની ક્ષાયોપશમિક અને કેવળજ્ઞાની ભગવંતની ક્ષાયિક લબ્ધિ વચ્ચેના વિશાળ અંતરને દર્શાવવા પૂરતું ઠીક છે પરંતુ ચોક્કસ સિદ્ધાંતની દૃષ્ટિથી દોષિત છે. પ્રથમ વાત તો એ છે કે સર્વ શ્રુતકેવળીની ક્ષાયોપશમિક લબ્ધિ

એક સરખી નથી. શબ્દથી તે સર્વની લબ્ધિ સંપૂર્ણ ચૌદપૂર્વ પ્રમાણ એક સરખી હોવા છતાં પણ અર્થથી તેમાં ભેદ છે. સંપૂર્ણ જ્ઞેય અનંત છે પરંતુ તેની પ્રરૂપણા માટે શબ્દો માત્ર સંખ્યાત જ છે. આથી અર્થથી શ્રુતકેવળીની ક્ષાયોપશમિક લબ્ધિમાં ભેદ પડે છે. બીજું જેવી રીતે જઘન્ય ક્ષાયોપશમિક લબ્ધિનો સ્વામી ભવાદ્ય સમયમાં વર્તમાન કોઈક અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદ જીવ છે અને આ જઘન્ય લબ્ધિના ભાવાવિભાવ પ્રતિચ્છેદોની નિશ્ચિત સંખ્યા દ્વિરૂપવર્ગધારાના નિશ્ચિત કોઈ એક અનંતમા સ્થાનની સંખ્યા બરોબર છે તેવી રીતે ક્ષાયોપશમિક લબ્ધિના ઉત્કૃષ્ટ સ્થાનના અવિભાગ પ્રતિચ્છેદોની સંખ્યા ઉપરોક્ત ધારાના કોઈ પણ સ્થાનની સંખ્યા પ્રમાણ નથી પરંતુ તે કોઈ બે અનંતમા સ્થાનોની વચમાં આવે છે. બીજું આ ઉત્કૃષ્ટ ક્ષાયોપશમિક લબ્ધિનો સ્વામી કોણ છે તેની મને હજી જાણ નથી. પરંતુ મને લાગે છે કે કોઈ ચૌદપૂર્વધર મુનિ યા તો ક્ષપકશ્રેણીના અંતિમ સમયમાં વર્તતા ક્ષપક મુનિ ઉત્કૃષ્ટ ક્ષાયોપશમિક લબ્ધિના સ્વામિ સંભવે છે. આટલી સ્પષ્ટતા કરવાનો હેતુ એ છે કે સર્વદેશકાળાબાધિત જૈનદર્શન એક સંપૂર્ણ સૂક્ષ્મ તેમ જ અત્યંત ચોક્કસ વિજ્ઞાન છે. તેની પ્રરૂપણામાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ પણ દોષને અવકાશ નથી.

શ્રી કેવળીભગવંતોની ક્ષાયિક લબ્ધિ ઉત્કૃષ્ટ ક્ષાયિક લબ્ધિ છે અને તેના ભાવા-વિભાગની સંખ્યાથી આ વિશ્વમાં કોઈપણ દ્રવ્ય રાશિની યા કોઈપણ દ્રવ્ય ક્ષેત્રાદિના અવિભાગપ્રતિચ્છેદ રાશિની સંખ્યા મોટી નથી. ક્ષાયિક લબ્ધિનું જઘન્ય સ્થાન ક્ષાયિક સમ્યગ્દષ્ટિ યુગલિક તિર્યંચમાં પ્રાપ્ત થાય છે અને આ જઘન્ય ક્ષાયિક લબ્ધિના ભાવાણુઓની સંખ્યા જઘન્ય ક્ષાયોપશમિક લબ્ધિના ભાવાણુઓથી અનંત વર્ગસ્થાને પ્રાપ્ત થાય છે તે વિશેષ જાણવું.

અત્રે આપણે ક્ષાયોપશમિક અર્થાત છદ્મસ્થ સંસારી જીવની અને શ્રી કેવળી ભગવંતોની ક્ષાયિક ચેતનલબ્ધિના વિશાળ કલ્પનાતીત અંતરનું વર્ગધારા આદિ ગણિતના પદાર્થો દ્વારા દર્શન કરાવવાનો પ્રયત્ન કર્યો છે પરંતુ જેઓને ગણિતનો ખાસ અભ્યાસ નથી તેમના માટે આ વિશાળ અંતરનું દર્શન કરાવવા એક અસત્ કલ્પના કરીએ.

**૪૧. છદ્મસ્થ સંસારી જીવની ક્ષાયોપશમિક અને સદેહ અને વિદેહી કેવળીભગવંતોની ક્ષાયિક ચેતનલબ્ધિના કલ્પનાતીત અંતરનું અસત્ કલ્પનાએ દર્શન** :—આધુનિક લૌકિક ભૂગોળ પ્રતિપાદિત આ પૃથ્વીનું જે દડાકાર કાલ્પનિક સ્વરૂપ આપણી બુદ્ધિમાં ઘર કરી ગયું છે તે પૃથ્વીનો બહુભાગ સમુદ્રમય છે અને નાનો ભાગ ધરતીમય છે. હવે અસત્ કલ્પનાએ પૃથ્વીના સમુદ્રો નદીઓ આદિનું સર્વ જળ એક મહાકાય પ્યાલામાં ઠાલવી દો. આવો જ એક બીજો મહાકાય પ્યાલો કે જેમાં પ્રથમ પ્યાલાનું પાણી ઠાલવવાનું છે તેને બાજુ પર રાખો.

એક બારીક અણીદાર સોયના અગ્રભાગ પર જે સૂક્ષ્મ જળબિંદુ સમાઈ શકે તેને આપણે જળાણુની સંજ્ઞા આપીશું. હવે પૃથ્વીનો જળ રહિત ધરતીનો જે ભાગ છે તેની સર્વ માટી, પથ્થર, ખનીજ આદિ પરંતુ ત્રસ જીવો સિવાય સર્વ પદાર્થોનું ખાંડી, દળીને અત્યંત સૂક્ષ્મ ચૂર્ણ બનાવી મહાકાયચૂર્ણ પ્યાલામાં ભરી દો અને આ જ માપનો એક બીજો પ્યાલો કે જેમાં આ સર્વ પૃથ્વીનું ચૂર્ણ ઠાલવવાનું છે તેને બાજુમાં રાખો. આ પૃથ્વીના પદાર્થોનું જે ચૂર્ણ બનાવ્યું છે તેનો એક આપણી નરી આંખે દેખી ન શકાય પરંતુ અત્યંત શક્તિશાળી સૂક્ષ્મદર્શક યંત્ર નીચે તે સોયની અણી જેવડો દેખાય તેટલો સૂક્ષ્મ છે. આ સૂક્ષ્મ કણને આપણે "અણુ" કહીશું.

અપર્યાપ્ત સૂક્ષ્મ નિગોદની યા આપણા જેવા સંસારીની યા જેના ઘાતીકર્મો હજી ઊભા છે એવા સર્વ શ્રુતના જ્ઞાતા શ્રુતકેવળીભગવંતની એમ કોઈ પણ એકની જે સ્થાનની સાથે આપણે આની સરખામણી કરવાની છે તેની અપેક્ષાએ બહુ ફરક ન પડતો હોવાથી આ ત્રણમાંથી કોઈ પણ એકની ક્ષાયોપશમિક ચેતનલબ્ધિના અવિભાગ-પ્રતિચ્છેદોની જે મધ્યમ અનંતાનંત સંખ્યા છે તેનો વર્ગ (square) કરો. આ એક વખત વર્ગ કર્યો તેની સાક્ષીમાં પૃથ્વી પ્યાલામાંથી એક અણુ લઈ પૃથ્વી ચૂર્ણ ભરવાના ખાલી પ્યાલામાં નાખો. આ લબ્ધવર્ગનો ફરી વર્ગ કરો અને તેની સાક્ષીમાં બીજો અણુ પૃથ્વીપ્યાલામાં નાખો. આવી રીતે પૂર્વપૂર્વની વર્ગ સંખ્યાનો વર્ગ કરતા જાવ અને દરેક વખતે પ્રથમ પ્યાલામાંથી એક એક અણુ ઉપાડી બીજા પૃથ્વીપ્યાલામાં ઠાલવતા જાવ. આમ કરતા કરતા જ્યારે પ્રથમ પૃથ્વીપ્યાલો ખાલી થાય ત્યારે આ પ્યાલો એક વખત ખાલી થયો છે તેની સાક્ષીમાં સાગરના જળથી ભરેલા પ્યાલામાંથી એક જળાણુ ઉપાડી ખાલી જળપ્યાલામાં ઠાલવો. હવે ફરી છેલ્લે જે વર્ગ સંખ્યા પ્રાપ્ત થઈ હતી તેનો વર્ગ કરી પેલા બીજા પૃથ્વી પ્યાલામાંથી કે જે સંપૂર્ણ ભરેલો છે, તેમાંથી એક અણુ ખાલી થયેલા પૃથ્વી પ્યાલામાં નાખો અને વળી પાછો પ્રાપ્ત વર્ગસંખ્યાનો વર્ગ કરી બીજો અણુ પૃથ્વીપ્યાલામાં ઠાલવો. આવી રીતે પ્રથમ પ્રક્રિયા મુજબ જ્યારે બીજી વખત પૃથ્વીપ્યાલો ખાલી થઈ જાય ત્યારે સાગરનું જળ ભરેલું છે તે પ્યાલામાંથી બીજો જળાણુ લઈને બીજા જળપ્યાલામાં આ જળાણુ ઠાલવો. અહીં સુધી બીજા પ્યાલામાં બે જળાણુ આવ્યા છે. આ રીતે વર્ગ પ્રક્રિયા ફરી ફરી કરતા જાવ. અને જેટલી વખત પૃથ્વીપ્યાલો ખાલી થતો જાય તેટલી વખત એક એક જળાણુ પ્રથમ જળપ્યાલામાંથી લઈ બીજા જળપ્યાલામાં ઠાલવતા જાવ. આમ કરતા કરતા જ્યારે સાગરના જળથી ભરેલા પ્રથમ પ્યાલાનું સર્વ જળ બીજા પ્યાલામાં ભરાઈ જાય ત્યારે જે વર્ગ સંખ્યા પ્રાપ્ત થઈ તે હજી કેવળીભગવંતની ક્ષાયિકલબ્ધિના ભાવપ્રમાણના અવિભાગપ્રતિચ્છેદોની સંખ્યા સુધી પહોંચી નથી. આપ પૂછશો કે તે કેવળીભગવંતની

લબ્ધિના અવિભાગ પ્રતિચ્છેદોની સંખ્યા હજી કેટલે દૂર છે? અથવા આપણે તે સંખ્યાની દિશામાં કેટલી પ્રગતિ કરી? કેટલું અંતર કાપ્યું યા કેટલું બાકી રહ્યું? આનો જવાબ એ છે કે તે સંખ્યા હજી ઘણી ઘણી દૂર છે. કલ્પના કરો આપ અહીંથી દિલ્હી પગપાળા જવા નિકળો છો. દિલ્હી અત્રેથી માનો લગભગ ૮૦૦-૧૦૦૦ માઈલ દૂર છે અથવા કહો અત્રેથી પચાસ લાખ ફૂટના અંતરે છે. દિલ્હી તરફના પ્રયાણ કરતા તમોએ એક ફૂટ પ્રમાણ પહેલું ડગલું માંડયું ત્યારે દિલ્હી તરફ આપે જેટલી પ્રગતિ કરી અર્થાત્ તે અંતરનું પચાસ લાખમાં ભાગનું અંતર કાપ્યું તેટલું પણ અંતર આપણે કેવળ-લબ્ધિના ભાવપ્રમાણ પ્રતિનું અંતર કાપ્યું નથી. આ વિધાનમાં અતિશયોક્તિ નથી પરંતુ ન્યુનોક્તિ છે કારણ કે તમોએ એક ડગ ભરતા દિલ્હી પ્રતિના અંતરનો પચાસ લાખમો એટલે કે સંખ્યાતમા ભાગનું અંતર તો કાપ્યું છે પરંતુ ઉપરોક્ત અસત્ કલ્પનામાં ક્ષાયોપશમિક લબ્ધિના ભાવપ્રમાણથી પ્રથમ જળ પ્યાલો ખાલી થયો ત્યાં સુધી જે વર્ગસ્થાને પહોંચ્યા છો તેથી અનંતગુણ આગળ જાવ ત્યારે કેવળજ્ઞાની ભગવંતની ક્ષાયિક લબ્ધિના ભાવપ્રમાણને પહોંચી શકાશે, એટલે કે આપે માત્ર અનંતમાં ભાગનું જ અંતર કાપ્યું છે. આ ઉપરથી આપણને કંઈક ખ્યાલ આવ્યો હશે કે આપણી ચેતનલબ્ધિ કે જેમાં આપણા ક્ષાયોપશમિક જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, લાભ, ભોગ, આદિ સર્વ શક્તિઓનો સમાવેશ થાય છે તેના પ્રમાણમાં શ્રી કેવળીભગવંતના ક્ષાયિક જ્ઞાન, દર્શન, સુખ, આનંદાદિનો વૈભવ કેવો કલ્પનાતીત છે, વિશાળ છે.

ઉપરોક્ત અસત્ કલ્પનામાં પૃથ્વી અણુની તેમજ જળાણુની સંખ્યા અસંખ્યાત માત્ર છે. આથી સંસારી જીવની ક્ષાયોપશમિક લબ્ધિને માત્ર અસંખ્યાત વખત વર્ગિત સંવર્ગિત કર્યાથી જળપ્યાલો એક જ વખત ખાલી થયો છે. પરંતુ ક્ષાયોપશમિક લબ્ધિથી અનંત વર્ગસ્થાને કેવળીભગવંતની ક્ષાયિકલબ્ધિનું પ્રમાણ આવે છે. આથી ઉપરોક્ત વિધિમાં એક વખત જળપ્યાલો ખાલી થયો તેમ અનંત વખત જળપ્યાલો ખાલી થયેથી જ કેવળીભગવંતના જ્ઞાનાનંદનું ભાવપ્રમાણ પ્રાપ્ત થાય છે. આ ઉપરથી કલ્પના કરો કે આપણી ક્ષાયોપશમિક અને કેવળી ભગવંતની ક્ષાયિકલબ્ધિ વચ્ચે કેટલું વિરાટ અંતર છે?

**૪૨. સંસારી મનુષ્ય, દેવ અને સિદ્ધભગવંતના આનંદનું ગણિતાનુયોગથી વિશ્લેષણ :**—છદ્મસ્થ જીવોની ક્ષાયોપશમિક જ્ઞાનલબ્ધિ અને સિદ્ધભગવંતની ક્ષાયિક જ્ઞાનલબ્ધિ વચ્ચે જેવું કલ્પનાતીત અગાધ અંતર છે તેવું જ આપણા વિષયાલંબિ યાને પરાધીન અને સિદ્ધભગવંતના આત્માલંબી સ્વાધીન સુખ વચ્ચે અંતર છે. આપણા જેવા મનુષ્યોના સુખની સિદ્ધભગવંતના સુખ સાથે સરખામણી કરીએ તે પહેલા મનુષ્યો અને દેવો જે ભોગવે છે તે વિષયસુખ વચ્ચે કેટલું મહાન અંતર છે તે પણ વિચારણીય છે.

ઇન્દ્રિયજન્ય વિષયસુખમાં કામસુખની પ્રધાનતા છે અને તે સુખ પ્રધાનપણે સ્પર્શેન્દ્રિયનો વિષય હોવા છતાં પણ મનુષ્યોના આ કામસુખમાં અન્ય સર્વ ઇન્દ્રિયો

આ કામરંગને ઉત્તેજિત કરી વધુ રંગીન બનાવવામાં અગત્યનો ભાગ ભજવે છે. કામિનીનું નયનરમ્ય રૂપ, તેનાં મદભર્યાં કામાતુર નયનો, તેના મધુર કંઠમાંથી નીકળતી શૃંગારવાણી, તેના અંગેઅંગમાંથી કામરસ નિર્ઝરતી સુરભિ ગંધ એ સર્વ નેત્ર, કર્ણ અને નાસિકાના વિષયો સ્પર્શપ્રધાન કામસુખને વધુ સમૃદ્ધ બનાવવામાં મોટો ભાગ ભજવે છે. રસનાનો વિષય કામક્રીડા કાળે સીધી રીતે ભાગ નથી લેતો પરંતુ શર્કરા, ઘૃતાદિ મધુર અને સ્નિગ્ધ વાજીકરણ આહાર કામાગ્નિને પ્રજ્વલિત કરવામાં તેમજ કામશક્તિની વૃદ્ધિમાં કારણભૂત બની રસના પણ કામસુખમાં તેનો ભાગ તો ભજવે જ છે. વીતરાગ અને ક્ષપકમુનિ સિવાય એકેન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય સુધીના સર્વ જીવોમાં કામેચ્છાસ્વરૂપ મૈથુનસંજ્ઞા (અભિલાષ) અવશ્ય હોય છે. અન્ય વિષય સંબંધી ગમે તેટલું સુખ પ્રાપ્ત થવા છતાં પણ જેઓ તત્સંબંધી લાભાન્તરાય અને ઉપભોગાન્તરાયકર્મોદયે કામસુખથી વંચિત રહે છે તેઓને પ્રાપ્ત અન્ય સર્વ સુખ ફીકકું તેમજ જીવન નીરસ લાગે છે તે જ આપણા જીવનમાં મૈથુનસુખની પ્રધાનતા સૂચવે છે.

કામસુખના ભાવપ્રમાણની ન્યૂનાધિકતા જેના પર આધારિત છે તે યૌવનકાળ, ભોગ્યપાત્ર વિવિધતા, એક કામક્રીડાના ઉત્કૃષ્ટ ઉત્તેજનાકાળ સંબંધી વિચાર કરશું તો જણાશે કે દેવો થકી ભોગવાતા કામસુખની સામે આપણા જેવા મનુષ્યનું તે સુખ કેટલું વામણું છે. આ સરખામણી કરવા માટે આપણે બીજા કલ્પના ઇન્દ્ર અર્થાત્ ઈશાનેન્દ્ર થકી ભોગવાતા કામસુખનું દૃષ્ટાંત લઈશું કારણ કે મનુષ્યોની જેમ પરસ્પર દેહના ગાઢ સંશ્લેષ સંબંધપૂર્વક કામાવેગની તૃપ્તિ માત્ર બીજા ઈશાનકલ્પના દેવો સુધી જ હોય છે. તે પછી ઉપર ઉપરના દેવોમાં કામાવેગની તૃપ્તિ માટે ઇન્દ્રિયોની આલંબના ઓછી ઓછી થતી જાય છે.

૮૦–૧૦૦ વર્ષના આયુષ્યવાળા મનુષ્યો કામસુખ તેમના બહુ બહુ તો ૩૦–૪૦ વર્ષના યૌવનકાળ દરમ્યાન જ ભોગવી શકે છે, જ્યારે ઈશાનેન્દ્ર તો આ સુખ અસંખ્યાસંખ્ય વર્ષો પ્રમાણ તેમના સમગ્ર ભવ દરમ્યાન ગમે ત્યારે ભોગવી શકે છે કારણ કે તેમનું યૌવન સદાબહાર છે. જન્મ પછી અંતર્મુહૂર્ત માત્રમાં તેઓ સંપૂર્ણ યૌવન પ્રાપ્ત કરે છે અને ભાવના અંત પર્યંત યુવાન જ રહે છે. ત્યાં બાળપણ યા વૃદ્ધાવસ્થા હોતી નથી. હવે ભોગ્યપાત્ર વૈવિધ્યની દૃષ્ટિએ વિચાર કરીએ. બે સાગરોપમ આયુષ્યવાળા ઈશાનેન્દ્ર પોતાના એક જ ભવ દરમ્યાન પોતાની ૨૨૮૫૭૧૪૨૮૫૭૧૪૨૮૫ અર્થાત્ બાવીસ કોડાકોડી, પંચાસીલાખ ક્રોડ, એકોત્તેર હજાર ક્રોડ, ચારસો ક્રોડ, અઠ્ઠાવીસ ક્રોડ સત્તાવન લાખ ચૌદ હજાર બસો ને પંચાસી અત્યંત સ્વરૂપવાન દેવાંગનાઓ (ઇન્દ્રાણીઓ) સાથે કામક્રીડાનું સુખ માણે છે.

કોઈ પણ વિષય સંબંધી સુખનો સ્વભાવ જ એવો છે કે તે વારંવાર ભોગવાતા અંતે થાકે છે. ગમે તેટલા ભાવતા ભોજનો પણ રોજરોજ ભોગવાતા તેમાંથી રસ ઓછો

થતો જાય છે અને અંતે તે અબખી જાય છે. ભોજનની જેમ કામસુખ પણ ભોગ્યપાત્ર વિવિધતા માંગે છે. આમ વૈવિધ્યની દૃષ્ટિએ જોતાં એક જ ભવમાં આપણી દુનિયા પર વસતી સર્વ મનુષ્યોની સંખ્યા કરતા પણ અબજોબજ ગુણી રમણીઓ ભોગવતા આ ઈન્દ્રના સુખની સામે આપણું કામસુખ નહિવત્ જ લાગે કે બીજું કંઈ?

આપણી એક કામક્રીડાકાળની ગણતરી માત્ર મિનિટોમાં અને આ ક્રીડાના ઉત્કૃષ્ટ ઉત્તેજના કાળની ગણતરી માત્ર સેકંડોમાં થાય તેટલી અલ્પકાલીન હોય છે, જ્યારે ઈશાનેન્દ્રનો એક ક્રીડાકાળ હજારો વર્ષ અને ઉત્કૃષ્ટ ઉત્તેજના કાળ સેંકડો વર્ષ પ્રમાણ હોય છે. આથી દેવો થકી ભોગવાતા કામસુખને સૂર્યના પ્રકાશની ઉપમા આપીએ તો આપણું આ સુખ આગીયાના પ્રકાશ જેટલું પણ કહી શકાય કે કેમ તે પણ શંકાસ્પદ લાગે છે.

આપ પૂછશો કે જેને એક સાથે માત્ર આઠ ઈન્દ્રાણીઓ હોય તે ઈશાનેન્દ્રને આટલી બધી ઈન્દ્રણીઓ સાથે કામ સુખ કેવી રીતે સંભવે? આખું ગણિત સરળ છે. ૧૦ કોડાકોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય તેવા બે સાગરોપમનું એટલે કે ૨૦ કોડાકોડી પલ્યોપમનું અર્થાત્ $૨૦ \times ૧૦^{૧૪}$ (એક કોડાકોડી $= ૧૦^{૧૪}$) પલ્યોપમનું આયુ ઇશાનેન્દ્રનું હોય છે, જ્યારે તેની રાણીઓનું આયુ માત્ર સાત પલ્યોપમ જેટલું જ હોય છે. આથી ઈશાનેન્દ્રને એક ભવમાં પોતાના $૨૦ \times ૧૦^{૧૪}$ પલ્યોપમ પ્રમાણ આયુને એક દેવીના સાત પલ્યોપમ પ્રમાણ આયુથી ભાગતા અને (દર સમયે તેને આઠ ઈન્દ્રાણીયો હોવાથી) આઠે ગુણતા જે ફળરાશિ પ્રાપ્ત થાય તેટલી અર્થાત્ $\left\{(૨૦ \times ૧૦^{૧૪}) \div ૭\right\} \times ૮ = ૧૦^{૧૫} \times \frac{૧૬}{૭} =$ ઉપરોક્ત બાવીસ કોડાકોડી આદિ સોળ અંકવાળી સંખ્યા પ્રમાણે દેવાંગનાઓ પ્રાપ્ત થાય તે સ્વાભાવિક છે.

ઉપલક દૃષ્ટિથી વિચિત્ર લાગે પરંતુ સનત્કુમારાદિ ઉપર ઉપરના દેવોને પોતાની કામેચ્છા તૃપ્ત કરવા મનુષ્યવત્ શારીરિક ગાઢ સંશ્લેષ સંબંધપૂર્વક કામક્રીડા ન હોવા છતાં પણ તેઓના વિષયસુખનું ભાવપ્રમાણ ઉત્તરોત્તર અધિક હોય છે કારણ કે તેઓને કામાવેગની તૃપ્તિ માટે ઇન્દ્રિયોની આલંબના ન્યૂન ન્યૂન થતી જાય છે. ત્રીજા સનત્કુમાર અને ચોથા માહેન્દ્રકલ્પના દેવો તો પોતાને ઈષ્ટ એવી દેવાંગનાઓના અંગઉપાંગના સ્પર્શમાત્રથી કામતૃપ્તિ પ્રાપ્ત કરે છે. આથી પણ અનેકઘણું કામસુખ પોતાની મનોજ્ઞ દેવીના માત્ર રૂપદર્શન થકી પાંચમા અને છઠ્ઠા માહેન્દ્ર અને બ્રહ્મલોક કલ્પના દેવો મેળવી લે છે. અત્રે સ્પર્શેન્દ્રિયનું આલંબન નથી. આથી ઉપરના મહાશુક્ર અને આઠમા સહસ્રાર કલ્પના દેવો તો ચક્ષુ ઈન્દ્રિયના પણ આલંબન વિના માત્ર કર્ણેન્દ્રિય દ્વારા પોતાને ઈષ્ટ એવી દેવાંગનાના મધુર શબ્દોના શ્રવણ થકી કામતૃપ્ત થઈ જાય છે. આ દેવો કરતાં પણ અનેકઘણું કામસુખ કોઇપણ ઈન્દ્રિયોના આલંબન વિના મન દ્વારા પોતાને

મનગમતી દેવાંગનાના ચિંતનમાત્રથી આનત, પ્રાણત, આરણ અને બારમા અચ્યુત કલ્પના દેવો મેળવી લે છે.

વળી વધુ આશ્ચર્ય તો એ છે કે આ બારે કલ્પોપપન્ન દેવો કરતા પણ ઉપરના કલ્પાતીત નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનના દેવો અત્યંત અલ્પ વિકારવાળા હોવાથી મનથી પણ કામસુખની વાંછા ન કરતા હોવા છતાં પણ શ્રી કેવળી ભગવંતોએ તે દેવોને કલ્પોપપન્ન દેવો કરતાં પણ અનંત ગુણા સુખના ભોક્તા કહ્યા છે. આથી એક નિષ્કર્ષ નીકળે છે કે જેમ જેમ આત્માનું સુખાનુભૂતિ માટે ઇન્દ્રિયોનું આલંબન હીન હીન થતું જાય છે તેમ તેમ તેની સુખાનુભૂતિનું પ્રમાણ વધુ ને વધુ થતું જાય છે. આથી જેમને લેશમાત્ર પણ વિકાર નથી એવા વીતરાગના સુખની તો કલ્પના પણ થઈ શકે નહિ તેવું અગાધ હોય તેમાં કંઈ જ આશ્ચર્ય નથી.

વીતરાગ ભગવંતોના સુખની વાત તો દૂર રહી પરંતુ જે મુનિ પોતાની ઈન્દ્રિયો અને મનને વિષયોથી વિમુખ કરી પોતાના આત્મામાં જ મગ્ન થાય છે તેવા મુનિનું સુખ પણ એવું તો અનુપમ હોય છે કે તે તો જે અનુભવે તે જ જાણી શકે.

મહોપાધ્યાય યશોવિજયજી "જ્ઞાનસાર"ના મગ્નાષ્ટકની છઠ્ઠી ગાથામાં આ સુખની અનુપમતા દર્શાવતા કહે છે, "પોતાના જ્ઞાનોપયોગમાં મગ્ન થયેલા જે સુખ અનુભવે છે તે અનિર્વચનીય છે; તે સુખ સ્ત્રીના આલિંગન સાથે કે બાવનાચન્દનના વિલેપન સાથે પણ સરખામણી કરવા યોગ્ય નથી કારણ કે આ આત્મિકસુખની ઉપમાને લાયક સંસારમાં કોઈ સુખ છે જ નહિ. શ્રી ભગવતી સૂત્ર આ જ વાત બીજી રીતે કહે છે, તેનો ભાવાર્થ છે: "શુદ્ધ ભાવપૂર્વક સર્વવિરતિ ચારિત્રના પાલન થકી પ્રતિ માસ ચિત્ત સુખની વૃદ્ધિ થતા બારમાસ આવું ચારિત્ર પાળનાર સાધુ સર્વ દેવો કરતા પણ ઉત્તમ એવું પર–ઉત્કૃષ્ટ સુખની પ્રાપ્તિ કરે છે." ભગવતીના આ વિધાનમાં પણ અતિશયોક્તિનો લેશ માત્ર નથી.

પંડિત કુંવરવિજયજી તેમના અતિ ગંભીર "આધ્યત્મસાર પ્રશ્નોત્તર ગ્રંથ—"માં સિદ્ધભગવંતના સુખનું કલ્પનાતીત પરિમાણ દર્શાવતા કહે છે; "આ સિદ્ધ ભગવંતના સુખનું વર્ણન કરતા કેવળીના અનંતા આયુષ્ય પૂરા થાય તોપણ વર્ણવી શકાતું નથી છતાં પણ દષ્ટાંતથી લેશમાત્ર બતાવું છું.

"સુરગણ સુખ ત્રિહું કાલના, અનંતગુણા તે કીધ.
અનંત વર્ગે વર્ગિત કર્યાં, તો પણ સુખ સમીધ.

અર્થાત્ ભૂતકાળમાં થઈ ગયેલા અનંત દેવો, વર્તમાન અસંખ્ય દેવો તથા અનંત ભાવિ કાળમાં થનારા અનંત દેવો તે સર્વ ત્રણેકાળના દેવગણના સુખનો યોગ કરી

તેનો વર્ગ કરી, ફરી પાછો વર્ગ કરી એમ અનંતવાર વર્ગ કર્યા છતાં પણ તે સુખ સિદ્ધના એક સમયમાત્ર ભોગવાતા સુખની તોલે આવી શકતું નથી."

નિશ્ચયથી આ વિધાનમાં પણ અતિશયોક્તિ લેશમાત્ર નથી. સંખ્યાતીત એટલે કે અસંખ્ય અને અનંત રાશિ ગણિતના સિદ્ધાન્ત થકી આ વિધાન પણ પૂરવાર કરી શકાય છે. પરંતુ તેમ કરવા જતાં આ ગણિતના અન્ય સિદ્ધાંતો તેમજ તે ગણિતના અમુક પદાર્થો ( Conapts )ની વ્યાખ્યા કરવી પડે અને લખાણ ઘણું જ મોટું થઈ જાય તેમજ ગણિતનો જેને અભ્યાસ નથી તેવાઓને તુરત સમજાય તેવા આ નિયમો નથી, આમ છતાં પણ બહુ ઊંડાણમાં ગયા વિના આ ગણિતના આધારે જ આ વિધાનને બુદ્ધિગમ્ય કરવાનો પ્રયત્ન કરીએ.

છદ્મસ્થ સંસારી આત્માના સત્તાગત કેવળજ્ઞાન પ્રમાણ પરમાનંદ વૈભવનો ઘાતક યાને ભાગાકારક તે જીવથી વેદાતા ચારિત્રમોહનીયકર્મનો રસ અર્થાત્ તેની ફળપ્રદાન શક્તિ છે. આ મોહનીયકર્મના સમયપ્રબદ્ધ ( એક સમયમાં બંધાતા ) કર્મપુદ્ગલના સમગ્ર તેમજ પ્રત્યેક પ્રદેશે જઘન્યથી તેમજ ઉત્કૃષ્ટે સર્વ જીવરાશિથી અનંતગુણ રસાણુઓ–રસના ભાવપ્રમાણના અવિભાગ પ્રતિચ્છેદો હોય છે. આપણા મોહલિપ્ત ચેતન-ઉપયોગમાં વેદાતા સરાગ સુખના ભાવપ્રમાણ અને વેદાતા રાગ યાને મોહનીય કર્મરસના ભાવપ્રમાણનો સંબંધ વ્યસ્ત પ્રમાણમાં હોય છે, એટલે કે જેટલા પ્રમાણમાં આપણા રાગભાવમાં હાની થાય છે તેટલા પ્રમાણમાં આપણી સુખાનુભૂતિના ભાવપ્રમાણમાં વૃદ્ધિ થાય છે. ગણિતની ભાષામાં :

$$\text{કોઈ એક સમયે વેદાતુ સરાગ સુખ} \propto \frac{૧}{\text{તે સમયે વેદાતો મોહરસ}}$$

$$\therefore \text{ સરાગ સુખ} = K \times \frac{૧}{\text{વેદાતો મોહરસ}}$$ ૦ અત્રે K અચળ ( Constant ) છે અને તે શ્રી સિદ્ધભગવંત થકી પ્રતિ સમય વેદાતા સુખના અવિભાગ પ્રતિચ્છોની સંખ્યા છે જે ઉ. અનંતાનંત છે. હવે ધારો કે :

D = ત્રણેકાળના અનંત દેવોની સંખ્યા છે; Q = આ અનંત દેવોનું સરાસરી આયુ છે જે માત્ર અસંખ્યાત સમય પ્રમાણ છે; M = એક દેવ તેના Q સમયપ્રમાણ સરાસરી આયુના પ્રત્યેક સમયે વેદાતા સર્વ જીવથી અનંતગુણ મોહનીયકર્મના રસાણુની સરાસરી સંખ્યા છે. આથી એક દેવ થકી તેના સમગ્ર Q સમય પ્રમાણ આયુ દરમ્યાન $M \times Q$ પ્રમાણ અને સમગ્ર દેવરાશિ D થકી તેમના સમગ્ર ભવ દરમ્યાન વેદાતા મોહનીયના રસાણુની સંખ્યા $M \times Q \times D$ પ્રાપ્ત થાય છે. આ રાશિ પણ સર્વજીવથી અનંતગુણ છે. હવે જો સમગ્ર કાળની દેવરાશિ થકી ભોગવાતી સરાગ સુખરાશિ "S" હોય તો

$S = K \times \frac{૧}{M \times Q \times D}$. અત્રે "K" રાશિ ઉત્કૃષ્ટ અનંતાનંત છે અને $M \times Q \times D$ અનંતાનંત હોવા છતાં પણ K થી અનંતમા ભાગ પ્રમાણ જ છે. આથી સિદ્ધ થાય છે ત્રણે કાળના દેવો થકી ભોગવાતા સુખનું પ્રમાણ સિદ્ધજીવ એક સમય જે સુખ ભોગવે છે તેના અનંતમા ભાગનું જ છે "S" ને અનંત વાર વર્ગ કરવાથી પણ આ પ્રમાણમાં ફરક પડવાનો નથી કારણ કે "S" ક્ષાયોપશમિક ચેતનલબ્ધિ છે અને તેના અનંત વર્ગસ્થાને – એટલે કે અનંત વખત વર્ગ કરવાથી જઘન્ય ક્ષાયિક-લબ્ધિનું ભાવપ્રમાણ આવે છે અને આ જઘન્ય ક્ષાયિક લબ્ધિથી ઉપર અનંત વર્ગસ્થાને કેવળજ્ઞાનાનંદના ભાવપ્રમાણની વર્ગશલાકા ($Log_2$ $Log_2{}^K$) આવે છે અને તેની પણ ઉપર અનંત વર્ગસ્થાને કેવળજ્ઞાનાનંદ લબ્ધિના ભાવપ્રમાણની અર્ધછેદ રાશિ ($Log_2{}^K$) આવે છે; આથી ઉપર અનંત વર્ગસ્થાને કેવળ જ્ઞાનાનંદ લબ્ધિ આવે છે. આથી સિદ્ધ થાય છે કે ત્રણેકાળની સમગ્ર દેવરાશિ થકી ભોગવાયેલા, ભોગવાતા અને ભોગવાશે તે સમગ્ર સુખરાશિનું અનંત વખત વર્ગ કરવા છતાં પણ તે સિદ્ધ પરમાત્મા જે પ્રતિ સમય ભોગવાતા આનંદનું ભાવપ્રમાણ છે અને તે જ પ્રમાણ કેવળજ્ઞાન લબ્ધિના અવિભાગપ્રતિચ્છેદોની સંખ્યા છે જે ઉત્કૃષ્ટ અનંતાનંત છે. શ્રી સિદ્ધભગવંત તેમના સમગ્ર સાદિ અનંત કાળ જે સુખ ભોગવે છે તેનો યોગ પણ K જ આવશે. K ને ગમે તેટલી સંખ્યાથી ગમે તેટલી વાર ગુણાકાર કરવા છતાં પણ K માં વૃદ્ધિ થતી નથી કારણ કે K સંપૂર્ણ જ્ઞાનલબ્ધિ છે અને તેની ઉપર કોઈ રાશિ નથી. સંપૂર્ણમાં સંપૂર્ણ ગમે તેટલી વાર ઉમેરવાથી પણ તે રાશિમાં વૃદ્ધિ થાય નહિ. જો વૃદ્ધિ માનીએ તો તો K અપૂર્ણ જ ઠરે. K થી મોટી સંખ્યાનો વંધ્યાપુત્રવત્ અત્યંતાભાવ જાણવો.

અત્રે આપણે એક જ બાબત પૂરવાર કર્યા વિના ધારી લીધી છે અને તે એ છે કે ત્રણે કાળના દેવોની સંખ્યા D સર્વજીવ રાશિથી અનંતમા ભાગની છે. અત્રે જે D રાશિ છે તેમાં સમસ્ત સિદ્ધ જીવો આવી જાય છે અને નગણ્ય અપવાદ બાદ કરતા તે સર્વ સિદ્ધો એ તેમના સંસારકાળ દરમ્યાન અનંત વખત દેવ પર્યાય પ્રાપ્ત કર્યો હોય છે તેમજ વ્યવહારરાશિના અનંતાનંત જીવોમાંના બહુભાગ જીવો એ પણ દેવ-પણું અનંત વખત પ્રાપ્ત કર્યું હોય છે આથી D રાશિ સર્વ જીવરાશિના અનંતમા ભાગની છે તેમ ચોક્કસપણે કેવી રીતે કહી શકાય ? આનો પૂરાવો રજુ કરવો જોઈએ. આ પૂરવાર થઈ શકે છે પરંતુ તે પૂરાવો ઘણો જ લાંબો અને અટપટો છે. આમાં નિમ્ન બાબતોનો વિચાર પણ કરવો પડે છે.

(i) પ્રત્યેક સમયે જઘન્ય તેમજ ઉત્કૃષ્ટથી કેટલા જીવો દેવપર્યાય પ્રાપ્ત કરે છે અને કેટલા દેવોનું ચ્યવન થાય છે ?

(ii) વધુમાં વધુ કેટલા કાળ સુધી કોઈપણ નવો જીવ દેવપર્યાયને પ્રાપ્ત નથી કરતો.

(iii) વધુમાં વધુ કેટલા કાળ સુધી કોઈપણ દેવનું ચ્યવન થતું નથી.

(iv) દેવોના આયુની આપણે જે સરારસ કાઢી છે તેની તેમજ વેદાતા રસાણુની સરારસની કાઢવાની વિધિ ધારીએ તેટલી સરળ નથી. આ પણ અત્યંત અટપટી હોવા ઉપરાંત પ્રત્યેક દેવલોકના સંખ્યા–તેમાં ઉત્કૃષ્ટ આયુવાળા, જઘન્ય આયુવાળા તેમજ અજઘન્ય અનુત્કૃષ્ટ આયુવાળા કેટલા વિગેરે બાબતો તેમજ મોહનીયકર્મના વેદકમાં જઘન્યરસના વેદક, ઉત્કૃષ્ટ રસના વેદક, તે રસના સ્થાનો ઈત્યાદિ અનેક બાબતો ધ્યાનમાં લેવી પડે છે.

ટૂંકમાં કહેવાનો મતલબ એ છે કે શ્રી જિનાગમમાં કોઈ પણ પ્રમેય યા સમીકરણ યા અસમીકરણનું દ્રવ્યાનુયોગથી–નય, નિક્ષેપ, પ્રમાણ, દ્રવ્યાદિ ચૌભંગી આદિથી જેમ વિવરણ થઈ શકે છે તેમ તે પ્રમેયાદિના ચોક્કસ પ્રામાણ્યની સિદ્ધિ માટે ગણિતાનુયોગની વિધિ પણ અપનાવી શકાય તે માટે જોઈતા પૂર્વપક્ષ માટેના મુદ્દાઓ (data) પ્રાયઃ સર્વ પ્રાપ્ત આગમમાં અત્ર તત્ર વિખરાયેલા મળી શકે છે. પરંતુ અત્યંત ખેદપૂર્વક કહેવું પડે છે કે આસ્તિક દર્શનકારો, કે જેઓ પોતાને માન્ય આગમને જ્ઞાનપ્રાપ્તિનું પ્રધાન સાધન માને છે તેમણે આ દિશામાં નહિવત્ જ પ્રયત્ન કર્યો છે.

પાશ્ચિમાત્ય શિક્ષણ કે જેમાં આગમનું કોઈ સ્થાન જ નથી તેવા શિક્ષણને આપણે અપનાવી લીધું છે. આગમના આધાર વિના કોઈ પણ નૈસર્ગિક વિજ્ઞાન કદાપિ પૂર્ણતા પ્રાપ્ત નહિ જ કરી શકે એટલું જ નહિ પરંતુ તેમના સિદ્ધાંતો, પ્રમેયો, પૂર્વધારણાઓ આદિમાંથી વિસંવાદિતાઓ દૂર કરી સંવાદમય કદાપિ નહિ બનાવી શકે તેવી મારી દૃઢ માન્યતા છે.

છેલ્લે એક બાબતનો નિશ્ચય કરજો કે આપણા જ્ઞાનાનંદ અને સિદ્ધ ભગવંતના જ્ઞાનાનંદ વચ્ચે રહેલા વિરાટ અંતરને દર્શાવવા તમો ગમે તે ઉપમા યા અસત્ કલ્પનાઓ કરશો તોપણ તેમાં અતિશયોક્તિ થઈ જ શકે તેમ નથી. આ વિધાન મગજમાં તુરત ઉતરે તેવું નથી છતાં પણ તે સંપૂર્ણ સત્ય છે.

આ રીતે સરાગસંસારી અને સિદ્ધાત્મા અર્થાત્ રૂપી અને અરૂપી ચેતનાની ચૈતન્યસ્વરૂપ જ્ઞાનાનંદ લબ્ધિ વચ્ચેના વિરાટ અંતરનું અનિર્વચનીય અનુપમ, કલ્પનાતીત અને અગમ્ય છતાં પણ આપણા સત્તાગત અરૂપી જાતની કેવળજ્ઞાનલબ્ધિના અંશ સ્વરૂપ રૂપીની ભાત લઈને પ્રગટ થયેલી મતિ અને શ્રુતલબ્ધિથી, દ્વિરૂપ વર્ગધારાના ઉત્તરોત્તર સંખ્યાપ્રમાણથી અનેકગુણ વૃદ્ધિને પ્રાપ્ત કરતા સ્થાનોના આલંબનથી, મહાકાય પૃથ્વી અને જળપ્યાલાની અસત્ કલ્પનાથી તેમજ ગણિતાનુયોગના પ્રમેયો અને સમીકરણથી બૌદ્ધિક સ્તરે પણ વિશ્વસનીય બને તેવી રીતે સ્વરૂપ દર્શન કરાવ્યું.

મોક્ષમાર્ગમાં બૌદ્ધિક જ્ઞાનની ઉપયોગિતા સીમિત છે. નિપુણ બુદ્ધિથી નવે તત્ત્વોનું સૂક્ષ્મ તર્કબદ્ધ જ્ઞાન થાય, હેયોપાદેય તત્ત્વોનો વિવેક થાય, આત્મા અને દેહની ભિન્નતાનું તેમજ સંસારની અસારતાનું અને મોક્ષની ઉપાદેયતાનું જ્ઞાન થાય એટલું જ નહિ પરંતુ સાડાનવ પૂર્વનું જ્ઞાન પણ થાય. આમ છતાં પણ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમનિષ્પન્ન આ બુદ્ધિસ્પર્શી વિષયપ્રતિભાસરૂપ જ્ઞાન અંતઃકરણસ્પર્શી થાય નહિ અર્થાત્ બુદ્ધિપ્રતીત જ્ઞાન આત્મપ્રતીત થાય નહિ ત્યાં સુધી આ સર્વ જ્ઞાન મોક્ષમાર્ગમાં નિષ્ફળ છે. જે પળે જીવનું આ વિષયપ્રતિભાસસ્વરૂપ બૌદ્ધિક જ્ઞાન આત્મપરિણતિમત્ સ્વરૂપ પ્રાપ્ત કરશે તે પળ જીવના સમગ્ર સંસારકાળની ધન્યમાં ધન્ય પળ હશે, અનાદિકાલીન આ સંસારના બીજ સમાન દર્શનમોહનીયના તીવ્ર રસોદય સ્વરૂપ મિથ્યાત્વરૂપી અંધકાર દૂર થશે અને અંતરંગમાં દિવ્ય આલોકનો પ્રાદુર્ભાવ થશે અર્થાત્ અત્યંત દુર્લભ ચિંતામણિરત્ન સમાન સમ્યક્ત્વલબ્ધિ પ્રગટ થશે, આત્મા આનંદવિભોર બનશે, તેની દૃષ્ટિમાં આમૂલ પરિવર્તન આવશે, તીવ્ર રાગદ્વેષરૂપી અતિ ગૂઢ દુર્ભેદ્ય ગ્રંથીભેદ થતાં પ્રશમભાવ, મોક્ષાભિલાષસ્વરૂપ સંવેગભાવ, સંસારપ્રતિ અરુચિસ્વરૂપ નિર્વેદાદિ ભાવોથી આ ભવ્યાત્મા ભાવિત થશે, પોતાને પરમ ઇષ્ટ એવા મોક્ષપ્રાપ્તિના માર્ગનું દર્શન થશે. અનાદિકાલીન જડ અને પર એવા પુદ્ગલના બદ્ધસંબંધથી પ્રાપ્ત રૂપીની ભાત નીચે દબાઈ ગયેલા પોતાના સ્વાભાવિક અરૂપી સ્વરૂપનું આત્મપ્રતીત જ્ઞાન અને ભાન થશે અને તે સ્વરૂપની પ્રાપ્તિ કરવાની તમન્ના જાગૃત થશે.

એક વાત સ્પષ્ટ છે કે જીવના આ દુઃખભર્યા સંસારપર્યાયનું અંત્યકારણ દર્શન-મોહ યાને દૃષ્ટિમૂઢતા યા દૃષ્ટિવિકાર જ છે. હવે આપણે એ જ જોવાનું છે કે દર્શનમોહ અન્ય ઘાતીકર્મોના ઉપાર્જનમાં હેતુ કેવી રીતે બને છે.

## ૪૩. સર્વ ઘાતીકર્મોના ઉપાર્જનમાં દર્શનમોહની કારણતા :

### (i) દર્શનમોહ ચારિત્રમોહનો જનક છે.

પૌદ્ગલિક હોવાથી કર્મ જડ તત્ત્વ છે અને જીવ તેથી વિપરીત ચેતનતત્ત્વ છે. આ જડ તત્ત્વ સાથેના અનાદિકાલીન ગાઢ સંશ્લેષ અર્થાત્ બદ્ધસંબંધથી જીવની ચૈતન્યશક્તિમાં જડતાનો એવો તો ઘેરો પટ લાગી ગયો છે કે તેની દૃષ્ટિ જ મૂઢ થઈ ગઈ છે; તેની દૃષ્ટિ મૂર્છિત યાને મોહિત થઈ વિકૃત થઈ ગઈ છે. સ્વભાવથી સ્વ અને પરના યથાર્થ સ્વરૂપના જ્ઞાતા અને દ્રષ્ટાની દૃષ્ટિનો વિકાર પણ કેવો અકળ છે કે તેણે પોતાના જ સ્વરૂપનું જ્ઞાન અને ભાન ખોઈ નાખ્યું છે. પોતાના ચૈતન્યસ્વરૂપ અરૂપી આત્માથી સદંતર ભિન્ન એવા જડ અને રૂપી પુદ્ગલના બનેલા તેના શરીરમાં

જ આ મૂઢને "હું" બુદ્ધિ થઈ ગઈ છે. "આ શરીર તે જ હું" એવા ભ્રમસ્વરૂપ દેહાધ્યાસને તે સેવી રહ્યો છે. આ સંસારની બીજભૂત અનાદિકાલીન આહાર, ભય, મૈથુન અને પરિગ્રહરૂપ ચારે સંજ્ઞાઓના મૂળમાં આ દેહાધ્યાસ જ છે. જે આ દૃષ્ટિ મૂઢતાનું પ્રધાન લક્ષણ છે, ભેદમાં અભેદબુદ્ધિ તેનું સ્વરૂપ છે. દૃષ્ટિમૂઢનું એક બીજું સ્વરૂપ પણ એટલું જ અકળ છે.

સુખ વેદ્ય તત્ત્વ છે તેથી જે વેદક હોય તે જ સુખને વેદી શકે. જીવ ચેતક છે તેથી જેમ તે જ્ઞેયનો જ્ઞાયક છે તેમ તે સુખનો વેદક પણ છે. આથી જ્ઞાન જેમ જીવનો સ્વભાવ છે તેમ સુખ પણ તેનો જ સ્વભાવ છે. સ્વભાવ હોવાથી જીવનું જ્ઞાતૃત્વ તેમજ સુખ યા આનંદનું ભોક્તૃત્વ નિર્નિમિત્તક છે અર્થાત્ જીવને જાણવા કે આનંદને વેદવા પર પદાર્થની કોઈ જ જરૂર નથી.

આ રીતે જીવ સ્વયં જ્ઞાનઘન છે અને સ્વયં આનંદઘન પણ છે. આમ છતાં પણ શરીરમાં જ આત્મબુદ્ધિ હોવાથી આ મૂઢાત્મા દેહસુખમાં જ સુખ માને છે તેથી તે દેહદ્વારા પાંચે ઇન્દ્રિયોના વિષયોના ભોગ ઉપભોગમાં જ રાચે છે. વિષયો જડ છે તેથી તેમાં જ્ઞાન નથી તેમ સુખ પણ નથી છતાં પણ પોતાના આત્મા સાથે તાદાત્મ્ય સંબંધથી રહેલા સુખને વિષયોમાં અર્થાત્ પુદ્ગલમાં આરોપે છે. આ રીતે વિષયોમાં સુખબુદ્ધિ આ દૃષ્ટિમૂઢતાનું બીજું લક્ષણ છે, અભેદમાં ભેદબુદ્ધિ તેનું સ્વરૂપ છે.

સહેજ ઊંડાણથી વિચારતા જણાશે કે ઉપર દર્શાવ્યા મુજબ ભેદમાં અભેદબુદ્ધિ અને અભેદમાં ભેદબુદ્ધિ સ્વરૂપ આત્માની દૃષ્ટિમૂઢતા એ આ વિશ્વનું અદ્વિતીય અને અગમ્ય મહાન આશ્ચર્ય છે. સ્વભાવથી જ જે સ્વપરનો જ્ઞાતા તેમજ દૃષ્ટા છે તે પોતાને જ ન પહેચાની શકે તે રીતે બને? જીવ પોતે પોતાની જાતને કેવી રીતે ગોપવી શકે?

આ દૃષ્ટિમૂઢ જીવનું એક બીજું પાસુ પણ ન કળાય તેવું વિચિત્ર છે. ઈષ્ટાનિષ્ટ વિષયોના સંયોગ–વિયોગજન્ય સુખ અશાશ્વત અને પરાધીન છે કારણ કે વિષયો પર તેનો કોઈ જ કાબુ નથી. અનિચ્છા છતાં ઈષ્ટવિષયોનો વિયોગ અને અનિષ્ટ વિષયોનો સંયોગ કાળક્રમે અવશ્ય થાય જ છે. તેવો અનુભવ જીવ પોતે ભવોભવથી કરતો આવ્યો છે. વળી ગમે તેટલા વિષયો ભોગવ્યા પછી પણ કોઈ જીવને સંતોષ થયો નથી તે પણ તે અનુભવતો આવ્યો છે. આવું પરાધીન, અશાશ્વત અને અપૂર્ણ સુખ તો કોઈ પણ જીવ ચાહતો ન હોવા છતાં પણ આ મૂઢ જીવ આવા વિષયસુખની પાછળ પોતાની સર્વ શક્તિ વેડફી નાખે છે તે કંઈ ઓછું આશ્ચર્ય નથી. આત્માની દૃષ્ટિને આટલી હદે વિકૃત કરનાર મિથ્યાત્વમોહનીયકર્મનો ઉદય છે. દર્શનમોહનીયકર્મના તીવ્ર રસવાળા સ્કંધોને મિથ્યાત્વ મોહનીય કહેવાયા છે. આ મિથ્યાત્વમોહ ચારિત્રમોહજનક કેવી રીતે બને છે તે વિચારીએ.

જીવમાત્રને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે. સંસારી છદ્મસ્થ જીવ દુઃખી છે તેથી તેનો સર્વ પુરુષાર્થ સુખપ્રાપ્તિમાં જ રોકાયેલો રહે છે. પરંતુ આ સુખ માટે દર્શનમૂઢની દૃષ્ટિ હંમેશા આત્મેતર વિષયોમાં જ ભટકયા કરે છે અર્થાત્ તેનો જ્ઞાનોપયોગ પરમાં જ રમ્યા કરે છે. ભ્રાંતિથી માનેલા ઈષ્ટ વિષયો તેને પ્રિય છે. જે પ્રિય છે તે પ્રતિ રાગપૂર્વક અને જે અપ્રિય છે તે પ્રતિ દ્વેષપૂર્વક તે દૃષ્ટિપાત કરે છે. જેમાં રાગ થાય છે તેને મેળવવાની ઇચ્છા થાય છે. જેની ઇચ્છા થાય છે તેને પ્રાપ્ત કરવાનો લોભ થાય છે. જેનો લોભ થાય છે તેને પ્રાપ્ત કરવાની યોજના કરતા મૂઢદૃષ્ટિ માયા-કપટનો આશરો લેતા પણ ખંચકાતો નથી. જો તેની આ યોજના સફળ થાય છે તો તેને હર્ષ થાય છે, પ્રાપ્તમાં રતિ થાય છે. તેમાં આસક્ત બને છે. પોતાની સફળતાનો ગર્વ કરે છે અને જો તેની યોજના નિષ્ફળ થાય છે તો તેને શોક અને અરતિ થાય છે, ઉદ્વેગ થાય છે અને તેની નિષ્ફળતા માટે અન્યને નિમિત્ત માની તે પર ક્રોધ અને દ્વેષ પણ કરે છે. પ્રાપ્ત વિષયો ચાલી જવાનો ભય તેને સતાવ્યા કરે છે અને તેથી તેના રક્ષણ માટે સતત ચિંતિત રહે છે. એક વખત જે પરની ઈચ્છા કરી તેની પ્રાપ્તિ કર્યા પછી પણ કોઈ જીવને તૃપ્ત થયો જોયો નથી. પરની ઇચ્છામાં તાપ છે, સંતાપ છે. પ્રાપ્તિ પછીની તૃપ્તિ પણ ક્ષણિક છે, અતૃપ્તિ તેનું અવશ્ય અનુગમન કરે છે. પરથી તૃપ્તિ થાય નહિ. તૃપ્તિ સ્વથી જ થાય.

જ્યાં સુધી જીવને દર્શનમોહજન્ય પરમાં સુખ અને ભોગબુદ્ધિ છે. ત્યાં સુધી તેનો ચેતનોપયોગ સજાતીય પર (અન્ય સંસારી જીવો) પ્રતિ યા વિજાતીય પર (પૌદ્ગલિક વિષયો અને પદાર્થો) પ્રતિ ચારિત્રમોહજન્ય રાગ યા દ્વેષ અથવા તજ્જન્ય ક્રોધ, અહંકાર, અભિમાન, કપટ, લોભ, હર્ષ, રતિ, અરતિ, ભય, શોક, ઘૃણા, ઈર્ષા, સ્નેહ, કામેચ્છા, વૈર આદિ કોઈ ને કોઈ ભાવપૂર્વક વિચરતો રહે છે. વળી પૂર્વે ભોગવાઈ ગયેલા વિષયોનું સ્મરણ થાય છે, પ્રાપ્ત વિષયોમાં મમતા થાય છે, પ્રાપ્તના ભોગમાં આસક્તિ થાય છે અને અપ્રાપ્તની ઈચ્છામાં આ મૂઢ જીવ તપતો જ રહે છે. આ રીતે ત્રણે કાળના વિષયો સાથે કોઈ ને કોઈ પ્રકારે મૂઢ જીવનો સંબંધ નિરંતર રહ્યા જ કરે છે. આ રીતે રાગ અને દ્વેષ યા તજ્જન્ય ક્રોધાદિ ભાવપૂર્વક ચેતનોપયોગની પરમાં ચર્યા-રમણતા એ તેના ચારિત્રનો વિકાર છે જેમાં નિમિત્ત ચારિત્રમોહનીય કર્મનો ઉદય છે અર્થાત્ રાગ, દ્વેષ, મમતા, માયા, અહંકારાદિ સર્વ ચારિત્રમોહનીયકર્મોદય નિષ્પન્ન જીવના ઔદયિક ભાવો છે. ચારિત્રમોહના મૂળમાં દર્શનમોહ છે તેથી જ્યાં સુધી દર્શનમોહનીયકર્મનો સંપૂર્ણ ક્ષય થતો નથી ત્યાં સુધી ભવ્યાત્મા ચારિત્રમોહનો ક્ષય કરવાનો આરંભ પણ કરી શકતો નથી. મોહ એટલે મૂઢતા, કાર્યાકાર્યનું કે હિતાહિતનું અભાન. જે (સુખ) જ્યાં (વિષયોમાં) નથી તેને ત્યાંથી મેળવવાના ફાંફાં મારવા તે મોહ છે. દુઃખ, દર્દ, વિષાદ, ભય, સંતાપાદિ સર્વ અનિષ્ટોના મૂળમાં મોહ છે.

(ii) **ચારિત્રમોહનીયકર્મોદયે જ આત્માની જ્ઞાન–દર્શનલબ્ધિ ઉપર આવરણ કેવી રીતે ઊભું કર્યું છે તેનો વિચાર:**—દર્શનમોહનીયકર્મોદય નિમિત્તે જીવ ચારિત્રમોહનીયકર્મોદયનો ભોગ બન્યો. અને આ ચારિત્રમોહનીયના નિમિત્તે આત્માની જ્ઞાન–દર્શનલબ્ધિ કેવી રીતે આવૃત થઈ ગઈ છે તે જોઈએ. આપણે ઉપર જોઈ ગયા કે ચારિત્રમોહનીયકર્મોદય નિમિત્તે કોઈ ને કોઈ પ્રયોજન, ભાવ, ઇચ્છા આદિ પૂર્વક જીવનો ઉપયોગ પરાભિમુખ થઈ કોઈને કોઈ પરમાં રમતો હોય છે. આથી રાગી જીવનો જ્ઞાનોપયોગ જે કાળે જે જ્ઞેયવિશેષ પર કેન્દ્રિત થાય તે કાળે તેના જ્ઞાનની જાણવાની સંપૂર્ણ શક્તિ તે જ્ઞેયવિશેષમાં જ રોકાઈ જવાથી મોહભાવથી વિકાર પામેલા તેના જ્ઞાનોપયોગમાં શેષ જ્ઞેયનું જ્ઞાન વર્તતું નથી.

સંસારી જીવે તેના અનેક ભવોમાં અંતર્મુહૂર્ત પ્રમાણ એક એક ઉપયોગમાં અનેક પદાર્થોનું ક્રમપૂર્વક જ્ઞાન પ્રાપ્ત કર્યું છે. મતિ અને શ્રુતજ્ઞાની આવી રીતે મેળવેલા જ્ઞાનમાંથી માત્ર સંખ્યાતા પર્યાયોનું જ જ્ઞાન અવધારણ કરી શકે છે કારણ કે આ મતિજ્ઞાન તેમજ મતિપૂર્વક થતું શ્રુતજ્ઞાન ઇન્દ્રિયો, મન અને બુદ્ધિના આલંબન પૂર્વક જ થાય છે.— આ જ્ઞાનો પરોક્ષ છે, આત્મપ્રત્યક્ષ નથી.

આથી કોઈપણ એક કાળે મતિ અને શ્રુતજ્ઞાનીને યુગપત્ માત્ર સંખ્યાત પર્યાયોનું જ જ્ઞાન હોઈ શકે છે. વળી ક્ષાયોપશમિક હોવાથી મતિ અને શ્રુતજ્ઞાનીના ક્રમપૂર્વક પ્રાપ્ત કરેલા સંખ્યાત પર્યાયોના જ્ઞાનમાં અન્ય કાળે થતા સંખ્યાત પર્યાયોનું જ્ઞાન ગમે તેટલી વાર ઉમેરવાથી પણ આ જ્ઞાન અસંખ્યાત પર્યાયો જાણવાને કદાપિ સમર્થ થઈ શકતું નથી. અત્રે ત્રણ પ્રશ્નો ઉઠે છે :

(i) ઉત્પત્તિના પ્રથમ સમયે લબ્ધિ અપર્યાપ્ત નિગોદના જીવનું જઘન્ય શ્રુતજ્ઞાન પણ અનંતાનંત ભાવાવિભાગ પ્રતિચ્છેદો પ્રમાણ કહ્યું છે તો અત્રે મતિશ્રુતજ્ઞાન માત્ર સંખ્યાત પર્યાયોનું જ્ઞાન અવધારી શકે છે તેમ કહેવામાં વિસંવાદ નથી ?

(ii) મતિ–શ્રુતજ્ઞાન માત્ર સંખ્યાતા પર્યાયોનું જ જ્ઞાન પ્રાપ્ત કરી શકે તેથી વધુ નહિ તેમાં હેતુ શું છે ?

(iii) સંખ્યાતમાં સંખ્યાત ગમે તેટલી વાર ઉમેરવાથી પણ તે સર્વ યોગ અસંખ્યાત પ્રમાણ થાય નહિ તે કેવી રીતે ઘટે ?

આ ત્રણે પ્રશ્નોનું સમાધાન મેળવવા પ્રયત્ન કરીશું.

(i) લબ્ધિ અપર્યાપ્ત નિગોદના જઘન્ય જ્ઞાનના અવિભાગ પ્રતિચ્છેદો અનંતા અનંત છે પરંતુ તે જ્ઞાનને પર્યાયજ્ઞાન કહેવાય છે. આથી લબ્ધિ અપર્યાપ્ત નિગોદને એક જ પર્યાયનું જ્ઞાન છે. પર્યાયજ્ઞાન અને જ્ઞાનના અવિભાગ પ્રતિચ્છેદો આ બે ભિન્ન પદાર્થો છે તે ન સમજી શકવાથી ઉપરોક્ત શંકા થાય છે.

(ii) સંખ્યાતનું તો આ લક્ષણ છે. શ્રી કેવળી ભગવંતે સંખ્યાત, અસંખ્યાત અને અનંત એવા સંખ્યાના જે ત્રણ ભેદ કર્યા છે તે મતિ આદિ જ્ઞાનની વિષય-ગ્રહણ શક્તિના પ્રમાણને અનુસારે કર્યા છે. જેમકે :

જેટલા વિષયને શ્રુતજ્ઞાન ( જે મતિજ્ઞાનપૂર્વક થતું જ્ઞાન છે ) યુગપત્ ( કોઈ એક કાળે ) જાણે છે તે સંખ્યાત છે, જેટલા વિષયને અવધિજ્ઞાન યુગપત્ જાણે છે તે અસંખ્યાત છે અને જેટલા વિષયને કેવળજ્ઞાન યુગપત્ જાણે છે તે અનંત છે. ટૂંકમાં મતિ અને શ્રુતજ્ઞાનની મર્યાદા સંખ્યાતને કદાપિ આંબી ન શકે અને અવધિજ્ઞાન અસંખ્યાતને આંબી ના શકે.[1]

પાશ્ચિમાત્ય દર્શનકારો સંખ્યાતીત (infinite) રાશિના સંબંધમાં ઘણા વિકલ્પો રજુ કરતા આવ્યા છે પરંતુ અંતે સંખ્યાત (finite) અને સંખ્યાતીત ( infinite ) રાશિ સંબંધી સંતોષકારક સિદ્ધાંત સ્થાપિત કરવાનું શ્રેય પ્રખ્યાત જર્મન ફીલસુફ અને ગણિતશાસ્ત્રી જ્યોર્જ કેન્ટરને ( g. Contor 1845—1918 ) ફાળે જાય છે. સંખ્યાતીત રાશિ સંબંધી જે નિરૂપણ કેન્ટરે કર્યું છે તેનું વિશ્લેષણ કરતા ઈ. કાસીરર ( E. Cassirer ) તેના સબસ્ટન્સ એન્ડ ફંક્શન ( Substance and function ) નામના ગ્રંથમાં જણાવે છે " The Concept of the infinite seems to mark out the limits of logic and The point at which it comes in contact with another field that lies outside of its Sphere " અર્થાત્ " સંખ્યાતીત ( infinite ) રાશિ સિદ્ધાંત તર્કજ્ઞાન ( મતિજ્ઞાન ) ની પહોંચની બહારના ક્ષેત્રની સીમાને દર્શાવનાર રેખા છે જ્યાંથી પોતાના ( સંખ્યાતીત રાશિના ) એક જુદા જ ક્ષેત્રની શરૂઆત થાય છે." આનો અર્થ એ જ થાય છે કે Logic—તર્કજ્ઞાન અને અનુમાનજ્ઞાન જ મતિજ્ઞાનનો જ પ્રકાર છે. તેનું ક્ષેત્ર સંખ્યાતથી સીમિત છે. મતિજ્ઞાન અસંખ્ય પર્યાયોને સ્પર્શી શકતું નથી.

હવે આપણે ત્રીજા પ્રશ્નનો વિચાર કરીએ.

( iii ) આપણે ૧૯ મા પ્રકરણમાં વિસ્તારથી ઉત્કૃષ્ટ સંખ્યાત કેમ પ્રાપ્ત થાય તેની વિધિ આગમાનુસાર દર્શાવી છે અને ત્યાં આપણે પુરવાર કર્યું છે કે કોમ્પ્યુટરની મદદથી પણ પ્રતિસમય લાખો સંખ્યાઓને ઉમેરતા છતાં પણ અબજોના અબજો વર્ષો વીતે પણ ઉત્કૃષ્ટ સંખ્યાને પહોંચાતું નથી. પરંતુ આ પરિશ્રમ લીધા વિના જ ઉપર દર્શાવેલા સિદ્ધાંતથી અર્થાત્ મતિજ્ઞાન અસંખ્યાત પર્યાયોનું જ્ઞાન ધારણ કરવાને

---

૧. આ સંબંધમાં આધુનિક ગણિતમાં એક અગત્યનો સિદ્ધાંત છે જેને મેથેમેટીકલ ઇન્ડકશન કહેવાય છે. આ સિદ્ધાંત અન્ય રીતે આ જ સિદ્ધ કરે છે કે માનસ જ્ઞાન સંખ્યાત પર્યાયોને જ જાણી શકે છે. આ સિદ્ધાંત જેટલો સાદો છે તેટલો જ ગહન છે.

અશક્તિમાન છે તે સિદ્ધાંતથી જ આ ત્રીજો પ્રશ્ન પણ ઉકલી જાય છે. સંખ્યાતમાં સંખ્યાત ઉમેરવાની જે પ્રક્રિયા છે તે ગણુત્રિ કરવાની પ્રક્રિયા છે અને તે મતિજ્ઞાનની જ પ્રવૃત્તિ છે તેથી તે ગણુત્રિથી પણ અસંખ્યાતને કેવી રીતે પહોંચી શકે ? અર્થાત્ ન જ પહોંચી શકે.

બીજું અત્રે ખાસ નોંધવાનું છે કે મતિ તેમજ શ્રુતજ્ઞાન પરોક્ષ જ્ઞાન છે. આ જ્ઞાન ઇન્દ્રિયો, મન અને બુદ્ધિ એ ત્રણ પૌદ્ગલિક સાધનના આલંબન વિના થતું નથી. આ સાધનો જ એવા છે કે જે આ જ્ઞાનને સંખ્યાતની ઉપર જવા દેતું નથી. આ સાધનોના આલંબનથી થતી આ જ્ઞાનપ્રક્રિયા નિમ્નવિધાનમાં સ્પષ્ટ ઉપસી આવે છે.

ઇન્દ્રિયોના માધ્યમથી અનુભવેલા અને મનપૂર્વક જાણેલા સંખ્યાત પર્યાયોથી વધુ પર્યાયોનું અવધારણ તેમજ સ્મરણ કરવાને અશક્તિમાન એવા મનના આલંબનથી ઉત્પન્ન થયેલું હોવાથી, તેમજ સ્મરણમાં આવતા આ સંખ્યાત પર્યાયોના આધારે બુદ્ધિના આલંબન પૂર્વક થતું પ્રત્યભિજ્ઞાન (conception) તર્ક (Induction) અને અનુમાન-જ્ઞાન (Deduction) સંખ્યાત પર્યાયોથી સીમિત છે. ધારણા, સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, તર્ક અને અનુમાન આ સર્વ મતિજ્ઞાનના જ ક્રમપ્રાપ્ત અર્થપર્યાયો છે.

આથી આપણે એ તો પુરવાર કર્યું કે મતિ અને શ્રુતજ્ઞાનથી સંપૂર્ણ અને અનંતાનંત પર્યાય પ્રમાણ કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. પરંતુ અવધિજ્ઞાન તો યુગપત્ અસંખ્યાત પર્યાયો જાણી શકે છે અને દેવોને તો આ જ્ઞાન ભવપ્રત્યય છે અર્થાત દેવોને તો આ જ્ઞાન ભવસંબંધથી જ હોય છે અને વળી તેઓનું આયુ પણ અસંખ્યાત વર્ષોનું હોય છે. તો શું તેમનું જ્ઞાન કેવળજ્ઞાનને પહોંચી ના શકે? ના, અવધિજ્ઞાન ઇન્દ્રિયો અને મનના આલંબન રહિત જ્ઞાન છે છતાં પણ તે ક્ષાયોપશમિક હોવાથી ક્રમથી થાય છે અને તે અપૂર્ણ છે. અપૂર્ણમાં અપૂર્ણ ગમે તેટલી વાર ઉમેરવા છતાં પણ સંપૂર્ણ થઈ શકતું નથી. કેવળજ્ઞાન સંપૂર્ણજ્ઞાન છે, અનંતાનંત પર્યાયોને યુગપત્ જાણવાવાળું આ જ્ઞાન છે. જેવી રીતે સંખ્યાત પર્યાયો પ્રમાણ મતિજ્ઞાન (તેમજ શ્રુતજ્ઞાન) કદાપિ અસંખ્યાતને પહોંચી શકતું નથી તેવી જ રીતે અસંખ્યાત પર્યાયો પ્રમાણ અવધિજ્ઞાન પણ કદાપિ અનંત પર્યાયોને જાણવાને શક્તિશાળી બનતું નથી. જે પ્રમાણે અનંતા અનંત દેવોનું ક્ષાયોપશમિક સમગ્ર સુખ સિદ્ધ ભગવંતના એક સમયમાત્ર ભોગવાતા ક્ષાયિક સુખના અનંતમા ભાગે જ પ્રાપ્ત થાય છે તેવી જ રીતે અનંતાનંત દેવોનું ક્ષાયોપશમિક સમગ્ર જ્ઞાન પણ સિદ્ધભગવંતના ક્ષાયિક જ્ઞાનના અનંતમા ભાગનું જ પ્રાપ્ત થાય છે. શ્રી સિદ્ધભગવંતના આનંદ અને જ્ઞાનનું ભાવપ્રમાણ સમાન છે. આ રીતે આપણે સિદ્ધ કર્યું કે ગમે તેટલા ક્ષાયોપશમિક જ્ઞાનનો યોગ કેવળજ્ઞાનના અનંતમા ભાગે જ હોય છે.

અત્રે એક સ્પષ્ટતા કરવી જોઈએ. આપણે ઉપર જેનો ઉલ્લેખ કર્યો તે જર્મન ગણિતજ્ઞાનાધિક કેન્ટરનું જ્ઞાન ક્ષાયોપશમિક છે તેથી તે કેવળજ્ઞાનની તોલે ન જ આવે

તે સ્વાભાવિક છે. આમ છતાં પણ કેવળજ્ઞાનનો અંશ હોવાથી મતિજ્ઞાન પણ પરિમિત આગમિક પદાર્થોને પામી ન શકે તેમ તો ન જ કહેવાય. તેને જે સંખ્યાત, અસંખ્યાત, અનંતાદિ રાશિની તેની વિલક્ષણ બુદ્ધિથી જે રીતે પ્રરૂપણા કરી છે તે આપણને શ્રી કેવળી ભગવંતોએ ૨૧ પ્રકારની સંખ્યાનું જે વિજ્ઞાન આપ્યું તે સમજવામાં ઘણી જ મદદ કરી શકે છે. આપણા આગમગણિતને તેની પ્રરૂપણા સર્વ રીતે અનુકૂળ ન હોવા છતાં પણ તેમાં ઘણું જ સામ્ય છે અને તે જ અગત્યનું છે. તેને સંખ્યાતીત રાશિઓની રચના ગણિતના પદાર્થોના આલંબનથી કરી છે. આવી રાશિઓ જગતમાં અસ્તિત્વ ધરાવે છે કે નહિ તેનો નિર્ણય તેણે કર્યો નથી અને તે કરી શકે તેવો તેનો દાવો પણ નથી કારણ કે અસંખ્ય અને અનંત રાશિઓ કઈ છે અને તેમાં મોટી નાની કઈ છે તે પ્રતિપાદન તેણે કર્યું નથી છતાં પણ વિકલ્પનાઓથી આવી રાશિઓની તેણે રચના કરી છે અને તેમાં અલ્પ–બહુત્વની પણ પ્રરૂપણા કરી છે. આપણે જેને અક્ષય અનંત કહીએ છીએ તેવી તેણે પણ જઘન્ય અક્ષય અનંત રાશિની રચના કરીને બૌદ્ધિકસ્તરે પુરવાર કર્યું છે કે એવી રાશિઓ પણ ગણિતના ઘટકોથી રચી શકાય છે કે જે આય રહિત હોવા છતાં અને વળી તેમાંથી નિરંતર હાની થતી હોવા છતાં પણ કદાપિ તે રાશિ ખાલી થતી નથી. આપણે તો માત્ર આગમપ્રમાણથી જ જાણીએ છીએ કે ભવ્યજીવરાશિમાં વૃદ્ધિ થતી નથી અને પ્રતિ છ માસ તેમાંથી શતપૃથક્ત્વ પ્રમાણ અર્થાત્ ૨૦૦ થી ૯૦૦ જીવો મોક્ષ પ્રાપ્ત કરે છે અને તેટલા પ્રમાણમાં ભવ્ય રાશિની હાની થતી જાય છે છતાં પણ આ સંસાર ભવ્યજીવથી કદાપિ રહિત નહિ થાય એટલું જ નહિ પરંતુ તે હંમેશા અક્ષય અનંત પ્રમાણ જ રહે છે. આ વિધાનને બૌદ્ધિકસ્તરે અર્થાત્ તર્ક અને અનુમાનથી પુરવાર કરી શકાય છે તે કેન્ટરે સિદ્ધ કરી આપ્યું છે. આથી આપણે તેના ઋણિ છીએ.

વિશ્વના સમગ્ર દ્રવ્યોના ત્રણે કાળના પર્યાયોનું યુગપત્ જ્ઞાન સંપૂર્ણ, અખંડ જ્ઞાનઘન છે અને તે કેવળજ્ઞાન છે. દરેક જીવમાં સત્તારૂપે આ જ્ઞાન રહેલું છે. પરંતુ સંસારી રાગી જીવે પોતાના જ્ઞાનોપયોગને ચારિત્રમોહનીયકર્મની આધીનતાએ પરિમિત જ્ઞેયમાં રોકી રહ્યો છે જેથી શેષ જ્ઞેયના જ્ઞાનથી વંચિત થઈ અજ્ઞાન બની ગયો છે. જ્ઞાન આત્માનો સ્વભાવ છે અને અજ્ઞાન વિભાવ છે. આ અજ્ઞાનસ્વરૂપ વિભાવ દશામાં નિમિત્તભૂત કર્મને જ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે. આથી આપણો ચારિત્રમોહનીય-કર્મોદય આપણી જ્ઞાનલબ્ધિના અનંતબહુભાગ પર આવરણ ઊભું કરવામાં કારણભૂત ઠરે છે. આવી જ રીતે આત્માની દર્શનલબ્ધિ પર આવરણ ઊભું કરવામાં પણ ચારિત્રમોહનીય કર્મોદય જ નિમિત્ત છે.

આપણા ચેતનોપયોગમાં મોહ અને અન્ય ઘાતી કર્મોનું ઉપાર્જન કરવાની શક્તિ છે તેમ તેમાં મોહ અને અન્ય ઘાતી કર્મોનો નાશ કરવાની શક્તિ પણ છે. આપણી તે

શક્તિને પુદ્ગલાર્પણ કરશું તો તે મોહ અને અન્યઘાતીકર્મોના ઉપાર્જનમાં હેતુ બનશે અને તે જ શક્તિ જો આત્માને સમર્પણ કરશું. તો તે મોહ અને અન્ય ઘાતી કર્મોના નાશમાં હેતુ બનશે.

અનાદિ કાળથી ચૈતન્યસ્વરૂપ આત્માએ પોતાની જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ. અને વીર્ય એ પાંચે લબ્ધિઓ જડ સ્વરૂપ પરને—પુદ્ગલને પદાર્પણ કરી પરનો ભક્ત બની સ્વથી વિભક્ત થયો. સ્વ અર્થાત્ આત્મા પરમાં લીન થઈ ગયો. સ્વ પર બની ગયો, ભેદ અભેદરૂપ થઈ ગયો. સ્વના સંસારના બીજ રોપાઈ ગયા. મિથ્યાત્વમોહનીય કર્મે ચેતનાની દૃષ્ટિને જડતાની ભાત વડે નીતરી નાખી. ચેતનાની દૃષ્ટિ મૂઢ થઈ ગઈ. સ્વભાવથી સમ્યગ્દૃષ્ટા મિથ્યાદૃષ્ટિ બની ગયો. પોતાના જ સ્વરૂપાચરણમાં રહેલ અનંત સુખની આ મિથ્યાદૃષ્ટિએ પરમાં પૌદ્ગલિક વિષયોમાં ભ્રાંતિ કરી પોતાની ચારિત્રલબ્ધિને પણ પરમાં પરોવી દીધી અને પરના સંબંધે ચારિત્રલબ્ધિ અર્થાત્ ચેતનોપયોગની ચર્યા પરમાં ચરતી થઈ અને પરે (સ્વથી ભિન્ન છે તે પરે) તે લબ્ધિનો ઘાત કર્યો. તે આઘાતથી ચારિત્ર મોહિત થઈ ગયું-મૂર્છિત થઈ ગયું-વિકૃત થઈ ગયું. તે ઘાતક પરને ચારિત્રમોહનીયકર્મની સંજ્ઞા પ્રાપ્ત થઈ. પર એટલે સ્વ (આત્મા) થી ભિન્ન. આકાશ, ધર્મ, અધર્મ અને પુદ્ગલ આ સર્વ દ્રવ્યો આત્માથી ભિન્ન છે પરંતુ અરૂપાં હોવાથી આકાશાદિ જીવના ભોગ ઉપભોગાદિમાં કામ નથી આવતા. આત્માએ જે પર સાથે સંબંધ કર્યો તે માત્ર પુદ્ગલ છે. પુદ્ગલમાં જ આત્માને કર્તા-ભોક્તા ભાવ થાય છે. તેથી ચાલુ સંદર્ભમાં આત્માથી પર એટલે માત્ર પુદ્ગલ જ સમજવું. આ રીતે ચારિત્રમોહનીયકર્મના ઉપાર્જનમાં મિથ્યાત્વમોહનીય નિમિત્ત બન્યું અને ચારિત્રમોહના નિમિત્તે તપલબ્ધિ પણ પુદ્ગલાર્પણ થઈ ગઈ.

આ ચારિત્રમોહે જ ચેતનની તપલબ્ધિને ઇચ્છાસ્વરૂપ તંતુ વડે પર સાથે બાંધીને વિકૃત કરી નાખી છે જેથી સ્વભાવે સંતૃપ્ત ઉપયોગ પરની ઇચ્છામાં સંતપ્ત બન્યો, ઇચ્છાના તાપમાં તપતો થઈ ગયો. જે ચેતનોપયોગમાં અર્થમાત્રનું જ્ઞાન અને દર્શન તાદાત્મ્ય ભાવે રહેલું છે તે જ જ્ઞાન અને દર્શન લબ્ધિવંત ચેતન જ્યારે ચારિત્રમોહનીય કર્મજન્ય પર પ્રતિ રાગ, દ્વેષ, કર્તા, ભોક્તા આદિ મોહભાવોથી લિપ્ત તેની સમગ્ર જ્ઞાન-દર્શનોપયોગ લબ્ધિ જ્ઞેય અને દૃષ્ટ અર્થ વિશેષમાં રોકી નાખે છે ત્યારે તે અર્થ-વિશેષ સિવાય અન્ય સર્વ અર્થના જ્ઞાન અને દર્શન પર આવરણ ઉત્પન્ન થાય છે અને તે આવારક ઘાતી કર્મોને જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મો કહેવાય છે જેના ઉપાર્જનમાં ચારિત્રમોહનીય કર્મની નિમિત્તતા સ્પષ્ટ દૃષ્ટિ ગોચર થાય છે. જીવ અનાદિ કાળથી મોહવશ પોતાના ઉપયોગને પરમાં જ રોકી રહ્યો છે જેથી તેની પોતાની મોહદશા જ જ્ઞાનાદિ લબ્ધિઓના ઘાતનું નિમિત્ત બની છે.

**(iii) અંતરાયકર્મના ઉપાર્જનમાં ચારિત્રમોહનીયકર્મની નિમિત્તતા :** પરની ઈચ્છાના તાપમાં સંતપ્ત થયેલા મોહાંધ આત્માએ પોતાની વીર્યલબ્ધિને પરપ્રાપ્તિના પ્રયત્નમાં જોડીને ઘાતીકર્મોના ઘાતનું નિશાન બનાવી. વીર્યલબ્ધિનો મહદંશે ઘાત થયો; આ ઘાતમાંથી બચેલું રહ્યું સહ્યું પ્રગટ વીર્ય અર્થાત્ ચૈતન્યશક્તિનો પ્રવાહ ઘાતી અંતરાયકર્મજન્ય અનેક પ્રકારના અંતરાયો થકી અંતરિત થતો છતો ઊર્ધ્વમુખિ હાની વૃદ્ધિના તેમજ દિશ-દિશાંતરના એકાંતર ક્રમે વહ્યે જાય છે. વળી આ વીર્યલબ્ધિની અનુષંગી લાભ, ભોગ, ઉપભોગ અને દાન એ સર્વ લબ્ધિઓનો સંબંધ પર સાથે હોઈને અંતરાયકર્મથી અંતરિત થતી જ રહે છે. ચારિત્રમોહાંધને લાભ પણ પરનો, ભોગોપભોપ પણ પરનો ખપે છે અને દાનલબ્ધિમાં દાતા સ્વ છે પણ દત્ત (દાનમાં દીધેલું) પર છે અને દાનનું પાત્ર સજાતીય પણ પર છે. આ રીતે ચેતનાની સર્વ લબ્ધિઓ પરમાં જ પરોવાઈ ગઈ છે અને ચેતને પોતાના સંસારનું ઉપાર્જન કર્યું છે અને આ કાર્યમાં પ્રધાનપણે મિથ્યાત્વમોહનીયકર્મ નિમિત્ત છે. અન્ય સર્વ કર્મોનું આ બીજ છે. આપ કહેશો કે કર્મ તો જડ પદાર્થ છે, તે ચેતનના ભાવોમાં વિકાર કેવી રીતે કરી શકે? આનું સમાધાન એ છે કે કર્મ જડ નથી પરંતુ સચિતસ્કંધ છે. આ વિધાન પ્રથમ દૃષ્ટિથી વિચિત્ર લાગે તેવું છે પરંતુ વસ્તુસ્થિતિ એવી છે કે પુદ્‌ગલના અનેક પ્રકારના સ્કંધો હોય છે તેમાં એક પ્રકારના સ્કંધને કાર્મણસ્કંધ કહેવાય છે. આ સ્કંધ તો બીલકુલ જડ છે પરંતુ જ્યારે આ સ્કંધ ચેતનદ્રવ્યના પ્રદેશો સાથે એક વિલક્ષણ પ્રકારના અતિ ગાઢ સંશ્લેષ સંબંધથી એકીભૂત થઈ જાય છે ત્યારે તેમાં ચેતનદ્રવ્યમાં રહેલી ચૈતન્યશક્તિનો એવો તો ઘેરો પટ લાગી જાય છે કે ચેતનાના પ્રદેશો તેમજ તે ચેતનપ્રદેશોમાં તાદાત્મ્ય સંબંધથી રહેલા તેના ગુણ પર્યાયો અર્થાત્ ચેતનોપયોગ પર ઘેરી અસર કરવાને શક્તિમાન બને છે અને આ જ સંશ્લેષ સંબંધના બીજા સંબંધી ચેતન દ્રવ્ય પર પણ પુદ્‌ગલની જડતાનો પણ એવો તો ઘેરો પટ લાગી જાય છે કે પોતે પોતાના જ સ્વરૂપ સંબંધમાં ભ્રાંત યાને મોહદશાને પ્રાપ્ત કરે છે અને આ મોહદશા તેની સર્વ લબ્ધિઓના ઘાતમાં અંત્ય નિમિત્ત બને છે તેથી મોહનીયકર્મને કર્મનો રાજા કહેવામાં આવે છે. જીવને સંસારમાં જકડી રાખવામાં મોહનીયકર્મ મુખ્ય ભાગ ભજવે છે પરંતુ *વ્યવહારરાશિમાં આવ્યા પછી પણ તેને પ્રાયઃ અસંખ્ય પુદ્‌ગલપરાવર્તન કાળ પર્યંત સંસારમાં

* અનંતાનંત-સિદ્ધ રાશિથી પણ અનંતગુણા જીવોનું જે સાધારણ એક ઔદારિક શરીર છે તે નિગોદ કહેવાય છે અને તેમાં રહેતા સાધારણ વનસ્પતિકાયને પણ નિગોદ કહેવાય છે. નિગોદના બે ભેદ છે-બાદર અને સૂક્ષ્મ નિગોદ. હરેક સંસારી જીવ અનાદિકાળથી સૂક્ષ્મ નિગોદ સ્વરૂપે પ્રાપ્ત થાય છે. અને જ્યાં સુધી આ જીવો નિગોદમાંથી નીકળીને પ્રત્યેક એકેન્દ્રિય, બેઈન્દ્રિયાદિ ત્રસકાયપણું પ્રાપ્ત કરે નહિ ત્યાં સુધી તે અવ્યવહારરાશિના જીવો કહેવાય છે. એક એક જીવ મોક્ષે જતા એક એક અવ્યવહારરાશિનો જીવ તેની અનાદિ સૂક્ષ્મ નિગોદ પર્યાયને છોડી વ્યવહારરાશિમાં આવે છે.

જકડી રાખવામાં જીવે ગ્રહણ કરેલો પુદ્ગલનો "રૂપી" સ્વભાવ જે અગત્યનો ભાગ ભજવે છે તે પ્રતિ આપણું લક્ષ ગયું નથી. અત્રે "રૂપી" સ્વભાવ એટલે નામકર્મના સંબંધથી પ્રાપ્ત થયેલું રૂપીપણું નથી સમજવાનું પરંતુ રૂપી દ્રવ્યોનું અત્યંત વિલક્ષણ જે રૂપ–રૂપાંતરગમન સ્વરૂપ પરિણમન છે તે સમજવાનું છે. રૂપી દ્રવ્યોની પરિણમન ક્રિયા અત્યંત વિલક્ષણ છે, અને આ પૂર્વે તે સંબંધમાં ઘણું કહેવાઈ ગયું હોવા છતાં પણ અત્રે તેની માત્ર યાદ આપીએ.

(i) પુદ્ગલના ક્ષેત્રસ્થાનાન્તર પરિણમનનો કદાપિ હંમેશ માટે અભાવ થતો નથી. પુદ્ગલ પરમાણુ કોઈ એક આકાશપ્રદેશમાં સ્થિરતા ધારણ કરે તો તે વધુમાં વધુ પણ અસંખ્ય કાળથી વધુ નથી હોતી. ટૂંકમાં પુદ્ગલના ક્ષેત્રસ્થાનાન્તર સ્વરૂપ પરિણમનનો કદાપિ અંત આવતો નથી. સંસારી જીવને પણ પુદ્ગલ સંબંધથી આ સ્વભાવ પ્રાપ્ત થયો છે અને તેમાં આયુકર્મ નિમિત્ત છે.

(ii) પરાવર્તન પરિણમન સંબંધમાં આપણે પૃ. ૮૭, ૩૮મા ફકરામાં વિગતવાર વિવેચન કર્યું છે.

(iii) ક્રમસમ્મુચ્ચય સ્વરૂપ પરિણમન : પૃ. ૪૮ ફકરો ૨૪–iii આ તેમજ અરૂપીના સમસમુચ્ચય પરિણામની વિસ્તારપૂર્વક ચર્ચા કરી છે.

આ ત્રણે પ્રકારનું રૂપીની જાતનું પૌદ્ગલિક પરિણમન સંસારી જીવને વળગ્યું છે જેના કારણે ૮૪ લાખ યોનીમાં, ૧૪ જીવસ્થાનોમાં અને ૧૪ માર્ગણાસ્થાનોમાં પરિભ્રમણ કરતો થકો, આ જીવ અનંતાનંત પ્રકારની વિષમતાઓ, વિકળતાઓ, અપૂર્ણતાઓ, તેમજ આધિ* વ્યાધિ અને ઉપાધિ એ ત્રણે સ્વરૂપ અનંત દુઃખોને પ્રાપ્ત કરતો થકો પરાવર્તનસ્વરૂપ સંસારમાં સંચાર કરે છે.

અઘાતીકર્મો પણ ઘાતીકર્મોને આધીન છે. ઘાતીના નાશે અઘાતી કર્મોનું ઉપાર્જન બંધ થાય છે. પૂર્વોપાર્જિત કર્મો તેમની સ્થિતિ ક્ષયે નાશ થાય છે.

પુદ્ગલનું પરિભ્રમણ સ્વરૂપ જીવને પ્રદાન કરનાર આયુકર્મ છે. પરિભ્રમણ કરવા

---

વ્યવહારરાશિમાં આવ્યા પછી જ તે ચારે ગતિ, પાંચે જાતિ ઈત્યાદિ ભિન્ન ભિન્ન ભવો પ્રાપ્ત કરે છે. મારા ગુરુ પંન્યાસપ્રવર જયઘોષવિજયજીએ કહેલું કે આચાર્ય પ્રેમસૂરિ બાપજી કહેતા હતા કે વ્યવહારરાશિમાં આવ્યા પછી પણ મોટાભાગના જીવો આવલિના અસંખ્યાતમા ભાગપ્રમાણ યાને મધ્ય મપરિત્ત અસંખ્ય પુદ્ગલપરાવર્તનકાળ ભવ્યાત્મા સંસારમાં રખડયા પછી મોક્ષલાભ પ્રાપ્ત કરે છે.

* આધિ એટલે માનસિક પીડા. શારીરિક પીડા વ્યાધિ છે અને બાહ્ય નિમિત્તોથી જે દુઃખ પ્રાપ્ત થાય છે તે ઉપાધિ છે. પોતાના ધનની ચોરી, આગ, દુકાળ આદિ ઉપાધિઓ છે. આધિના નિમિત્તો પ્રાપ્ત થાય તો પણ સમાધિમાં રહેવું તે સાધના માર્ગ છે. વ્યાધિ અને ઉપાધિ પર મહદંશે આપણો કાબુ નથી પરંતુ તે આધિમાં ન પરિણમે તે જ જોવાનું છે. સાધક હરકોઈ પ્રકારના દુઃખમાં તેમજ સુખમાં સમાધિમાં રહે છે.

ભિન્ન ભિન્ન ગતિ અને તદનુરૂપ શરીર, અંગ, ઉપાંગાદિની પ્રાપ્તિમાં નામકર્મ કારણ છે. પૌદ્‌ગલિક શરીર મળ્યું તેથી બાધ્ય બાધકભાવની પણ પ્રાપ્તિ થઈ અને તેમાં વેદનીય નિમિત્ત છે. વળી પુદ્‌ગલરાશિમાં જે તિર્યગ્‌મુખિ વિષમતા છે તે જીવને મળી તેથી જીવ જીવમાં પણ ઊંચનીચના ભેદ થયા અને તેમાં કારણ ગોત્રકર્મ છે.

અત્રે આપણે ઘાતી કર્મોમાં કાર્યકારણ ભાવ ઘટાવ્યો છે તેથી એમ નથી સમજવાનું કે સૌ પ્રથમ મિથ્યાત્વમોહનીય ઉત્પન્ન થયું અને તેના કારણે ચારિત્રમોહનીય અને પછી આવરણાદિ ઘાતીકર્મો ઉત્પન્ન થયા. આ સર્વ કર્મો જીવ અનાદિકાળથી વેદતો આવ્યો છે અને બાંધતો આવ્યો છે. આમ છતાં પણ આ બધા કર્મો અન્યોન્ય કેવી રીતે સંકળાયેલા છે તે દર્શાવવા આપણે તે સર્વમાં કાર્યકારણ ભાવ ઘટાવ્યો છે. વળી આ પ્રમાણે જે અર્થઘટન કર્યું છે તે સાર્થક છે કારણ કે કર્મના નાશમાં પણ જે ક્રમ છે તે આ જ દર્શાવે છે. મિથ્યાત્વમોહનીયકર્મ જેનો ભેદ છે તે દર્શનમોહનીય સર્વ કર્મોનું મૂળ હોવાથી પ્રથમ આ મૂળનો ક્ષય થાય છે. આ પછી ચારિત્રમોહનો નાશ થાય છે કારણ કે તેના ઉપાર્જનમાં દર્શનમોહ નિમિત્ત હતું. છેલ્લે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મોનો યુગપત્ નાશ થાય છે કારણ કે તે ત્રણેનો આધાર ચારિત્રમોહ જ છે અને આધારના નાશે આ ત્રણે આધેયનો એક સાથે નાશ થાય છે. વળી ઘાતીના આધારે અઘાતીકર્મો ટકેલા હતા તેથી ઘાતીના નાશ પછી અઘાતીકર્મોનો બંધ વિચ્છેદ થઈ જાય છે અને પૂર્વોપાર્જિત અઘાતી તેની સ્થિતિપૂર્ણ થયે નિર્જરી જાય છે. કર્મોના ક્ષયનો આ ક્રમ નિરપવાદ છે. તેમાં કોઈ અચ્છેરૂ પ્રાપ્ત થાય નહિ. મુક્ત થયેલા સર્વ જીવોએ આ જ ક્રમથી કર્મોનો ક્ષય કરી મુક્તિ પ્રાપ્ત કરી છે. ભાવિમાં પણ જે આત્મા મુક્ત થશે તે પણ આ જ ક્રમથી કર્મોનો ક્ષય કરશે. એમ તો કહેશો જ નહિ કે ઘાતીના નાશે પણ યોગ નિમિત્તક સાતાવેદનીયનો બંધ થાય છે. કષાય રહિત યોગ બંધમાં કારણ નથી. જે બંધમાં સ્થિતિ કે રસ નથી તે બંધાય છે તેમ કહેવાય જ નહિ. યોગ આસ્રવમાં કારણ છે, નહિ કે બંધમાં. યોગથી આસ્રવ થાય છે અને આસ્રવિત કર્મોનો બંધ તો કષાયથી થાય છે. આમ છતાં પણ યોગને બંધહેતુમાં ગણવામાં આવે છે કારણ કે આસ્રવપૂર્વક જ બંધ થાય છે અને યોગ વિના આસ્રવ થાય નહિ તેથી યોગને બંધમાં કારણ કહેલું છે. ઘાતીના નાશે ચારે અઘાતીનો યુગપત નાશ થાય છે કારણ કે ચારે ઉપજીવી ગુણોમાંથી સર્વનો ઘાત ન થતા માત્ર નામકર્મના નાશે અરૂપીપણું પ્રગટતું નથી. આયુકર્મ નિમિત્ત પરિભ્રમણ. વેદનીયનિમિત્ત વ્યાબાધાત્વ અને ગોત્રકર્મનિમિત્ત તિર્યગ્‌મુખિ વિષમતા છતાં અરૂપીપણું ઘટે નહિ તેથી અરૂપી સ્વરૂપની પ્રાપ્તિ ચારેના યુગપત્ ક્ષયથી જ પ્રગટે છે.

અરૂપી ચેતન સ્વ છે. રૂપી પુદ્‌ગલ પર છે. સ્વ અને પર, અરૂપી અને રૂપી ચેતન અને જડ આ વિલક્ષણ વસ્તુઓના સ્વરૂપ વચ્ચે વિરાટ અંતર છે.

જ્યાં પહોંચ્યા પછી કોઈ પાછું આવતું નથી તે સ્વ છે અને જ્યાં કોઈ સ્થિર

થઈ શકતો નથી તે પર છે. અરૂપી ચેતનાના સર્વ અનિષ્ટો—તાપ, સંતાપ અને તરસ; દુઃખ, દર્દ અને દરિદ્રતા; જન્મ, જરા ને મૃત્યુ; શોક, ભોગ અને રોગ; હસવું અને રડવું; મેળવવું ને ગુમાવવું; મોહ, માયા અને મમતા; ભય અને ચિંતા આ સર્વ પર સંબંધે છે, અરૂપી પર રૂપીની ભાત છે.

પરંતુ આ રૂપીની ભાત નીચે દબાયેલું અરૂપી ચેતનસ્વરૂપ કેવું છે? તેને આનંદ શેનો છે? આના જવાબમાં ચેતનના વિધેયાત્મક સ્વરૂપદર્શક કોઈ શબ્દ મળતો નથી. અને મળે પણ કેવી રીતે? આપણા કોઈપણ અનુભવ સાથે સરખાવી શકાય તેવું ત્યાં કંઈ જ નથી. આથી આપણે તેનું માત્ર નિષેધાત્મક સ્વરૂપ જ કહી શકીએ છીએ. તે અરૂપી અને અનામી છેઃ નિરંજન અને નિરાકાર છે; અમૂર્ત અને અગમ્ય છે; અકાળ અને અકળ છે, અલખ અને અપાર છે; ત્યાં દુઃખ, દર્દ, દરિદ્રતા નથી; જન્મ, જરા અને મૃત્યુ નથી. તેના આનંદનું સ્વરૂપ કેવું છે? આ સ્વરૂપ પણ નિષેધાત્મક વિશેષણોથી દર્શાવીએ છીએ. તે આનંદ અતીન્દ્રિય, અવ્યાબાધ, અવિનાશિ, અનંત, કલ્પનાતીત, અગાધ અને અનિર્વચનીય છે.

આપણી શુદ્ધ અરૂપી ચેતનાની ઝાંખી બુદ્ધિ કરી શકતી નથી. બુદ્ધિપારનું નિગૂઢ મહામૌન જ આ ચેતનાની ઝાંખી કરી શકે છે.

અનાદિકાળથી ચેતને પોતાની જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય એ પાંચે પાંચ લબ્ધિઓ પરમાં જ હોમી દીધી છે. સ્વરૂપાચારથી વિમુખ થઈ પરાચારનું સેવન કરતી થઈ ગઈ છે. પરાચારમાં પ્રાપ્ત થતા એકાદ ભવના ક્ષણિક વિષયસુખ માટે નરક અને તિર્યંચના અનંત દુઃખો ભોગવવા આ પરપરસ્ત ચેતના તૈયાર છે પરંતુ દુઃખના લેશ રહિત શાશ્વત અને સ્વાધીન પરમાનંદને ભોગવવા એક ભવ પણ પરાચારનો ત્યાગ કરી શ્રી જિન ઉપદિષ્ટ પંચાચારનું પાલન કરવાની તેની તૈયારી નથી તે કેવી વિચિત્રતા છે?

હે જિનેશ્વર દેવ! તેં મને ઘણું ઘણું આપ્યું. ઉત્તમ એવી કર્મભૂમિમાં, ઉચ્ચકુળમાં, પાંચે ઇન્દ્રિયો અને મન સહિત મનુષ્યપણું આપ્યું. ઉત્તમ ચિંતામણીરત્નથી પણ મહામૂલ્યવાન પંચાચારસ્વરૂપ ધર્મ આપ્યો. તારા આપેલા માર્ગની પહેછાન કરવાની બુદ્ધિ આપી. ઉત્તમ ગુરુઓનો લાભ આપ્યો. અને તે પાપભિરૂતા પણ બક્ષી. પરંતુ આ સર્વ છતાં પણ હું તો હતો તેવો જ નિર્ધન રહ્યો. એક માત્ર ન આપી ભવભિરૂતા. આ એક જ વસ્તુ મને આપે તો જ અન્ય મેળવેલું સાર્થક થાય. તો હવે મને એક ભયભિરૂતા કયારે આપીશ?

—•—

# પરિશિષ્ટ

**૪૫. સંજ્ઞા :** સંજ્ઞા જ્ઞાનનો જ પર્યાય છે તેથી જીવમાત્રમાં સંજ્ઞા છે. આમ છતાં પણ સર્વ સંસારી જીવોને સંજ્ઞિ કહેવાતા નથી. જે સંસારી જીવોને મન હોય તેઓ જ સંજ્ઞિ કહેવાય છે. અત્રે આપણે બે પ્રકારના સંજ્ઞિ અને બે પ્રકારના અસંજ્ઞિ જીવોની સંજ્ઞાનું સ્વરૂપ વર્ણવીશું.

(i) **ઓઘસંજ્ઞા :** સ્થાવર અર્થાત્ એકેન્દ્રિય જીવોની અવ્યક્ત ઉપયોગરૂપ સામાન્ય પ્રવૃત્તિ ઓઘસંજ્ઞા છે. વેલડીઓ આગળ–પાછળનો માર્ગ છોડીને જ્યાં વૃક્ષાદિ હોય છે તે તરફ જઈને તેમના પર વૃદ્ધિ પામે છે તે ઓઘસંજ્ઞાનું દષ્ટાંત છે. વૃક્ષના મૂળોનું પાણીની શોધમાં ઊંડા ને ઊંડા ઉતરવું, પથ્થરાદિનો અંતરાય આવ્યે દિશાંતર કરવું ઈત્યાદિ ઓઘસંજ્ઞાથી થતી સ્થાવર જીવોની પ્રવૃત્તિ છે.

(ii) **હેતુવાદોપદેશિકી સંજ્ઞા :** વર્તમાનમાં પ્રાપ્ત અનિષ્ટ અર્થથી નિવૃત્તિ અને ઈષ્ટ અર્થમાં પ્રવૃત્તિ કરવા જેટલું અલ્પ વિજ્ઞાન હેતુવાદોપદેશિકી સંજ્ઞા છે. બેઈન્દ્રિયાદિ સર્વ સંમૂર્ચ્છિમ જીવોને આ સંજ્ઞા ક્રમાનુસાર અધિક અધિક વિકસિત હોય છે. આ સંજ્ઞા માત્ર વર્તમાન કાળ સંબંધિ હોય છે કારણ કે આ જીવોને પણ મન નથી અને મન વિના જાણેલા અર્થની ધારણા (યાદ) થાય નહિ અને ધારણા વિના ભૂતની સ્મૃતિ પણ ન થાય. સ્મૃતિ ન થાય તો પ્રત્યભિજ્ઞાન, તર્ક અને અનુમાન પણ ન થાય જેથી ભાવિ વિષે પણ જ્ઞાન ન થાય. પરિમિત પણ ત્રણે કાળનું જ્ઞાન મન વિના થાય નહિ. પોતે જ્યાં સ્થિત હોય ત્યાં કોઈ અનિષ્ટની પ્રાપ્તિ થાય તો તે અનિષ્ટથી બચવા તે સ્થાન ત્યજી અન્ય સ્થાને જાય. જેમ કે પોતાના સ્થાનમાં તડકો આવે અને તે તડકો તેને ઈષ્ટ ન હોય તો તાપથી ત્રસ્ત જીવ ત્યાંથી ખસીને છાયા હોય ત્યાં જઈ સ્થિર થાય છે. આ સંજ્ઞામાં માત્ર વર્તમાનનું વિજ્ઞાન છે તેનું અવલોકન ઘણાંએ કર્યું હશે. પારદર્શક કાચવાળી બંધ બારીની વાટે માખી બહાર જવાનો પ્રયત્ન કરે છે અને તે કાચને અથડાઈને પાછી ફરે છે અને ફરી પાછી તરત જ તે જ રસ્તે બહાર નીકળવાનો પ્રયત્ન કરે છે, ફરી અથડાઈને પાછી ફરે છે છતાં આ જ પ્રયત્ન તે ફરી ફરીને કરતી આપણે જોઈએ છીએ. સેકંડ બે સેકંડ પૂર્વે તેનો અનુભવ અવધારી ન શકવાથી તેને આવો નિષ્ફળ પ્રયાસ ફરી ફરીને કરતી જોવામાં આવે છે. સર્વ અસંજ્ઞિ ત્રસ જીવોને અર્થાત્ બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય તેમજ અસંજ્ઞિ પંચેન્દ્રિય જીવોને આ સંજ્ઞા પૂર્વોત્તર ક્રમે અધિક અધિક વિકસિત હોય છે.

(iii) **દીર્ઘકાલિકી સંજ્ઞા :** આ સંજ્ઞામાં ભૂત, વર્તમાન અને ભવિષ્ય એમ ત્રણે કાળનું વિજ્ઞાન હોય છે. જેઓને પાંચે ઈન્દ્રિયો ઉપરાંત મન પણ હોય છે તેવા

સંજ્ઞિ જીવોને જ આ જ્ઞાન હોય છે. દેવો, નારકો તેમજ ગર્ભજ મનુષ્યો અને તિર્યંચો કે જેઓ નિયમા સંજ્ઞિ હોય છે તેઓને જ આ સંજ્ઞા હોય છે.

મનલબ્ધિ વિના ભૂત ભાવિનું જ્ઞાન સંભવતું નથી કારણ કે વર્તમાનમાં જે અર્થજ્ઞાન થાય છે તેનું અવધારણ કરવાની શક્તિ મનમાં છે અને આ ધારણાજ્ઞાનની ભાવિમાં સ્મૃતિ થઈ શકે છે. ભૂતકાળનું અવધારણ કરેલું જ્ઞાન જરૂર ઊભી થયે સ્મૃતિરૂપે વર્તમાનમાં માનસપટ ઉપર ઉપસી આવે છે. સ્મૃતિથી પ્રત્યભિજ્ઞાન થાય છે. ભૂતકાળમાં જાણેલા અર્થની વર્તમાનમાં જાણવામાં આવતા અર્થ સાથે આલોચના કરી, ભૂતકાળમાં જાણેલ પદાર્થ વર્તમાનમાં જણાતા અર્થથી ભિન્ન છે કે અભિન્ન છે, સમાન છે યા અસમાન છે ઇત્યાદિસ્વરૂપ નિશ્ચય પ્રત્યભિજ્ઞાન છે. પ્રત્યભિજ્ઞાન ( Conception ) થી તર્કજ્ઞાન ( Induction ) થાય છે અને તર્કથી અનુમાનજ્ઞાન ( Deduction ) થાય છે. ઉદાહરણાર્થે—" આજથી નવરાત્રિનો ઉત્સવ શરૂ થાય છે " આ વર્તમાનનું જ્ઞાન થયું. તુરત સ્મૃતિમાં આ પૂર્વેની નવરાત્રિની રાત્રિ માનસપટ પર ઉપસી આવી. તે સમગ્ર ઉત્સવ દરમ્યાન શરણાઈના કર્કશ અવાજે, દાંડીયાના ઘોંઘાટે, બેસૂરમાં ગવાતા ગરબા વિગેરેએ તમારી ઉંઘ હરામ કરી હતી તેની સ્મૃતિ જાગૃત થઈ. તમોએ પૂર્વની નવરાત્રિની સ્મૃતિ સાથે આજથી શરૂ થતી નવરાત્રિની આલોચના પૂર્વક પ્રત્યભિજ્ઞાન પ્રાપ્ત કર્યું. પછી તર્ક જ્ઞાન થયું કે " જ્યારે જ્યારે નવરાત્રિ ઉત્સવ આવે છે ત્યારે ત્યારે રાત્રે ઊંઘ હરામ થાય છે. " અંતે અનુમાનજ્ઞાન લાધ્યું કે " આજથી નવરાત્રિ શરૂ થાય છે તેથી આજે પણ રાતે ઊંઘ હરામ થવાની છે. " આ રીતે ભૂતકાળનો નવરાત્રિ પ્રસંગ ધારણામાં હતો તે ભૂતકાળના સ્મૃતિવિજ્ઞાનપૂર્વક વર્તમાનમાં ઉપલબ્ધ થયો, અને પ્રત્યભિમાન અને તર્કજ્ઞાનપૂર્વક ભાવિમાં આવનાર રાત્રિમાં શું થશે તેનું વર્તમાનમાં અનુમાનપૂર્વક જ્ઞાન પ્રાપ્ત કર્યું. આ રીતે દીર્ઘકાલિકી સંજ્ઞા થકી સંજ્ઞિ અર્થાત્ સમનસ્ક જીવો ત્રણે કાળનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

(vi) **દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા** : દીર્ઘકાલિકી સંજ્ઞાવાળા કોઈ ભવ્યાત્માઓને આ સંજ્ઞા હોય છે. સમ્યગ્દૃષ્ટિ આત્માની સંજ્ઞાને દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા કહેવાય છે. શ્રી જિનાગમમાં બારમા અંગનું નામ દૃષ્ટિવાદ છે. ગણધર ભગવંતો પ્રથમ આ અંગની રચના કરે છે. સંપૂર્ણ દર્શન, શ્રી જિનપ્રણીત સંપૂર્ણ દર્શનવિજ્ઞાન આ અંગમાં સંગ્રહીત છે. અન્ય આચારાંગાદિ અંગો સામાન્યબુદ્ધિ મુનિઓ માટે રચાય છે કારણ કે દૃષ્ટિવાદ અત્યંત ગંભીર અને તીક્ષ્ણબુદ્ધિ ગમ્ય છે. દૃષ્ટિવાદના ઉપદેશ પર અર્થાત્ શ્રી જિનવચન પર શ્રદ્ધા છે તેવા જીવોની સંજ્ઞાને દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા કહી હોય તેમ જણાય છે. જોકે આવું અર્થઘટન કોઈ ગ્રંથમાં કર્યું હોય તેમ મારા જાણવામાં નથી આવ્યું.

એક શંકા થાય છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે સર્વ સંસારી જીવોને જ્ઞાનાવરણીય તેમજ

દર્શનાવરણીય કર્મોનો અલ્પ પણ ક્ષયોપશમ હોય છે. જો અસંજ્ઞિ જીવોને મન જ નથી ત્યાં મતિ કે શ્રુતજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ કેવી રીતે ઘટે? આના સમાધાનમાં જણાવવાનું કે ઈન્દ્રિય અને મન પુદ્‌ગલ અને ચેતના (જીવ)ના સંશ્લેષ સંબંધથી બને છે. તેમાં જે પૌદ્‌ગલિક અંશ છે તે દ્રવ્યમન અને દ્રવ્યેન્દ્રિય છે અને ચેતન અંશ છે તે ભાવમન અને ભાવેન્દ્રિય છે. સંસારી જીવમાત્રને ભાવમન તેમજ પાંચે ભાવેન્દ્રિય તો હોય છે પરંતુ દ્રવ્યમન તો માત્ર સંજ્ઞિ જીવોને અને એકેન્દ્રિય જીવોને માત્ર દ્રવ્યસ્પર્શેન્દ્રિય, બેઈન્દ્રિય જીવોને તે ઉપરાંત દ્રવ્યરસનેન્દ્રિય, તેઈન્દ્રિય જીવોને તે ઉપરાંત દ્રવ્યઘ્રાણેન્દ્રિય, ચૌરિન્દ્રિય જીવોને તે ઉપરાંત દ્રવ્યનેત્રેન્દ્રિય અને અસંજ્ઞિ પંચેન્દ્રિયને પાંચે દ્રવ્યેન્દ્રિયો હોય છે.

જેવી રીતે પોતાની પાસે ચાલવાની શક્તિ હોવા છતાં પણ પંગુ થઈ ગયો હોવાથી લંગડો લાકડીના ટેકા વિના ચાલી શકતો નથી તેવી જ રીતે ભાવમનલબ્ધિ હોવા છતાં પણ ઘાતીકર્મોના ઘાતથી પંગુ બનેલી ચેતના દ્રવ્યમનના આલંબન વિના માનસજ્ઞાન પ્રાપ્ત કરી શકતી નથી. આમ છતાં પણ જેવી રીતે લાકડી વિના લંગડો પોતાના અન્ય અંગોની સહાયથી થોડુંક, હલનચલન કરી શકે છે તેવી જ રીતે ભાવમનથી પણ અત્યંત અવ્યક્ત એવું મતિ શ્રુતજ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. વળી એ પણ ખ્યાલ રાખવાનો છે કે દ્રવ્યમન ભાવમન વિના કાર્ય કરી નથી શકતું કારણ કે દ્રવ્યમન તો જડ છે. દ્રવ્યમન આખરે ચેતન શક્તિથી જ કાર્ય કરે છે.

અસંજ્ઞિ જીવોને ભાવમન છે પણ દ્રવ્યમન નથી. સંજ્ઞિ જીવોને ભાવમન તેમ જ દ્રવ્યમન છે. શ્રી સયોગી કેવળી ભગવંતને દ્રવ્યમન છે પણ ભાવમન નથી. અયોગી કેવળીભગવંત તેમજ સિદ્ધભગવંતને ભાવમન નથી તેમજ દ્રવ્યમન પણ નથી.

ઓઘાદિ ઉપરોક્ત ચારે અનુભવ સંજ્ઞા છે જ્યારે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનાદિ જ્ઞાનસ્વરૂપ સંજ્ઞા છે. ચેતન સંજ્ઞા રહિત હોય નહિ.

સંજ્ઞિ પંચેન્દ્રિયપણું મનુષ્યની મહામૂડી છે. દ્વાદશાંગી પ્રમાણ શ્રુતજ્ઞાન પામવાનો તેમજ રૂપી થકી વિકાર, આવરણ, અંતરાય અને વ્યાબાધા પ્રાપ્ત પોતાના ચેતનોપયોગને નિર્વિકાર, નિરાવરણ, નિરંતર અને અવ્યાબાધ કરી તેના અરૂપી સ્વભાવને પ્રાપ્ત કરવાનો અર્થાત્ આપણા અસલી અરૂપી સ્વરૂપ ઉપર રૂપીની ભાતને નિર્મૂળ કરવાનો અધિકાર આ મહામૂડી થકી જ પ્રાપ્ત થાય છે.

—o—

# પ્રકરણ-૨, પરિશિષ્ટ ૧૯. નિષેક રચના

નિષેક રચનાના ગણિતનો અભ્યાસ કરીએ તે પૂર્વે ધારા અર્થાત્ શ્રેણી વ્યવહારમાં આવતા પારિભાષિક શબ્દોનો પરિચય કરવો જરૂરી છે. આધુનિક ગણિતમાં જેને Sequence કહેવાય છે તે **શ્રેણી** છે અને Series કહેવાય છે તે **શ્રેઢી** છે.

4, 8, 12, 16, 20, 24 આ શ્રેણી છે અને

4 + 8 + 12 + 16 + 20 + 24 આ શ્રેઢી છે

અનેક પ્રકારની શ્રેણીઓ આગમમાં કહી છે અને તે ખાસ કરીને સંખ્યાતીત રાશિ–ગણિતમાં અત્યંત ઉપયોગી છે. હાલ તો આપણે માત્ર **સમાંતર શ્રેણી** (Arithmetical progression) અને **સમગુણોત્તર શ્રેણી** (Geometrical progression) સંબંધી જ વિચાર કરીશું કારણ કે નિષેક રચનામાં નિષેકોની ધારા **ગુણહાની શ્રેણી** છે અને ગુણહાની શ્રેણી સમાંતર અને સમગુણોત્તર શ્રેણીના કંઈક મિશ્રણ જેવી છે.

નિમ્ન બે શ્રેણીનું આલંબન લઈ શ્રેણી વ્યવહારમાં આવતા પારિભાષિક શબ્દોનો પરિચય કરીએ.

(1) સમાંતર શ્રેણી (A. P.) 4, 8, 12, 16, 20, 24, 28, 32

(2) સમગુણોત્તર શ્રેણી (G. P.) 4, 8, 16, 32, 64, 128, 256, 512

જેઓએ આધુનિક ગણિતનો અભ્યાસ કર્યો છે તેમને ખ્યાલ હશે કે ઉપરોક્ત સમાંતર શ્રેણીનું વ્યાપક સ્વરૂપ આ મુજબ છે :

$$a,\ a+d,\ a+2d,\ a+3d \ldots\ldots a+(n-1)d$$

અને સમગુણોત્તર શ્રેણીનું વ્યાપક સ્વરૂપ આ મુજબ છે :

$$a,\ ar,^1\ ar,^2\ ar,^3 \ldots\ldots ar^{n-1}$$

**સ્થાન :** શ્રેણીના પ્રત્યેક અંક (યા પદાર્થ) ને 'સ્થાન' કહેવાય છે. ઉપરોક્ત સમાંતર શ્રેણીમાં 4, 8, 16 આદિ 'સ્થાન' છે અને સમગુણોત્તર શ્રેણીમાં 4, 8, 16, 32 ઇત્યાદિ સ્થાન છે.

**મુખ :** શ્રેણીના પ્રથમ સ્થાનને મુખ કહેવાય છે. ઉપરોક્ત બેઉ શ્રેણીમાં 4 મુખ છે.

**ભૂમિ અથવા અન્ત :** શ્રેણીના અંતિમ સ્થાનને ભૂમિ યા અન્ત કહેવાય છે. ઉપરોક્ત શ્રેણી (1) માં '૩૨' ભૂમિ છે અને શ્રેણી (2) માં 512 ભૂમિ છે.

**ગચ્છ :**—શ્રેણીના કુલ સ્થાનોની સંખ્યા 'ગચ્છ' કહેવાય છે. ઉપરોક્ત બેઉ શ્રેણીનો 'ગચ્છ' 8 છે.

**સર્વધન :**—શ્રેણીના સર્વ સ્થાનોના દ્રવ્યના યોગને 'સર્વધન' કહેવાય છે. અત્રે શ્રેણી (1) નું સર્વધન 144 છે અને (2) નું 1020 છે.

**ચય :**—સમાંતરશ્રેણીમાં પ્રતિ સ્થાન દ્રવ્ય વૃદ્ધિ યા હાની 'ચય' છે. સમાંતરશ્રેણી (1) નો ચય '4' છે.

**ગુણોત્તર યા ગુણકાર :**—સમગુણોત્તર શ્રેણીમાં પ્રતિસ્થાન ગુણવૃદ્ધિ યા ગુણહાની ગુણોત્તર યા ગુણાકાર કહેવાય છે. શ્રેણી ↑(2) માં દ્વિગુણ વૃદ્ધિ છે તેથી 2 ગુણોત્તર યા ગુણકાર છે. શ્રેણી 8, 4, 2, 1 માં દ્વિગુણહાની છે તેથી ગુણોત્તર $\frac{1}{2}$ છે.

**મધ્યધન :**—સમાંતર શ્રેણીના મધ્યમ સ્થાનનું દ્રવ્યપ્રમાણ મધ્યધન છે. શ્રેણીનો ગચ્છ બેકી હોય તો મધ્યમ બે સ્થાનના યોગનો અર્ધભાગ મધ્યધન છે. શ્રેણી (1) નું મધ્યધન $(16+20)\div 2=18$ થાય.

**આદીધન :**—સમાંતર શ્રેણીના મુખ અને ગચ્છના ગુણાકાર ને આદિધન કહેવાય છે. સમાંતરશ્રેણી (1) નું આદિધન $4\times 8=32$ થાય.

**ઉત્તરધન યા ચય ધન :**—સમાંતર શ્રેણીના પ્રત્યેક સ્થાનમાં મુખ ઉપરાંત જે દ્રવ્ય વૃદ્ધિ છે તે સર્વ વૃદ્ધિના યોગને 'ચયધન' કહેવાય છે. ઉપરોક્ત શ્રેણી (1) માં મુખ '4' છે અને 'ચય' પણ '4' હોવાથી બીજા સ્થાનમાં મુખ કરતાં એક ચય, ત્રીજામાં બે ચય, ચોથામાં ત્રણ ચય, પાંચમામાં ચાર ચય, છઠ્ઠામાં પાંચ ચય, સાતમામાં છ ચય અને છેલ્લા આઠમાં સ્થાનમાં સાત ચયવૃદ્ધિ છે તેથી કુલ વૃદ્ધિ $4+4\times 2+4\times 3+4\times 4+4\times 5+4\times 6+4\times 7$ થાય. આનો યોગ $4(1+2+3+4+5+6+7)=28\times 4=112$ થાય.

શ્રેણી વ્યવહારના પદાર્થો માટે વપરાતા પારિભાષિક શબ્દોનો આપણા આધુનિક ગણિતશાસ્ત્રીઓએ અંગ્રેજી પરથી ગુજરાતી અનુવાદ કર્યો તે પૂર્વે જો તેઓએ ભારતીય અને ખાસ કરીને જૈનદર્શનમાં તે જ પદાર્થો માટે વપરાતા શબ્દો જોવાની દરકાર કરી હોત તો તેમને ઘણાં જ મૌલિક અને અર્થનિષ્ઠ શબ્દો પ્રાપ્ત થતે. જે સંખ્યાતીત

રાશિ ગણિતનો આજે પશ્ચિમમાં પ્રશંસનીય વિકાસ થયો છે તે હજી બાલ્યકાળમાં કહી શકાય તેવો જ છે. જૈનદર્શનમાં આ ગણિતનો સંપૂર્ણ વિકાસ જોવા મળે છે. દ્રવ્યપ્રમાણ તેમજ ચૌદ પ્રકારની ધારા સંબંધી પ્રકરણોના અભ્યાસકોને આનો ખ્યાલ આવ્યા વિના નહિ રહે.

લોગેરીધમ માટે ગુજરાતીમાં લઘુરિક્ત શબ્દનો પ્રયોગ થાય છે, પરંતુ જૈનગણિતમાં તે માટે "છેદશલાકા" શબ્દનો ઉપયોગ કર્યો છે. આ શબ્દ કેટલો અર્થથી ભરપૂર છે તે અભ્યાસકોની પ્રશંસાને પાત્ર થયા વિના રહે તેમ નથી.

પ્રસ્તુત પ્રકરણમાં આપણે શ્રેણીમાં જેને સ્થાન (Term of a series) કહીએ છીએ તે માટે ગુજરાતીમાં "પદ" શબ્દનો પ્રયોગ કર્યો છે તે વિપરીત અર્થસૂચક છે. "પદ" સમૂહવાચક છે. અક્ષરો મળીને શબ્દ અને શબ્દો મળીને "પદ" થાય છે પરંતુ સ્થાન સમૂહ નથી. શ્રેણીના સ્થાનોના સમૂહને અર્થાત્ તેની સંખ્યાને જૈન ગણિતમાં ગચ્છ ઉપરાંત "પદ"ની સંજ્ઞા આપી છે. આ કારણથી કોઈ ગેરસમજ ન થાય તે માટે "પદ" શબ્દનો ઉપયોગ કોઈ પણ ઠેકાણે ન કરતા સ્થાન અને સ્થાનોની સંખ્યાને "ગચ્છ" કહીશું. નિમ્ન તાલિકામાં શ્રેણી વ્યવહારના પદાર્થોની જૈન સંજ્ઞા, આધુનિક ગણિતમાં વપરાતી અંગ્રેજી સંજ્ઞા તથા તે માટે વપરાતી ટૂંકી સંજ્ઞાઓ આપી છે તે અભ્યાસકોએ મુખપાઠ કરવી જોઈએ જેથી શ્રેણી વ્યવહારનું પ્રકરણ સરળતાપૂર્વક સમજી શકાય.

## શ્રેણી વ્યવહારના પદાર્થોની જૈન તથા આધુનિક ગણિતની પરિભાષા તથા સૂત્ર સંજ્ઞા :

| આગમ પરિભાષા | આધુનિક પરિભાષા | સૂત્રસંજ્ઞા |
|---|---|---|
| સ્થાન | Term | T |
| 'ન' મું સ્થાન | $n^{th}$ term | Tn |
| ગચ્છ | Number of terms of a series | n |
| સર્વધન | Sum of all the n terms of a series | Sn |
| ચય | Common difference of an A. P. | d |
| ગુણોત્તર | Common ratio of a G. P. | r |
| મુખ, આદિ | First term of a series | a |
| ભૂમિ, અન્ત | Last term of a series | l |
| મધ્યધન× | Middle term or average of the middle terms of a series-A. P. | |
| આદિધન× | — | an |
| ઉત્તરધન, ચયધન× | — | n(n-l)d÷2 |

× આ માત્ર સમાંતર શ્રેણી માટે જ સમજવું. આ પદાર્થો માટે કોઈ ખાસ સંજ્ઞા આધુનિક ગણિતમાં નથી. પરંતુ આ પદાર્થોનો ઉપયોગ ગચ્છ, ચય, અને સર્વધનની રાશિઓ સંખ્યાતીત હોય ત્યારે થાય છે.

**સમાંતર શ્રેણી વ્યવહારના સૂત્રો** : Formulae of A. P.

આધુનિક ગણિતમાં સમાંતરશ્રેણી વ્યવહાર વિષયક પ્રધાનપણે બે સૂત્રો પ્રમાણાનુસાર સિદ્ધ કર્યાં છે. જૈન ગણિતમાં આ માટે ૧૩ સૂત્રો મને પ્રાપ્ત થયા છે તે સર્વ અત્રે આપીને આધુનિક સંજ્ઞામાં જ સિદ્ધ કરી દર્શાવ્યા છે. આધુનિક ગણિતના નિમ્ન બે સૂત્રો અને પાછળથી દર્શાવેલા જૈન ગણિતના સૂત્રોમાં વિસંવાદ હોઈ જ ના શકે તે સ્વાભાવિક છે.

# સમાંતરશ્રેણી(AP)ના સૂત્રો

## આધુનિક ગણિતના સૂત્રો :

(1) $Sn = \frac{n}{2}(2a + \overline{n-1}\,d)$ or $Sn = \frac{a+l}{2} \times n = an + \frac{n(n-1)d}{2}$

(2) $Tn = a + \overline{n-1}\,d$

## જૈન ગણિતના સૂત્રો :

### સર્વધન

(i) સર્વધન = આદિધન + ઉત્તરધન ( ઉત્તરધન = $\frac{n(n-1)d}{2}$ સહેલાઈથી પુરવાર કરી શકાય છે.)

$= na + \frac{n(n-1)d}{2}$

$= \frac{n}{2}(2a + \overline{n-1}\,d)$ Q. E. D.

(ii) સર્વધન = $\frac{\text{મુખ} + \text{ભૂમિ}}{2}$ × ગચ્છ

$= \frac{a+l}{2} \times n$

$= \frac{a + a + (n-1)d}{2} \times n$

$= \frac{n}{2}(2a + \overline{n-1}\,d)$ Q. E. D

(iii) સર્વધન = મધ્યધન × ગચ્છ

$= \left\{ a + \frac{(n-1)d}{2} \right\} \times n$ ( મધ્યધન = $a + \frac{(n-1)d}{2}$ આગળ ઉપર પૂરવાર કર્યું છે. )

$= an + \frac{n(n-1)d}{2}$

$= \frac{n}{2}(2a + \overline{n-1}\,d)$ Q. E. D.

(iv) સર્વધન = $\left\{ \frac{\text{ગચ્છ}-1}{2} \times \text{ચય} + \text{મુખ} \right\}$ × ગચ્છ

$= \left\{ \frac{n-1}{2}d + a \right\} \times n$

$= an + \frac{n(n-1)d}{2}$

$= \frac{n}{2}(2a + \overline{n-1}\,d)$ Q. E. D.

## મધ્યધન

(i) મધ્યધન = સર્વધન ÷ ગચ્છ

$$= \frac{n}{2}(2a + \overline{n-1}d) \div n$$

$$= a + \frac{(n-1)d}{2} \quad \text{Q. E. D.}$$

## ગચ્છ

(i) $\text{ગચ્છ} = \dfrac{\text{ભૂમિ} - \text{મૂખ}}{\text{ચય}} + 1$

$$= \frac{a + \overline{n-1}d - a}{d} + 1$$

$$= n \quad \text{Q. E. D.}$$

## ચય

(i) $\text{ચય} = (\text{સર્વધન} - \text{આદિધન}) \div \dfrac{\text{ગચ્છ}^2 - \text{ગચ્છ}}{2}$

$$= (Sn - an) \div \frac{n^2 - n}{2}$$

$$= \left\{ \frac{n}{2}(2a + \overline{n-1}\,d) - an \right\} \div \frac{n^2 - n}{2}$$

$$= \left\{ an + \frac{n(n-1)d}{2} - an \right\} \times \frac{2}{n(n-1)}$$

$$= \frac{n(n-1)d}{2} \times \frac{2}{n(n-1)}$$

$$= d \quad \text{Q. E. D.}$$

(ii) $\text{ચય} = \left\{ \dfrac{\text{સર્વધન}}{\text{ગચ્છ}} - \text{મૂખ} \right\} \div \dfrac{\text{ગચ્છ} - 1}{2}$

$$= \left\{ \frac{n}{2}(2n + \overline{n-1}d) \div n - a \right\} \div \frac{n-1}{2}$$

$$= \left\{ a + \frac{(n-1)d}{2} - a \right\} \times \frac{2}{n-1}$$

$$= \frac{(n-1)d}{2} \times \frac{2}{(n-1)}$$

$$= d \quad \text{Q. E. D.}$$

(iii) ચય = $\frac{\text{સર્વધન}}{\text{ગચ્છ}^2}$ ÷ સંખ્યાત

પૂર્વપક્ષમાં ગચ્છ અને સર્વધન સિવાય કંઈ જાણુતા ન હોઈએ અને ગચ્છ, ચય અને સર્વધનની રાશિઓ સંખ્યાતીત હોય ત્યારે આ સૂત્ર કામમાં આવે છે.

## મુખ

(i) મુખ = $\frac{\text{સર્વધન}-\text{ઉત્તરધન}}{\text{ગચ્છ}}$

$$= \left\{ \frac{n}{2} (2a + \overline{n-1}\, d - \frac{n(n-1)d}{2} \right\} \div n$$

$$= \left\{ an + \frac{n(-1)d}{2} - \frac{n(n-1)d}{2} \right\} \div n$$

$= a$ Q. E. D.

(ii) મુખ = ભૂમિ−ચય ( ગચ્છ−1 )

$= l-d\ (n-1)$

$= a + (n-1)d - d\ (n-1)$

$= a$ Q. E. D.

## ભૂમિ

(i) ભૂમિ = ( ગચ્છ−1 ) ચય + મુખ

$= (n-1)d + a$

$= l$ Q. E. D.

## ઉત્તરધન

(i) ઉત્તરધન = $\frac{\text{ગચ્છ}-1}{2}$ × ચય × ગચ્છ

$= \frac{n-1}{2} \times d \times n$

$= \frac{n(n-1)d}{2}$ Q. E. D.

**સમગુણોત્તર શ્રેઢી** $S_n = ar^0 + ar^1 + ar^2 \ldots\ldots ar^{n-1}$

અત્રે a મુખ છે, r ગુણોત્તર છે અને $ar^{n-1}$ ભૂમિ છે. n ગચ્છ છે. આના બે પ્રધાન સૂત્રો જૈનગણિતની તેમજ આધુનિક ગણિતમાં છે.

(i) $T_n = a \times r^{n-1}$

(ii) $S_n = \frac{a(1-r^n)}{1-r}$ જો $r < 1$ હોય અર્થાત્ શ્રેણીનો ગુણોત્તર ગુણહાનીરૂપ હોય

અથવા

$S_n = \frac{a(r^n-1)}{r-1}$ જો $r > 1$ અર્થાત્ શ્રેણીનો ગુણોત્તર ગુણવૃદ્ધિરૂપ હોય.

ઉપર મુજબ સમાંતર અને સમગુણોત્તર શ્રેણી વ્યવહારના સૂત્રોનો સંગ્રહ કરી હવે આપણે ગુણહાનીરૂપ શ્રેણી વ્યવહારના સૂત્રોનો માત્ર ઉલ્લેખ જ કરીશું. તે સૂત્રોની વાસના ( Proof ) અત્રે નથી આપ્યા પરંતુ ગણિતના અભ્યાસકો તે સૂત્રો સહેલાઈથી પ્રાપ્ત કરી શકશે. કર્મનિષેકની ધારા ગુણહાની શ્રેણીને અનુસરે છે એટલું જ નહિ પરંતુ કર્મશાસ્ત્રમાં આવતી અનેક પ્રક્રિયાઓ આ શ્રેણી અનુસાર પરિણમન કરે છે તેથી તેના નિયમો કંઠસ્થ કરવા જરૂરી છે.

## ગુણહાની શ્રેણી વ્યવહાર અને નિષેક રચના

સમયપ્રબદ્ધ અર્થાત્ પ્રતિ સમય જીવ જે સંખ્યામાં કાર્મણ પ્રદેશો ગ્રહણ કરી કર્મરૂપે પરિણમાવે છે તે કર્મનું વેદન અર્થાત્ તેનો ઉદય અબાધાકાળ વીતે શરૂ થાય છે. બંધાયેલું સર્વદળ એકીસાથે ભોગવાતું નથી પરંતુ અબાધાકાળ પછીના સમયમાં સૌથી વધુ દળ વેદાય છે અને ઉત્તરોત્તર સમયે હીન હીન દળ ઉદિત થઈ–વેદાઈને નિર્જરે છે જેથી સ્થિતિના અંતિમ સમયે સૌથી ઓછું દળ વેદાય છે. પ્રતિ સમય જે દળ વેદાય છે તેને નિષેક કહે છે. પ્રતિ સમયના નિષેકને એક શ્રેણીમાં ગોઠવતા ગુણહાનીરૂપ શ્રેણી પ્રાપ્ત થાય છે. આ શ્રેણી છે તો સમાંતર શ્રેણી પરંતુ તેમાં નિશ્ચિત નિષેકોના અંતે ચય અર્ધ અર્ધ થાય છે. વેદનકાળના પ્રથમ સમયે અર્થાત્ પ્રથમ નિષેકમાં જેટલું દળ નિક્ષેપાય છે તેથી બીજામાં એક ચય હીન, ત્રીજામાં બે ચયહીન એમ ઉત્તરોત્તર નિષેકમાં એક એક ચયની હાની થતાં થતાં જે નિષેકમાં પ્રથમ નિષેક કરતાં અડધું દળ નિક્ષેપાય છે તે પૂર્વેના નિષેકોના સમૂહને પ્રથમ ગુણહાની કહેવાય છે. પ્રથમ નિષેકથી જે નિષેકમાં અડધું દળ નિક્ષેપાયું છે તે નિષેકથી બીજી ગુણહાની શરૂ થાય છે. બીજી ગુણહાનીનો ચય પ્રથમ કરતા અડધો હોય છે. આવી જ રીતે ત્રીજી, ચોથી આદિ ઉત્તરોત્તર ગુણહાનીઓના પ્રથમ નિષેકોમાં અર્ધ અર્ધ દળ નિક્ષેપાય છે અને તે તે ગુણહાનીઓનો ઉત્તરોત્તર ચય પણ અર્ધ અર્ધ થતો જાય છે. આવી

રીતે અનેક ગુણહાનીઓમાં સમયપ્રબદ્ધ કર્મદળ સ્થિતિબંધના વેદનકાળના નિષેકોમાં નિક્ષેપાય છે. એક સમયપ્રબદ્ધ કર્મની નિષેક રચનામાં જેટલી ગુણહાનીઓ થાય છે તેને **ગુણહાનીશલાકા** અથવા **નાના ગુણહાની** કહેવાય છે. એક ગુણહાનીના કાળને અથવા તે કાળના સમયો પ્રમાણ નિષેકોની સંખ્યાને **ગુણહાનીઆયામ** કહેવાય છે.

જ્યારે શ્રેણી વ્યવહારના સ્થાન અને ચયનું દળ તેમ જ ગચ્છ સંખ્યા અસંખ્ય યા અનંત હોય ( અત્રે તે સર્વ અસંખ્ય છે ) ત્યારે વાસ્તવિક અર્થને સમજવા માટે જે અંકો કલ્પિત કરવામાં આવે છે તેને **અંકસંદૃષ્ટિ** કહેવાય છે. કર્મના સ્થિતિબંધની નિષેક રચના સમજવા માટે આપણે અંકસંદૃષ્ટિનો ઉપયોગ કરવો પડે છે.

ગુણહાની શ્રેણીના સૂત્રો આપતા પહેલા આપણે નિષેકરચનામાં આવતા પદાર્થોનું વાસ્તવિક પ્રમાણ અર્થાત્ **અર્થદષ્ટિથી** પ્રમાણ અને કલ્પિત અંકદૃષ્ટિથી તે કેટલું લેવાનું છે તે અત્રે કોઠામાં દર્શાવ્યું છે. ગુણહાની શ્રેણીમાં બે નવા પદાર્થો આવે છે. એક છે ગુણહાનીઆયામ અને બીજો છે **અન્યોન્યાભ્યસ્ત રાશિ**. ગુણહાની અને ગુણહાનીઆયામનો ઉલ્લેખ આપણે ઉપર કર્યો છે. એક નિષેક રચનામાં અર્થાત્ એક સમયે બંધાયેલા કર્મદળની નિષેકરચનામાં જેટલી ગુણહાનીઓ આવે છે તે જાણવા માટે આગમમાં પ્રત્યેક કર્મની **અન્યોન્યાભ્યસ્ત રાશિ** આપેલી છે. અન્યોન્યાભ્યસ્ત રાશિના અર્ધછેદ ( $Log_2$ અન્યો. ) પ્રમાણ નાના ગુણહાની હોય છે તેથી નાના ગુણહાની પ્રમાણ બગડાને પરસ્પર ગુણતા અન્યોન્યાભ્યસ્તરાશિ પ્રાપ્ત થાય ( $2^{\text{નાનાગુણ}}$ = અન્યો. ) છે. ઉત્કૃષ્ટ સ્થિતિબંધને યોગ્ય ઉત્કૃષ્ટ સંક્લેશમાં વર્તમાન કોઈપણ ગતિનો સંજ્ઞિ પંચેન્દ્રિય જીવ મિથ્યાત્વમોહનીયનો ૭૦ કોડાકોડી સાગરોપમનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરે છે તે કાળે જે સમયપ્રબદ્ધ મિથ્યાત્વના પ્રદેશો બંધાય છે તેની નિષેકરચનામાં આવતા પદાર્થોનું વાસ્તવિક અર્થાત્ અર્થસંદૃષ્ટિથી પ્રમાણ અને કલ્પિત અંક સંદૃષ્ટિથી પ્રમાણ નિમ્ન કોઠામાં આપ્યું છે. ત્યાર બાદ નિષેક રચના કરી છે.

| પદાર્થ | અર્થસંદૃષ્ટિથી વાસ્તવિક પ્રમાણ | અંકસંદૃષ્ટિ પ્રમાણ |
|---|---|---|
| સમયપ્રબદ્ધ મિથ્યાત્વ-મોહનીયકર્મની પ્રદેશ રાશિ. | અભવ્યથી અનંતગુણ અને સિદ્ધરાશિના અનંતમાભાગ પ્રમાણ અનંત | ૬૩૦૦ |
| મિથ્યાત્વનો ઉ સ્થિ. બંધ | ૭૦ કોડાકોડી સાગરોપમ | ૫૧ સમય |
| ઉપરોક્ત સ્થિતિબંધનો અબાધાકાળ | એક કો.કો. સાગરે ૧૦૦ વર્ષ અબાધાકાળ હોય છે તેથી ૭૦ કો.કો. સાગરનો ૭૦૦૦ વર્ષ અબાધાકાળ પ્રાપ્ત થાય. | ૩ સમય |
| મિથ્યાત્વનો વેદનકાળ અર્થાત્ નિષેકકાળ | સ્થિતિબંધ-અબાધાકાળ = ૭૦ કો.કો. સાગર ઓછા ૭૦૦૦ વર્ષ | ૫૧-૩=૪૮ સમય |
| એક ગુણહાનીનો કાળ = ગુણહાનીઆયામ. | પલ્યોપમ (P) ÷ અસંખ્ય | ૮ સમય |
| નાનાગુણહાની $= \frac{\text{નિષેકકાળ}}{\text{ગુણહાની આયામ}}$ | $Log_2 P - Log_2 (Log_2 Log_2 P)$ અર્થાત્ પલ્યની વર્ગશલાકાના અર્ધછેદ ન્યૂન પલ્યના અર્ધછેદ. | ૪૮ ÷ ૮ = ૬ |
| મિથ્યાત્વના ઉ. સ્થિતિ-બંધની અન્યોન્યાભ્યસ્ત રાશિ. | પલ્યની વર્ગશલાકાથી ભાજિત પલ્ય.<br>ઉપરોક્ત સૂત્રની વાસના (Proof)<br>અન્યોન્યાભ્યસ્તરાશિ = $2^{\text{નાનાગુણહાની}}$<br>$2^{\text{નાનાગુણહાની}}$<br>$= 2^{Log_2 P - Log_2 (Log_2 Log_2 P)}$<br>$= 2^{Log_2 P} \div 2^{Log_2 (Log_2 Log_2 P)}$<br>$= P \div Log_2 Log_2 P$ Q. E. D. | ૨^૬ = ૬૪ |
| નિષેકહાર | ગુણહાનીઆયામ × ૨ | ૮ × ૨<br>= ૧૬ |

# નિષેક રચના

## સમયપ્રબદ્ધ કર્મપ્રદેશરાશિ–૬૩૦૦

| ગુણહાની આયામ | પહેલી ગુણહાની | બીજી ગુણહાની | ત્રીજી ગુણહાની | ચોથી ગુણહાની | પાંચમી ગુણહાની | છઠ્ઠી ગુણહાની |
|---|---|---|---|---|---|---|
| ↓ચય→ | ૩૨ | ૧૬ | ૮ | ૪ | ૨ | ૧ |
| સમય ૧ | ૫૧૨ | ૨૫૬ | ૧૨૮ | ૬૪ | ૩૨ | ૧૬ |
| ,, ૨ | ૪૮૦ | ૨૪૦ | ૧૨૦ | ૬૦ | ૩૦ | ૧૫ |
| ,, ૩ | ૪૪૮ | ૨૨૪ | ૧૧૨ | ૫૬ | ૨૮ | ૧૪ |
| ,, ૪ | ૪૧૬ | ૨૦૮ | ૧૦૪ | ૫૨ | ૨૬ | ૧૩ |
| ,, ૫ | ૩૮૪ | ૧૯૨ | ૯૬ | ૪૮ | ૨૪ | ૧૨ |
| ,, ૬ | ૩૫૨ | ૧૭૬ | ૮૮ | ૪૪ | ૨૨ | ૧૧ |
| ,, ૭ | ૩૨૦ | ૧૬૦ | ૮૦ | ૪૦ | ૨૦ | ૧૦ |
| ,, ૮ | ૨૮૮ | ૧૪૪ | ૭૨ | ૩૬ | ૧૮ | ૯ |
| કુલ દ્રવ્ય | | | | | | |
| ૬૩૦૦ = | ૩૨૦૦ + | ૧૬૦૦ + | ૮૦૦ + | ૪૦૦ + | ૨૦૦ + | ૧૦૦ |

→ GP

↓ AP

ઉપરોક્ત નિષેકરચના પરથી જણાશે કે પ્રત્યેક ગુણહાનીના નિષેકોનું દ્રવ્યપ્રમાણ સમાંતર શ્રેણીમાં છે જ્યારે પ્રત્યેક ગુણહાનીના પ્રથમાદિ સમયોનું તેમજ પ્રત્યેક ગુણહાનીનું કુલ દ્રવ્યપ્રમાણ તેમજ ચય સમગુણોત્તર શ્રેણીમાં છે. આ આખીએ રચના કરવા માટે આપણને **શ્રી** કેવળી ભગવંતોએ માત્ર જુદા જુદા કર્મોની અન્યોન્યાભ્યસ્ત–

રાશિ આપી છે. તે અને સમયપ્રબદ્ધ કર્મપ્રદેશરાશિ ( કે જેનું પ્રમાણ જીવના વીર્ય અર્થાત્ યોગાનુસાર ન્યૂનાધિક હોઈને પણ તે અભવ્યથી અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ પ્રમાણ હોય છે ) જાણીએ તો સમગ્ર નિષેક રચના કરી શકાય છે. અત્રે ગુણહાની શ્રેણીના છ સૂત્રો આપ્યા છે જેનો આધાર લઈને અંકદષ્ટિમાં સર્વ પદાર્થોનું તેમજ સર્વ નિષેકોનું ઉપર દર્શાવ્યા મુજબ પ્રમાણ કાઢીશું. આના માટે આપણને બે જ વસ્તુ જાણવાની છે. એક તો પ્રથમ ગુણહાનીના પ્રથમ નિષેકનું દ્રવ્ય-પ્રમાણ અને બીજું તે ગુણહાનીના ચયનું દ્રવ્યપ્રમાણ. તેની પ્રાપ્તિ માટે નિમ્ન સૂત્રો જાણવાના છે.

સૂત્ર–૧

અન્યોન્યાભ્યસ્તરાશિના અર્ધછેદ પ્રમાણ નાના ગુણહાની પ્રાપ્ત થાય છે, કારણ કે

$$2^{\text{નાનાગુણહાની}} = \text{અન્યોન્યાભ્યસ્તરાશિ}$$

$\therefore$ $\text{LOg}_2$અન્યો. = નાનાગુણહાની.

અંકસંદષ્ટિમાં અન્યોન્યાભ્યસ્તરાશિનું પ્રમાણ 64 હોવાથી

$\text{Log}_2 64 = 6$ નાનાગુણહાની યા ગુણહાનીશલાકા.

સૂત્ર–૨

નિષેક કાળ ÷ ગુણહાનીશલાકા = ગુણહાનીઆયામ

અંકસંદષ્ટિમાં નિષેકકાળ 48 સમયનો લીધો હોવાથી અને ઉપરોક્ત સૂત્ર–૧ થી ગુણહાની શલાકા 6 પ્રાપ્ત કરી હોવાથી

48 ÷ 6 = 8 ગુણહાનીઆયામ.

સૂત્ર–3

અંતિમ ગુણહાનીનું દ્રવ્ય = સમયપ્રબદ્ધરાશિ ÷ ( અન્યો. – 1 )
= 6300 ÷ (64–1)
= 100 કર્મપ્રદેશ

સૂત્ર–૪

પ્રથમ ગુણહાનીનું દ્રવ્ય = $2^{\text{નાનાગુણહાની}-1}$ × અંતિમ ગુણહાનીનું દ્રવ્ય
$= 2^{6-1} \times 100$
$= 2^5 \times 100$
= 3200 કર્મપ્રદેશ

સામાન્યથી "ન" મી ગુણહાનીનું દ્રવ્ય = $2^{\text{નાનાગુણહાની}-\text{ન}}$ × અંતિમગુણહાનીનું દ્રવ્ય

હવે આપણે પ્રથમ ગુણહાનીના પ્રથમ નિષેકનું દ્રવ્ય તથા તેનો ચય કાઢવા માટે પ્રથમ ગુણહાનીનું મધ્યધન કાઢશું. સમાંતર શ્રેણીના સૂત્રોમાં મધ્યધન માટે જે પ્રથમ સૂત્ર આપ્યું છે તે મુજબ :

મધ્યધન = સર્વધન ÷ ગચ્છ

$= 3200 \div 8$

$= 400$ કર્મ પ્રદેશ

સૂત્ર–૫

$$\text{પ્રથમ ગુણહાનીનો ચય} = \text{મધ્યધન} \div \left\{ \text{નિષેકહાર} - \frac{\text{ગુણહાની આયામ}-1}{2} \right\}$$

$$= 400 \div \left(8\times2 - \frac{8-1}{2}\right)$$

$$= 400 \times \frac{2}{25}$$

$$= ૩૨$$

સૂત્ર–૬

પ્રથમગુણહાનીનું મુખ = નિષેકહાર × ચય

$= 16\times32$

$= 512$ પ્રથમગુણહાનીના મુખનું દ્રવ્યપ્રમાણ.

આ રીતે પ્રથમ ગુણહાનીનું મુખ (512) અને ચય (૩૨) પ્રાપ્ત કર્યા પછી સંપૂર્ણ નિષેકરચનાના સર્વ નિષેકોનું દ્રવ્યપ્રમાણ પ્રાપ્ત કરી શકાય છે કારણ કે ઉપરની ગુણહાનીનું મુખ તથા ચય અર્ધ અર્ધ થાય છે તે આપણે જાણીએ છીએ.

આ રીતે કોઈ એક સમયે બાંધેલા કર્મપ્રદેશો તે કર્મની સ્થિતિનો અબાધાકાળ વીતે નિશ્ચિત પ્રમાણમાં પ્રતિ સમય હીન હીન નિષેક સ્થિતિના અંત સુધી વેદાય છે. પરંતુ વર્તમાનમાં જ્યારે પૂર્વે બાંધેલા કર્મનો પ્રથમ નિષેક (512) વેદાય છે તે જ કાળે વિવક્ષિત કર્મબંધના પૂર્વ સમયે બંધાયેલા કર્મનો બીજો નિષેક (480) વેદાય છે અને તે જ કાળે પૂર્વ પૂર્વ સમયે બંધાયેલો ત્રીજો, ચોથો યાવત્ ૪૮ મો નિષેક વેદાય છે. આ સામાન્ય કથન છે કારણ કે પ્રતિ સમય બંધાતા કર્મપ્રદેશો અભવ્યથી અનંતગુણ

અને સિદ્ધના અનંતમા ભાગ પ્રમાણુ હોવા છતાં પણુ તેમાં યોગ અનુસાર ન્યૂનાધિકતા હોય છે અને સંક્લેશના પ્રમાણુમાં સ્થિતતિબંધ પણુ ન્યૂનાધિક હોય છે. આમ છતાં પણુ **જીવ પ્રતિસમય એક સમયપ્રબદ્ધ કર્મપ્રદેશોનો બંધ કરે છે અને કિંચિત્ ન્યૂનાધિક કર્મપ્રદેશોને વેદીને ખપાવે છે છતાં પણુ કિંચિત્ ન્યૂન દોઢ ગુણુહાની ગુણિત સમયપ્રબદ્ધ પ્રમાણુ દળ સત્તામાં રહે છે.**

આ કેવી રીતે ઘટે છે તે જ્યારે આપણે પ્રતિ સમય વેદાતા સર્વનિષેકોની રચના કરીશું ત્યારે સરળતાપૂર્વક સમજાશે. આ રચનાને ત્રિકોણુ રચના કહે છે અને તે આપણે કર્મોદય પ્રકરણુ વખતે કરીશું.

સુમતિ પ્રિન્ટિંગ પ્રેસ, સોનગઢ-364 250